# श्री ज्ञान पंचमी.

## ज्ञानना आराधन माटेनी आ तिथिनुं आराधन करनारना उपयोग माटे तेने लगती अनेक बाबतोनो संग्रह.

ज्ञानपंचमी तप करनारने भेट आपवा माटे
तैयार करावनार जिज्ञासु

**बहेन माणेक.**

**शेठ जमनाभाइ भगुभाइना पत्नी.**

तेमनी आर्थिक सहायथी.

तैयार करी छपावी प्रसिद्ध करनार


**श्री जैन धर्म प्रसारक सभा तरफथी**
शा. कुवरजी आणंदजी—भावनगर.

आवृत्ति २ जी. प्रत २०००
वीर संवत २४४० विक्रम संवत १९७०.

मूल्य अमूल्य ( फ्री. )
बुकनो सदुपयोग तेज मूल्य.

अमदावाद.

श्री सत्यविजय प्रीन्टींग प्रेसमां शा. सांकळचंद हरीलाले छाप्युं.



સ્વર્ગવાસી શેઠ મનસુખભાઈ ભગુભાઈ.

# प्रथमावृत्तिनी प्रस्तावना.

आवी नानी बुकनी प्रस्तावना लखवानी विशेष आवश्यकता होती नथी, परंतु आ बुक तैयार करवानुं कारण शाथी उत्पन्न थयुं ते जणाववा माटे टुंकामां प्रस्तावना लखवानी जरुर छे.

अमदावादनिवासी उदारता, धैर्यता, गांभिर्यता, विचक्षणता अने धर्मचुस्तता विगेरे गुणोथी अलंकृत शेठ मनसुखभाइ भगुभाइ प्रस्तुत वर्षना मागशर वदि १२ से अकस्मात पंचत्व पामवाथी तेमनुं स्मरण दीर्घकाळ पर्यंत टकी रहे अने अन्य पण प्रबळ लाभ थाय एवी इच्छावाळा तेमना लघुबंधव शेठ जमनाभाइना सुशील अने अनेक गुण संपन्न पत्नी अ. सौ. बहेन माणेकबाए पोते करेला ज्ञान पंचमीना तपने प्रांते ते तप करनाराओमां ल्हाणी करवाना इरादाथी तेज तपनी पुष्टि करनार बुक छपाववा विचार कर्यो अने ते विचारने अनेक स्थानेथी पुष्टि मळतां अमारी सभाना प्रमुख मी. कुंवरजी आणंदजीने ते काम सोंपवामां आव्युं. तेमणे प्रथम खरेखरी ज्ञानाचारनी ओळखाण थवा माटे श्री आचार प्रदीप ग्रंथमांथी ज्ञानाचार पुरता विभागनुं भाषांतर करावी तेने सुधार्युं अने त्यार पछी ज्ञान पंचमीने लगती पूजा, चैत्यवंदन, स्तवन, स्तुति, सज्झाय विगेरेनो संग्रह करी, श्री विजयलक्ष्मी सूरिना करेला ज्ञानपंचमीना देव के जेना अर्थ साधारण बुद्धिवाळाने मुश्केल लागे तेवा छे ते लखी काढी विद्वान जैन बंधुओ पासे तपासरावी ते तैयार कर्या. पछी

ते सर्व संग्रह आ बुकमां दाखल कर्यो. अने प्रारंभमां ते तप करवानो विधि अने अंतमां ते तपना प्रकार तथा उजमणानो विधि सविस्तर दाखळ करवामां आव्यो. आ रीते आ बुक तैयार करवामां आवी छे.

ज्ञान पंचमी तपनुं आराधन करनार वरदत्त ने गुणमंजरीनी कथानुं भाषांतर आ बुकमां आपवानी धारणा हती, परंतु ज्ञानपंचमीना मोटा स्तवनमां ते कथा आवी जती होवाथी पुनरावर्तन न थवा माटे ते दाखल करवामां आवेल नथी.

आ बुकनुं कद धार्या करतां मोटुं थयुं छे, तेमज विलंब पण वधारे थयो छे; परंतु एक उपयोगी संग्रह तैयार थयेलो होवाथी ते ज्ञान पंचमी तपनुं आराधन करनारने अवश्य उपयोगी थइ पडशे एम खात्री थवाथी प्रसिद्ध कर्त्ताने तेमज तेमां उदार दीलथी द्रव्यनो व्यय करनारने संतोष प्राप्त थाय छे.

आ बुक ज्ञानपंचमी तप करनारा भाइओ तथा बहेनोने शेठ जमनाभाइ भगुभाइना पत्नी तरफथी भेट दाखल आपवा माटेज छपाववामां आवी छे. तेथी आ ज्ञानदानना पुन्यना भागी तेओ थयाछे, एटलुंज नहीं पण आ बुक वांचवाथी अनेक भव्य जीवो ए तप करवा उजमाळ थशे तेमज विधिशुद्ध ए तपनुं आराधन करशे एना पण ए पुन्यशाळी कारणिक थशे. आटलुं जणावी आ टुंकी प्रस्तावना समाप्त करवामां आवे छे. इत्यलम् विस्तरेण.

भाद्रपद शुदि ५. } श्री जैन धर्म प्रसारक सभा.

सं. १९६९ } भावनगर.

# बीजी आवृत्तिनी प्रस्तावना.

उदार दीलनां माणेक बहेन पासेथी प्रथमावृत्तिनी तमाम बुको थोडा वखतमांज भेट तरीके अपाइ गइ एटले तरतमांज बीजी एक हजार नकल छपाववा तेमणे इच्छा जणावी एटले मूल्यथी लेवा इच्छनारने पण आ बुकनो लाभ मळी शके तेटला माटे एक हजार नकल अमारी तरफथी वधारीने आ बीजी आवृत्तिनी बे हजार नकलो छपाववामां आवी छे.

प्रथमावृत्ति करतां प्रारंभनां भागमां तो सहज अक्षर शुद्धिज करवामां आवी छे, परंतु प्रांते आवेला ज्ञानपंचमीना देववंदनना अर्थ आ आवृत्तिमां जे दाखल करवामां आवेला छे तेनी अंदर प्रथम करतां घणोज सुधारो वधारो करवामां आव्यो छे. एटलुं ज नहीं पण देववन्दनना अर्थ अने नोट तद्दन नवांज लखवामां आव्या छे. आ अत्युत्तम प्रयास 'पूज्यपाद अनेक सद्गुणालंकृत आचार्य श्रीविजयनेमिसूरिना शिष्य पूज्यपाद पन्यासजी श्रीउदयविजयजी गणिए' कर्यो छे तेने माटे तेओ साहेबनो अंतःकरणथी आभार मानवामां आवे छे. एओ साहेबे मेळवेला ज्ञाननुं अने तेमने थयेला अपूर्व अनुभव बोधनुं आमां किंचित् दिग्दर्शन कराव्युं छे. पोते मेळवेला ज्ञाननो आ प्रकारे अनेक जीवोने लाभ मळी शके छे. उत्तम मुनिमहाराजानुं ए कर्तव्यज छे.

आशा छे के आ बुक अनेक जीवोने उपकारक थशे. इत्यलम्.

श्रावण शुदि ९. }
सं. १९७० } श्री जैन धर्म प्रसारक सभा.
भावनगर.

# अनुक्रमणिका.


| विषय. | पृष्ट. |
| --- | --- |
| १ श्री ज्ञान पंचमी तप. | १ |
| २ तप करवानो विधि. | १ |
| ३ ज्ञानाचार. ( श्री आचार प्रदीप ग्रंथमांथी) | ३ |
| पृथ्वीपाळ राजानी कथा. | ७ |
| पहेला काळाचारनुं स्वरूप. | ३४ |
| बीजा विनयाचार विषे. | ३९ |
| विनय उपर दृष्टांत. | ४४ |
| बृहत् कुमारीनी कथा. | ४७ |
| त्रीजा बहुमानाचार विषे. | ५० |
| बहुमान उपर बे निमित्तियानी कथा. | ५२ |
| चोथा उपधानाचार विषे. | ५७ |
| साधुओना योग विषे दृष्टांत. | ६८ |
| श्रावकोना उपधान विषे कथा. | ७० |
| पांचमा अनिन्हवाचार विषे. | ७५ |
| छठ्ठो सातमो ने आठमो ज्ञानाचार. | ७७ |
| श्री सिद्धसेन दीवाकरनुं दृष्टांत | ७८ |
| व्यंजनोने न्यून करवामां दृष्टांत. | १०६ |

व्यंजनने अधिक [illegible] उपर कथा. १०७
अर्थने अन्यथा करवा उपर दृष्टांत. ११४
४ ज्ञानाष्टक–अर्थ युक्त. ( श्री यशोविजयजी कृत ) १२१
५ ज्ञानाष्टक–अर्थ युक्त. ( श्री हरिभद्र सूरिकृत ) १२४
६ श्री पंच ज्ञाननी पूजा. ( श्री रूपविजयजी कृत ) १३२
७ श्रीविजयलक्ष्मी सूरिकृत वीशस्थानकनी पूजामांथी पूजा ३. १४५
८ श्री आत्मारामजी महाराजकृत वीशस्थानकनी पूजामांथी पूजा ३. १४८
९ श्री यशोविजयजीकृत नवपदनी पूजामांथी ज्ञानपदनीपूजा. १५१
१० श्री पद्मविजयजी कृत „ — „ १५२
११ श्री आत्मारामजी कृत „ „ १५४
१२ पं. श्री गंभीरविजयजी कृत „ „ १५५
१३ श्री वीरविजयजी कृत पीस्तालीश आगमनी पूजामांथी पूजा ७ मीनुं गीत. १५७
१४ श्री ज्ञान पंचमीनुं चैत्यवंदन. १५८
१५ श्री ज्ञान पंचमीनुं स्तवन. १५९
१६ श्री पंचमीनी स्तुति. १६८
१७ श्री ज्ञान पंचमीनुं लघु स्तवन. १६८
१८ श्री ज्ञान पंचमीनी संस्कृत स्तुति अर्थ सहित. १६९
१९ श्री देवविजयजी कृत पांचमनी सज्झाय. १७३
२० श्री ज्ञान पंचमीनुं स्तवन. ( समयसुंदरजी कृत) १७
२१ श्री विजयलक्ष्मी सूरि कृत पांचमनी सज्झाय. १८०

२२ श्री ज्ञानपंचमीना देववंदन. १८१
२२ श्री ज्ञान पंचमीना देववंदनना अर्थ. २०२
२३ उजमणानो विधि. २३८
२४ उजमणा निमित्ते मुख्य करवानां कार्यो. २३९
२५ उजमणामां मुकवानी वस्तुओ. २४०
२६ ज्ञान पंचमी तपना त्रण प्रकार. २४४

# श्री ज्ञान पंचमीनो तप.

" ज्ञानना " आराधन माटे एटले आत्मानो ज्ञानगुण जे अनादि काळथी ज्ञानावरणीय कर्मना संयोगे अवरायेलो छे तेने प्रगट करवा माटे अने ज्ञानवरणीय कर्मनो क्षय ( क्षयोपशम ) करवा माटे " ज्ञान पंचमी " नो तप अति उत्कृष्ट साधनभूत छे. ज्ञानना आराधन माटे शास्त्रकारे बीज, पांचम ने अग्यारश ए त्रण तिथिओ बतावी छे. परंतु तेमां मुख्यता पांचमनी छे. प्राये प्रवृत्ति पण पंचमी तप करवानी विशेष छे. आ तप कोइपण वर्षना कार्त्तिक मासनी शुक्ल पंचमीथी शरु करवामां आवे छे आ पंचमी " सौभाग्य पंचमी "ना नामथी ओळखाय छे. ज्ञान मेळववाना उत्सुक श्रावक श्राविकाओ अने साधु साध्वीओ आ तप विशेषे करे छे. आ तप पांच वर्ष ने पांच मास पर्यंत करवानो छे. ते एकासणाथी, आयंबीलथी अथवा उपवासथी करवामां आवे छे. शारीरीक शक्तिवाळा तो प्राये उपवासथीज करे छे. बार मास उपवास न करी शके ते पण कार्त्तिक शुदि ५ मे तो अवश्य उपवास करे छे. अने ते दिवसे बनतां सुधी चार के आठ पहोरनो पौषध पण करे छे. ए तपना आराधन माटे संपूर्ण विधि करवाना इच्छके नीचे प्रमाणे विधि दरेक मासनी शुक्ल पंचमीए करवो.

## तप करवानो विधि.

१ एकासणुं, आयंबील के उपवास यथाशक्ति करवो.

२ बंने टंक प्रतिक्रमण करवुं.

३ त्रण काळ आठ स्तुति ने पांच शक्रस्तवादिवडे देव वांदवा.[१]

४ बे टंक पडिलेहण करवी.[२]

५ त्रण काळ जिनपूजा करवी. तेमां प्रातःकाळे वासक्षेपादिवडे, मध्यान्हे अष्ट प्रकारी अने सायंकाळे धूप दिपादिवडे करवी.

६ बे हजार जाप करवो. अर्थात् "नमो नाणस्स" ए पदनी वीश नवकारवाळी एकाग्र चित्ते गणवी.

७ बने तो पौषध करवो अथवा दिवसनो घणो भाग ज्ञान ध्यानादिमां व्यतित करवो.

८ ज्ञान अने ज्ञानीनी यथाशक्ति भक्ति करवी.

९ ज्ञाननो अभ्यास करवो अने तेनी आशातना टाळवी.

१० प्रभु पासे अथवा ज्ञान पासे पांच दीवटनो दीवो करवो. पांच स्वस्तिक करवां, यथाशक्ति फळ नैवेदादि पदार्थो पांच पांच चडाववा.

११ पांच अथवा एकावन लोगस्सनो काउसग्ग करवो.

ज्ञान पंचमीने दिवसे तो आ बधां वानां सविशेषे करवां. अर्थात् जिनेश्वरनी आंगी पूजादिवडे विशेष भक्ति करवी, फळ नैवेदादि विशेषे चडाववां, ज्ञान पंचमीना देव वांदवा,* तदंतर्गत एकावन ख-

---

१-२ देववंदनने पडिलेहणनी विधि प्रसिद्ध होवाथी बताववामां आवेल नथी.

* ज्ञानपंचमीना देव अर्थ साथे आगळ आपवामां आव्या छे.

मासमण देवां, ५१ लोगस्सनो काउसग्ग करवो, बनता सुधी पौषध अवश्य करवो; आखो दिवस ज्ञान ध्यानमांज व्यतित करवो. ज्ञानना बहुमान माटे योग्य स्थळे सुशोभित चंदरवा पुंठीआ विगेरे बंधावी ज्ञान पधरावबुं अने अनेक भव्य जीवो दर्शन निमित्ते आवे तेवो आकर्षक देखाव करी ज्ञाननी भक्ति जयणापूर्वक करवी. ज्ञान समीपे गानतान करवुं—करावबुं, ज्ञाननी पूजा भणाववी. इत्यादि करीने अनेक उत्तम जीवो ज्ञानना आराधनमां तत्पर थाय तेम करवुं.

आत्माना सर्व लक्षणोमां "ज्ञान" प्रथम पद धरावे छे, तेना वडेज आ जीव "चेतन" गणायेलो छे. ते लक्षण अथवा गुणने प्रकट करवा माटे जेम बने तेम वधारे प्रयास करवानी आवश्यकता छे. ते आवश्यकता सिद्ध करवा माटे आ नीचे "ज्ञानाचार" नुं—तेना आठ प्रकारनुं स्वरूप, तेनी उपरना दृष्टांत साथे प्रारंभमांज बताववामां आव्युं छे. ते लक्षपूर्वक वांची जवानी प्रार्थना छे. कारण के ते ध्यानपूर्वक वांचवाथी ज्ञानना आराधनमां अवश्य तत्परता प्राप्त थाय तेम छे. आ संबंधमां प्रारंभमां वधारे विस्तार करवानी जरुर नथी केमके नीचेना लेखनी अंदरज ते हकीकत विस्तारथी बताववामां आवेली छे.

## ज्ञानाचार*

आ जगतमां भव्य प्राणीओना चित्तने उत्तम रुचि उत्पन्न करनार श्रीमान् जैनमतने विषे सारभूत सम्यक् आचार पांच प्रकारनो कह्यो छे—

---

* आ विभाग श्री आचार प्रदिप ग्रंथमांथी लइने तेनुं भाषांतर करेलुं छे.

ज्ञान, दर्शन, चरण (चारित्र), तप अने वीर्य. जो के मतिज्ञान, श्रुतज्ञान, अवधिज्ञान, मनःपर्यवज्ञान अने केवळज्ञान, ए प्रमाणे ज्ञानना पांच भेद छे, तो पण अहीं काळ, विनय, विगेरे आठ प्रकारनो ज्ञानाचार कहेवामां आवशे, अने ते श्रुतज्ञानमांज संभवे छे, तेथी अहीं श्रुतज्ञान विषेज अधिकार छे, एम जाणवुं. श्रुतज्ञानथीज बाकीनां ज्ञानो प्रकाशे छे; केमके श्रुतज्ञान प्राप्त थया पछीज प्राये बीजां ज्ञानो प्राप्त थाय छे. वळी एक अपेक्षाए केवळज्ञान करतां पण श्रुतज्ञाननुं अधिकपणुं छे ( उत्कृष्टपणुं छे ), ते विषे पिंडनिर्युक्तिमां कह्युं छे के–" ओघे करीने ( सामान्य रीते ) पिंडविशुद्ध्यादिक श्रुतज्ञानने विषे उपयोगवंत एटले के श्रुतने अनुसारे " आ कल्प्य छे, आ अकल्प्य छे " एवी रीते जाणता श्रुतज्ञानी जो कोइ पण कारणथी अशुद्ध आहार लावे; तो पण केवळज्ञानी (केवळी) तेनो आहार करेछे. जो केवळी ते आहार ग्रहण न करे तो श्रुतज्ञान अप्रमाणिक थाय. कारण के छद्मस्थ साधु श्रुतज्ञानना बळे करीनेज शुद्ध आहारनी गवेषणा करी शके छे, ते सिवाय बीजी रीते करी शकता नथी. तेथी जो कदाच श्रुतज्ञानीए श्रुतने अनुसारे गवेषणा कर्या छतां पण " अशुद्ध आहार आण्यो " एम कहीने केवळी तेनो आहार न करे, तो श्रुतउपर अविश्वास थाय, अने तेथी कोइ पण श्रुतनुं प्रमाण न करे. तथा श्रुतज्ञानना अप्रामाण्यथी सर्वत्र क्रियाना लोपनो ( अभावनो ) प्रसंग आवे, केमके छद्मस्थोने श्रुतविना क्रियाकांडनुं ज्ञान शाथी करवुं ? " तथा विशेषावश्यकमां पण कह्युं छे के–" श्रुतज्ञान महर्द्धिक ( सौथी मोटुं ) छे, अने

त्यारपछी केवळज्ञान छे. कारण के श्रुतज्ञान पोतानो अने बीजां ज्ञानोनो विभाग करनार छे. अर्थात् श्रुतज्ञानथीज श्रुतज्ञान अने बीजां ज्ञानोनी समजण पडे छे. श्रुतज्ञान एटले द्वादशांगी संबंधी ज्ञान.

ज्ञानाचारना आठ भेद छे. ज्ञान आ भव अने परभवने विषे हितकारक छे, कारण के प्राये ज्ञानथीज इष्टकार्यनी सिद्धि थाय छे. ज्ञान विना विपरीत फळनी पण प्राप्ति थाय छे, अने ते सर्वजनने अनुभवसिद्ध छे. जेमके—भोजन, गमन, आच्छादन (पहेरवुं), शयन, बेसवुं, बोलवुं, थयेली वात कहेवी, स्नान, पान, गायन, विज्ञान ( कळा ), दान, ग्रहण, निवास, प्रीति, वैर, स्वजनता, पिशुनता, सेवा (नोकरी), युद्ध, औषध, मंत्रसाधन, देवनी आराधना, थापण मूकवी विगेरे विश्वासनां कार्यो, तथा राज्यनो व्यपार ए विगेरे सर्व कार्योमां जो कदाच भावी ( थवाना ) अनर्थनुं ज्ञान होय तो तेमां मनुष्य शीरीते प्रवर्ते ? अने तेज अनर्थनी शंकावाळा भोजनादिकमां इष्ट सिद्धि थशे, एवुं जो ज्ञान होय तो तेमां केम न प्रवर्ते ? कह्युं छे के—" द्वेषादिक सर्व दोषो करतां पण अज्ञान ए मोटुं कष्ट छे, केमके अज्ञानथी आवरेलो जीव हित अथवा अहित पदार्थने जाणतो नथी. अने ज्ञान ए प्रयत्नविनानो प्रदीप ( दीवो ) छे, निरंतर उदय पामेलो सूर्य छे, त्रीजुं लोचन छे अने चोरी न शकाय के हरण करी न शकाय तेवुं धन छे, " वळी कह्युं छे के—" पापथी निवृत्ति, कुशळपक्षमां प्रवृत्ति अने विनयनी प्राप्ति ए त्रणे ज्ञानथीज थाय छे. " तत्त्वने विषे श्रद्धा राखवा रुप जे दर्शनादिक, ते पण ज्ञानथीज प्राप्त थाय छे. केमके

आप्त विगेरेना उपदेशवडे ज्यां सुधी तत्त्वनुं ज्ञान न थाय त्यां सुधी तेनापर श्रद्धा शी रीते थइ शके ? ते विषे शास्त्रमां कह्युं छे के–"ज्ञानवडे पदार्थो जणाय छे, दर्शनवडे तेपर श्रद्धा थाय छे, चारित्रवडे तेनुं ग्रहण थाय छे, अने तपवडे शुद्ध थवाय छे." तेथी करीनेज पांचे आचारोमां ज्ञानाचार सौथी प्रथम कहेवाय छे, अने त्यारपछी दर्शनाचार छे. दर्शनाचार होवाथीज प्राये चारित्र ग्रहण कराय छे, तेथी दर्शनाचारनी पछी चारित्राचार होय छे. चारित्र ग्रहण कर्या पछी कर्मनी निर्जरामाटे तपस्या करवी जोइए, माटे चारित्राचार पछी तपाचार कहेवाय छे. ज्ञानाचार आदि चारने विषे सर्व शक्तिए करीने यत्न करवो, परंतु एकेने विषे वीर्यने गोपववुं नहीं, ए हेतुथी वीर्याचारने छेल्लो कहेलो छे. आथी ज्ञाननुं परम उपकारीपणुं सिद्ध थाय छे. ज्ञानमां पण श्रुतज्ञाननुं मुख्यपणुं होवाथी तेना आराधन माटे सर्वशक्ति पूर्वक यत्न करवो. कह्युं छे के–" जो कदाच आखा दिवसमां एकज पद भणी शकाय, अथवा पंदर दिवसमां अर्ध श्लोक ज भणी शकाय, तो पण जो ज्ञान शीखवानी इच्छा होय तो तेटलो उद्यम पण छोडवो नहीं."

सम्यगदृष्टिए ग्रहण करेलुं सर्व कोइ शास्त्र श्रुतज्ञानज छे. कह्युं छे के–" व्याकरण, छंदस्, अलंकार नाटक, काव्य, तर्क अने गणित विगेरे रूप श्रुतज्ञान सम्यगदृष्टिना ग्रहण करवाथी पवित्र थयुं छतुं जयवंतु वर्ते छे." समग्र शास्त्रनी वात तो दूर रहो, परंतु एक श्लोक विगेरेनुं ज्ञान पण मोटा गुणने माटे थाय छे. कह्युं छे के–"जेम दोर-

डानी राश कुमार्गे चालता बळदने तथा चोकडुं घोडाने सन्मार्गे लइ जाय छे, तेज प्रमाणे ज्ञान पण ' आम ' नामना राजाने, ' मुंज ' राजाने तथा ' यव ' नामना ऋषि विगेरेने सन्मार्गे लइ जनार थयुं छे. " श्रुतज्ञाननुं आराधन करवाथी "पृथ्वीपाल" राजानी जेम तेज भवमां केवळज्ञान पण सुलभ थाय छे. तेनी कथा नीचे प्रमाणे—

## पृथ्वीपाळ राजानी कथा.

" पृथ्वीपुर " नामना नगरमां समग्र पदार्थोनी परीक्षा करवामां विचक्षण अने तात्काळिक बुद्धिवाळो " पृथ्वीपाल " नामे पृथ्वीपति ( राजा ) हतो. " धर्मथी इष्टनी प्राप्ति अने अधर्मथी अनिष्टनी प्राप्ति थाय छे. " आ प्रमाणेनां शास्त्रनां वाक्यनो जूदा जूदा दर्शनमां संवाद होवाथी ते राजाने शास्त्रो उपर बहुमान नहोतुं. कारण के ते राजा केटलाएक पुण्यवंत मनुष्योने निरंतर दारिद्र अने आधि व्याधिथी दुःखी थता जोतो हतो, तथा केटलाएक पुण्यरहित मनुष्योने साम्राज्यसुखने भोगवता जोतो हतो. ते चतुर राजा एकदा ( रात्रे ) नगरचर्चा जोवाने गुप्त वेष धारण करी फरतो फरतो कोइ विद्यामठ पासे आव्यो. त्यां तेणे पाठके बोलातो एक उज्वळ यशनी जेवो श्लोक सांभळयो--

" सर्वत्र सुप्रियाः सन्तः, सर्वत्र कुधियोऽधमाः ।
सर्वत्र दुःखिनां दुःखं, सर्वत्र सुखिनां सुखम् ॥१॥"

अर्थ--" सत्पुरुषो सर्वत्र अति प्रिय होय छे, अधम पुरुषो

सर्वत्र दुष्ट बुद्धिवाळा होय छे, दुःखी माणसोने सर्वत्र दुःख होय छे, अने सुखी माणसोने सर्वत्र सुख होय छे. ”

आ श्लोकमां कहेली बाबत सत्य छे के नहीं ? तेनी परीक्षा करवानी इच्छाथी ते राजाए बीजे दिवसे कृत्रिम कोप करीने एक घणा गुणोवडे प्रसिद्ध एवा महा सत्पुरुषने पोताना सेवको द्वारा बोलाव्यो, अने तेने कह्युं के-“ हाथीनी जेम मदांध थयेला तारा पुत्रे मारी आपेली आज्ञारुपी अर्गला (सांकळ)ने मारा चर पुरुषना समक्ष बळथी तोडी नांखी छे. ” आ प्रमाणे अत्यंत कृत्रिम कोप करीने दोषनो आरोप करी राजाए तेने तेना पुत्रसहित चोरनी जेम कारागृहमां नांख्यो. अने पोताना अति विश्वासु चर पुरुषोने गुप्त रीते तेमनी वातो सांभळवा माटे आज्ञा करी. पछी राजाए कपटथी पोताना शरीरमां अत्यंत व्याधि थयानुं प्रगट कर्युं. तेथी गुप्त चर पुरुषो पण परस्पर आ प्रमाणे बोलवा लाग्या के-“ आजे राजानुं शरीर आयुष्यना अंत समय जेवुं थयुं जणाय छे. आवा आकस्मिक महाव्याधिथी जीवितनी आशा क्यांथीज होय ? ” आ प्रमाणे नजीकना चर पुरुषोथी थती वात सांभळीने स्वभावथीज परहितकांक्षी एवा ते पिता अने पुत्र महा शोक पाम्या, अने निझरणांनी जेम चक्षुमांथी अश्रुने मूकवा लाग्या. पछी ते बंन्ने परस्पर हृदयमां रहेली वातो करवा लाग्या के-“ हा ! हा ! राजाना शरीरमां आ अकस्मात शुं थयुं ? गमे ते थयुं होय पण परिणामे आ राजानुं कांइ पण अहित न थाओ. जो के आ राजाए आपणने सहसात्कारे फोगट

दुःखमां नांख्या छे, अने आ राजानुं मरण थयेथी आपणे जल्दी छूटी शकीए खरा. कारण के नवो राजा राज्य मळवाथी समग्र केदीओने छोडी मूके छे अने केदीओने छोडया पछीज नवा राजाने अभिषेकोत्सव करवानो रीवाज छे; ए सिवाय बीजी रीते आपणे छुटीए तेवुं कोइ प्रकारे जणातुं नथी. वळी आज्ञाभंगनो आक्षेप करनार अने अत्यंत क्रोधायमान थयेलो आ राजा आपणने कोण जाणे केवी कदर्थना पमाडशे ? तेनी खबर पडती नथी. कह्युं छे के—" राजाओनी आज्ञानो भंग, महा पुरुषना माननुं खंडन, अने ब्राह्मणनी वृत्ति ( जीविका )नो नाश, ए शस्त्रविनानो वध कहेवाय छे. " आ प्रमाणे होवा छतां पण जगत्‌ना जीवनरूप आ राजा चिरकाळ सुधी जीवतो रहो. बीजा जीवनुं पण अनिष्ट चिंतववुं योग्य नहीं, तो राजानुं अनिष्ट शी रीते चिंतववालायक होय ? वळी आपणने जे आ दुःख प्राप्त थयुं छे, ते तो आपणाज दुष्कर्मे थयेलुं छे, तेमां आ राजानो कांइपण दोष नथी. जो एम न होय तो आ हुंशीयार राजा परीक्षा कर्या विना आम केम करे ? कह्युं छे के—" सर्वे जीवो पोताना पूर्वे करेलां कर्मोना फळविपाकने पामे छे; तेमां अपराध ( हानि ) अथवा गुण ( लाभ ) करवाने विषे बीजो तो निमित्तमात्र ज छे. " ज्यारे कर्म बळवान् होय छे त्यारे अचिंत्योज मर्मस्थानमां घा वागे छे. अने ते वखते प्राणनुं रक्षण करनार कोइपण थतुं नथी. तेमज कांइ पण आधार के विचार पण काम आवता नथीः तथा आपणा कर्मना वशथी आपणुं जे थवानुं होय ते थाओ, परंतु आ राजानुं तो सर्वथा शुभज थाओ, एटलाथीज आपणने सर्व रीते संतोष छे. "

आ प्रमाणे ते पिता अने पुत्रनी परस्परनी वातोने गुप्तरीते सांभळनारा चर पुरुषोए तत्काळ आवीने राजा पासे स्पष्टरीते जाहेर करी. एटले राजा मनमां आनंदित थयो. पछी पुष्ट बुद्धिमान् अने तुष्ट थयेला राजाए क्षणवार पछी पोताना शरीरनी सुखाकारी प्रगट करी. अने पेला बन्नेने घणा मानपूर्वक पोतानी पासे बोलाव्या. पछी निर्मळ बुद्धिवाळा राजाए कार्यनी व्यग्रताथी संभाळ लेतां विलंब थयानुं जणावी तेमनो सत्कार करी तेमने रजा आपी, एटले ते बन्ने हर्ष पामता पोताने घेर गया. आ सर्व शुभ स्वभावनुंज फळ छे.

श्लोकना पहेला पादनी आ प्रमाणे परीक्षा कर्या पछी राजाए बीजा पादनी परीक्षा करवानो आरंभ कर्यो. नगरना कोइक अति नीच प्रकृतिवाळा पिता पुत्रने कृत्रिम बहुमान आपीने मंत्री विगेरेथी पण अधिक मानवाळा कर्या. पछी एकदा प्रथमनी ज जेम राजाए पोतानी कृत्रिम तीव्र व्याधिने प्रगट करी, पोताना आयुष्यना अन्त्यनी स्थिति चरपुरुषो द्वारा तेमने जणावी. ते सांभळीने अधम स्वभाववाळा ते बन्ने पोतानी प्रकृतिने योग्य एवी वातो करवा लाग्या; केमके एकांत समये हृदयनो भाव प्रकट थाय छे. ते समये गुप्त रीते राखेला चर पुरुषो तेमनी वातो पण सांभळता हता. ते पिता तथा पुत्र आ प्रमाणे परस्पर बोलवा लाग्या—"आ राजा जो हमणांज मरे, तो आपणे आनंदथी अपुत्रीया राजाना समग्र साम्राज्यनो उपभोग करीए. राज्यमां आपणने कोण मानतुं नथी ? सर्व माने छे अथवा कदाच कोइक नहीं माने, तो तेने तत्काल हणीने

पण आपणे राज्य करशुं. नवा राजानी एवीज रीत होय छे. कदाच राज्य लेवाने आपणे समर्थ नहीं थइए, तो पण स्वेच्छाए राजानुं सर्वस्व लुंटी लइने अंतःपुरनी राणीओ साथे अने नगरनी स्त्रीओ साथे सुखभोग तो सुखेथी भोगवशुं. माटे आ राजानुं पोतानी मेळे ज मरण थाय छे, ते सारुं छे; नहीं तो आपणे तेने मारवानी जरुर पडत. केमके राजगृहनी अंदर फरनारा आपणने शुं दुःसाध्य छे ?" आ प्रमाणे ते दुष्टबुद्धिवाळा दुष्टोनी पापिष्ट वातचित सांभळीने पेला गुप्त चर पुरुषोए ते वात राजानी पासे कही शकाय तेवी न होवा छतां पण गुप्तरीते जणावी. ते सांभळीने अत्यंत कोपथी कंपता जाग्रत न्यायवाळा ते राजाए तत्काळ ते बंनेनो निग्रह कर्यो. राजाओने दुर्जननो तिरस्कार अने सज्जननी पूजा करवी उचितज छे.

आ प्रमाणे बे पादनी परीक्षा करीने त्रीजा पादनी परीक्षा करवा माटे राजाए पोताना चरपुरुषोद्वारा जन्मथीज दारिद्र्यवडे दग्ध थयेला एक रांक भिक्षुकने बोलाव्यो. तेना हाथमां भिक्षा मागवालायक एक कर्पर ( ठींकरुं ) हतुं, तेणे कंथानी जेवा फाटेला जूना वस्त्रनो एक ककडो पहेरेलो हतो; चालतां टेको आपवा माटे लाकडीनो ककडो हाथमां हतो, तेनी गति स्खलित थती हती, अने तेनुं शरीर अत्यंत कृश हतुं. आवा ते भीखारीने जोइने राजाए तेने कह्युं के—" हे भिक्षुक ! तारा शरीरने अभ्यंग, मर्दन, उद्वर्तन, स्नान, भोजन, वस्त्र, शय्या अने आसन ए विगेरे इप्सित वस्तु आपवावडे हुं तने सुखी करीश, तुं मारी पासे रहे अने सुखेथी मनुष्यने मळता सुखो भोगव.

आ भिक्षुकना वेषने छोडी दे अने बीजा उत्तम वेषने धारण कर तारा नसीबने पण फेरवी नाखीने हुं तने पृथ्वीपति समान बनावी दइश, केमके कल्पवृक्षनी जेम हुं प्रसन्न थयेथी तारे दुष्प्राप्य शुं छे ?" आ प्रमाणे घणीरीते कह्या छतां पण ते प्रारब्धहीन भिक्षुक जरा पण विश्वास न पाम्यो, अने जेम मिथ्यात्वी प्राणी मिथ्यात्वनो त्याग न करे, तेम तेणे पोताना वेषनो त्याग कर्यो नहीं. ज्यारे राजपुरुषो तेने बळात्कारे वेष मूकाववा लाग्या, त्यारे तेने जाणे कोइए मार्यो होय तेम ते रोवा लाग्यो. ते जोइने राजाए तेने कह्युं के-" तारो वेष कायम राखीने पण तुं भोजनादिकवडे सुख भोगव. " ते सांभळीने प्रसन्न थयेलो ते भिक्षुक जेम पहेला कषाय ( अनंतानुबंधी )ना उदयवाळो जीव (प्रथम पामेला) सर्व सम्यक्त्वने वमी नांखे, तेम प्रथम प्रेतनी जेम घणुं जम्यो, अने पछी तत्काळ ते सर्वनुं वमन कर्युं. कह्युं छे के-" दैवनुं ( कर्मनुं ) उल्लंघन करीने जे कार्य करवामां आवे छे, ते फळीभूत थतुं नथी. चातक पक्षीए ग्रहण करेलुं सरोवरनुं पाणी गळाना रंध्रद्वाराए बहार नीकळीज जाय छे. " पछी राजाए सायंकाळे तेने फरीथी भोजन करावीने तांबूलादिक आप्यां. ते वखते पण ते नारकीनी जेम पेटनी व्यथादिक दुःखने स्पष्टरीते भोगववा लाग्यो. ते व्याधिनो राजाए उपचार कराव्यो त्यारे अतिसार ( झाडा )ना व्याधिथी ते अत्यंत पीडायो, अने ते अतिसारनो उपचार कराव्यो त्यारे तत्काळ मृत्युने सूचन करनारा विसूचिका नामना व्याधिवडे पीडावा लाग्यो. आ प्रमाणे उत्तम राजाए यत्न कर्यां छतां पण ते रक्त,

अतिसार, तीव्रज्वर, पित्त, कफ अने वात विगेरेना व्याधिथी पीडा-यो, पण दैवथी हणायेलो ते जरा पण सुख पाम्यो नहीं. प्रांते जड बुद्धिवाळाने गुरु महाराजनी जेम राजाए तेने कोइ पण प्रकारे वि-विध प्रकारना दुष्कर उपायोवडे साजो कर्यो. 'उद्यमवडे शुं न थाय?' पृथ्वीपाल राजा तेने साजो थयेलो जोइ अत्यंत खुशी थयो. त्यारे अहंकार अने हुंकार करतो ते द्रमक एक दिवसे पोताना कृत्यथी क-रायेला दुर्दैवथी प्रेरायो होय तेम विषवैद्यने घेर गयो. त्यां दवाओनी मेळवणीथी विषम थयेलुं एक जातनुं विष तेनी दृष्टिए पड्युं. एटले तरतज नष्ट बुद्धिवाळा ते द्रमके तेने सुंध्युं, सुंघवा मात्रथी पण ते विष पराधीनताने करनारुं हतुं तेथी ते वैद्ये तेने एकदम अटकाव्यो अने कह्युं के–" आ तें शुं कर्युं ? विचार्याविना जे काम करवुं ते मरण-पर्यंत दुःखने देवावाळुं थाय छे. " एटले ते भिक्षुक बोल्यो के–" हे वैद्य ! जेम अनर्थथी अटकावे तेम आ सुगंधि पदार्थ सुंघता मने केम अटकावो छो ? " वैद्ये कह्युं के–" हे मूर्ख! तीव्र विपाकथी गौरवताने पामेलुं आ महाविष तें सुंध्युं, तेथी आ जन्ममां तो तारे सुखनो विनाश ज थयो. आजथी पांचे इंद्रियोना विषयोने लगता पदार्थोमांथी एक पण इष्ट पदार्थ तारे सुखने माटे सेववो नहीं, अने जो सेवीश तो त-त्काळ तारुं मरणज थशे. हवे तारे लूखुं रसविनानुं अल्प भोजन करवुं, जेवुं तेवुं पाणी पीवुं, जीर्ण अने फाटेलां वस्त्रो पहेरवां, तथा भोगनो त्याग करवो, परीषह सहन करवा अने अनियमित व-सवुं. ए विगेरे मुनिनी जेवी मर्यादावडे जो रहीश, तो तुं जीवतो

रहीश; अन्यथा जरुर मरण पामीश. जीवोना परिणामनी जेम औषधोना परिणामो पण घणा विचित्र होय छे. " आ प्रमाणे सांभळीने दीन चित्तवाळा ते द्रमके घणी मांदगीवाळा आतुर माणसनी जेम ते सर्व अंगीकार कर्युं. केमके 'मनुष्य मरणना भयथी दुष्कर एवुं पण शुं नथी करतो ? सर्व करे छे.' पछी यतिना आचार प्रमाणे वर्त्तता ते द्रमकने राजादिके चारित्र ग्रहण करवा माटे घणुं कह्या छतां पण ते तुच्छ मनवाळाए यतिपणुं अंगीकार कर्युं नहीं. केमके यतिपणुं तो महा सात्विक पुरुषोथीज साधी शकाय तेवुं छे. पूर्वे कहेला श्लोकना त्रीजा पादना अर्थने जाणे सिद्ध करवा माटेज होय, तेम तेणे दीक्षा ग्रहण करी नहीं. कारण के प्रव्रज्या लेवाथी तो आगामीकाळे सुखनी प्राप्ति थाय छे. ते आ द्रमकने क्यांथी होय ? कह्युं छे के-" तृणना संथारापर बेठेला, राग, द्वेष अने मोहरहित एवा श्रेष्ठ मुनि जे मुक्तिनी जेवुं सुख पामे छे, ते सुखने चक्रवर्ती पण क्यांथी पामे ? " जो ते द्रमके धर्मबुद्धिथी आवुं कष्ट सहन कर्युं होत तो कोण जाणे केवुं उत्तम फळ पामत ? परंतु आवा पशुनी जींदगीमां सहन करवा पडे तेवा कष्टने आ संसारमां पडेला जीवो संसारमां रह्या सता खुशी थइने सहन करे छे, परंतु मुनिपणुं स्वीकारता नथी. ते महा आश्चर्य छे.

आ प्रमाणे त्रीजा पादना अर्थनी परीक्षा करीने हवे चोथा पादनी परीक्षा करवा माटे तीव्र बुद्धिवाळा राजाए उपायनो विचार करतां आ प्रमाणे चिंतव्युं के-" मात्र परीक्षाने ज माटे बीजा सुखी

माणसने शा माटे फोगट दुःख देवुं ? माटे हुं पोते ज परदेशमां जइ ए पादनी परीक्षा करुं." आ प्रमाणे विचारीने बीजेज दिवसे राजा राज्यनो भार मंत्रीने सोंपीने रात्रिने समय एकलो नगर बहार नीकळी गयो. मार्गे चालतां तेणे विचार कर्यो के–" मारा देशमां तो समग्र लोको मने जाणे छे, तथा सेवकनी जेम विशेष प्रकारे मारी भक्ति करशे, तेथी आ देश मुकी परदेश जवुं जोइए. परंतु जलदीथी दूर देश शी रीते जवाशे ?" आ प्रमाणेनी चिंताथी उद्वेग पामलो राजा मार्गे चालतां थाकी जवाथी एक वडवृक्षनी तळे बेठो. ते वखते ते वृक्षपर रहेनार यक्षने तेनी स्त्री यक्षिणीए कह्युं के–" हे प्रिय! आपणा आश्रमनी नीचे बेठेलो आ अभ्यागत कोइ महान् पुरुष जणाय छे, तेथी ते तमारे मानवा–पूजवा योग्य छे. शास्त्रमां कह्युं छे के–" पोताने घेर चालीने आवेला सत्पुरुषनुं योग्य सन्मान करवुं जोइए, ते दुःखमां आवी पडेल होय तो तेमांथी तेमनो सारी रीते उद्धार करवो जोइए, अने दुःखी प्राणीओपर दया करवी जोइए. आ प्रमाणेनो धर्म सर्व मतवाळाओने संमत छे." ते सांभळीने ते यक्षे प्रत्यक्ष थइने राजाने कह्युं के–" हे सज्जन ! कहे, तारे शुं इष्ट छे ? जे तुं मागे ते आपवाने हुं कल्पवृक्षनी जेम समर्थ छुं." ते सांभळी विस्मय पामेलो राजा बोल्यो के–" तमे कोण छो ? अने कये प्रकारे इष्ट वस्तुने आपवा समर्थ छो ? कारण के मनुष्योने तो अनेक प्रकारना वांछित होय छे, ते वात प्रसिद्ध छे." त्यार यक्ष बोल्यो के–" हुं मोटो देव छुं, तथा मनोवांछितने पूर्ण करवा समर्थ छुं. केमके अमारे सर्व

सिद्धिओ अने समृद्धिओ मनथीज सिद्ध थाय छे." ते सांभळीने राजाए कह्युं के-"हे देव! तमे शा माटे जुटुं बोलो छो? देवोनुं पण मनोवांछित सिद्ध थतुं नथी. देवो पण घणा दुःखी होय छे, केमके इर्ष्या, विषाद, मद, क्रोध, मान अने लोभ इत्यादिवडे देवो पण दुःखी होय छे. तेओ बीजा पोताथी अधिक ऋद्धिवाळाथी पराभव पामे छे. माटे तेमने पण सुख क्यांथी? तेथी जो देवोथी पोतानुं वांछित पण सिद्ध थतुं नथी, तो ते बीजानुं शीरीते सिद्ध करशे? माटे देवोथी पण अन्यनुं मनोवांछित सिद्ध करायज नहीं. शुं रंक माणस बाजाने राज्य आपी शके? माटे हे देव! तमे विद्वान् थइने गर्वथी ग्रथिलनी जेम आम केम बोलो छो? सत्यवक्ता मनुष्य पण आवुं असत्य बोलता नथी, तो तमे देव थइने केम बोलो छो?" आ प्रमाणे राजाए तत्त्व अने युक्तिथी कह्युं, ते सांभळीने चित्तमां चमत्कार पामेलो यक्ष बोल्यो के-"हे महापुरुष! तें आ जे कह्युं ते सर्व सत्य छे. देवोने पण बीजानी जेम पूर्वे करेला पोतपोताना पुण्यने अनुसारे ज कार्य सिद्धि थाय छे. तो पण देवनी शक्ति अचिंत्य छे. तेथी ते चिंतवेलुं कार्य करी शके छे. जेवुं सुख मनुष्योथी साधी शकातुं नथी, तेवुं सुख देवता शीघ्रताथी साधी शके छे, माटे तुं मारी पासे कांइ पण माग. तुं जे मागीश, ते माराथी अवश्य सिद्ध थशे, हुं ते सर्व तने आपी शकीश. केमके देवनुं दर्शन निष्फळ होयज नहीं," आ प्रकारे सांभळीने ते देवनुं वचन अत्यंत दृढ करवा माटे राजाए कह्युं के-"हे देव! जो तमारी इच्छा एमज होय तो हुं ज्यारे तमारुं स्मरण

करुं त्यारे तमे मारुं कार्य सिद्ध करजो." ते देवे तेनुं वचन अंगीकार कर्युं केमके जे पुण्यवंत होय छे, तेनुं कार्य अवश्य सिद्ध थाय छे, अने चिंतव्या करतां पण अधिक समृद्धि प्राप्त थाय छे, त्यार पछी हर्ष पामेलो राजा विचार करवा लाग्यो के-" अहीं पण हुं अधिक सुखी तो थयो, ते छतां पण परीक्षाने माटे हुं परदेश गमन करुं." एम विचारीने ते राजाए यक्षने कह्युं के—"हे देव ! मने हरणांज परदेशमां ( दूर देशमां ) पहोंचाडो." एटले देवशक्तिथी ते राजा वायुनी पेठे क्षणवारमां परदेश पहोंच्यो. त्यां परम नीतिनां अवधिरुप कुशस्थळ नामनुं नगर हतुं. ते नगरना समीपना उद्यानमां मुसाफरनी जेम ते राजा गंधाता कोढीया पुरुष जेवुं रुप धारण करीने बेठो.

ते कुशस्थळ नगरमां चंद्रनी जेम लोकने आनंद करतो चंद्र नामे राजा राज्य करतो हतो. ते राजा नामवडे चंद्र छतां सूर्यनी जेम शत्रुना तेजनो नाश करतो हतो ए आश्चर्य छे. ते राजाने चंद्र जेवा मुखवाळी प्रियवचना अने प्रियवदना नामनी बे राणीओ हती, पहेली राणी गुणवडे अधिक हती, अने बीजी चंद्रना जेवा सुंदर मुखवाळी हती. पुत्रथीरहित एवी ते बन्ने स्त्रीओने अत्यंत प्रीतिनां पात्रभूत एक एक पुत्री हती. तेमां पहेलीनुं नाम सुलोचना अने बीजीनुं नाम सुवदना हतुं. ते बन्ने पुत्रीओ सरखी उम्मरवाळी, सुंदर अने समान रुपवाळी, गुणोवडे अत्यंत श्रेष्ठ अने पृथ्वीपर आवेली देवकन्याओज होय, तेवी शोभती हती. योग्य वये ते बन्नेने राजाए घणी कळाओ शीखवी. ज्यारे ते बन्ने युवावस्था पामी, त्यारे एक

दिवस तेमनी माताओए तेमने विशेष आभूषणादिकवडे शणगारीने राजा पासे मोकली, सभामंडपमां बेठेला राजाए कमळ उपर हंसीओनी जेम तेमने पोताना उत्संग ( खोळा ) मां बेसाडी. पछी प्रश्नोत्तर आदि अनेक प्रकारनी पृच्छाओना ते बन्ने कन्याओए साक्षात् सरस्वतीनी जेम तत्काळ उत्तर आप्या. पछी राजानी आज्ञाथी मोटा मोटा पंडितोए पण तेमनी कळा कुशळतानी परीक्षा माटे अनेक प्रकारना प्रश्नो पुछया. ते दरेकना जवाबो पण ते बन्ने कन्याओए घणाज संतोषकारक आप्या,[१]

त्यार पछी राजाए पोते बन्ने कन्याओने कह्युं के–" मारा प्रश्ननो जवाब तमे बेउ बराबर आपो के–कर्म ( प्रारब्ध ) अने उपक्रम ( उद्यम ) ए बेमां मुख्य कोण ? पहेलुं के बीजुं ? के ते बन्ने समान छे? ते कहो. " त्यारे पहेली कन्या बोली के–" पराक्रमनी जेम सर्व स्थळे उपक्रमज ( उद्यमज ) फळ साधननुं कारण छे. उपक्रमविनानुं कर्म (प्रारब्ध) निष्फळ छे. भोजन, वस्त्र, धन उपार्जन, अन्यनुं वशीकरण, शत्रुनो नाश, विद्यानी प्राप्ति अने राज्यनो लाभ इत्यादि सर्व कार्य उद्यमथीज सिद्ध थाय छे. कह्युं छे के–"उद्यमवडेज सर्व कार्य सिद्ध थाय छे, पण मनोरथोवडे सिद्ध थतां नथी, केमके सूतेला सिंहना मुखमां पोतानी मेळेज मृगलां प्रवेश करतां नथी. तेथी बिलाडीनी जेम निरंतर उद्यमज करवो. जेमके बिलाडो जन्मथीज तेनी पासे गाय

१ आ स्थळे घणा प्रश्नोत्तरो विस्तारवाळा छे, पण ते शास्त्रना अभ्यासीनेज उपयोगी होवाथी अहीं लख्या नथी. जिज्ञासुए आचारप्रदीप ग्रंथमांथी ते वांची लेवा.

नथी तो पण हमेशां उद्यम करवाथी दूध पीए छे." ते सांभळीने बीजी कुमारी बोली के—" कर्म ( प्रारब्ध ) विना उद्यमनुं शुं फल ? कांइज नही. जेम बीजाविना खेती करवानां सर्व उद्यम निष्फळ छे, तेम कर्मरूप बीजविनानो उद्यम निरर्थक छे. कह्युं छे के— " घणा उपायो कर्या छतां पण भाग्यविना तेनुं फळ प्राप्त थतुं नथी. केमके राहु अमृत पीवा जतां उलटो अंगरहित थइ गयो. वळी उद्यमी माणसनो उद्यम पण कर्म विना फळीभूत थतो नथी. केमके— " बुद्धिः कर्मानुसारिणी—कर्मने अनुसरीनेज बुद्धि प्रवर्ते छे." एम ज्ञानी पुरुषोए कह्युं छे. माटे उद्यमनु पण कारण होवाथी कर्मज प्रधान ( मुख्य ) छे. हे बहेन ! आ स्थळे तने हुं एक दृष्टांत कहुं छुं ते तुं सांभळ——

कोइ बे पुरुषो वादविवाद करता राजानी पासे गया. तेमां एक कर्मनुं अने बीजो उद्यमनुं स्थापन करनार हतो. राजाए तो ते बन्नेने जूठा पाडवा माटे चोरनी जेम कोइ कारागृह जेवा घरमां तरतज हुकम करीने तेमने नांख्या. ते घरमां गुप्त रीते सर्व भक्ष्य वस्तु रखावीने ते घरना द्वार बंध कर्या, अने ते बंन्नेने राजाए कह्युं के— " हवे तमे बंन्ने उद्यमनुं अथवा कर्मनुं फळ जुओ. तमारी इच्छाथी भोजन करो, अथवा इच्छाथी बहार नीकळो." त्यार पछी उद्यमवादीए विचार कर्योके—" कोइ वखत कर्म फळीभूत थाय छे, अने कोइ वखत उद्यम पण फळनुं कारण थाय छे. ए रीते सर्व वस्तुनी पण पोतपोताना समयने विषे सिद्धि रहेली छे." आ प्रमाणे विचारी

कहीने कांइक विलंब करी कर्मवादी प्रत्ये बोल्यो के–" हे भाइ ! हवे आपणे आ स्थळे शुं करवा योग्य छे, ते कहो." कर्मवादीए जवाब आप्यो के–" पोतानी मेळेज सौ सारा वानां थशे. सुखेथी बेसी रहो, अथवा सुखेथी हरो फरो. परंतु हुं तो कर्मनेज प्रमाण करीश." पछी उद्यमवादी तेना वचननी अवगणना करीने उभो थइ विचार करवा लाग्यो के–" आ घरमां कांइ पण खावा योग्य वस्तु होय तो शोधी लउं." एम विचारीने ते खोवायेली वस्तुनी जेम घरमां चोतरफ जोवा लाग्यो. तेवामां ते ओरडामां उपराउपरी गोठवेलां हांल्लांनी उत्रेडमां जोतां वचला माटलामांथी वस्त्रना छेडाने खेंचता वस्त्रमां वींटेला घणा घीवाळा, हर्षकारक, चार लाडु जोवामां आव्या. पछी " हुं मारा उद्यमनुं फळ आ पुरुषने देखाडुं." एम धारीने तेणे गणपतिनी आगळ जेम लाडु धरे तेम पेला कर्मवादीनी पासे ते लाडु मूक्या, अने बोल्यो के–" जुओ ! हाथे पगे पांगळा पुरुषनाज जेवुं कर्म छे के नहीं ? केमके ते कर्मवडे पोतानुं कांइ पण कार्य सिद्ध थतुं नथी. आ प्रत्यक्ष उद्यमनुंज मोटुं फळ देखाय छे." ते सांभळीने कर्मवादी हसीने बोल्यो के–" तमे जे मोटा कष्टथी फळने प्राप्त कर्युं, ते मारी पासे लावीने मूक्युं, ते मारा कर्मनुंज फळ छे, प्रसन्न थयेला मारा कर्मेज तमने पण आ उद्यम करवानी बुद्धि आपी छे. जो एम न होय, तो तुं पण मारी जेम बेसीज रह्यो होत. पण तने स्वस्थपणे बेसवा न दीधो, एज मारा कर्मनुं पराक्रम जाण. माटे मारे तो कर्मज प्रधान छे, उद्योगादिक कांइपण

प्रमाण नथी जिनेश्वरोने पण कर्मज अनंत सुख आपे छे, तथा दुःख पण आपे छे. " आ प्रमाणे तेना बोलवाथी उद्यमवादीए पण तेनी वातने अंगीकार करी. केमके जेनुं दृष्टांत प्रगटपणे जोयुं होय एवा दार्ष्टांतिकने कोण न माने ! पछी भाइनी जेम वहेंचीने ते बन्ने जण लाडु जमवा लाग्यां. तेमां एक लाडुमांथी कर्मवादी अमूल्य रत्न पाम्यो. एक चित्तवाळो थइने जे जेनुं बहुमान करे छे ते तेने अवश्य फळनी प्राप्ति करी आपे छे. अने तेनापर देव, गुरु, धर्म, मंत्र, राजा अने शेठ विगेरेनी जेम ते प्रसन्न थाय छे. आ प्रमाणे प्रसन्न थयेला कर्मे कर्मवादीने रत्न आप्युं त्यारे समकित दर्शन प्राप्त थवाथी भव्य पुरुषनी जेम ते उद्यमवादी पण कर्मपक्षने विषे दृढ बुद्धिवाळो थयो. हवे ते निर्जन स्थानमां ( घरमां ) ते रत्नवाळा मोदकनो योग शी रीते थयो, ते कहुं छुं. केमके जे वात सारी रीते जाणवामां न आवे ते वात शल्यनी जेम हृदयमां खुंचे छे. (५३।२१) ते घरमां समृद्धिवाळो एक राजानो सेवक रहेतो हतो. तेनी स्त्रीए पोताना धणीथी छानुं पोताना जमाइने आपवा माटे एक श्रेष्ठ रत्न एक मोदकमां नांखीने चार लाडु कर्या हता. ते मोदकोने एक वस्त्रना ककडामां बांधीने जीवितनी पेठे गुप्त रीते उत्रेडना वचला माटलामां मूक्या हता. अन्यदा कोइ निमित्तथी राजा ते सेवकपर कोप पाम्यो, तेथी तेने कुटुंबसहित ए घरमांथी काढी मूक्यो. केमके राजानुं मान तो स्वप्न जेवुंज होय छे. ते वखते राजाथी भय पामेलो ते सेवक पोतानुं सर्वस्व तजीने कुटुंबसहित घरमांथी नीकळी गयो हतो. आ प्रकारे कर्मसंयोगे ते घरमां

मोदकमां नाखेला रत्ननो योग कर्मवादी पुरुषने प्राप्त थयो. आ सर्व हकीकत राजाना जाणवामां आवी त्यारे ते चमत्कार पाम्यो, अने ते बन्नेने छोडी मूक्या. आ प्रमाणे कर्मवादी अने उद्यमवादी बन्ने विवादरहित थइने अत्यंत सुखी थया

माटे हे बंहेन ! समग्र कार्यने साधनारुं कर्मज छे, एम तुं पण अंगीकार कर, त्रण जगत्ना समग्र जीवो जेने आधीन छे एवुं कर्मज प्रधान छे." ते सांभळीने प्रत्युत्तर देवामां असमर्थ परंतु छळकपटथी बोलवाना स्वभाववाळी मोटी बहेन बोली के–" जो सर्व कर्मनाज प्रसाद छे, तो तुंज बोल के तुं कोना प्रसादथी ( कृपाथी ) सुखीछे, अथवा मान पामे छे ? तथा आ समग्र लोको कोनी कृपाथी सुखीया छे ? " त्यारे नानी बहेन बोली के–" अंतःकरणमां कूडकपट राखीने केवळ मुखथी मीठुं मीठुं बोलवाथी शुं फळ छे ? सर्वने पोतपोताना कर्मना प्रभावथीज सुख दुःख प्राप्त थाय छे. जीवोने पुण्यनो उदय प्राप्त थाय त्यारे राजा तेमनापर प्रसन्न थाय छे; अने सर्व इष्ट वस्तुने आपे छे. तथा पापनो उदय थाय त्यारे यमराजनी पेठे ते रोष पामे छे अने सर्व वस्तुनुं हरण पण करे छे. कह्युं छे के–' सर्व जीवो पूर्वे करेला कर्मनुंज विशेषे करीने फळ पामे छे. अपराधमां अथवा गुणमां ( लाभमां के हानिमां ) बीजो तो निमित्तमात्रज छे. ' आ प्रमाणे नानी कुमारीनुं वचन सांभळीने मनमां क्रोध पामेलो राजा बोल्यो के–" हे दुष्टे ! हे दुःपंडिते ! तुं तारा कर्मनुं फळ तथा तारा वचननुं फळ तत्काळ जो. " एम कहीने राजाए पोताना सेवकोने

आज्ञा आपी के–" नगरमां चोतरफ शोध करी कोइ महादरिद्री, कोढीयो, भीखारो अने रांक पुरुष होय तेने बोलावी लावो. " पछी राजाना हुकमथी चारे तरफ शोध करवाने भमता राजसेवकोए नगरना उपवनमां रहेलो पेलो कोढीयो पुरुष (राजा) जोयो. अर्थात् पूर्वे वर्णन करेला अने देवतानी सहायथी कोढी तेमज दरिद्री थइने बेठेला पृथ्वीपाळ राजाने जोयो. पछी सेवकोए तेने कोइ पण प्रकारे समजावी महा प्रयत्नथी बंधिवाननी जेम राजा पासे लावी उभो राख्यो. ते वखते राजाए ते नानी कन्याने कह्युं के– "जो तुं कर्मनेज माने छे, तो तारा कर्मे आपेला आ कोढीया दरिद्री वरने वर. जेथी तुं केवी कृतार्थ थाय छे, ते अमे जोइशुं. " आ सर्व जाणीने लोकोमां हाहाकार थइ रह्यो, अने तेमनां हृदय कंपवा लाग्या. ते वखते पेलो कोढीयो पण सज्जनपणाने लीधे ते कन्याने परणवा माटे निषेध करवा लाग्यो. तो पण कर्मनेज प्रधान माननारी अत्यंत सत्त्वयुक्त एवी ते कन्याए पाणिग्रहणनी रीत प्रमाणे ते कोढीयानो हाथ ग्रहण कर्यो. ते वखते ते सभामां बेठेलो एक जोशी आ वरकन्यानो लग्न समय विचारी गुप्त रीते ( मनमां ) बोल्यो के–" आ समये जेवुं शुभ लग्न वर्ते छे, तेवुं लग्न बार वरसे पण मळवुं दुर्लभछे. माटे आ स्त्री पुरुषने सर्वथा कोइ मोटा देव जेवुं अनुपम सुख प्राप्त थवुं जोइए ! एम अत्यारना लग्न बळथी जणाय छे. " ते वखते राजाना सख्त हुकमथी कोइथी कांइ पण बोली शकातुं नहोतुं एटले सौ मौन रह्या. विवाह थया पछी तुरत राजाए ते कोढीया वरने आज्ञा

करी के-" आ कन्याने लइने तुं अहींथी जा, अने आनी पासे दासीनी जेम काम करावजे. " पछी जाणे तेणीए मोटी चोरी करी होय तेम तेणीने राजाए अति कोपथी कह्युं के-"आ वरनी साथे जीवित पर्यंत निर्वाह करजे, अने उत्तम सुख पामजे. " ते सांभळीने साहसिक एवी ते कन्या पण " बहु सारुं " एम नम्रताथी कहीने देवनी जेम ते वरनो हाथ झालीने पिताना घरमांथी तेनी लक्ष्मीनी जेम नीकळी गइ. राजाए निषेध करवाथी कोइ दासी पण तेणीनी साथे जइ शकी नहीं, अने राजाना कोपना भयथी अनिष्टनी जेम तेणीने कोइ बोलावी पण शक्युं नहीं. ते वखते केटलाक लोको राजाने दोष देवा लाग्या, केटलाएक ते कुंवरीने दोष देवा लाग्या, केटलाएक राजाना कोपनो दोष कहेवा लाग्या, केटलाएक प्रधानादिकनो दोष प्रगट करवा लाग्या, केटलाएक ते कन्याना गुरुनो दोष काढवा लाग्या, केटलाएक तेणीना मुग्धपणानो दोष काढवा लाग्या, केटलाएक तेणीना खराब ग्रहनो दोष कहेवा लाग्या अने केटलाएक धर्मीष्ट लोको तेणीना कर्मनोज दोष कहेवा लाग्या.

आ प्रमाणे नगरजनोनां नवां नवां वचनो सांभळती ते कन्या ते पतिनी साथे नगरनी बहार तेज उद्यानमां जइने जाणे जूदाज स्वादवाळी ( आनंदवाळी ) होय तेम विषाद ( खेद ) पाम्या विना तेनी साथेज रही. अने तेवा कोढीया वरनी पण जाणे कोइ श्रेष्ठ देवता होय तेम परम प्रीतिरसे करीने सेवा करवा लागी. 'सतीओनुं सत्व महा आश्चर्यकारक होय छे. ' पछी ते अयोग्य अने असमान

बनाव जोवाने जाणे अशक्त होय एम सूर्य बीजा द्वीपमां जतो रह्यो. ( अस्त थयो. ) अने तेनी स्त्री संध्या पण सतीनी जेम ते सूर्यनी पाछळ गइ. पछी ज्यारे मिथ्यात्वना समूहनी जेम अंधकारनो समूह चोतरफ विस्तार पाम्यो त्यारे ते कन्याए पतिने माटे सुंदर संथारो पाथरी आप्यो. तेमां सुखे सुतेला ते पतिए तेणीनी परीक्षा करवा माटे तेणीने कह्युं के-" हे भद्रे! हा! हा! तुं आ मोटा दुःख समुद्रमां केम पडी? प्रथम तो तें भोळीए आ अयुक्त कार्य कर्युं, त्यार पछी बीजुं अयुक्त कार्य में कर्युं अने राजाए तो बहुज अयुक्त कर्युं. केमके पिता थईने आवुं अयुक्त केम करी शकाय? कह्युं छे के-' कदाचित् अल्प प्रेमने लीधे छोरु तो कछोरु थाय, पण अत्यंत प्रेमवाळा मातापिता ( मावतर ) कुमातापिता ( कुमावतर ) केम थाय?' पण हे सुंदरी! हजु कांइ जतुं रह्युं नथी अने कांइ बगडी गयुं नथी. हजु पण तुं स्वेच्छाथी ज्यां जवुं होय त्यां जा अने बीजा कोइ श्रेष्ठ वरने वर, तेथी तुं कृतार्थ थइश. अत्यारे कोई जोतुं पण नथी अने कोइ कांइ पूछतुं पण नथी, माटे तुं इच्छा प्रमाणे जा. केमके लक्ष्मीने तथा हरणना सरखा नेत्रवाळी सुंदर स्त्रीओने सर्व स्थाने पोतानी मेळेज मान मळे छे. अत्यंत निंदवालायक एवो हुं मारो पोतानो पण निर्वाह करवाने समर्थ नथी, तो तारो निर्वाह माराथी शी रीते थशे? तेथी तारे अपवित्र वस्तुना जेम मारो दूरथीज त्याग करवो योग्य छे." आ प्रमाणनां पतिनां वचनो सांभळीने माथुं हलावती अने बे हाथ पोताना कानने ढांकती ते कन्या बोली के-'हा!

नाथ ! दाहना हेतुरूप आवां अयोग्य वचन आप केम बोलो छो ? "ज्यारे अनंता पापनी राशि उदयमां आवे छे, त्यारे जीवने स्त्रीपणुं प्राप्त थाय छे, एम हे गौतम ! तमे सारी रीते जाणो." आ प्रमाणेना श्री महावीरस्वामीना वचनथी जणाय छे के स्त्रीनो जन्म अति अधम छे. तेमां पण जो कदाच शीलभ्रष्ट थयुं होय तो ते अत्यंत उच्छिष्ट अने अनिष्ट जाणवुं. तेथी आ जन्ममां तो मारे तमारा चरणज शरण-रूप छे. केमके स्त्रीओने पोताना कर्मे आपेलो पति देवतुल्य छे" आ प्रमाणे ते कन्याना दृढ निश्चयथी ते राजा चित्तमां चमत्कार अने हर्ष पामीने बोल्यो के–" हे भद्रे ! आ प्रमाणे तारा जन्मनो निर्वाह शी रीते थशे ? माटे हवे हुं पण जो कोइपण प्रकारे दिव्य शरीरवाळो अने नवा यौवनवाळो थाउं, तोज योग्य कहेवाय. केमके असमान योगने विषे रस क्यांथी आवे ? " ए प्रमाणे कहीने देवशक्तिथी तर-तज पोतानुं दिव्य रूप करीने देवनी जेम शोभता ते राजाए पोतानी प्रियाने आश्चर्य तथा हर्षयुक्त करी. ते जोइने " हे स्वामी ! आ शुं ? " एम तेणी प्रश्न करे छे, तेटलामां तो तेज ठेकाणे तेणेज ब-नावेलुं देवविमानना जेवुं मणिमय भवन जोयुं अने ते भवनमां एक दिव्य पलंगपर बेठेला पोताना पतिने जोया. ते वखते ते राजा छत्र चामर तथा नाटक करवामां तत्पर एवा देव तथा देवीओना समूहथी परिवरेला इंद्रना जेवो शोभतो हतो. ते सर्व जोइने–"शुं आ ते स्वप्न छे ? के इन्द्रजाळ छे ? के मायाजाळ छे ? के मोहजाळ छे ? आते शुं छे ? " ए प्रमाणे विस्मय पामेली ते सुंदर मुखवाळी कन्याने राजाए

कह्युं के—" हे [1]रतिना जेवी सुंदर प्रिया ! तुं तारा मनमां नाना प्रकारना संकल्प विकल्प करीश नहीं. मारापर देवता प्रसन्न थयेल छे, हुं राजा छुं, अने तारा शुभ कर्मवडे अहीं आव्यो छुं." त्यार पछी राजा पोतानुं सर्व चरित्र तेणीने कहीने बोल्यो के—" हे सुभगे (सारा भाग्यशाळी) ! तें जे कर्मने प्रमाणरूप कह्युं, तेज कर्म तारापर तुष्टमान थयुं छे. तारो पिता चंद्र राजा महा अज्ञानी छे अने मिथ्याभिमानी छे, तेनुं फळ पण तुं प्रातःकाळे जोइश, ते तारी समृद्धि जोवाने अहीं आवशे." ते सांभळीने हर्षथी उल्लास पामेली ते कन्याए स्वामीना महिमाने माटे आखी रात्री दिव्य नृत्य कर्युं, के जे नृत्यथी इंद्रनुं हृदय पण चमत्कार पामे.

अहीं चंद्र राजाए " कोढीयाने पोतानी कन्या आपीने में मारा क्रोधनुं फळ देखाडयुं, हवे संतोषनुं फळ पण शीघ्र देखाडुं." ए प्रमाणे विचारीने गर्व पामेला राजाए देव समान रूपवाळा एक युवान राजकुमारने उत्सवसहित पहेली ( मोटी ) कन्या आपी. तेज दिवसना रात्रीना बीजा प्रहरमां उत्कृष्ट लग्न लइने सर्व समृद्धिथी आखा शहेरमां विवाह महोत्सव आरंभ्यो. जगत्‌ना लोकोने हर्ष आपनार एवा ते उत्सववडे लग्न ( मुहूर्त ) समये घणी प्रशंसा अने उत्साहने पात्र एवो ते बन्नेनो विवाह थयो. त्यार पछी अशुभ कर्मना वशथी त्यां उग्र सर्प नीकळ्यो, ते त्रण भुवननो संहार करवामां अत्यंत भयंकर एवो जाणे बीजो यमराज होय तेवो देखातो

१ कामदेवनी स्त्री रति.

हतो. तेने जोइने कल्पांतकाळना पवनथी समुद्रना कल्लोलनी जेम सर्वे जनो भयभीत थइने क्षोभ पाम्या. ते वखते भयथी संभ्रांत थयेलो वर पण जलदीथी उठीने फाळ भरतो नासवा लाग्यो तेवामां तेनो पग सर्पना शरीरपरज आव्यो, तेथी रोष पामेलो सर्प तेने डस्यो. अने तरतज ते वर मरण पाम्यो. कह्युं छे के–" जूदी रीते कार्य करवा धार्युं होय, पण तेनुं परिणाम तो तेथी जूदुंज आवे छे. केमके कर्मने वश पडेला जीवोने एक क्षणमांज घणां विघ्नो आवे छे. " आवा समयमां आवुं अयोग्य ( अघटित ) थया छतां पण केटलाक मनुष्योने जरा पण वैराग्य थतो नथी. तेवा मनुष्योने धिक्कार छे. त्यारपछी दिव्य नाटकना ध्वनिने सांभळता राजा विगेरे सर्व मनुष्यो अत्यंत शोकसमूहथी मुनिनी जेम मौन ( स्तंभित ) थइ गया. तथा चित्तमां चमत्कार पामीने विचार करवा लाग्यो के–" आ अकस्मात् शुं थयुं ? आ असुरेंद्रना जेवी अथवा सुरेंद्रना जेवी ऋद्धि हती, तेमां आम अकस्मात् शुं बनी गयुं ? " आ प्रमाणे सर्व लोको चित्तमां शोकसाथे चमत्कार पाम्या. प्रातःकाळे राजाए पोताना सेवकोने मोकलीने नानी कन्याना समाचार मंगाव्या. ते सेवकोए आवीने सर्व वृत्तांत यथार्थ कही बताव्यो. ते सांभळीने राजा अत्यंत विस्मय, लज्जा अने आतुरताथी पराधीन थइ गयो. पछी अनिष्ट वस्तुना भारनी जेम अभिमानना समूहनो त्याग करीने ते राजा पोतानी कन्यानुं सन्मान करवा तैयार थयो अने कर्मनुं प्रधानपणुं मानवा लाग्यो. पछी चंद्रराजाए पोताना जमाइ पृथ्वीपाळ राजाने

सत्कार साथे शहेरमां लावी विवाहनी रीतप्रमाणे बहुमानपुर्वक गृह, द्रव्य विगेरे घणी वस्तुओनी पहेरामणी करी.

बीजे दिवसे ते नगरना उद्यानमां विशिष्ट ज्ञानी गुरु महाराज समवसर्या. तेने वांदवा माटे चंद्र राजा सर्व परिवारसहित गयो. गुरुने वांदी यथास्थाने बेसी देशना सांभळी. देशनाने अंते अवसर जोइने राजाए पोतानी बन्ने कन्यानो पूर्वभव पुछयो, त्यारे ज्ञानी गुरु महाराज बोल्या के—"हे राजा! तारी आ बे कन्या पूर्वे "धन" अने "धनक" नामना बे श्रेष्ठीनी "धनश्री" अने "धनप्रभा" नामनी चंद्रनी अने सूर्यनी स्त्री ज्योत्स्ना अने प्रभानी जेवी स्वजनोमां अत्यंत मानवालायक प्रियाओ हती. ते बन्ने जैनधर्ममां आसक्त हती, अने प्राये करीने पापना स्थानकोथी निवृत्ति पामेली हती. तेमज ज्ञाननुं आराधन करवामां निपुण अने उपधानादिकनुं बहुमान करनारी हती. परंतु तेमां पहेली जे धनश्री हती ते कृपण हती, तेथी धनादिकनो व्यय करवामां तेणीनुं हृदय दूभातुं हतुं. ते एटली बधी कृपण हती के मुनिओने पण भावथी दान देती नहीं. परंतु पोते कृपण होवाथी पोताने घेर जे कोइ मुनिराज आवता, तेमने घरना बीजा माणसो वहु आपी दे छे, माटे हुं मारे हाथेज आपुं" एम विचारी उठीने घणी भक्ति तथा आदर देखाडती, घरमां सारी वस्तु घणी छतां पण थोडी देखाडती, अने "जेम मुनिओने जरा पण दोष न लागे तेम थोडुं पण शुद्ध एवुं सुपात्र दान आपवाथी ते अनंत फळनुं कारण थाय छे." एम बोलती छती पासे रहेला बीजा माण-

सोने वारीने पोताने हाथेज मनना भावविना मुनिने जेवी तेवी तुच्छ वस्तु अत्यंत थोडी वहोरावती. कोइ वखते मुनि कांइ वस्तु लेवा आवे तो घरमां ते वस्तु होय छतां "नथी" एम कहेती. कदाच ते वस्तु मुनिनी दृष्टिए पडे तो कहेती के—"आ वस्तु तो पारकी छे." अथवा कोइ वार ते वस्तु शुद्ध छतां " अशुद्ध छे " एम पण कहेती. आवी अदान बुद्धि ( दान न देवानी बुद्धि ) ने धिक्कार छे ! आ प्रमाणे ते श्राविकाए बीजां धर्म कार्य (प्रतिक्रमण, पौषध विगेरे विना खर्चनां कार्य ) मां तत्पर छतां पण कृपणपणाना दोषथी महा उग्र भोगांतराय कर्म बांध्युं. ' अहो ! निर्मळ एवा जैन धर्मने पामीने पण केटलाएक मूढ जीवो अयोग्य आचरणवडे आत्माने मलिन करे छे, ते अत्यंत खेदकारक छे.' हवे बीजी श्राविका जे धनप्रभा नामनी हती ते उदार चित्तवाळी हती. तेथी तेणीए शुद्ध भावथी सुपात्र दान आपवा-वडे शुभ भोगना फळवाळुं कर्म बांध्युं. कारण के जीवना परिणाम विचित्र प्रकारना होय छे. अनुक्रमे आयुष्य पुर्ण थये ते बन्ने श्रावि-काओ मरण पामीने स्वर्गमां देवपणे उत्पन्न थइ. परंतु तेमांनी पहेली धनश्री किल्बिषीया देवना विमानमां उत्पन्न थइ. त्यांथी आयुष्य पुर्ण थये चवीने ते बंने देवो हे राजा ! तारा प्रेमना पात्ररूप आ बे कन्याओ रूपे उत्पन्न थयेल छे. ते बंन्नेने पोतपोताना कर्मना वशथी भोगनी प्राप्ति ने भोगनो नाश थयेल छे." आ प्रमाणे बंने कन्याओनो पूर्वभव सांभळीने राजाए गुरुने पूछयुं के—" हे स्वामी ! मारी एक शंकानुं समाधान करो के—कर्म अने उद्यम ए बेमां कयुं प्रधान

छे ? " त्यारे ज्ञानी गुरु बोल्या के-" हे राजा ! ते बंन्नेनुं प्राधान्य छे. केमके आ जगत्मां कोइ ठेकाणे जीव बळवान् थाय छे, अने कोइ ठेकाणे कर्म पण बळवान् थाय छे. कह्युं छे के- जीवने तथा कर्मने अनादि काळथी वैर बंधायलुं छे. तेमां जीवो खरेखर कर्मनेज वश छे, परंतु कोइक वखत कर्मो पण जीवने वश थाय छे. केमके कोइक ठेकाणे धारण करनार ( आधार बळवान् होय छे, अने कोइ ठेकाणे धारण करवालायक ( आधेय ) वस्तु बळवान् होय छे. जो के कर्म संसारमां भमता जीवोने अत्यंत दुःख आपे छे, तो पण धर्मनो उद्योग ते सर्व कर्मने पण हणी नाखे छे. अन्यथा अनंतानंत भवोवडे संचय करेलां अनंतां कर्मोने हणीने अनंता जीवो शाश्वता मोक्षने केम पामे ? कुकर्मने करनार " दृढप्रहारी " अने " चुलणी " उद्यमथीज मोक्षे गया छे, तथा " चिलातीपुत्र " अने " रोहणयक " विगेरे पण उद्यमथीज स्वर्गे गया छे. तेथी करीने धर्मार्थी पुरुषो अनिष्ट एवा उग्र कर्मना क्षयने माटे निरंतर उद्यम कर्याज करे छे. आ रीते कोइ वखत उद्यम पण बळवान् थइ शके छे. कह्युं छे के-"प्राणीओने सर्व कार्यमां हमेशां उद्यमनेज परमबंधु कहेलो छे, कारण के उद्यमावना मनुष्य मनोवांछितने मेळवी शकतो नथी." जो कदाच विविध प्रकारना उद्यमो कर्या छतां पण कार्य सिद्ध न थाय, तो त्यां अवश्य तीव्र कर्मज भोगववालायक अने समर्थ छे एम जाणवुं. वळी महावीरस्वामीनो नीच कुळमां अवतार, मल्लीनाथ स्वामीनुं स्त्रीपणे उत्पन्न थवुं, परीक्षित राजानुं मरण तथा नंदिषेण अने

आर्द्रकुमारनी भ्रष्टता ए सर्व कर्मना वशथीज थयां छे कह्युं छे के—
"ब्रह्मदत्तनो दृष्टिनो (नेत्रनो) नाश थयो, भरतचक्रीनो पराजय थयो, कृष्णना समग्र कुटुंबनो नाश थयो, छेल्ला तीर्थंकरना नीचे गोत्रमां अवतार थयो, मल्लीनाथने स्त्रीपणुं प्राप्त थयुं. नारदनुं पण निर्वाण ( मोक्ष ) थयुं, अने चिलातीपुत्रने प्रशमना परिणाम थया. आ तमाम बाबतोमां कर्म अने उद्यम ए बन्ने स्पर्धाए करीने तुल्य बळवाळा छता आ जगत्मां प्रगट रीते जयवंता वर्ते छे."

आ प्रमाणे गुरुना मुखथी कर्म अने उद्यमनी समानता सांभळीने धर्ममां उद्यम करवानी बुद्धि जेने उत्पन्न थइ छे एवो चंद्र राजा दुष्ट कर्मोने हणवा माटे तैयार थयो, पछी ते राजाए विधिपूर्वक पोताना जमाइ पृथ्वीपालने पोतानुं राज्य सोंपीने मोटी पुत्री तथा बन्ने राणीओसहित दीक्षा ग्रहण करी अने तेनुं आराधन करीने अंते मोक्षे गयो.

त्यार पछी पृथ्वीपाळ राजा चंद्रराजाना राज्यने स्वस्थ करीने इंद्रनी जेम मोटी ऋद्धिसहित पोतानी स्त्रीने लइने पोताना नगरमां गयो. आ प्रमाणे पेला श्लोकना चोथा पादनी परीक्षा करवाथी पृथ्वीपाळ राजा शास्त्रोने विषे अत्यंत बहुमानवाळो थयो. अज्ञाननो नाश करवामां अस्त्रसमान शास्त्रोनुं आदरसहित श्रवण करतां ते राजानी बुद्धि धर्मनुं आराधन करवामां तत्पर थइ. केमके ज्ञानथी शुं न संभवे ? सर्व संभवे. सर्व दर्शनीओना धर्मोने जोइ जोइने सारी रीते परीक्षा करवाथी जैना समान बीजो कोइ धर्म नथी एवा आर्हत

धर्मने तेणे अंगीकार कर्यो. अनुक्रमे जेम जेम तेनी धर्ममां परिणति वधवा लागी. तेम तेम श्रुतज्ञान उपर तेनुं बहुमान वृद्धि पामवा लाग्युं. शास्त्रनुं श्रवण करवामां अने तेनुं पठन पाठन करवामां ते राजाए एवुं तल्लीनपणुं कर्युं के जेथी प्रगट एवा सुंदर संगीतना रसमां पण ते रस ( आनंद ) रहित थयो. बहुश्रुत एवा साधुओने बहुमान आपीने, तथा तेमनो आश्रय लइने, तेमज शास्त्रो लखाववां तथा ज्ञाननां उजमणां करवां इत्यादि कार्यो करीने तेणे श्रुतज्ञाननुं आराधन कर्युं.

आ प्रमाणे पृथ्वीपाळ राजाए श्रुतनुं आराधन करवाथी दुःसाध्य एवा पण ज्ञानावरणीय कर्मना क्षयने साध्यो. एकदा ते राजा एकाग्र चित्ते श्रुतना अर्थनी अत्यंत भावना करतां मोक्षरूप महेलनी नीसरणीसमान क्षपकश्रेणिपर आरुढ थयो. तेज वखते ते राजा लोकालोकने प्रकाश करनारुं केवळज्ञान पाम्यो, अने देवोए तेने मुनिनो वेष आप्यो. पछी ते केवळी राजर्षिए पोतानाज अनुभवेला दृष्टांतने स्पष्ट रीते देशनामां कहीने घणा जीवोने श्रुतज्ञानना आराधनमां सावधान कर्या. पछी प्रतिबोध पमाडवालायक भव्य जीवोने पोताना इतिहासवडे प्रतिबोध पमाडीने चिरकाळ सुधी पृथ्वीपर विहार करी ते राजर्षि मोक्षपदने पाम्या. हे भव्य जीवो ! आ रीते श्रुतज्ञाननुं मात्र बहुमान करवाथी पण ते भवे केवळज्ञान तथा मोक्षरूप फळ मळे छे, एम जाणीने श्रुतज्ञाननुं आराधन करवामां अत्यंत प्रयत्नवाळा थाओ.

॥ इति श्रुताराधने पृथ्वीपाल नृप कथा ॥

श्रुतज्ञाननुं आराधन सम्यक् ( रुडे ) प्रकारे ज्ञानाचारना आचरणनी निपुणता होय तोज संभवे छे, अने ते ज्ञानाचार आठ प्रकारनो छे. ते विषे निशीथ सूत्रना भाष्यनी पीठीका विगेरेमां कह्युं छे के—"काळ, विनय, बहुमान, उपधान, अनिह्नव ( नहीं गोपववुं ते ), व्यंजन[1] ( अक्षर ), अर्थ,[2] ते बन्ने[3] ( अक्षर अने अर्थ ), ए आठने विषे ज्ञानाचार आठ प्रकारनो छे.

## पहेला काळाचारनुं स्वरूप.

काळे एटले सूत्रनी पोरसीने विषे सूत्र भणवुं अथवा गणवुं, अने अर्थनी पोरसीमां अर्थ भणवो अथवा गणवो, अथवा उत्कालिक सूत्रो विगेरे भणवां गणवां. तेमां कालिक श्रुत एटले उत्तराध्ययन, आचारांग विगेरे सूत्रो दिवस अने रात्रीनी पहेली तथा चोथी पोरसीने विषेज भणवा गणवानां छे. तथा उत्कालिक एटले दशवैकालिक, दृष्टिवाद विगेरे सूत्रो तो सर्व पोरसीमां भणवा गणवा लायक छे. हवे कालिक तथा उत्कालिक ए बन्ने प्रकारनां सूत्रोनां अस्वाध्यायनो ( असज्झायनो ) काळ नानी बेबे घडीनो छे. तेथी रात्री अने दिवसनी चार काळ वेळाओनो[1] ( भणवा गणवामां ) दररोज त्याग करवो.

श्री आचार प्रदीप ग्रंथनी अंदर मुनिराजने सूत्रो भणवामाटे आगममां कहेलो काळ बतावीने पछी अकाळ अहंकारादिकवडे भण-

---

१ आ चार काळ वेळाना संबंधमां आचार प्रदीपमां शास्त्राधारे केटलुंक विवरण करेलुं छे.

वा गणवाथी आज्ञाभंग, ज्ञानाचारनी विराधना विगेरे दोषो लागवाथी प्रायश्चित्त लेवानुं कह्युं छे, तेमज अकाळे स्वाध्याय करवाथी प्रमत्तपणाने लीधे दुष्ट देवता पण तेने छळेछे, विगेरे कह्युं छे. ते बाबत निशीथ भाष्यमां आ प्रमाणे कह्युं छे के-"पहेली अने छेल्ली संध्या समये, मध्याह्न समये अने अर्धरात्रि समये ए चार संध्याओ वखते जे मनुष्य स्वाध्याय करे छे, तेणे आज्ञादिकनी विराधना करी छे एम जाणवुं." वळी ते संध्याओमां स्वाध्याय करवाथी लोकमां पण निंदा थाय छे ( केमके लौकिक शास्त्रोमां पण संध्यासमये स्वाध्याय करवानो निषेध कर्यो छे. ) तथा संध्याने विषे गुह्यक-व्यंतरो विगेरे फरे छे. संध्या वखते स्वाध्याय नहि करवाथी आवश्यकनो उपयोग थइ शके छे. (प्रतिक्रमण थइ शके छे.) तथा स्वाध्याय करवाथी थाकी गयेलाने एटलो वखत विश्रांति पण मळे छे. जोके श्रुतनो उपयोग ( भणवु गणवुं ) तथा तप-उपधान अत्यंत श्रेष्ठ कहेला छे, तोपण निषेध करेला काळे करवाथी ते कर्मबंधने माटे थाय छे.

लौकिक शास्त्रमां पण काळवेळाए संध्यावंदन, वैश्वदेव, तर्पण, होम विगेरे शांतिकर्म करवानुंज कह्युं छे, पण स्वाध्याय करवानुं कह्युं नथी; केमके स्वाध्याय परमतत्त्वरुप होवाथी दुष्ट समये तेनो निषेध करेलो छे. कह्युं छे के-"संध्याकाळे आहार, मैथुन, निद्रा अने स्वाध्याय ए चार कर्मने विशेषे करीने वर्जवा; केमके संध्याकाळे आहार करवाथी व्याधि उत्पन्न थाय छे, मैथुन करवाथी दुष्ट गर्भ उत्पन्न थाय छे, निद्रा करवाथी धननो नाश थाय छे अने स्वाध्याय

करवाथी मरण थाय छे." आथी करीने संध्या समये स्वाध्याय करवाथी लोकमां "अहो! आ जैनो पोतानुं सर्वज्ञपुत्रपणुं प्रसिद्ध करे छे, परंतु संध्यासमये स्वाध्यायनो निषेध छे, एटलुं पण जाणता नथी." ए रीते निंदा थाय छे. वळी संध्यासमये जो स्वाध्यायमां ज तत्पर रहे, तो साधुने प्रतिक्रमणादिक आवश्यक क्रियामां अने श्रावकोने देवपूजा, प्रतिक्रमण विगेरेमां उपयोग रहे नहीं. अने जो ते वखते स्वाध्याय करवानो न होय, तो ते आवश्यक क्रियामां उपयोग रहे, तथा निरंतर स्वाध्याय करवाथी खेद पामेलाने विश्रांति पण मळे, तेथी करीने श्रुतपाठादिक कहेले काळेज करवां युक्त छे. कदाच कोइ विशेष कारणने लीधे काळनो अतिक्रम थाय, तो तेमां दोष नथी. ते प्रमाणे निशीथ सूत्रादिकमां अनुज्ञा आपेली छे.

अहीं कोइने शंका थाय के–"जेम शुभ ध्यान मोक्षनुं कारण होवाथी सर्वकाळे करवानुं कह्युं छे, तेम श्रुतज्ञान पण मोक्षनुं कारण होवाथी सर्वकाळे स्वाध्याय केम न कराय? केमके जे मोक्षनुं कारण छे, तेनो काळ के अकाळ कांइ पण नथी." गुरु तेनो उत्तर आपे छे के– "हे भद्र! तारी शंका साची छे. परंतु जे शुभ ध्यान छे,ते सर्व क्रियामां रहेलुं छे, अने ते मानसिक छे, तेथी तेनावडे कोइपण धर्मक्रियाने बाध थतो नथी; पण उलटी सर्वे क्रियाओने पुष्टि मळे छे. तेथी शुभ ध्याननुं सर्वकाळे करवापणुं घटे छे. अने श्रुतज्ञान तो भणवा–गणवा विगेरेवडे साध्य छे, माटे बे संध्याना आवश्यकादिकनी जेम नियमित समये ज उचित छे. कदाच सर्व काळे श्रुतज्ञाननुंज पठनादिक करवा-

मां आवे, तो पुण्य क्रियाओने परस्पर बाध थाय; अने तेम थवुं युक्त नथी. केमके सर्व पुण्य क्रियाओ परस्पर बाधारहितज करवानी कही छे. ते विषे श्रीओघनिर्युक्तिमां कह्युं छे के—"जिनशासनने विषे दुःखना क्षयनेमाटे प्रयोग करेलो (कहेलो) धर्मक्रियानो सर्व योग अन्योन्य बाधारहित असपत्न (कोइने बाधा थया विनाज) करवानो कह्यो छे." "मोक्षना कारणमां काळनो विभाग करवो अयोग्य छे" एवी शंका पण न करवी, केमके साधुओने आहार विहारादिक पण मोक्षनुंज कारण छे, छतां आगममां तेनो काळ विभाग कहेलो छे के—"त्रीजी पोरसीमां भक्त पाननी गवेषणा करवी." कोई गुरु शिष्यने शिक्षा आपे छे के—"हे साधु! तुं अकाळे गोचरी करे छे, काळने ओळखतो नथी अने आत्माने क्लेश पमाडे छे, तेथी देशनी पण निंदा करे छे." वळी निशीथचूर्णिमां आ प्रमाणे कह्युं छे—"ऋतुबद्धकाळे विहार करवो, पण वर्षाऋतुमां न करवो. अथवा दिवसे विहार करवो, पण रात्रे न करवो. अथवा दिवसे पण त्रीजी पोरसीए विहार न करवो, बाकीनी पोरसीमां करवो."

लौकिक शास्त्रमां पण कह्युं छे के—"पहेला पहोरमां भोजन करवुं नहीं, अने बे पहोरने उल्लंघन करवा नहीं. कारण के पहेला पहोरमां भोजन करवाथी रसनी उत्पत्ति थाय छे, अने बे पहोर उल्लंघन करवाथी बलनो क्षय थाय छे." "ग्रीष्म अने हेमंत ऋतुना मळीने आठ मास सुधी भिक्षुए विहार करवो अने सर्व जीवोपरनी दयाने माटे वर्षाऋतुमां एकत्र निवास करवो."

वळी दानादिक पण योग्य अवसरे करवाथी विशेष फळवाळुं थाय छे. कह्युं छे के,–"विहार करवाथी श्रांत थयेलाने, व्याधिग्रस्तने, आगमना अभ्यासीने, लोच करेलाने तथा उत्तरपारणावाळाने आपेलुं दान अत्यंत फळदायक थाय छे. योग्य समये आपेला दाननी किंमत करवाने कोइपण शक्तिमान नथी. अने तेज दान अयोग्य वखते आपीए तो ते ग्राह्य पण थतुं नथी." कोई स्त्रीने पुरुष कहे छे के–"हे सुंदरी ! एक अंजलि ( चुलुक ) प्रमाण पण जळ अवसरे आप्युं होय तो मूर्छा पामेलो माणस जीवे छे, परंतु मरी गया पछी सेंकडो घडा पाणी तेनापर नांखवाथी कांइ फळ थतुं नथी."

वळी खेती, वेपार अने सेवा विगेरे पण अवसरेज कर्या होय तो ते बहु फळदायक थाय छे, अकाळे करवाथी तेनुं फळ मळतुं नथी. कह्युं छे के–"जेम समये करेलुं खेतीकर्म बहु फळवाळुं थाय छे. तेज प्रमाणे सर्व क्रियाओ पोतपोताने काळेज करवी योग्य छे." वळी मंत्र, विद्या विगेरेनुं साधन पण कहेले समयेज करवाथी सिद्ध थाय छे, अन्यथा ते साधन अनर्थनो हेतु थाय छे. तेथी करीने अवसरेज स्वाध्याय करवो, पण अकाळे न करवो.

आ स्थळे छाश वेचनारीनुं दृष्टांत आ प्रमाणे छे–"मथुरा नगरीमां कोइ एक साधु प्रदोष संबंधी काळने विषे स्वाध्यायनो पोरसी पूरी थया छतां पण अनुपयोगने लीधे कालिक श्रुत भणता हता. ते जोइने 'आ साधुने कोइ दुष्ट देवता न छळो' एम विचारीने शासन देवता तेने बोध करवा माटे छाशनो घडो माथे लइने आभीरी

रूपे तेनी पासे छाश वेचवा नीकळी. अने ' छाश ल्यो छाश ' एम मोटे स्वरे बोलती वारंवार गमनागमन करवा लागी. तेथी ते साधुने स्वाध्यायमां विघ्न थवाथी तेणे कह्युं के—" शुं आ छाश वेचवानो समय छे ? " त्यारे ते आभीरी पण बोली के—"त्यारे शुं तमारे पण आ स्वाध्याय करवानो समय छे ? " ते सांभळीने साधुने उपयोग आव्यो, तेथी तेणे मिथ्यादुष्कृत आप्युं. "

॥ इति प्रथमः कालाचारः ॥

## बीजा विनयाचार विषे.

विनय एटले—गुरु, ज्ञानवान्, ज्ञानना अभ्यासी, ज्ञान, ज्ञाननां उपकरण ( पुस्तक, पाटुं, कागळ, पाटी, कवळी, ठवणी, सापडो, ओळीयुं, टीपणुं तथा दफतर ) ए विगेरेनी सर्व प्रकारनी आशातनानो त्याग करवो तथा तेमनी भक्ति विगेरे यथायोग्य करवी ते. आशातनाना भेदो श्राद्धविधिनी वृत्तिथी जाणवा. अने गुरुनो तथा ज्ञानवान्नो विनय—प्रगटपणे उभुं थवुं, आसन आपवुं, शय्या करी आपवी, हाथमांथी दांडो लइ लेवो, पग धोवा, पगचंपी करवी, वंदना करवी, आज्ञाप्रमाणे वर्तवुं तथा शुश्रुषा ( सेवा ) करवी—विगेरे जाणवो. ते विषे आगममां कह्युं छे के—" उभा थवुं, हाथ जोडवा, आसन आपवुं, भक्ति करवी, ए रीते भाव शुश्रूषा विनय कहेलोछे." तथा—" गुरुथी नीची पोतानी शय्या करवी, तथा गमन, स्थिति अने आसन पण गुरुथी नीचांज राखवां, शरीरने नमावी गुरुपादनी वं-

दना करवी, तथा नीचा वळीने हाथ जोडवा." भाव शुश्रूषा एटले गुरुना आदेशने सांभळवानी इच्छा अथवा गुरुनी सेवा. ए प्रमाणे श्रीउत्तराध्ययननी वृत्तिमां तेनी व्याख्या करी छे. अने दशवैकालिक वृत्तिमां तो शुश्रूषाविनय दश प्रकारनो प्राकृत गाथावडे वर्णव्यो छे.—"सत्कार करवो १, अभ्युत्थान एटले उभा थवुं २, सन्मान—मान आपवुं ३, आसनाभिग्रह—आसन देवानुं कहेवुं ने देवुं ४, आसनानुप्रदान—अन्यत्र लइ जइने आसन पाथरी आपवुं ५, कृतिकर्म—वंदना करवी ६, अंजलिग्रह—बे हाथ जोडवा ७, इंगित अनुसरण—तेमना मननो अभिप्राय जाणीने ते प्रमाणे वर्तवुं ८, गुरु बेठा होय त्यारे तेमनी सेवा करवी ९, तथा चालता होय त्यारे तेमनी पाछळ चालवुं १०. आ दश प्रकारनो शुश्रूषाविनय कह्यो छे." अहीं सत्कार एटले स्तुति वंदनादिक करवुं ते, सन्मान एटले वस्त्र पात्रादिकवडे पूजन करवुं (आपवुं) ते, आसनाभिग्रह एटले गुरु उभा होय त्यारे आदरपूर्वक आसन लावीने "आ आसनपर पधारो" एम बोलवुं ते, आसनानुप्रदान एटले ते स्थानेथी गुरु बीजे स्थाने जाय त्यारे तेमनुं आसन त्यां लइ जवुं ते. आ प्रकारनो शुश्रूषाविनय उपचारविनयने विषे पण अंतर्गत थाय छे. श्रीदशवैकालिक वृत्तिमां प्राकृत गाथाओवडे उपचार विनयना सात प्रकार आ प्रमाणे कह्या छे.—"समीपे रहेवानी प्रार्थना एटले आदेशादिकनी इच्छाथी निरंतर गुरुनी समीपे बेसवुं १, छंदोनुवर्तन एटले गुरुनी आज्ञाप्रमाणे वर्तवुं २, कृतनी प्रतिक्रिया एटले "भक्तपानादिवडे उपचार करवाथी गुरु प्रसन्न

थशे अने सूत्रादिक देवाए करीने प्रत्युपकार करशे, ए पण निर्जराज छे" एम धारीने गुरुने भक्तपानादिक आपवामां प्रयत्न करवो ३, कारितानिमित्तकरण एटले श्रुतने ग्रहण करवा विगेरे कार्य करवुं, कांइपण निमित्त करीने विशेष प्रकारे विनयमां प्रवर्तवुं तथा सूत्रना अर्थनुं अनुष्ठान करवुं ४, दुःखार्त गवेषण एटले व्याधि विगेरेथी पीडाता ग्लान साधुओने औषधादिक लावी आपीने उपकार करवो ५, देशकालज्ञान एटले अवसरनुं जाणवापणुं ६, तथा सर्व अर्थमां अनुमति एटले सर्व कार्यमां अनुकूळपणे वर्तवुं ७. ज्ञानना अभ्यासीओनो विनय करवो, तेमां सारां शोधेलां पुस्तको आपवा. सूत्र अने अर्थनी परिपाटी आपवी, तथा आहार अने उपाश्रय विगेरेनो आश्रय आपवो; वळी श्रावकोए ज्ञाननो विनय करवो; तेमां उपधान विगेरे विधिवडे सूत्र अने अर्थनुं ग्रहण तथा अभ्यास करवो, विधिप्रमाणे बीजाने सूत्र तथा अर्थ आपवां, तेमां कहेला अर्थनी सारी रीते भावना भाववी, तेमां कह्याप्रमाणे सारी रीते अनुष्ठान करवुं. पोते पुस्तक लखवां अथवा बीजा पासे लखाववां, कपूर विगेरे सुगंधि वस्तुवडे ज्ञाननी पूजा करवी, ज्ञाननी आराधना माटे पंचमी विगेरे तपस्या करवी तथा तेनुं उद्यापन विधिप्रमाणे करवुं विगेरे. ते विषे कह्युं छे के—"ज्ञानवाळो मनुष्य ज्ञान शीखे छे (अभ्यास करे छे), ज्ञानने गणे छे (संभारे छे), ज्ञानवडे समजीने योग्य कार्यो करेछे अने नवां कर्म बांधतो नथी. तेथी करीने ते ज्ञानना विनयवाळो थाय छे." तथा ज्ञानना उपकरणोनो विनय आ प्रमाणे कर-

वो—नवां पुस्तको लखवां, लखाववां तथा शुद्ध कराववां; पुंठां, पोथी बंधन अने बांधवानी दोरी विगेरे साहित्यो उत्तम उत्तम (सारां सारां) एकठां करवां, तथा नाश पामतां पुस्तकोने लखावी लेवां, तेने शोधाववां, तथा कपूर, हीरागळ ( रेशमी ) वस्त्र विगेरेवडे तेनुं पूजन करवुं विगेरे. शास्त्रमां कह्युं छे के—" त्रण जगत्ना सूर्यरुप सर्व जिनेश्वरो अस्त पाम्या छे, तेथी आधुनिक समयमां पुस्तकरूप दीवावडे पदार्थोने विषे सारो प्रकाश पाडी शकाय छे." विनय ए लोकमां तथा लोकोत्तरमां सर्व ठेकाणे सर्व अर्थनी सिद्धिमां अवंध्य कारण छे. ते विषे कह्युं छे के—" विनय लक्ष्मीने आपे छे, विनयवान् पुरुष यश अने कीर्त्तिने पामे छे. विनयरहित माणस कदापि पोताना कार्यनी सिद्धिने पामतो नथी." लोकमां पण सेवको, शिष्यो, पुत्रो, वहुओ विगेरे सर्वे विनयथीज पोताना स्वामीनी पदवी पामता जोवामां आवे छे अने विनय रहित एवा ते सेवको विगेरे विपरीत दशाने पामता पण जोवामां आवे छे. वळी गायो, भेंशो, बळदो, घोडाओ विगेरे पशुओ पण दुर्विनयने लीधे बंधन ताडनादिक क्लेशने पामता देखाय छे, अने तेओ जो विनयवान् होय तो क्लेश पाम्या विना सुखे सुखे खावा पीवानुं तथा मान सत्कार पामता देखाय छे. वळी विद्या, विवेक, औदार्य, गांभीर्य, चातुर्य, धैर्य, प्रख्याति, प्रतिष्ठा विगेरे गुणोनुं मूळ कारण विनयज छे. केमके विनय होवाथीज ते ते गुणोनो संभव छे, अन्यथा नथी. कह्युं छे के—" सर्व सुखनुं मूळ कारण क्षमा छे, सर्व दुःखोनुं मूळ कारण क्रोध छे, सर्व गुणोनुं मूळ कारण विनय

छे अने सर्व अनर्थोनुं मूळ कारण लोभ छे." वळी धर्मनुं पण मूळ विनयज छे; कह्युं छे के—" धर्मनुं मूळ विनय छे, विनयवंतज संयत (मुनि) थइ शके छे; विनयरहित माणसने धर्म अने तप बंने क्यांथी होय ? नज होय." छट्ठा अंगमां कह्युं छे के, एक हजार परिव्राजकना परिवारमां मुख्य एवा व्यासना पुत्र शुकदेव नामना भट्टारके पोतानो शौचमूळ धर्म सौगंधिका नगरीना निवासी सुदर्शन शेठने ग्रहण कराव्यो हतो. तेथी ते शेठने प्रतिबोध करवामाटे हजार शिष्योना परिवारवाळा अने चौद पूर्वने धारण करनारा थावच्चापुत्र नामना श्री नेमिनाथना शिष्य आचार्य महाराजे ते नगरीमां आवीने ते शेठ प्रत्ये आ प्रमाणे कह्युं के—" हे सुदर्शन ! विनयमूळ धर्म कहेलो छे. अने ते विनय सर्व धातुओना मध्ये सुवर्णनी जेम प्राये शुभ प्रकृतिवाळानेज प्राप्त थाय छे. कह्युं छे के—'कमळोमां सुगंध कोणे उत्पन्न करी छे ? शेरडीमां मधुरता ( मीठाश ) कोणे उत्पन्न करी छे ? उत्तम जातीना हस्तीओने लीलापूर्वक गमन कोणे शीखव्युं छे ? तथा उच्च कुळमां जन्मेलाने विनय कोण शीखवे छे ? वळी हरणीओनां नेत्रोमां अंजन कोण करे छे ? मोरनां पीछां कोण चीत्रे छे ? कमळोने विषे पत्रनी रचना कोण करे छे ? तेमज उच्च कुळमां उत्पन्न थयेला पुरुषोने विनय कोण शिखवे छे ? अर्थात् ए सर्व स्वभावथीज सिद्ध छे.' वळी श्रुतज्ञानना अर्थी पुरुषे विशेषे करीने गुर्वादिकनो विनय करवामां प्रवर्तवुं. कह्युं छे के—" अग्निने स्पर्श करेला गुरुरूपी कुवामांथी ज्ञानरूपी अमृत जळ लेवा माटे मात्र एक विनयज पगना आवर्तनी धृष्टताने धारण करे छे."

तथा—" विनयथी ज्ञान, ज्ञानथी दर्शन (समकित), दर्शनथी चारित्र अने चारित्रथी मोक्ष प्राप्त थाय छे, मोक्षमां निराबाध सुख छे." वळी विनयथी ग्रहण करेलुं श्रुत तत्काळ फळदायक थायछे, ते शिवायनुं फळदायक थतुं नथी. ते उपर दृष्टांत नीचे प्रमाणेः—

## विनय उपर दृष्टांत.

राजगृह नगरमां श्रेणिक राजाए एकदा श्री महावीर स्वामीना मुखथी चेलणा राणीना सतीपणानो निर्णय सांभळीने तेणीना गुणथी रंजीत थइ तेने कह्युं के—" हे प्रिया! बीजी राणीओना करतां केवो अधिक मनोहर प्रासाद हुं तारे माटे कराबुं?" त्यारे चेलणाए कह्युं के—" मारे माटे एकस्तंभवाळो प्रासाद करावी आपो." राजाए तेवो प्रासाद कराववा माटे अभयकुमारने आज्ञा करी. अभयकुमारे कारीगरोने आज्ञा करी. कारीगरो तेवा प्रासादने योग्य मोटा काष्टने माटे अटवीमां परिभ्रमण करवा लाग्या. तेमणे सारा लक्षणवाळुं, घणी छायावाळुं, आकाश सुधी उंचुं, पुष्प फळथी फळेलुं, मोटी मोटी शाखावाळुं अने मोटा स्कंध (थड) वाळुं एक वृक्ष दीठुं. ते जोइने हर्ष पामेला कारीगरो विचार करवा लाग्या के,—"खरेखर आ वृक्ष देवताधिष्ठित होवुं जोइए. कह्युं छे के—'जेवुं तेवुं स्थान पण देवरहित होतुं नथी, तो पछी शुभ लक्षणवाळां मोटां वृक्ष तो देवताना वासरहित शेनाज होय?' परंतु " आवा देवताधिष्ठित वृक्षनो छेद करवाथी आपणा स्वामीने (राजाने) कांइ विघ्न न थाओ." एम वि-

चारीने ते दिवसे ते वृक्षना अधिष्ठायक देवनी आराधनामाटे उपवास करीने तथा गंध, धूप अने पुष्पादिकवडे तेनी पूजा करीने कारीगरो पोतपोताने स्थानके गया. तेमनी भक्तिथी ते वृक्षना अधिष्ठायक देवे प्रसन्न थइने रात्रीए अभयकुमारने कह्युं के–" हुं सर्व ऋतुओना पुष्प फळवाळा वृक्षोथी सुशोभित, नंदनवननी जेवा उद्यानवडे अलंकृत अने चोतरफ किल्लावाळो एकस्तंभी प्रासाद करी आपीश, माटे मारा भुवननी उपर रहेला वृक्षने तमे छेदावशो नहीं." ते सांभळीने अभयकुमारे ते वात अंगीकार करी, एटले अचिंत्य शक्तिवाळा ते व्यंतर देवे तेवा प्रकारनो प्रासाद तरतज बनावी आप्यो. कह्युं छे के:—" वचनथी बंधायेला देवो किंकरथी पण अधिक सेवा करनारा थाय छे." श्रेणिक राजा के जे एकला प्रासादनोज अर्थी हतो, ते आवा प्रकारना उद्यानथी सुशोभित प्रासादने जोइने दूध पीवानो आरंभ करतां तेमां जेम साकर पडे तेम मानवा लाग्यो. पछी राजाना आदेशथी चेलणा राणी पद्म ( कमळ ) सरोवरमां मग्न थएली लक्ष्मीनी जेम ते प्रासादमां रहीने निरंतर क्रिडा करवा लागी.

एकदा ते नगरमां वसनारी एक मातंगी ( चंडाळनी स्त्री ) ने अकाळे आम्रफळ खावानो दोहद थयो. तेथी तेणीए पोतानो पति के जे विद्यासिद्ध हतो तेने चेलणाना उद्यानमांथी आम्रफळ लाववा माटे अत्यंत आग्रहपूर्वक कह्युं. ते मातंग श्रेणिक राजाथी अत्यंत भय पामतो हतो तो पण स्त्रीना आग्रहने लीधे 'अवनामिनी' नामनी विद्यावडे आम्रवृक्षनी शाखा नीचे नमावी इच्छाप्रमाणे आम्रफळो

लेइने पछी 'उन्नामिनी' विद्यावडे शाखाने उंचे हती तेवी करी चोरनी जेम नाशीने घेर जतो रह्यो. कह्युं छे के,—

**न किं कुर्यान्न किं दद्यात्स्त्रीभिरभ्यर्थितो नरः ।**
**अनश्वा यत्र हेषन्ते शिरोऽपर्वणि मुंडितम् ॥ १ ॥**

अर्थ—" स्त्रीए प्रार्थना करेलो पुरुष शुं न करे? अने शुं न आपे ? स्त्रीने वश थयेल पुरुष गधेडो थइने हेषारव करे छे ( हणहणे छे, अने १पर्व विना पण शिरमुंडन करावे छे. "

आ श्लोक संबंधी कथा भोजप्रबंधमां छे, तेनो सार ए छे के- भोजराजा तथा काळीदास कवि ए बन्ने एकज वेश्याउपर आसक्त हता. एक दिवस भोजराजाए वेश्याने कह्युं के-" ज्यारे काळीदास तारी पासे आवे, त्यारे तारे तेने कहेवुं के-तमे दाढी मूछ मुंडावीने मारी साथे विलास करो." वेश्याए काळीदासने तेम करवा कह्युं, त्यारे काळीदासे तेज प्रमाणे कर्युं. पछी "आ काम भोजराजानुं छे" एम जाणीने काळीदासे ते वेश्याने कह्युं के-"ज्यारे भोजराजा आवे,त्यारे तारे तेने कहेवुं के-"हुं तमारी उपर स्वारी करुं,अने तमे गधेडानी जेम मारा घरमां भमता भमता हेषारव (घोडानी जेवो शब्द) करो, तो हुं तमारो संग करुं,नहींतो नहीं करुं."ते सांभळीने वेश्याए ते वात कबूल करी. त्यार पछी भोजराजा आव्यो, त्यारे तेणीए तेने कह्युं एटले तेणे

---

१ पर्व एटले ग्रहण विगेरे योग. ते दिवसे तीर्थ स्थाने दाढी मूछसहित मुंडन कराववानो विधि लौकिक शास्त्रमां छे.

ते प्रमाणे कर्युं. पछी बीजे दिवसे राजसभामां काळीदास आव्यो, त्यारे भोजराजाए कह्युं के–" कालिदास कविश्रेष्ठ ! कस्मिन् पर्वणि मुंडनम् ( हे उत्तम कवि काळीदास ! क्या पर्वमां तमे आ मुंडन कराव्युं ? ) " ते सांभळीने काळीदासे कह्युं के–" अनश्वा यत्र हेषन्ते तस्मिन् पर्वणि मुंडनम्–जे पर्वमां गधेडा हेषारव करे छे, ते पर्वमां में मुंडन कराव्युं छे. " इत्यादि.

प्रातःकाळे चेलणा राणीए आम्रवृक्षपरथी फळ चुंटायेला जोइने राजाने जणाव्युं. त्यारे राजाए अभयकुमार मंत्रीने बोलावीने कह्युं के– " जेनी आवी शक्ति छे, ते अंतःपुरमां पण उपद्रव करी शके, माटे सात दिवसमां आ आम्रफळना चोरने प्रगट करजे ( हाजर करजे ); नहीं तो चोरना जेवो तारो दंड करवामां आवशे. " ते सांभळीने अभयकुमारे राजानी आज्ञा स्वीकारी चोरनी शोध करवा मांडी. छेल्ले दिवसे कोइ ठेकाणे पौरलोकोनो मोटो समुदाय एकठो थयो हतो, त्यां अभयकुमारे पोतानी बुद्धिथी ' बृहत्कुमारीनी ' कथा कहीने ते चोरने प्रगट कर्यो. ते कथा आप्रमाणेः–

## बृहत्कुमारीनी कथा.

वसंतपुरमां निर्धन " जीर्ण " शेठने " बृहत्कुमारी " नामनी अत्यंत स्वरूपवाळी पुत्री हती. ते कुमारी हंमेशां कामदेवनी पूजा करवा माटे उद्यानमांथी पुष्पोनी चोरी करती हती तेणीने एक दिवसे माळीए पुष्प चोरतां जोइ पकडी. अने तेणीना स्वरूपथी मोह पामेला ते उद्यानपाळे भोगमाटे तेणीनी प्रार्थना करी. त्यारे ते बोली

के—" हुं कुमारी छुं, तेथी स्पर्श करवालायक नथी. कह्युं छे के—" रजस्वला, समान गोत्रवाळी, पोतानी जातथी उंची जातवाळी, प्रव्रज्या ( दीक्षा ) लीधेली, तथा मित्र, राजा अने गुरुनी स्त्री-ए आठ स्त्रीओ गमन ( स्पर्श ) करवालायक नथी." त्यारे उद्यानपाळ बोल्यो के—" तुं जे वखते परणे तेज दिवसे प्रथम मारी पासे तारे आववुं." कुमारीए ते वात स्वीकारी अने पोताने घेर गइ. पछी अनुक्रमे केटलेक काळे ते कुमारी परणी. रात्रे तेणीए पोतानी प्रतिज्ञा पोताना पतिने कही,त्यारे पतिए तेणीने सत्यवक्ता जाणी माळी पासे जवानी रजा आपी, एटले ते सुवर्ण अने रत्नना अलंकारो धारण करीने उद्यानपाळ पासे जवा चाली. मार्गमां चोरोए तेणीने रोकी. तेमनी पासे सत्य वात जाहेर करी अने " पाछी वळतां तमे लुंटी लेजो " एम कह्युं, त्यारे तेओए तेणीने सत्य प्रतिज्ञावाळी जाणी तथा "पाछी आवशे त्यारे लुंटीशुं" एम धारी तेणीने रजा आपी. आगळ जतां क्षुधाथी कृश थयेला राक्षसे तेणीने रोकी. त्यां पण तेज रीते तेणीए सत्य वात कही एटले तेणे तेणीने छोडी दीधी. अने " पाछी आवशे त्यारे खाइ जइश " एम धारीने त्यांज बेठो. पछी ते स्त्री माळी पासे गइ. माळीए आश्चर्य पामीने तेणीने मातानी जेम नमस्कार करी मुक्त करी. पाछी वळतां राक्षसे अने चोरोए पण तेणीने छोडी दीधी. घेर आवी पतिनी पासे सर्व हकीकत सत्य रीते कही बतावी, तेथी पतिनी विशेषे मानीती थइ.

आ प्रमाणे कथा कहीने अभयकुमारे सर्व माणसोने पूछयुं के—

" हे लोको ! आ चारमांना कोणे दुष्कर कार्य कर्युं कहेवाय ? " त्यारे केटलाक इर्ष्यालु पुरुषोए पतिने दुष्करकारी कह्यो, केटलाक क्षुधातुरोए राक्षसने दुष्करकारी कह्यो, जार पुरुषोए माळीने दुष्करकारी कह्यो, अने पेला आम्रफळ चोरनारा मातंगे चोरने दुष्करकारी कह्यो. तरतज अभयकुमारे तेने पकड्यो अने पूछ्युं, एटले तेण सत्यवात कही दीधी. पछी अभयकुमार तेने राजानी पासे लइ गया. राजाए क्रोधथी तेनो वध करवानो हुकम कर्यो, त्यारे अभय कुमारे कह्युं के "हे स्वामी ! आनी पासे बे अपूर्व विद्याओ छे ते तो तमे ग्रहण करो, पछी जेम योग्य लागे तेम करजो. कह्युं छे के—

बालादपि हितं ग्राह्यममेध्यादपि काञ्चनम् ।
नीचादप्युत्तमां विद्यां स्त्रीरत्नं दुष्कुलादपि ॥१॥

अर्थ—बाळक पासेथी पण हित वचन ग्रहण करवुं, अपवित्र वस्तुमांथी पण सुवर्णने ग्रहण करवुं, नीच माणस पासेथी पण विद्या शीखी लेवी, अने नीच कुळमांथी पण स्त्री रत्न लेवुं. "

ते सांभळीने राजा सिंहासनपर बेठा बेठा मातंगने पोतानी सन्मुख नीचे बेसाडीने तेनी पासेथी उन्नामिनी अने अवनामिनी नामनी विद्या शीखवा लाग्या. परंतु घणीवार शीखतां छतां पण हृदयमां जरा पण ते विद्या आरुढ थइ नहीं, त्यारे श्रेणिक राजा तेनापर क्रोधायमान थया अने " अरे ! मारी साथे पण तुं कपट राखे छ " एम कहीने तेनो तिरस्कार करवा लाग्या. ते वखते अभयकुमार रा-

જાને કહ્યું કે-" હે દેવ! વિનયાવિના વિદ્યા ફળીભૂત થતી નથી, માટે એને સિંહાસનપર બેસાડીને આપ હાથ જોડીને નીચે પૃથ્વીપર બેસો." તે સાંભળીને રાજાએ પણ " પ્રથમ પોતાના આત્માને વિનયમાં જોડવો જોઇએ, અને પછી વિદ્યા શીખાય છે. કારણ કે જળથી લતા-ની જેમ વિનયથીજ વિદ્યા વૃદ્ધિ પામે છે." આ પ્રમાણે નીતિશાસ્ત્રનું વચન સંભારીને પોતે વિદ્યાના અર્થી હોવાથી તે પ્રમાણે કર્યું. એટલે તરત જ તે બન્ને વિદ્યાઓ હૃદયમાં જાણે કોતરાઇ ગઇ હોય તેમ સ્થિર થઇ. પછી વિદ્યાગુરુ થવાથી તે ચોરને રાજાએ મુક્ત કર્યો, અને તેનો સત્કાર કર્યો. માટે વિનયપૂર્વક જ શ્રુતજ્ઞાનનો અભ્યાસ કરવો.

॥ इति द्वितीयो विनयाचारः ॥

———:०:———

## ત્રીજા બહુમાનાચાર વિષે.

શ્રુતજ્ઞાનના અર્થીએ ગુરુને વિષે બહુમાન ધરાવવું. બહુમાન એટલે અંતઃકરણની પ્રીતિ. બહુમાન હોય તો જ ગુરુ વિગેરેની એકાંતપણે છં-દોનુવૃત્તિ-તેમની ઇચ્છાનુસાર વર્તણુક, તેમના ગુણનું ગ્રહણ, દોષનું આચ્છાદન અને તેમના અભ્યુદયનું ચિંતવન વિગેરે થઇ શકે છે. ગુર્વાદિકને થોડું પણ દુઃખ હોય, તો પોતાના મનમાં અત્યંત દુઃખ થાય છે, અને તેના અભ્યુદયમાં પોતે અત્યંત હર્ષ પામે છે. પહેલાં જે વિનયનું સ્વરૂપ કહ્યું તે ( વિનય ) તો બાહ્ય ઉપચારથી ભક્તિરૂપે દૃશ્ય-માન થાય છે. તેવો વિનય છતાં પણ બહુમાન તો હોય અથવા ન પણ હોય. બહુમાન વિના ઘણા વિનયથી પણ શું ? કારણ કે જીવ વિના એકલા દેહથી શું ? દ્રવ્ય વિના એકલા ઘરથી શું ? નાક વિનાના મુખ-

वडे शुं ? दान विनाना फोगट मानवडे शुं ? गंधरहित पुष्पे करीने शुं ? रंग विनाना कुंकुमे करीने शुं ? जळरहित सरोवरे करीने शुं ? दान विनाना हस्ते करीने शुं ? मूर्त्ति विनाना देरासरे करीने शुं ? तथा मध्य मणि विनाना हारे करीने शुं ? कांइ पण नहीं. तेथी विनय करतां बहुमाननुं अधिक प्राधान्य कहेलुं छे. अने तेटला ज माटे विनयाचारथी बहुमानाचारने जूदो कह्यो छे. श्रुतज्ञानना अर्थीए आ बन्ने आचारनो आश्रय करवो जोइए. ते विषे आगममां कह्युं छे के—" श्रुतज्ञानना अर्थीए निद्रा अने विकथानो त्याग करीने, त्रण गुप्तिवडे गुप्त थइने, अने बे हाथ जोडीने भक्ति—बहुमानपूर्वक उपयोग राखी श्रुतनुं श्रवण करवुं, उंचा प्रकारना विनयथी, हाथ जोडवाथी तथा गुरुनी इच्छानुसार वर्तन करवाथी आराधन करेला गुरुजन विविध प्रकारना श्रुतने तत्काळ आपे छे. "

विनय अने बहुमान ए बन्नेना चार भांगा थाय छे—कोइने गुरु प्रत्ये विनय होय छे, पण बहुमान होतुं नथी. श्रीनेमिजिन प्रत्ये कृष्ण वासुदेवना " पालक " नामना पुत्रनी जेम १. कोइने गुरु प्रत्ये बहुमान होय छे, पण विनय होतो नथी. शांबकुमारनी जेम २. महावीर स्वामी प्रत्ये श्रीगौतमनी जेम कोइने ते बन्ने होय छे ३. अने कपिलादासी अने कालशौकरिक कसाइ विगेरेनी जेम कोइने बेमांथी एक पण होता नथी ४.

बहुमान विना एकला घणा विनयथी पण ग्रहण करेली विद्या फळदायक थती नथी, अने बहुमान करवाथी थोडा विनयवडे पण

फळदायक थाय छे. ते विषे गौतमपृच्छामां कह्युं छे के–" जे माणस मिथ्या विनयवडे विद्या अथवा ज्ञानने ग्रहणकरीने गुरुनी अवगणना करे छे, ते माणसनी विद्या तथा ज्ञान निष्फळ थाय छे. तथा विनय-सहित अने गुण करीने युक्त एवो जे माणस गुरुनी पासे बहुमान-पूर्वक विद्या ग्रहण करे छे, तेनी ते विद्या सत्वर सफळ थाय छे."

## बहुमान उपर बे निमित्तियानी कथा.

कोइ एक सिद्धपुत्रनी पासे बे शिष्यो अभ्यास करता हता. बन्ने जणा विनय तथा भक्ति विगेरे बराबर करता हता. परंतु ते बन्नेमांथी एकने गुरुने विषे बहुमान हतुं, अने बीजाने तेवुं नहोतुं. ते बन्ने अनुक्रमे अष्टांग निमित्त शीखीने हुंशीयार थया. एकदा ते बन्ने घास अने काष्ठ लेवा माटे वनमां गया. मार्गमां पगलां जोइने एके कह्युं के–" आगळ हाथी जाय छे." त्यारे बीजो बोल्यो के–" हाथी जतो नथी, पण हाथणी जाय छे. ते पण डाबी आंखे काणी छे, तेनापर एक स्त्री अने एक पुरुष बेठेला छे, तेमां जे स्त्री छे ते गर्भिणी अने तरत प्रसववाना समयवाळी छे, तेणीए रातुं वस्त्र पहेरेलुं छे, तथा ते थोडी मुदतमां ज पुत्रने प्रसवशे." ते सांभळीने बीजो बोल्यो के–" हे भाइ! केम आम दीठा–भाळ्या विना संबंधविनानुं बोले छे?" त्यारे ते बोल्यो के–" जे ज्ञान छे ते प्रतीति ( खात्री ) ना सारवाळुं ज होय छे, तेथी मारी कहेली सर्व हकीकत आगळ जणाशे." पछी ते बन्ने केटलीक पृथ्वी आगळ गया, तेटलामां तेमणे ते ज प्रमाणे सर्वे जोयुं. तथा ते स्त्रीने प्रसवनो समय थयेलो होवाथी त्यां एक

वेळाओनी झुंपडी करी हती अने तेमां ते स्त्री रहेली हती. तेथी सर्व वात तत्काळ मळती आवी. पछी ते बन्ने त्यां क्षणवार रह्या, तेटलामां तेणीए पुत्र प्रसव्यो, ते सर्व जोइने बीजो "आणे आ सर्व शी रीते जाण्युं?" एम विचारीने आश्चर्य पाम्यो, तथा "में कांइ पण जाण्युं नहीं" एम विचारीने खेद पाम्यो. त्यांथी ते बन्ने चालतां चालतां नदीने किनारे गया. ते वखते एक वृद्ध स्त्री पाणी भरवा त्यां आवी. तेणीनो पुत्र परदेश गयो हतो. घणा दिवस थया छतां घेर आव्यो न होतो तेथी तेणीए ते बन्नेने पूछ्युं के–"मारो पुत्र क्यारे आवशे?" आ प्रमाणे पूछतांज तेणीना मस्तकपरथी माटीनो घडो पडी गयो, अने भांगी गयो. ते वखते मंदबुद्धिवाळाए तेणीने कह्युं के–"कोइ प्रश्न पूछे तेज वखते जे कार्य नीपजे ते प्रश्ननो उत्तर थयो एम जाणवुं, अथवा ते वखते जेवुं कार्य थयुं होय तेना जेवो ज उत्तर थयो जाणवो, अथवा ते वखते जे रूपे कार्य थयुं होय ते रूपे तेनो उत्तर जाणवो. ए प्रमाणे सदृशपणावडे सदृश उत्तर जाणवो; आ प्रमाणे निमित्तशास्त्रमां कहेलुं छे, तेथी हे वृद्धा! तारो पुत्र मृत्यु पाम्यो छे, एम जणाय छे." ते सांभळीने बीजो बुद्धिमान बोल्यो के–"हे भाइ! एम न बोल. तेणीनो पुत्र घेर ज आव्यो छे." एम कहीने तेणे वृद्धाने कह्युं के–"हे वृद्धा! तुं तारे घेर जलदी जा. तारो पुत्र घेर आवी गयो छे. खोटी शंकामां पडीश नहीं." ते सांभळीने ते वृद्धा हर्ष पामीने तरत ज पोताने घेर गइ, तो त्यां पोतानो पुत्र आवेलो हतो तेने जोयो, अने मा तथा पुत्र स्नेहथी मळ्या. पछी ते बन्ने शिष्यो जेटलामां गुरु पासे आव्या तेटलामां घणुं धन तथा धोतीयानो जोटो लइने

वृद्धा पण त्यां आवी, अने सत्य निमित्त कहेनारनो सत्कार कर्यो. ते जोइने पेलो मंद बुद्धिवाळो शिष्य गुरुपर क्रोध करीने बोल्यो के– " निरुपम ज्ञानवाळा अने सर्व जाणनारा आप जेवा गुरु पण विनयवंत एवा पोताना सरखा शिष्योमां पण जो आ प्रमाणे विद्या आपवामां अंतर राखे तो ते कोनी पासे कहेवुं ? अने शुं कहेवुं ? कोनी पासे आ उपालंभ आपवो ? जो चंद्रमांथी पण अंगारानी वृष्टि थाय, सूर्यथकी पण अंधकारनी उत्पत्ति थाय, कल्पवृक्षथकी पण दारिद्र्यनी प्राप्ति थाय, चंदनवृक्षथी पण दुर्गंध नीकळे, अमृतथकी पण विषनो आवेश प्राप्त थाय, सज्जनथकी पण दुर्जनतानुं अधिकपणुं जणाय, सारा वैद्यथी पण उलटी व्याधिनी उत्पत्ति थाय अने जळथकी पण जो अग्नि नीपजे तो तेमां कोने दोष देवो ? " ते सांभळीने गुरु बोल्या के–"हे शिष्य ! तुं शा माटे आम बोले छे ? में तने अने आने विद्या आपवामां अने शास्त्र शीखववामां कोइ वखत भेद राख्यो नथी. " पेलो शिष्य बोल्यो के–" त्यारे आणे मार्गमां हाथणी विगेरेनुं वृत्तांत शी रीते जाण्युं ? अने में केम न जाण्युं ? " गुरुए साचुं जाणी शकेला शिष्यने पूछ्युं के–" हे सारी बुद्धिवाळा ! तें ते सर्व वृत्तांत शी रीते जाण्युं ?" त्यारे ते बोल्यो के–" हे गुरुजी ! आपना प्रसादथी तथा ते ते प्रकारनी निशानीओ जोवाथी में जाण्युं. ते आवी रीते के–मार्गमां हाथणी मूतरेली हती, तेना रेला हाथी करतां जूदा आकारना होय छे तेथी में हाथणी जाय छे एम जाण्युं. मार्गमां मात्र दक्षिण (जमणी) बाजुए ज कोइ कोइ ठेकाणे सूंढवडे घास लइ लइने तेणीए

भक्षण कर्युं हतुं, तेथी डाबी आंखे काणी छे, एम जाण्युं. मार्गमां उपर बेठेला स्त्री पुरुषे नीचे उतरीने कायिकी ( लघुशंका ) करी हती, ते परथी तेनापर स्त्रीपुरुष बेठा छे, एम जाण्युं. जे स्त्री हती तेणे कायिकी करीने उठतां बन्ने हाथे पृथ्वीपर थोभो (टेको) दीधो हतो, तेथी ते तरत प्रसववावाळी छे एम जाण्युं. कांटावाळा नाना झाडउपर वस्त्रनो छेडो भरायो हशे, तेना राता तांतणा त्यां वळगेला हता, ते परथी ते स्त्रीए रातुं वस्त्र पहेर्युं छे एम जाण्युं. मार्गमां थोडीवार चाली हती, तेमां जमणा पगनुं पगलुं रेतीमां वधारे खुंची गयुं हतुं, ते परथी तेना गर्भमां पुत्र छे एटले पुत्रने प्रसवशे एम जाण्युं. वृद्धा स्त्रीनो पुत्र घेर आव्यो, ए वात में ए परथी जाणी के—जेम घडो पडीने फूटी गयो, ते पृथ्वी ( माटी )मांथी उत्पन्न थयो अने पृथ्वीनी साथे मळी गयो, तेम आनो पुत्र पण आ वृद्धाथी उत्पन्न थयेलो छे, ते तेणीने मळवो जोइए, एम धारीने में घेर आव्यानुं कह्युं." ते सांभळीने तेनी अत्यंत तीक्ष्ण बुद्धिथी हर्ष पामेला गुरुए बीजा शिष्यने कह्युं के—" हे वत्स ! तुं मारे विषे विविध प्रकारनो विनय करतां छतां पण तारुं तेवा प्रकारनुं मारा विषे बहुमान नथी, अने आ तो मारा प्रत्ये अत्यंत बहुमान धरावे छे, तेमज तेनी विनयवाळी बुद्धि छे, माटे सारी रीतना बहुमानयुक्त विनय होय, तो ज विद्या फळदायक थाय छे. तेथी आ बाबतमां मारो कांइ पण दोष नथी." आ प्रमाणे घणो विनय छतां पण बहुमानवाळाने फळनी सिद्धि थइ अने बहुमान रहितने फळनी असिद्धि थइ एम समजवुं.

हवे विनय थोडो छतां पण बहुमाने करीने फळनी प्राप्ति थाय छे, तेपर दृष्टांत कहे छे. कोइ एक पर्वतमांथी पाणीना झरणा वहेता हता. ते ठेकाणे एक शिवनी मूर्त्ति प्रत्यक्ष प्रभाववाळी हती. तेनी कोइ एक ब्राह्मण हंमेशां शुद्ध थइने चंदन पुष्पादिकवडे बहु भक्तिपूर्वक पूजा करतो हतो. अने एक भिल्ल एक हाथमां धनुष अने बाण राखीने, एक हाथमां बिलिपत्र लइने तथा मुखमां पाणी भरीने तेनी पूजा करवा आवतो. ते प्रथम करेली ब्राह्मणनी पूजाने पगवडे काढी नांखीने कोइ प्रकारनी बीजी पूजानी सामग्री विना मात्र मुखमां भरेला पाणीना कोगळावडे ते मूर्त्तिने नवरावी तेनापर बिलिपत्र चडावतो, परंतु ते अंतःकरणना बहुमानथी पूजा करतो हतो. मूर्खपणाने लीधे योग्य प्रकारनो विनय करवानुं तेने ज्ञान नहोतुं. तोपण केवळ बहुमानथीज प्रसन्न थयेला शिव तेनी साथे हंमेशां कुशळ प्रश्नादिक वार्ता करता हता. एक दिवस ते वृत्तांत पेला ब्राह्मणना जाणवामां आव्युं, त्यारे तेणे क्रोधथी शिवने उपालंभ दीधो के–" हे शिव ! तुं पण ते भिल्ल जेवो ज जणाय छे. " त्यारे शिवे तेने कह्युं के–" ए भिल्ल मारापर अत्यंत अनुरागी छे तेनी तने काले सवारे खात्री थशे. " ते सांभळीने ब्राह्मण तेनी अवगणना करीने घेर गयो. बीजे दिवसे प्रातःकाळे शिवे पोतानुं एक नेत्र काढी नाख्युं. थोडीवारे ब्राह्मण पूजा करवा आव्यो, ते ते प्रमाणे जोइने कांइक खेद करीने उभो रह्यो. एटलामां पेलो भिल्ल आव्यो. तेणे पण शिवनुं एक नेत्र जोयुं नहीं. तेथी ते घणो ज खेद करवा लाग्यो, अने तरत ज भालावडे पोतानुं

नेत्र काढीने ते शिवने अर्पण कर्युं. ते वखते शिवे प्रसन्न थइने तेने तेनुं नेत्र पाछुं आप्युं, अने राज्य आप्युं.

आ परथी एम समजवानुं छे के हृदयना बहुमानथी ज गुरु तथा देवो तुष्टमान थाय छे. जिनस्तुतिमां पण कह्युं छे के—"हे प्रभु! तमे आ आंखोवडे देखाता नथी, तथा महा पूजावडे पण आराधन कराता नथी, परंतु घणा भक्तिरागे करीने तथा आज्ञानुं पालन करवावडे करीने ज प्रसन्न थाओ छो."

ते भिल्लनुं बहुमान जोइने ब्राह्मण चित्तमां चमत्कार पाम्यो. आ प्रमाणे बहुमान अने अबहुमाननुं फळ जाणीने विवेकी पुरुषे गुर्वादिकनुं सारी रीते बहुमान करवामां यत्न करवो.

॥ इति तृतीयो बहुमानाचारः ॥

## चोथा उपधानाचार विषे.

श्रुतज्ञानना अर्थीए विधिप्रमाणे उपधान वहन करवा जोइए. तेमां " 'उप' एटले समीपे, 'अधीयते' एटले सूत्रादिक भणाय." ए शब्दार्थवडे उपधान एटले श्रुतना आराधन माटे अमुक प्रकारनी शास्त्रविहित तपस्या विशेष. तेमां साधुओने आवश्यक विगेरे श्रुतना आराधनमाटे आगाढ अने अनागाढ योगरूप सिद्धान्तने अनुसारे पोतपोतानी सामाचारी प्रमाणे क्रिया जाणवी. अने श्रावकोने माटे तो पंच परमेष्ठि नमस्कार विगेरे सूत्रना आराधन माटे श्री महानिशीथ सूत्रमां कहेलां छे उपधान प्रसिद्ध छे ते जाणवा. जेम साधुओने

योगनुं वहन कर्या विना सिद्धांतनुं वांचवुं भणवुं शुद्ध थतुं नथी, तेम उपधान तप कर्या विना श्रावकोने पण नमस्कार ( नवकार ) आदि सूत्रनुं भणवुं गणवुं शुद्ध थतुं नथी. महानिशीथ सूत्रमां अकाळ, अविनय, अबहुमान, अनुपधान विगेरे आठ प्रकारना ज्ञानकुशीलमां अनुपधान नामना कुशीलने घणा दोषवाळो कह्यो छे. तेमां आ प्रमाणेना अर्थवाळो आलावो छे—"हे गौतम ! आ आठ प्रकारना ज्ञानकुशीलमां जे कोइ माणस अनुपधाने करीने ( उपधान कर्या विना ) प्रशस्त ज्ञाननो अभ्यास करे अथवा करावे अथवा अभ्यास करता करावतानी अनुमोदना करे, तेमने महा पापकर्मवाळा जाणवा. केमके तेओ प्रशस्त ज्ञाननी मोटी आशातना करे छे, एम जाणवुं." गौतम गणधर पूछे छे—"हे भगवान् ! जो एम छे तो पंचमंगल (नवकार) नुं उपधान शी रीते कराववुं ?" भगवान् जवाब आपे छे "—हे गौतम ! प्रथम ज्ञान अने पछी दया. अने दयावडे सर्वे जगत्ना जीवोना प्राणरूप सत्त्वोने पोताना समान जोवा, ते दया विगेरे सर्वे ज्ञानथी ज प्रवर्ते छे. हे गौतम ! जे विधिवडे पंचमंगळनुं उपधान करावबुं योग्य छे ते आ प्रमाणे—सारां एवां तिथि, करण, मुहूर्त, नक्षत्र, योग अने लग्न होय तथा चंद्रनुं बळ होय त्यारे जात्यादिक आठे मदनो त्याग करीने, तथा अत्यंत तीव्र श्रद्धा अने संवेग उत्पन्न थवाथी उल्लास पामता महा शुभ अध्यवसायने अनुसारे भक्ति अने बहुमानपूर्वक, तथा निदान ( नियाणा ) रहित, द्वादश भक्त ( पांच उपवास ) करीने, चैत्यालयमां जंतुरहित प्रदेशने विषे जइने नवा न-

वा संवेगवडे उछळता अने अत्यंत गाढ, अचिंत्य तथा परम शुभ परिणाम उत्पन्न थवाथी उल्लास पामता दृढ अंतःकरणवाळा श्रावके पांच अध्ययन अने एक चूलाए करीने सहित तथा श्रेष्ठ एवा प्रवचन देवताए अधिष्ठित पंचमंगल रुप महा श्रुतस्कंधनुं पहेलुं अध्ययन के जे त्रण पदे करीने व्याप्त, एक आलावावाळुं, सात अक्षरथी बनेलुं, अनंत गम, पर्याय अने अर्थने साधनारुं तथा सर्वे महामंत्रो अने प्रवर (उत्तम) विद्याओनां परम बीजरूप छे, ते (नमो अरिहंताणंरूप) पहेलुं अध्ययन भणवुं. ते दिवसे आचाम्ले (आंबेले) करीने पारणुं करवुं. ते ज प्रमाणे बीजे दीवसे बे पदे करीने व्याप्त, एक आलावावाळुं अने पांच अक्षरवाळुं 'नमो सिद्धाणं' बीजुं अध्ययन आचाम्ल करीने भणवुं. एज प्रमाणे पांच दिवस करीने पांच अध्ययन आचाम्ल करीने भणवा. पछी त्रण आलावावाळी अने तेत्रीश अक्षरवाळी "एसो पंच नमुक्कारो इत्यादि" चूलाने छठ्ठे सातमे अने आठमे दिवसे दररोज आचाम्ल करीने भणवी. पछी अट्ठमभक्त (त्रण उपवास) करीने अनुज्ञा लइने आखो मंत्र अवधारवो.

त्यार पछी इर्यापथिक सूत्र (इरियावही) भणवुं. गौतम गणधर पूछे छे—"हे भगवान्! ते इर्यापथिक सूत्र कइ विधिए भणवुं?" भगवान् जवाब आपे छे—"हे गौतम! पंचमंगल महाश्रुतस्कंधनी ज जेम तेटलाज तपवडे इर्यापथिक सूत्र भणवुं. २ शक्रस्तव (नमुथ्थुणं) एक अट्ठम अने बत्रीश आंबिलवडे भणवुं. ३ अर्हत्स्तव (चैत्यस्तव—अरिहंतचेइआणं) एक उपवास अने त्रण आंबिलवडे भणवुं. ४ चतु-

विंशति स्तव ( लोगस्स ) एक छठ, एक उपवास अने पचवीश आंबिलवडे भणवुं. ५ तथा ज्ञानस्तव ( श्रुतस्तव ने सिद्धस्तव ) एक उपवास अने पांच आंबिलवडे भणवुं. ६ " इत्यादि.*

उपर प्रमाणे उपधाननुं वहन कर्या पछी उत्तम एवुं तिथि, करण, मुहूर्त, नक्षत्र, योग, लग्न अने चंद्रनुं बळ होय त्यारे शक्ति अनुसार जगद्‌गुरु श्रीजिनेश्वरनी पूजा करीने तथा मुनिवर्गने प्रतिलाभीने गुरुसहित साधु, साध्वी, साधर्मिक अने बंधुवर्गने साथे लइने वाजते गाजते प्रथम गामना चैत्योने वंदना करवी. त्यार पछी गुणवान् साधुओनुं तथा साधर्मिक जनोनुं पोतानी शक्तिप्रमाणे प्रणाम विगेरे करवाथी तथा सूक्ष्म, बहु मूल्यवाळां, कोमळ अने उज्वळ वस्त्र विगेरेथी महा सन्मान करवुं. पछी गुरुए धर्मदेशना आपवी. पछी अत्यंत श्रद्धा अने संवेगवान् ते श्रावकने यावज्जीवनो अभिग्रह आपवो के "तारे आजथी आरंभीने जीवन पर्यंत त्रणे काळ दररोज चैत्यवंदना करवी (दर्शन पूजा करवी ) विगेरे." पछी मंत्रेली गंध मुष्टिओ सातवार तेना मस्तकपर 'निथ्थारगो भविज्जासी' 'तुं निस्तारक था' ( संसार समुद्रनो पार पाम ) एम बोलतां गुरुए नांखवी. पछी चतुर्विध संघ पण तेना मस्तकपर गंध मुष्टिओ नांखवी त्यारपछी गुरुए जगद्‌गुरु श्रीजिनेश्वरनी करेली पूजाना एक भागमांथी सुगंधवाळी,

---

* आमां पेहेलुं, बीजुं, चोथुं ने छठ्ठुं उपधान एक साथे वहन करवामां आवे छे, अने त्रीजुं ने पांचमुं उपधान त्यार पछी जुदुं जुदुं पण वहन करी शकाय छे.

नहीं करमायेली अने उज्वळ ( श्वेत ) एवी पुष्पनी माळा ग्रहण करीने पोताना हाथवती तेना बन्ने खभापर आवी जाय तेम नाखवी,[१] अने नाखतां नाखतां गुरुए तेना उपबृंहणादिक बोलवां. गौतमस्वामी पूछे छे "हे भगवान्! ते उपबृंहणा शुं ?" भगवान् कहे छे—"हे गौतम ! पांच मंगळनी जेम सामायिक विगेरे समग्र श्रुतज्ञान तेने भणाववुं, अने ते विनय उपधानवडे भणाववुं. विशेष एटलुं के—भणवा इच्छनार श्रावकोए आठ प्रकारनो काळादिक ज्ञानाचार प्रयत्नपूर्वक पाळवो. न पाळे तो मोटी आशातना लागे. वळी द्वादशांग श्रुतज्ञान भणवा भणाववानो काळ रात्रि अने दिवसना प्रथम अने छेल्ला प्रहरनो छे, पण पंचमंगळ भणवा भणाववानो काळ तो आठे प्रहरनो छे. तथा पंचमंगळ ( नवकार ) सामायिक लीधुं होय अथवा न लीधुं होय तोपण भणाय छे, परंतु सामायिकादिक श्रुत तो आरंभ अने परिग्रहना त्यागपूर्वक यावज्जीव सामायिक उचरेलुं होय तेनाथीज ( साधुथीज ) भणी शकाय छे, पण आरंभ अने परिग्रहधारी तथा जेणे सामायिक लीधुं नथी एवा श्रावकने भणवा योग्य नथी.

पांच महा मंगळने आलावे आलावे ( दरेक आलावे ) आंबिल करवुं, तथा शक्रस्तवादिकने विषे पण आंबिल करवुं. तेमज द्वादशांग श्रुतज्ञानना उद्देशना अध्ययनने विषे पण एज प्रमाणे आंबिल करवुं. गौतमस्वामी पूछे छे " हे भगवान्! पंचमंगल महाश्रुतस्कंधनुं आ विनयोपधान आपे अत्यंत दुष्कर कह्युं. तेथी आ मोटी नियंत्रणा

१ हालमां रेशमनी गुंथेली माळा पहेरावयामां आवे छे.

बाळ जीवोथी शी रीते बने!" भगवान् जवाब आपे छे के "हे गौतम! जे कोइ माणस आ नियंत्रणाने न इच्छे एटले न करे, अने विनयोपधान कर्या विनाज पंचमंगलादिक श्रुतज्ञान भणे, अथवा भणावे, अथवा तेनी अनुमोदना करे, तेओ परस्पर एक बीजाने पापमां नांखे छे; तेमने धर्मनी प्रीतिवाळा कहेवा नहीं, तेओ गुरुनी आशातना करनारा जाणवा, तथा अतीत, अनागत अने वर्तमान तीर्थंकरोनी अने श्रुतज्ञाननी आशातना करनारा जाणवा, तथा ते अनंत संसारसागरमां भ्रमण करे छे. केमके आ विनयोपधाननी चिरकाळनी नियंत्रणा छे. वळी हे गौतम! जे कोइ आ विधिप्रमाणे करे, जरा पण अतिचार लगाडे नहीं, अने यथोक्त विधान प्रमाणेज पंचमंगलादिक श्रुतज्ञाननुं विनयोपधान करे ते सूत्रनी हीलना करनारो नथी, तथा वारंवार भवमां भ्रमण करवारूप गर्भवासादिक अनेक प्रकारनां दुःखोने पामतो नथी. अहीं विशेष एटलुं छे के—हे गौतम! जेओ बाळक छे तथा पुण्य पापने पण नहीं जाणनारा छे, तेओ पंचमंगल भणाववाने सर्वथा अयोग्य छे. तेओने पंचमंगल महाश्रुतस्कंधनो एक पण आलावो आपवो (शीखववो) नहीं. केमके अनादिकाळ भवभ्रमण करवाथी उपार्जन करेलां अशुभ कर्मराशिने दहन करवा समर्थ एवा आ पंचमंगळने पामीने बाळजनो तेनुं सारी रीते आराधन करी शके नहीं, अने उलटा ते पंचमंगळने लघुता पमाडे. तेथी तेवा लोकोने केवळ धर्मकथा कहीनेज भक्तिवाळा करवा. पछी ज्यारे धर्मनी श्रद्धावाळा, दृढ धर्मवाळा तथा भक्तियुक्त थाय त्यारे आ प्रत्याख्या-

नना निर्वाह करवामां ते समर्थ थाय अने ते प्रमाणे थयेल छे एम जाण्या पछी ज तेने आ विनयोपधान करावत्रुं.

पछी उपधान वहन करनारने रात्रिभोजननुं पण बे प्रकारे, त्रण प्रकारे, के चार प्रकारे ( दुविहार, तिविहार के चौविहारनी रीते ) जेनी जेवी शक्ति होय ते प्रमाणे तेने प्रत्याख्यान कराववुं. वळी हे गौतम ! पीस्तालीश नवकारशीवडे एक उपवास थाय छे. तथा चोवीश पोरसीवडे, बार पुरिमड्ढवडे, दश अपार्ध (अवड्ढ) वडे, त्रण नीवीवडे, चार एकलठाणावडे, बे आंबीलवडे अने एक शुद्ध आंबीलवडे एक उपवास थाय छे. ( सांसारिक रौद्र ध्यान अने विकथा रहित तथा स्वाध्यायमां एकाग्र चित्तवाळानुं एक आंबील मासक्षपणथी पण वधी जाय छे. ) तेथी करीने ते प्रकारे अने ते रीते उपधानसंबंधी तप करे, पछी एनी गणत्री करीने ज्यारे एम जणाय के " हवे आ आटला तप उपधानथी ए पंचमंगळ भणवाने योग्य थयो छे " त्यारे गुरुए तेने भणाववो, अन्यथा भणाववो नहीं."

गौतम स्वामी प्रश्न करे छे के—" हे भगवान् ! घणा काळ सुधीनी आ क्रिया करतां जो कदाच वच्चे ज ते मृत्यु पामे, तो नमस्कार रहित ते शी रीते मुक्तिमार्ग साधी शके ?" भगवान् कहे छे के—" हे गौतम ! जे समयथी तेणे सूत्रना आराधन निमित्ते अशठ भावथी पोतानी शक्तिप्रमाणे यत्किंचित ( थोडो ) पण आरंभ कर्यो छे, ते ज समयथी तेने सूत्र तथा अर्थने भणेलो जाणवो, केमके ते ( श्रावक ) पंचनमस्कार सूत्रने, अर्थने तथा ते बन्नेने अविधिए ग्रहण करे नहीं-

परंतु तेवी रीते ज ग्रहण करे के जेथी भवांतरमां पण ते नाश पामे नहीं. एवा शुभ अध्यवसायपणाने लीधे ते आराधकज थाय." फरीथी गौतम स्वामी भगवानने पूछे छे के–"हे भगवान! बीजाने भणता सांभळीने ज जेओने श्रुतज्ञानावरणना क्षयोपशमने लीधे पंचमंगळ (नवकार] कंठे थइ जाय छे, तेमने पण शुं तप उपधान करावबुं?" भगवान् कहे छे–"हा, तेने पण करावबुं." गौतम स्वामी पूछे छे-"हे भगवान्! तेने शामाटे उपधान करावबुं?" भगवान् कहे छे–"हे गौतम! सुलभबोधिपणानी प्राप्तिने निमित्ते तेने पण उपधान करावबुं. ए प्रमाणे नहीं करनाराने ज्ञानकुशीलीया जाणवा."

अहीं कोइ शंका करे के–श्री आवश्यक सूत्रमां नमस्कारने सामायिकना अंग तरीके कह्युं छे, अने महानिशीथमां महा श्रुतस्कंध तरीके कह्युं छे. ते बन्ने शी रीते घटे! एनो जवाब ए छे के–जेम आवश्यक सूत्रना पहेला अध्ययननी निर्युक्तिमां जूदुं बतावेलुं सामायिक पहेलुं अध्ययन कहेवाय छे, अने तेज (सामायिक) प्रतिक्रमण नामना चोथा अध्ययनमां तेना एक देश (एक भाग) पणे देखाय छे. ए ज प्रमाणे नमस्कार पण ज्यारे सामायिकना आरंभमां बोलाय त्यारे तेने जूदुं श्रुतस्कंध जाणवुं, वळी महानिशीथ सूत्र बीजां श्रुत करतां वधारे विशिष्ट छे एम जणाय छे. केमके तेना अगाढ योग छे, अने तेमां पीस्तालीश आंबिल एक साथे करवामां आवे छे. तेथी बीजा योगोना तप करतां तेना योगनो तप अति दुष्कर छे, माटे तेनुं उत्कृष्टपणुं सिद्ध थाय छे. आ (उत्कृष्टपणाना) कारणने लीधे पण जेओ महानिशी-

अने प्रमाणिक मानता नथी, तेओनी शी गति थशे ? ते अमे जाणी शकता नथी. (अर्थात् घणीज माठी गति थवी जोइए.) केमके श्रुतनो अपलाप करवो ए महा मोटुं पाप छे. मूढ बुद्धिवाळाए "महानिशीथ नामनुं सूत्र श्रुत कहेवाय के नहीं, एवो संदेह रहे छे" एम कदी पण कहेवुं नहीं. केमके नंदिसूत्र अने पाक्षिकसूत्र विगेरेमां "निसीहं महा-निसीहं" ए प्रमाणे प्रत्यक्ष कह्युं छे. ( तेथी ते श्रुत छे, एम सिद्ध थाय छे. ) वळी "नंदिसूत्रादिक पण श्रुत गणाय के नहीं ?" एवी शंका करवी नहीं. कारण के एम कहेवाथी श्री आचारांग अने औप-पातिक ( उववाइ ) विगेरे सूत्रो के जे हालना समयमां वर्तमान छे, तेमनुं पण नंदिसूत्रादिकमां श्रुतपणुं कहेलुं छे तेथी तेमने पण श्रुतरहि-तपणानो प्रसंग आवशे, ते निवारण करी शकाशे नहीं. अने ए प्रमाणे समीक्षा ( विचार ) कर्या विना भाषण करवावडे आशातना करनारा पुरुषोने जिनादिक देवने विषे पण जेम तेम प्रलाप करवामां वांधो आवशे नहीं. ( अर्थात् तेमने कोइ अटकावे तेम नथी. ) आ प्रमाणे महानिशीथनुं प्रमाणपणुं सिद्ध थाय छे; छतां जेओ अनंत संसारनां दुःसह दुःखोथी पण नहीं भय पामतां छतां केवळ कदाग्रहने लीधे मोटा साहसने अंगीकार करीने महानिशीथने प्रमाणरूप न मानता होय, तेओने पण उपधान तप तो अंगीकार करवानुं छेज, कारण के चौद पूर्वधारी श्रीभद्रबाहु स्वामीए रचेला दशवैकालिकनिर्युक्ति आदि ग्रंथो-मां—" काले विणए बहुमाणे उवहाणे० ( काळ, विनय, बहुमान, उपधान," ए गाथामां उपधान प्रत्यक्ष रीते करवानुं कह्युं छे. समवा-

यांग सूत्रमां पण उपासक दशांग सुत्रनुं स्वरूप वर्णववाना अधिकारमां साक्षात् श्रावकोने उपधान करवानुं कह्युं छे. ते आ प्रमाणे छे— " श्रावकोना शील व्रत, विरति, गुण, प्रत्याख्यान, अने पौषधोपवासनो अंगीकार तथा श्रुतनो अभ्यास, तप, उपधान अने प्रतिमा वहेवी ए सर्व कर्त्तव्यो छे. " वळी व्यवहारवृत्तिमां पण कह्युं छे के— " श्रुतग्रहण करवाने इच्छनार पुरुषे उपधान करवुं. " तेमज जेओ श्रावकोना उपधानने मानता नथी, तेओ साधुओना योगोद्वहनने केम माने छे ? कारणके तेना विचार प्रमाणे श्रावकोनी जेम साधुओने पण योग वहन कर्या विनाज सूत्र भणवा विगेरेनी शुद्धि थइ जशे. तेथी कदाग्रहनी ग्रस्ततानो त्याग करीने तथा सिद्धांत मार्गना अनुयायी ( अनुसरवा ) पणानो अंगीकार करीने तेमां कह्या प्रमाणे श्रुतस्कंधना पठन पाठन विगेरे परिभाषासहित नमस्कारादिक सूत्रनी आराधनाना हेतुरूप उपधानने जिनेश्वरना वचनना प्रमाणथी प्रमाणपणे अंगीकार करवा.

आ प्रमाणे महानिशीथमां उपधान तप कर्या विना नमस्कारादिक सूत्रना पठन पाठनादिकनो निषेध कर्यो छे, तोपण हालमां द्रव्य, क्षेत्र अने कालादिकनी अपेक्षावडे लाभालाभनो विचार करीने आचरणावडे उपधान तप कर्या विना पण सूत्र पठनादिक करातुं देखाय छे. आचरणानुं लक्षण कल्पभाष्यमां आ प्रमाणे कह्युं छे के— " कोइ उत्तम पुरुषे अशठ भावे करीने कोइ पण ठेकाणे कांइपण असावद्य (निर्दोष) आचरण कर्युं होय, अने तेनो बीजाओए निषेध

कर्यो न होय, तथा घणाओने संमत होय, तो ते आचरणा कहेवाय छे." आवी आचरणा जिनाज्ञा जेवीज जाणवी. ते बाबत भाष्यादिकमां कह्युं छे के-"अशठ भावे आचरण करेलुं निर्दोष कार्य के जेने गीतार्थे निषेध्युं नथी, ते आचरणा पण जिनेश्वरनी आज्ञारूपज छे-आ प्रमाणे कहेलुं होवाथी मध्यस्थ पुरुषो ते आचरणाने बहुमान पूर्वक अंगीकार करे छे." आ प्रमाणे आचरणा छतां पण जेणे प्रथम नमस्कारादिक सूत्रोनो अभ्यास कर्यो होय, तेणे पण योग्यता प्रमाणे तरतज यथाशक्ति तप करीने एटले पौषध ग्रहणादिक विधिए करीने अवश्य उपधान वहन करवां. महानिशीथमां पण मुख्यपणे आंबिल अने उपवासरूप तप अने बीजे पदे एटले गौणपणे यथाशक्ति तप करवानुं पण कह्युं छे. तथा "शक्तितस्त्याग तपसी (दान अने तप शक्तिप्रमाणे करवां)" एवुं वचन होवाथी तपमां कांइ वधारे आग्रह नथी. अने महानिशीथमां पौषध ग्रहणनी क्रिया साक्षात् कहेली नथी, तोपण जेम साधुने योगोद्वहनमां उत्कृष्ट क्रिया करवानुं प्रसिद्ध रीते कह्युं छे, ते प्रमाणे श्रावकोने पण उपधानने विषे उत्कृष्ट क्रिया करवानुं देखाय छे. ते उत्कृष्टपणुं आरंभना सर्वथा त्याग विगेरे गुणे करीनेज थायछे. अने ते अनारंभादिक गुणो सम्यक् प्रकारे पौषधनो स्वीकार करवाथीज प्राप्त थाय छे, अन्यथा थता नथी. घणा जुना प्रकरणोमां अने पूर्व आचार्योए करेली अने परंपराथी चालती आवेली पोतपोताना गच्छनी सामाचारी विगेरेमां पण उपधानने विषे पौषध ग्रहण करवानुं साक्षात् कहेलुं छे. योग वहन करवानो विधि पण स्पष्ट रीते

तो सामाचारीओमां ज देखाय छे; कोइ सिद्धांतमां साक्षात् ( स्पष्ट वचनवडे ) देखातो नथी. तेथी साधुना योगवहनना विधिनी जेम श्रावकोना उपधानोमां पण पौषध ग्रहण करवा विगेरेनो विधि प्रमाण करवा योग्य छे. आथी करीने एम सिद्ध थयुं के साधुओए तथा श्रावकोए बीजी सर्व तपस्याओ करतां प्रथम अवश्य कर्तव्यपणे करीने उपधान तप आराधवा लायक छे. जे मनुष्यो आजीवीकाने माटे, गृहकार्यादिकनी अत्यंत व्यग्रताने लीधे अथवा प्रमाद विगेरे कारणने लीधे उपधाननुं वहन करता नथी, तेओने नवकार गणवा, देववंदन करवुं, इर्यावही पडिकमवा, प्रतिक्रमण करवुं विगेरे क्रियाओ जीवन पर्यंत कदापि शुद्ध थती नथी. अने भवांतरे पण तेमने ते क्रियाओनो लाभ मळवो असंभवित छे, केमके ज्ञानना विराधकोने ज्ञाननी दुर्लभता प्रतीत थाय छे. तेथी ज्ञानना आराधननी इच्छावाळाए उपधान विधिमां यथाशक्ति यत्न करवो.

## साधुओना उपधान [योग] विषे दृष्टांत.

गंगा नदीने कांठे कोइ आचार्य घणा शिष्योने निरंतर भणाववाथी तथा तेमना प्रश्नोना उत्तर आपवाथी रात्रे पण विश्रांति पामता नहीं. तेथी पोतानी साथे ज दीक्षित थयेला पण थोडुं भणेला पोताना भाइने स्वेच्छाए निद्रादिक सुखने भोगवता जोइने ज्ञान उपर आदर रहित थइ विश्राम लेवानी इच्छाथी स्वाध्यायने वखते पण अस्वाध्यायनो समय छे एम कहेवा लाग्या. ते ज्ञानातिचारनी आलोचना कर्या

विना मरण पामीने सौधर्म देवलोकमां देव थइ त्यांथी चवी कोइ गामडामां आभीर ( भरवाड ) ना कुळमां उत्पन्न थया. ते आभीर भोगादिकथी सुखी हतो. एकदा अत्यंत रूपवाळी पोतानी पुत्रीने गाडाना अग्र भागपर बेसाडीने ते घी वेचवा माटे कोइ नगर प्रत्ये चाल्यो. ते वखते तेनी साथे बीजा पण घणा जुवान आभीरो नगर प्रत्ये जता हता. तेओए मार्गमां ते कन्यानुं अद्भुत रुप जोइ परवश बनी पोतपोतानां गाडां उन्मार्गे चलाव्यां, जेथी ते गाडा भांगी गयां. रूपमां आसक्त थयेला पुरुषोने आ गाडां जेवी वस्तुनुं नुकशान कइ गणत्रीमां छे ? कांइज नथी. ते विषे परमऋषिनुं बचन छे के-

रूवेसु जो गिद्धिमुवेइ तिव्वं,
अकालिअं पावइ से विणासं;
रागाउरे से अहवा पयंगे,
आलोअलोले समुवेइ मच्चुं ॥

अर्थ–जे पुरुष रूपने विषे अत्यंत आसक्ति पामे छे, ते अकाले मृत्युने पामे छे, कारण के आलोक ( दीवा ) ना रूपमां आसक्त थयेला पतंगीयाओ रागातुर थइने अकाळे मृत्युने पामे छे.

पछी ते आभीरोए दुःखित थवाथी ते कन्यानुं "अशकटा" अने तेणीना पितानुं " अशकटापिता " एवुं नाम पाड्युं. तेथी खेद पामीने वैराग्य उत्पन्न थवाथी तेणे पोतानी पुत्री कोइने परणावी दीधी अने पोते दीक्षा लीधी. पछी ते साधुए उत्तराध्ययनना त्रण अध्ययन सुधी

ठीक अभ्यास कर्यो. चोथुं असंखय नामनुं अध्ययन भणतां पूर्वना ज्ञानावरणीय कर्मनो उदय थवाथी बे आंबिल करी बे दिवस सुधी भण्या छतां पण एक पद मात्र पण हृदयमां रह्युं नहीं. त्यारे गुरुए तेने कह्युं के-" हे साधु ! असंखय अध्ययननी अनुज्ञा करो." त्यारे तेणे पूछ्युं के-" आ भणवामां मुख्य विधि केवो छे ? " गुरुए कह्युं के-" ज्यां सुधी आ अध्ययन आवडे नहीं, त्यां सुधी आंबिल तप करवानो विधि छे." ते सांभळीने ते साधुए उत्साहथी ते प्रमाणे ज करवा मांड्युं. एटले बार वर्ष सुधी आंबिल करीने तेणे मात्र बार वृत्तो ( श्लोको ) नो अभ्यास कर्यो, तेथी तेना ज्ञानावरणी कर्मनो क्षय थयो. पछी सुखे करीने ( अल्प यत्नथी ) बाकीनुं समग्र श्रुत ते भण्या. तेथी साधुओए योगना विधिनुं सम्यक् प्रकारे आराधन करवुं.

---

## हवे श्रावकोना उपधान विषे कथा.

चंपापुरीमां आर्हत धर्मनो परम भक्त " जिनदास " नामे श्रेष्ठी हतो. तेने " ऋषभदत्त " अने " अजितदत्त " नामे बे पुत्रो हता. तेमने पिताए बाल्यावस्थामांज नमस्कारादिक सूत्र भणाव्यां हतां. पछी ज्यारे तेओ पौषध तपने योग्य थया त्यारे पिताए तेमने कह्युं के-" हे वत्सो ! सम्यक् प्रकारे सूत्रना आराधनने माटे चित्तना एकाग्रपणे उपधान तप वहन करो. कारण के-" शक्तिमान श्रद्धालु पुरुष अनुष्ठानने (क्रियाने) विधिपूर्वक सेवे छे ( करे छे ) अने ते जो द्रव्यादिक

दोषथी हणायेलो होय तोपण ते अनुष्ठाननो पक्ष करे छे. एटले अनुष्ठाननीज पुष्टि कर्या करे छे. आसन्नासिद्धि जीवोने क्रिया करवाना परिणाम (भाव) सर्वदा होय छे. अभव्यने अने दुर्भव्य जीवोने अविधिने विषे भक्ति होय छे ने विधिनो त्याग होय छे एटले क्रियापर अरुचि होय छे." आ प्रमाणे सांभळीने कुशळ पुरुषोने विषे अग्रेसर अने लघु छतां पण बुद्धिए करीने मोटा एवा अजितदत्ते "भावतुं हतुं अने वैद्ये कह्युं" एम मानीने आनंदथी नंदि ( नांद मांडवा ) विगेरे महोत्सवपूर्वक अपूर्व बहुमानसहित उपधान तपने मुख्य विधिवडेज वहन कर्युं. एनो मोटो भाइ तो सांसारिक सुखमां आसक्त हतो, तथा पौषध उपवास विगेरे क्रियाओनुं दुष्करपणुं मानतो हतो, तेथी निर्लज्जतादि साहसने धारण करीने कहेतो के–"सूत्रो तो प्रथम ज अस्खलितपणे भण्या छीए, माटे हवे फोगट दुष्कर तप करवा रूप क्लेशना आवेशनो आश्रय करवाथी शुं फळ छे? कह्युंछेके–

"अतिक्लेशेन ये त्वर्था धर्मस्यातिक्रमेण च ।
शत्रूणां प्रणिपातेन ते ह्यर्था मा भवन्तु मे ॥

अर्थ–कोई नीतिज्ञ पुरुष कहे छ के–"जे अर्थो (द्रव्य) अति क्लेशथी प्राप्त थाय छे, तथा जे धर्मनुं उल्लंघन करवाथी प्राप्त थाय छे, अने जे शत्रुओने नमन करवाथी प्राप्त थाय छे, ते अर्थो मने प्राप्त न थाओ. अर्थात् तेवा अर्थोने हुं इच्छतो नथी."

आ प्रमाणे उपधाननो अनादर करवामां अग्रेसर एवा ते ऋषभ-

दत्तने कुशळ एवा माता, पिता अने बंधु विगेरेए घणे प्रकारे प्रेरणा कर्या छतां पण जेम गळीयो बळद धूंसरीना भारने वहन न करे तेम तेणे उपधान वहन कर्युं नहीं. " धर्मिष्ठोने पण प्रमादरूपी मदिरा-पानथी उत्पन्न थयेला मदनी अधिकताना आवेशनी पुष्टता थाय छे तेने धिक्कार छे, केमके सम्यक् प्रकारनी धर्मक्रियामां कुशळ छतां पण जाणे अग्निथी दग्ध थयेला होय तेम तेओ ते धर्मक्रियाना आराधन माटे उद्यमीज थता नथी." आ प्रमाणे ते ऋषभदत्ते उपधान नहीं वहन करवाने लीधे तथा तेनी अवगणना करवाने लीधे श्रावक धर्मनुं आराधन करतां छतां पण तीव्र ज्ञानावरणीय कर्म बांध्युं. पछी ते बन्ने भाइओ श्रावक धर्मनुं आराधन करी सौधर्म देवलोकमां देवो थया. त्यांथी आयुष्य पूर्ण थये चवीने महाविदेह क्षेत्रमां महेभ्यना कुळमां साथे जन्मेला बे पुत्रो थया. मोटानुं नाम "देवदत्त" अने बीजानुं "गुरुदत्त" पाड्युं ते बन्नेमां मोटो देवदत्त पूर्व कर्मना दोषथी बुद्धिरहित अने अत्यंत मूर्ख थयो, अने नानो गुरुदत्त अत्यंत बुद्धिमान अने डाह्यो थयो. अनुक्रमे योग्य वय आवतां ते बन्नेने भ-णाववा माटे पिताए अध्यापकने सोंप्या. तेमां मोटाने घणी महेनत कर्या छतां पण अत्यंत तपावेला पात्रपर जळना बिंदुनी जेम एक अक्षर मात्र पण हृदयमां आरुढ थयो नहीं. घणुं शुं कहेवुं ? पण अक्षरो वांचवा लखवा जेटलुं पण ज्ञान थयुं नहीं. काष्ठना पुतळानी जेम तेने लेश मात्र पण आवड्युं नहीं. तेने माटे पिताए विविध प्रकारनां औषध, जंत्र, तंत्र, मंत्र अने देवप्रश्नादिक उपायो कर्या,

तथा हंमेशां प्रयत्नपूर्वक तेने भणाववा लाग्या, तोपण ते नवकार मंत्र नुं एक पण पद शीखी शक्यो नहीं. अने नानो गुरुदत्त तो हृदयना अभिप्रायने जाणवाथी बृहस्पतिनी जेम थोडा दिवसमांज सुखे करीने सकळ शास्त्रसमुद्रनो पारगामी थई सर्व विद्वानोमां मुगटसमान थयो, अने अनुक्रमे ते सम्यक् प्रकारे श्राद्ध धर्मनी समग्र क्रियानुं जाणपणुं तथा उत्सर्ग अने अपवाद मार्गनुं जाणपणुं ए विगेरे गुणोए करीने जिनशासनने विषे अनुपम कुशळताने पाम्यो. " अहो ! ज्ञानना आराधन अने विराधननो कोइ ( अलौकिक ) अनिर्वाच्य विपाकोदय छे. " त्यार पछी ते बन्ने भाइओ लोकमां अनुक्रमे राहु अने सूर्यनी, लोढानी कडाइ अने चंद्रनी, रात्री अने दिवसनी, अमावास्या अने पूर्णिमानी, अंगारा अने सुवर्णनी, धत्तूरो अने चंपक पुष्पनी, केरडो अने कल्पवृक्षनी, मेश अने दूधनी, काक अने कोयलनी, बग अने हंसनी, कलियुग अने सत्युगनी, दुर्जन अने सज्जननी तथा गर्दभ अने हाथीनी–विगेरे उपमाओने पाम्या. अहो ! सहोदरपणुं छतां पण विष अने अमृतनी जेम ए बन्ने वच्चे मोटुं अंतर पड्युं. पछी दुर्दैवे करेला पंक्ति भेदे करीने चित्तना अत्यंत उद्वेगमां मग्न थयेलो देवदत्त अत्यंत दुःखह एवा केवळ दुःखनेज चित्तमां धारण करवा लाग्यो.

एकदा कोइ ज्ञानीने तेना पिताए तेनो प्रागूभव पूछ्यो, त्यारे ज्ञानीए यथार्थ पूर्व भव कह्यो. ते सांभळीने देवदत्त पोताना मनमां अत्यंत पश्चात्ताप करवा लाग्यो. पछी सुकृत करवामां ज एक चित्तवाळा थइने तेणे गुरुने कह्यु के–" हे भगवन् ! मारां दुष्कर्मोनो क्षय

शी रीते थाय ? ते कहो." ज्ञानीए जवाब आप्यो के—" हे देवदत्त ! उपधानने वहन करनारा तथा नमस्कारादिक सूत्रोने भणनारानी अशठभावथी विनय, आवर्जन, भोजन अने विश्रामणा विगेरेवडे सर्वप्रकारे भक्ति करीने तथा महर्षिनी जेम संलग्न (उपराउपर) उपवास, आंबिल विगेरे दुष्कर तप करीने तारा शरीरनुं शोषण करीश, तोज आ दुष्कर्मनो क्षय थशे. अन्यथी थशे नहीं. ते विषे परमऋषिनुं वचन छे के—" हे जीव ! पूर्व जन्ममां करेलां पापो तथा खराब (अविधिए) आचरण करेली क्रियाओ के जेमनी आलोचना करी नथी तेनो वेदवाथीज (भोगववाथीज) क्षय थाय छे; भोगव्याविना तेनो क्षय थतो नथी. परंतु तपस्यावडे ते कर्मनो क्षय थइ शके छे." वळी कह्युं छे के— " नियाणाविना विधिपूर्वक करेली तपस्यानी शी प्रशंसा करीए ? के जे तपस्यावडे निकाचित कर्मोनो पण क्षय थाय छे." आ प्रमाणे गुरुना मुखथी सांभळीने ते महेभ्यपुत्रे बाल्यावस्था होवा छतां तथा सर्वप्रकारे सुखी छतां गुरुमहाराजना कह्या प्रमाणे विनयादिक विशेषप्रकारे घणा वर्ष सुधी उत्साहसहित कर्या. तेथी घणा घुण जातिना जीवडाना समूहने योग्य कठिन लाकडानी जेम निविड (गाढ) एवुं पण तेनुं ज्ञानावरणीय कर्म धीमे धीमे ओछुं थयुं. त्यारपछी महानिशीथमां कहेला मुख्य विधिवडे सावधान मनथी उपधान वहन करीने ते नमस्कारादिक सूत्रनो अभ्यास करवा लाग्यो. तेम करवाथी पूर्वभवनां दुष्कर्मनो सर्वथा क्षय थयो एटले समग्र शास्त्रनो पारगामी थइ ते पण गुरुदत्तनी उपमाने पाम्यो. ते जोइने श्रद्धा उत्पन्न थवाथी प्राये

सर्वे श्रावको उपधान विधिनुं आराधन करवा लाग्या. पछी परम श्रावक एवा ते बन्ने बांधवोए एवी रीते ज्ञाननी आराधना करी के तेज भवमां द्रव्य दीक्षा अंगीकार कर्या विना पण केवळज्ञान पामीने सिद्धि सौध उपर आरुढ थया, अर्थात् मोक्षे गया.

आ प्रमाणे उपधाननी आराधना तथा अनाराधनानुं फळ सांभळीने ( जाणीने ) प्रमादनो त्याग करी तेनुं आराधन करवामां सम्यक् प्रकारे उद्यम करवो.

॥ इति श्राद्धोपधान विषये ज्ञातम् ॥

## ॥ इति व्याख्यातश्चतुर्थ उपधानाचारः ॥

## पांचमा अनिन्हवाचार विषे.

श्रुतनो अभ्यास करीने पण गुरु तथा श्रुतादिकनो निन्हव (अपलाप) करवो नहीं. जेनी पासे अभ्यास कर्यो होय, ते [ गुरु ] जो अप्रसिद्ध होय, तथा जाति अने श्रुतादिकथी रहित होय, तोपण तेने गुरु तरीकेज कहेवा. परंतु पोतानी गौरवताने माटे बीजा कोइ युगप्रधानादिक प्रसिद्धने गुरु तरीके कहेवा नहीं. तेमज जेटलुं श्रुत भण्या होइए तेटलुंज कहेवुं, परंतु न्यूनाधिक कहेवुं नहीं. केमके तेथी मृषा भाषण, चित्तनुं मलीनपणुं, ज्ञानातिचार विगेरे दोष प्राप्त थाय छे. गुरु विगेरेनो निन्हव करवामां मोटुं पाप छे, ते विषे लोकमां पण कह्युं छे के,—

एकाक्षर प्रदातारं यो गुरुं नैव मन्यते ।
श्वानयोनि शतं गत्वा चांडालेष्वपि जायते ॥१॥

अर्थः—"जे माणस एक अक्षर पण आपनार गुरुने मानतो नथी, ते सो वार कूतरानी योनिमां उत्पन्न थइने चंडाळने विषे जन्मे छे."

## गुरुनो अपलाप करवा उपर संन्यासीनी कथा.

कोइ एक विद्यावान हजाम विद्याना बळथी अस्त्रानी कोथळीने आकाशमां निराधार राखतो हतो. ते जोइने एक परिव्राजके ते विद्या लेवा माटे तेनी घणी सेवा करी,तेथी प्रसन्न थइने ते हजामे तेने विद्या आपी.पछी ते संन्यासी पोताना दंड कमंडलुने आकाशमां निराधार राखवाथी स्थाने स्थाने लोकोथी पूजावा लाग्यो. एक दिवस राजाए संन्यासीने भोजननुं आमंत्रण आपी पोताने घेर बोलावीने पूछ्युं के-" तमारा गुरु कोण छे ? " संन्यासीए कह्युं के-" मारा गुरु निरंतर हिमालयमां रहीने फळाहार करनार महा तपस्वी ऋषि छे." आ प्रमाणे बोलतांज तेनो त्रिदंड के जे आकाशमां निराधार हतो, ते उंचे उछाळेली लाकडीनी जेम आकाशथी खडखड शब्द करतो पृथ्वी पर पडयो. तथा लोकमां ते हांसी,अपमान विगेरेने पाम्यो. माटे कोइए पण कोइ प्रकारे गुरुनो निन्हव करवो नहीं. तेमां पण घणा धर्मार्थी मनुष्ये तो बिलकुल निन्हव करवो नहीं.

॥ इति पञ्चमो अनिन्हवाचारः ॥

# छट्ठो, सातमो ने आठमो ज्ञानाचार.

## [ व्यंजन, अर्थ अने ते बन्ने ]

वळी श्रुत ज्ञानना अर्थीए व्यंजन ( अक्षर ) अने अर्थ तथा ते बन्नेवडे शुद्ध एवा सूत्रनो अभ्यास करवो. तेमां व्यंजन एटले अक्षर. अक्षरने अन्यथा करवामां तथा न्यूनाधिक करवामां अशुद्ध थवाने लीधे अनेक महादोषो, महा आशातनाओ अने सर्वज्ञनी आज्ञानो भंग विगेरे दोषो प्राप्त थायछे. केमके व्यंजननो भेद(फेरफार)थवाथी अर्थनो भेद थायछे, अर्थनो भेद थवाथी क्रियानो भेद थाय छे, क्रियानो भेद थवाथी मोक्षनो अभाव थाय छे, अने मोक्षनो अभाव थवाथी साधु तथा श्रावकने धर्मनुं आराधन, तपस्या, उपसर्गनुं सहन करवुं, ए विगेरे कष्टसाध्य क्रियाओ पण निरर्थक थाय छे. तेमां सूत्रनुं अन्यथापणुं करवुं एटले प्राकृतने बदले संस्कृत करवुं ते, जेम "धर्मो मंगळमुत्कृष्टं ( धर्म उत्कृष्ट मंगळरुप छे ) ?" अथवा तेना पदोने उलट सुलट बोलवां, जेमके "पुण्णोकल्लाणमुक्कोसं ३. अथवा सूत्रमांना एक अक्षरने बदले बीजो अक्षर करवो, जेमके "धम्मो" ए धकारने स्थाने ककार विगेरे कोइ पण अक्षर बोलवो. ४. अथवा वर्णोने उलटा ( छेलेथी ) बोलवा, जेमके "देवावि" ने बदले "विवादे" एम बोलवुं ५. एज प्रमाणे अर्थने तथा व्यंजन अने अर्थ ए बन्नेने अन्यथा करवामां तथा न्यूनाधिक करवामां दोषो जाणी लेवा. तेमां व्यंजनने अन्यथा करवामां "चैत्यवंदनादिक सूत्रो प्राकृत भाषामां छे, तेने हुं संस्कृत भाषा-

मां करु." आटलुं मात्र बोलवाथीज " सिद्धसेन दिवाकरने " पारांचिक प्रायश्चित प्राप्त थयुं हतुं. तेनुं दृष्टांत आ प्रमाणे—

## श्री सिद्धसेन दीवाकरनुं दृष्टांत.

विद्याधर गच्छमां " श्री पादलिप्त " सूरिनी परंपरा विषे "स्कंदिल " नामना आचार्य संघना अनेक कार्यो करता करता गामे गाम विहार करतां गौड देशमां आव्या. त्यां " कोसल " नामना गामनो रहीश " मुकुंद " नामनो वृद्ध ब्राह्मण तेमने मळ्यो. ते ब्राह्मणे गुरु महाराज पासे आ प्रमाणे देशना सांभळी के—"विवेकी पुरुषे सर्वदा सम्यक् प्रकारे धर्मनुं आराधन करवुं, अने वृद्धावस्थामां तो विशेष प्रकारे करवुं, कह्युं छे के,—

बालेऽस्ति यौवनाशा स्पृहयति तरुणोऽपि वृद्धभावं च।
मृत्यूत्सङ्गतोऽयं वृद्धः किमपेक्ष्य निर्धर्मा ॥

अर्थः—मनुष्य बाल्यावस्थामां युवावस्थानी आशाथी धर्मरहित होय छे, युवावस्थामां पण वृद्धावस्थाने चाहे छे (एटले " वृद्धावस्थामां धर्म करीश " एम धारीने युवावस्थामां पण धर्म करतो नथी. ) परंतु मृत्युना उत्संग ( खोळा )मां गयेलो वृद्ध पुरुष कोनी अपेक्षा राखीने धर्म करतो नथी ? अर्थात् वृद्धावस्थामां तो अवश्य धर्ममांज प्रवर्तवुं जोइए.

स्याच्छैशवे मातृमुखस्तारुण्ये तरुणीमुखः ।
वार्धके तु पुत्रमुखो मूढो नात्ममुखः कचित् ॥२॥

अर्थः—मनुष्य बाल्यावस्थामां माताने आधीन होय छे, युवावस्थामां स्त्रीने आधीन होय छे, अने वृद्धावस्थामां पुत्रने आधीन होय छे, परंतु मूढ प्राणी कोइपण वखत आत्माने आधीन एटले आत्म परायण होतो नथी. २ "

आ प्रमाणे देशना सांभळीने ते वृद्ध ब्राह्मणे आचार्य पासे वैराग्यथी दीक्षा लीधी. पछी विहारना अनुक्रमे ते गुरुनी साथे भृगुपुरमां ( भरुचमां ) आव्या. ते मुकुंद मुनि रात्रीए पण उंच स्वरे भणता हता, तेथी बीजा साधुओनी निद्रानो भंग थवाथी तेमने दुभाता जाणीने गुरुए तेने निषेध कर्यो के—"हे वत्स! रात्रीए नवकारवाळी गण. रात्रे उंचे स्वरे भणवाथी हिंसक प्राणीओ जागृत थाय, अने तेथी अनर्थ दंड पण प्राप्त थाय." आ प्रमाणे कह्या छतां पण ते वृद्ध मुनि उंचे स्वरेज घोषणा करता हता. त्यारे कोइ साधुए तेनो उपहास कर्यो के—" शुं आ आटली वयवाळा ( वृद्ध ) मुनि भणीने मुशळ ( सांबेला) ने प्रफुल्लित करशे ?" ते सांभळीने वृद्ध मुनि खेद पामीने तरतज विद्याने माटे " नालिकेर वसति " नामना चैत्यमां रहेली महा प्रभाववाळी सरस्वती देवीनी आराधना करवा लाग्या. एकवीश उपवासे देवी तुष्टमान थइ, अने प्रत्यक्ष दर्शन आपीने बोली के—"हे मुनि! तमने सर्व विद्या सिद्ध थाओ." पछी ते मुनि कोइने घेरथी मुशळ मागी लावीने चतुष्पथ ( चौटा ) मां आव्या. पछी

मुशळने प्रासुक जळवडे सिंचीने—छांटीने तत्काळ नव पल्लवित करी पुष्पवाळुं कर्युं. अने बोल्या के-" जे कहेता होय के—आ शुं मुशळने प्रफुल्लित करशे ! तेनुं निराकरण करवा माटे पत्र अने पुष्पवाळुं करेलुं आ मुशळ हुं अहीं स्थापन करुं छुं; हवे तमे जळकागडानुं शींगडुं इंद्र धनुष जेवडुं थयुं, अग्नि शीतळ थयो, अने वायु कंपरहित थयो इत्यादि जेने जेम रुचे तेम बोलो. आ हुं वृद्धपणामां वादी थयो छुं,मारी साथे जेने वाद करवो होय ते आवो." पछी तेणे एवा वादविवाद मोटा मोटा पंडितो साथे कर्या के जेथी गरुडनुं नाम सांभळीने सर्पोनी जेम ते वृद्धवादीनुं नाम सांभळीनेज सर्व वादीओ नासी जवा लाग्या. ते मुनि वृद्धवादीना नामथी प्रसिद्ध थया. तेमने गुरुए पोताने स्थाने स्थापन कर्या.

आ समये अवंतिनगरीमां "विक्रम" राजा राज्य करतो हतो. ते सात्त्विकने विषे श्रेष्ठ अने परोपकारने विषे एकनिष्ठावाळो हतो. ते राजाने बे सुवर्णपुरुष सिद्ध थया हता, तेथी तेणे पृथ्वीना सर्व मनुष्योने ऋण रहित करी पोतानो संवत प्रवर्ताव्यो हतो. तेणे पोताना कोश [खजाना]ना अध्यक्षने आ प्रमाणे आज्ञा आपी हती के "हे कोशाधिपति ! जे कोइ दीन मनुष्यपर मारी दृष्टि पडे, तेने तारे एक हजार सोनामहोरो आपवी, जेनी साथे हुं कांइ पण भाषण करुं तेने दश हजार आपवी,जेनी वाणी सांभळीने हुं हसुं तेने एक लाख महोरो आपवी, अने जेनापर हुं प्रसन्न थाउं तेने एक करोड महोरो आपवी. ए प्रमाणे सर्वदा मारी आज्ञा छे." आम विक्रम राजाए

कह्याविना पण आपवानी स्थिति ठरावी राखी हती. एकदा ते राजाए पीवा माटे पाणी माग्युं. ते वखते उचित बोलनार एक भाट बोल्यो के—" हे राजा ! तमारा मुखकमळमां सरस्वती रहेली छे, तमारो ओष्ठ सर्वदा [1]शोण छे, काकुत्स्थ (रामचंद्र) ना पराक्रमनी स्मृति करावधामां चतुर एवो तमारो दक्षिण हाथ [2]समुद्र छे, आ तमारी पासे रहेनारी [3]वाहिनीओ एक क्षणवार पण तमारा समीपपणाने मूकती नथी, तथा तमारे स्वच्छ ( निर्मळ ) [4]मानस छे, तो पण तमने पाणी पीवानी केम अभिलाषा थइ ? " आ प्रमाणे सांभळीने राजाए आठ करोड सोनामहोरो, त्राणुं तुला ( मण ) मोती, मदना गंधमां लुब्ध थयेला भमराओथी उद्धत थयेला पचास हाथीओ, लावण्यतानी वृद्धिथी दृष्टिना विस्तारवाळी एकसो वारांगनाओ ( स्त्रीओ ), आटलुं दान के जे पांडय राजाए विक्रम राजाने दंडमां आप्युं हतुं ते सर्व ते भाटने आपी दीधुं. आ विगेरे अनेक ते विक्रम राजाना दानकृत्यो प्रसिद्ध छे.

ते विक्रम राजाना राज्यमां माननुं पात्र अने कात्यायन गोत्रनो अलंकार " देवर्षि " नामे ब्राह्मण रहेतो हतो. तेने " देवश्री " नामनी पत्नी हती. तेमने " सिद्धसेन " नामनो पुत्र हतो. ते बुद्धिनो भंडार होवाथी आखा जगतने तृणसमान गणतो हतो. केमके मिथ्यात्वीओने गर्व प्रकृतिथीज सिद्ध होय छे. कह्युं छे के—

---

१ शोण नामनो द्रह—ओष्ठना पक्षे रातो. २ समुद्र एटले दरियो—हाथ पक्षे मुद्रा—वींटी सहित. ३ नदी—बीजा पक्षे सेना. ४ मानस नामनुं सरोवर—बीजा पक्षे मन.

वृश्चिको विषमात्रेणाप्यूर्ध्वं वहति कंटकम् ।
विषभारसहस्रेऽपि वासुकिर्नैव गर्वितः ॥ १ ॥

अर्थ—वींछी अल्प विषे करीने पण पोताना कांटाने उंचोज राखे छे. अने वासुकी नाग हजार भार विषने धारण करे छे, तो पण गर्विष्ठ थतो नथी. १.

ते सिद्धसेने विद्याना गर्वथी "जे मने वादमां जीते तेनो हुं शिष्य थाउं" एवी प्रतिज्ञा करी हती. तेणे एकदा वृद्धवादीनी कीर्त्ति सांभळी, ते नहीं सहन थवाथी सुखासनमां बेसी तेनी सन्मुख चाल्यो. ते समये वृद्धवादीए भृगुकच्छथी विहार कर्यो हतो, तेथी तेओ मार्गमांज मळ्या. परस्पर संभाषण थवाथी एक बीजानी ओळखाण पडी. पछी सिद्धसेने कह्युं के—"वाद आपो." सूरि बोल्या के—"भले. परंतु अत्र भाग्ययोगे मळी शके तेवा सभ्यो ( मध्यस्थो ) नथी. तेमना विना जय पराजयनी व्यवस्था शी रीते थाय?" ते सांभळीने वादमां उत्कंठित थयेला सिद्धसेने कह्युं के—"आ गोवाळोज आपणा सभ्यो थाओ." गुरुए तेनुं वचन स्वीकार्युं. अने गोवाळोने पासे बोलाव्या. पछी गुरुए तेने कह्युं के—"प्रथम तमे स्वेच्छाए वाद करो." त्यारे ते सिद्धसेने हर्ष पामीने उंचा स्वरथी चिरकाल सुधी न्यायशास्त्र अने व्याकरण शास्त्र विगेरेना विषयपर संस्कृत भाषामां उपराउपरी उपन्यास ( कोटी ) कर्या. अनुक्रमे तेनो वाद पूरो थयो, त्यारे गोवाळ बोल्या के—"आ तो कांइ पण जाणतो होय एम लागतुं नथी. केवळ उंचे स्वरे पोकार करीने कठोर वाणीवडे कर्णने पीडा

करे छे. माटे हे वृद्ध ! तमे कांइक बोलो." त्यारे बन्ने प्रकारे[1] समयने जाणनारा वृद्धवादी घींदणी जातिना छंदवडे नृत्यने निमित्ते उंचा ताल देवापूर्वक बोल्या के—

**नवि मारिए नवि चोरिए, परदारागमण निवारिए ।**
**थोवा थोवं दाइए, सग्गि टगिटगि जाइए ॥ १ ॥**

अर्थ—कोइनी हिंसा करीए नहीं, कोइनुं कांइ पण चोरीए नहीं, परस्त्रीगमन करीए नहीं अने थोडामांथी पण थोडुं दान दइए, एटले धीमे धीमे स्वर्गे जइए.

**कालो कंबल अणुणी चट्टु, छासे भरिउं दइआणि घट्टु ।**
**अइ वड चाडिउं नीलइ झाडि, अवर कि सरगहासिंग**
**निलाडि ॥ २ ॥**

भावार्थ—काळी कामळी अने छाशमां रांधेली कणकीनी रावडी लाकडाना चाटवावडे जो कोइ मुनिने भावथी अपाय तो तेथी सर्व पापनो त्याग करीने उत्तम पुण्यवान् थवाय छे. ते विना बीजुं स्वर्गलक्ष्मीना ललाटरूप शुं छे ? कांइज नथी. २

आ प्रमाणे सूरि बोलता हता ते वखते तेना रागने अनुसारे नृत्य करता गोवाळो प्रसन्न थइने मोटेथी बोल्या के—" आ वृद्ध जीत्या, आ वृद्ध जीत्या. आ तो साक्षात् सर्वज्ञ छे." ते सांभळीने सत्य प्रतिज्ञावाळा सिद्धसेने गर्व तजीने कह्युं के—" हे पूज्य ! मने

१ समय एटले सिद्धांत अने समय एटले वखत ( अवसर )

दीक्षा आपो, हुं आपनो शिष्य छुं. केमके वादमां सभ्योनी समक्ष मने आपे जीत्यो छे." ते सांभळीने बहुमानथी गुरु बोल्या के-" आ वादमां जय शेनो ? माटे आपणे मनोहर भृगुपुरमां घणा प्रमाणिक पुरुषोथी भरपुर अने प्रभाववाळी राजसभामां जइए. त्यांज आपणो वाद हो." सिद्धसेने कह्युं के-" हुं समयनो अजाण छुं. आप समयने जाणनार छो, अने जे समयने जाणे छे तेज सर्वज्ञ छे, माटे आपज जीत्या. मने जलदी दीक्षा आपो, अने प्रशम रसथी भरेला पोताना ( आपना ) सिद्धांत मने भणावो." आ प्रकारे बोलता ते वादीने वृद्धवादीए तेज ठेकाणे दीक्षा आपी.

आ वृत्तांत जाणीने भृगुपुरना राजाए ते स्थाने " तालारस " नामनुं मोटुं गाम वसाव्युं, अने त्यां जनना चित्तने आल्हाद करनारुं श्री ऋषभस्वामीनुं मोटुं चैत्य कराव्युं. ते चैत्यमां श्री वृद्धवादीए प्रतिष्ठा करी. जैन मतनी ते वखते मोटी उन्नति थइ. सिद्धसेननुं नाम दीक्षा समये " कुमुदचंद्र " हतुं, अने सूरिपद समये " सिद्धसेनदिवाकर " एवुं नाम प्रसिद्ध थयुं. अपर अपर पूर्वधरोथी पूर्वमां रहेला श्रुतना अभ्यासवडे एवां नामो आपवामां आवे छे. कह्युं छे के-" वादी, क्षमाश्रमण, दिवाकर अने वाचक ए सर्व शब्दो एक अर्थवाळा छे. पूर्वगत सूत्रना अभ्यासथी ए शब्दो प्रवर्ते छे." स्वामी अने वाचक विगेरे शब्दोनी जेम दिवाकर ए पण सूरिनुंज पर्यायी नाम छे.

सिद्धसेनदिवाकर जैनमतनो उद्योत करवाथी पोताना नामने सार्थक करता पृथ्वीपर विहार करवा लाग्या. अनुक्रमे तेओ उज्जयिनी

समीपे आव्या. एटले त्यांना सकळ संघे सन्मुख आवीने मोटा उत्सवपूर्वक तेमने नगरप्रवेश कराव्यो. मार्गमां चालतां बंदिजनो सर्वज्ञपुत्रना नामथी तेमनी बिरुदावळी बोलवा लाग्या. ते समये विक्रम राजा हाथीपर बेसी पोताना राजद्वारमांथी नीकळेला चौटामां सूरिने सामा मळ्या. राजाए "आ सूरि सर्वज्ञपुत्र छे के नहीं ?" तेनी परीक्षा करवा माटे तेमने मनथीज वंदना करी, पण मस्तक नमाव्युं नहीं, तथा वचनथी पण कांइ बोल्या नहीं. ते जाणीने समीपे आवी पहोंचेला सूरिए ते राजाने 'धर्मलाभ' एम मोटा शब्दवडे आशीर्वाद आप्यो. ते वखते राजाए कह्युं के–"हे सूरीश्वर ! अमने नमस्कार कर्या विना आपे धर्मलाभ केम आप्यो ? शुं आ धर्मलाभ नम्या विना पण सहेजे मळी शके तेवो (सोंघो) छे ?" त्यारे सूरि बोल्या के–"हे राजा ! आ आशीर्वाद कोटी चिंतामणि रत्नोवडे पण दुर्लभ छे. परंतु अमारी परीक्षा करवा माटे तमे मनथी वंदना करी, तेथी तमने धर्मलाभ आप्यो छे." ते सांभळीने राजाए प्रसन्न थइ हस्तिपरथी नीचे उतरी सूरिने वंदना करी, अने एक करोड सोनामहोरो मंगावी तेमने भेट करी. गुरुए निःसंग होवाथी ग्रहण करी नहीं. तेम राजाए पण दान तरीके कल्पेली होवाथी पाछी राखी नहीं. तेथी संघना आगेवानोए जीर्णोद्धारादिक शुभ कार्योमां तेनो उपयोग कर्यो. राजाना दाननी वहीमां ( चोपडामां ) आ प्रमाणे लखाणुं के–"दूरथी उंचा हाथ करीने धर्मलाभनी आशीष आपता सिद्धसेन सूरिने राजाए करोड सोनामहोरो आपी."

पछी सूरि महाराज विहारना क्रमे विचित्र प्रकारना शिखरवाळा चित्रकूट (चितोड)मां आव्या. त्यां एक जुना चैत्यमां एक मोटो स्तंभ जोइने सूरिए एक पुरुषने पूछ्युं के–"आ स्तंभ शेनो छे? अने तेमां शुं छे?" त्यारे ते पुरुष बोल्यो के–"पूर्वना आचार्योए आ स्तंभमां रहस्य (गुप्त) विद्यानां पुस्तको राखेलां छे, तथा आ स्तंभ ते ते प्रकारनी औषधीओना योगथी जाणे वज्रनो बनाव्यो होय तेम अग्नि जळ विगेरेथी पण अभेद्य छे." ते सांभळीने निपुण एवा ते सूरिए ते स्तंभनो गंध लइने ते ते औषधिनो प्रतिकार करनारी सामी औषधिओ शोधीने तेनो रस ते स्तंभने लगाड्यो, एटले ते स्तंभ पाका चीभडानी जेम विकास पाम्यो (फाट्यो). पछी तेमांथी एक पुस्तक छोडीने तेनुं प्रथम पानुं सूरि वांचवा लाग्या, तेमां पहेलीज लींटी वांचतां बे महा विद्याओ मळी आवी. पहेली सर्षप विद्या अने बीजी चूर्णना योगथी सुवर्ण करवानी विद्या. पहेली सर्षप विद्यानो एवो प्रभाव हतो के कार्य आवे छते जेटला सर्षवना दाणा मंत्रीने जळाशयमां नांखे तेटला घोडेस्वारो बेंतालीश जातिना शस्त्रोसहित तेमांथी नीकळी परसैन्यनो नाश करीने पाछा अदृश्य थइ जाय, अने बीजी विद्या एवी हती के कोइ पण धातुनी साथे तेमां बतावेली वस्तुना चूर्णनो योग करवाथी विना यत्ने जातिवंत सुवर्ण उत्पन्न थाय. आ बे विद्याने बराबर ग्रहण करीने सूरि जेवामां आगळ वांचवा जाय छे, तेवामां शासनदेवताए ते पुस्तक अने ते पानुं तेनी पासेथी लइ लीधुं, तथा पुस्तकनो स्तंभ पण प्रथमनी जेवोज मजबुत बंध थइ गयो.

ते वखते आकाशवाणी थइ के–" आवा प्रकारनां पूर्वमां रहेलां रहस्योने तमे लायक नथी माटे चपळता ( प्रयत्न ) करशो नहीं, अन्यथा जीवितनो संशय थशे. " ते सांभळीने सूरि भयने लीधे तेथी विरम्या.

त्यार पछी सूरि विहारना क्रमे अपूर्व एवा पूर्व देशनी पृथ्वीना नुपुरसमान " कर्मापुर " नामना नगरमां गया. त्यां "देवपाळ" नामे राजा राज्य करतो हतो. तेने सूरिए अमृततुल्य सुंदर देशनावडे प्रतिबोध पमाडीने परम श्रावक बनाव्यो. एकदा सीमाडाना राजाओ भेळा थइने तेनुं राज्य लेवा आव्या, ते जोइने चित्तमां भय पामेला देवपाळ राजाए गुरु पासे आवी सर्व वृत्तांत निवेदन कर्युं. ते सांभळी सूरिए विचार्युं के–" आ राजा हजु हमणांज धर्म पाम्यो छे, तेना पासे सैन्य तथा द्रव्य घणुं अल्प छे, तथा अत्यारे अत्यंत दीनताने पाम्यो छे, तेथी आने धर्ममां स्थिर करवा माटे सहाय करवी योग्य छे. " एम विचारीने कार्यना जाण एवा सूरिए सुवर्णसिद्धिना योगथी अगण्य सुवर्ण बनावी आपी, सर्षप विद्याथी घोडेस्वारो उत्पन्न करी दइ, शत्रुओने त्रास पमाड्यो; तेथी अत्यंत प्रसन्न थइने देवपाळ राजाए शत्रुओनुं सर्वस्व लूंटी लइ पोताना जयनो डंको वगडाव्यो. " अहो ! महात्मानी कृपानुं फळ निःसीम छे." त्यार पछी ते राजा सूरिनो अनन्य भक्त थयो, अने तेमने घणा आग्रहपूर्वक चिरकाळ सुधी पोताना नगरमांज राख्या. त्यां सूरि महाराज राजा विगेरेना आग्रहथी हमेशां सुखासनमां बेसी

नाना प्रकारनी बिरुदावळी बोलनारा बंदिजनोवडे स्तुति करातां राजद्वारमां जवा आववा लाग्या. अने एम थवाथी परिवारसहित ते सूरि राजानो सत्कार अने अहंकार विगेरेवडे क्रियामां शिथिल थया. कह्युं छे के—

तांबूलं देहसत्कारः स्त्रीकथेन्द्रियपोषणम् ।
नृपसेवा दिवा निद्रा यतीनां पतनानि षट् ॥१॥

अर्थ—तांबुलनुं भक्षण, देहनो शणगार, स्त्रीनी कथा, इंद्रियोनी पुष्टि, राजानी सेवा ( राजानो परिचय ) अने दिवसनी निद्रा, ए छ मुनिओने पतन पामवानां स्थानो छे. १.

वळी कह्युं छे के—" जे गुरु निश्चिंत थइने सुए छे तेना शिष्यो पण सुइ रहे छे. तेथी करीने मोक्षनो मार्ग बंध थाय छे, अने श्रुतनी हीलना थाय छे." केटलेक काळे वृद्धवादीए आ वात सांभळी त्यारे ते अत्यंत खेद पाम्या. एटले गीतार्थ साधुओने गच्छ भळावी सिद्धसेन सूरिने प्रतिबोध करवा माटे गुप्त रीते वेष बादलो करीने त्यां आव्या. अहीं ते वखते सुखासनमां बेसीने श्री सिद्धसेन राजसभामां जता हता. तेओ राजाने मान्य होवाथी नाना प्रकारनी कळा जाणनारा अनेक मनुष्यो पोतपोतानी भक्ति बतावा माटे ते सुखासनने थोडी थोडीवार पोतानो खभो देता हता. ते जोइने वृद्धवादीए पण पोतानो खभो आप्यो. ते वखते गर्वथी उद्धत मनवाळा सिद्धसेन आ प्रमाणे अर्धो श्लोक बोल्या के—

भूरिभारभराक्रान्तः स्कन्धोऽयं तव बाधति ।

" घणा भारना समूहथी दबायेलो आ तारो खभो बाधा ( पीडा ) पामे छे. "

ते सांभळीने वृद्धवादी बोल्या—

**न तथा बाधते स्कन्धो बाधतिर्बाधते यथा ॥१॥**

" जेवो बाधति[1] ए प्रयोग बाधा करे छे, तेवो आ स्कंध बाधा पामतो नथी. "

आ प्रमाणे सांभळीने शंका पामेला सिद्धसेने विचार्युं के—"मारा गुरु विना मारा वचनमां भूल कोण काढे ? माटे जरुर मारा गुरुज होवा जोइए." एम विचारीने तरतज ते सुखासनमांथी नीचे उतरी गुरुने सारी रीते ओळखी अत्यंत लज्जा आववाथी ते गुरुना चरण-कमळमां पड्या (नम्या). ते वखते गुरुए पण तेने प्रतिबोध करवा माटे कह्युं के—" हे वत्स ! आ गाथानी व्याख्या कर.

**"अणुफुल्लिअ फुल्ल म तोडहु, मन आरामा मोडहु ।**
**मणुकुसुमेहिं अच्चि निरंजणु, हिडह कांइ वणेण वणु ॥१॥**

गुरुनी अवज्ञा करवाथी बुद्धिनी जडता प्राप्त थवाने लीधे सिद्धसेन ते गाथानो अर्थ बराबर जाणी शक्या नहीं, तेथी तेणे कह्युं के—

---

१ तात्पर्य ए छे के—बाधति ए अशुद्ध रूप छे, ते ठेकाणे बाधते रुप थवुं जोइए. तथा वृद्धवादीए कह्युं के—तमे बाधति रूप बोल्या ते जेवुं पीडा करे छे तेवो मारो स्कंध पीडा पामतो नथी. अर्थात् तमे अशुद्ध बोल्या तेज वधारे पीडाकारी छे.

" हे गुरु ! आपज आ गाथानी व्याख्या करो. " त्यारे वृद्धवादीए तेनी व्याख्या आ प्रमाणे करी.

"अल्प आयुष्यरूप जेने पुष्प छे ते 'अणुपुष्पिका' एटले मनुष्य शरीर, तेना पुष्पो एटले आयुष्यना खंडो, तेने तमे तोडो नहीं. तथा राजपूजाथी थयेला गर्वादिरूप आंकडीवडे आरामोने एटले आत्माने आधीन अने संतापनुं हरण करनारा यम, नियम विगेरे रूप बगीचाने भांगो नहीं. तथा मन कुसुमोवडे एटले क्षमा, मार्दव, आर्जव अने संतोष विगेरे रूप पुष्पोवडे, निरंजननी एटले अहंकारना स्थानरूप जातिमदादि अंजन जेनां नाश पाम्यां छे एवा सिद्धिपदने पामेला निरंजन देवनी पूजा करो अर्थात् ध्यान करो. मोहादिक वृक्षोना समूहथी भयंकर एवा संसाररूपी एक वनथी बीजा वनमां शामाटे परिभ्रमण करो छो ? "

बीजी व्याख्या–'अणु' एटले अल्प धान्य, तेनां 'पुष्पो' एटले फूलो अर्थात् अल्प विषयवाळुं होवाथी 'अणुपुष्पी' एटले मनुष्यशरीर तेनां पुष्पोने एटले पांच महाव्रतो तथा अढार हजार शीलांगरूप पुष्पोने न तोडो. तेथी मन आरामनो एटले चित्तना विकल्प समूहनो नाश करो. तथा निरंजन एटले सिद्धिपदने पामेला वीतराग देवनी मन पुष्पोवडे पूजा करो अथवा म ने न बंने निषेधवाची होवाथी गृहस्थोने उचित एवी देवपूजादिकने विषे षट् जीव निकायनी विराधना थाय छे माटे तेमां उद्यम न करो. अर्थात् हे मुनि ! तमे कुसुमवडे प्रभुनी पूजा न करो ( मात्र मनवडे करो ); तथा मनवडे–

शब्दवडे ( अर्थात् कीर्त्तिने माटे ) चेतनारहित होवाथी तथा भ्रमनो हेतु होवाथी मिथ्यात्वशास्त्रना समूहरूप वनमां ( अरण्यमां ) केम भ्रमण करो छो ? मिथ्यावादनो त्याग करी सत्य एवा तीर्थंकरादिष्ट–तीर्थंकरभाषित सिद्धांतने विषे आदर करो.

त्रीजो अर्थ–“ अण् ” ए धातुनो अर्थ–“ शब्द करवो ” थाय छे, तेथी ‘अणु’ एटले शब्द ते शब्दरूप जेनां पुष्पो होय ते ‘अणुपुष्पा’ एटले कीर्त्ति कहेवाय छे. ते कीर्त्तिनां पुष्पोने एटले सद्बोधनां वचनोने न तोडो, तथा मननी आरा एटले विंधवाना गुणने लीधे अध्यात्म संबंधी उपदेशो तेनुं मोटन न करो, एटले खराब व्याख्या करवाथी तेनो नाश न करो. तथा निरंजननी एटले रागादिक लेपरहित एवा वीतराग देवनी सद्गुरुना उपदेशरूप सुगंधी अने शीतळ एवा पुष्पोवडे पूजा करो. तथा वनना एटले संसारना इन एटले स्वामी जे परम सुखी होवाथी तीर्थंकर, तेना वनमां एटले शब्दरूप सिद्धांतमां केम हींडो छो ? शा माटे भ्रांति पामो छो ? केमके ते सिद्धांत सत्य छे, तेथी तेमांज प्रीति राखो.

चोथो अर्थ—प्राकृत भाषामां अनेक अर्थ थवाथी एवो पण अर्थ थाय छे के–जेने फळो आव्यां नथी एवां पुष्पोने तोडो नहीं. एटले के योगरूपी कल्पवृक्षनुं मूळ यम नियम छे, ध्यानरूप तेनुं प्रकांड छे, समतारूप स्कंध छे, कवित्व, वक्तृत्व, यश, प्रताप, मारण, स्तंभन, उच्चाटन अने वशीकरणादिक सामर्थ्यरूपी पुष्पो छे, तथा केवळज्ञानरूपी फळ छे. हजु मात्र योगरूप कल्पवृक्षनां पुष्पोज आवेलां छे, ते पुष्पो आगळपर केवळज्ञानरूप फळने उत्पन्न करवानां छे.

माटे हजु फळ आव्या पहेलां ते पुष्पोने तोडो नहीं. आरामरूपी पांच महाव्रतोने अथवा पाठांतरे रोप एटले पांच महाव्रतोरूप रोपाने भांगो नहीं. मनरूप पुष्पोवडे निरंजन जिनेश्वर देवनी पूजा करो, तथा एक वनथी बीजा वनमां केम भ्रमण करो छो ? एटले के राजसेवादिक विरस फळवाळां कष्टोने शा माटे अंगीकार करो छो ?

आ प्रमाणे गुरुए करेली व्याख्या सांभळीने सिद्धसेनने अत्यंत पश्चात्ताप थयो, तेनुं मन अत्यंत संवेगने पाम्युं, तेथी पोताना प्रमादनी आलोयण लइने राजानी रजा लइ तेणे गुरुनी साथे विहार कर्यो.

अनुक्रमे वृद्धवादी स्वर्गे गया पछी एकदा सिद्धांतनी प्राकृत भाषा होवाथी अन्य दर्शनीओ हांसी करवा लाग्या, ते सांभळीने लज्जा पामेला सिद्धसेने ब्राह्मण जातिने लीधे, बाल्यावस्थाथीज संस्कृतना अभ्यासी होवाने लीधे तथा कर्मना दोषने लीधे कांइक गर्विष्ठ थइने संघप्रत्ये कह्युं के—" जो संघनी संमति होय तो हुं सर्वे सिद्धांतोने संस्कृत भाषामां करुं के जेथी लोकमां उपहास न थाय. " आ प्रमाणे दोषयुक्त वाणी सांभळीने संघे कह्युं के—" अरे ! आवुं अयोग्य वचन केम बोलो छो ? शुं जिनेश्वरो तथा गणधरो विगेरे संस्कृत भाषामां सिद्धांतो रचवाने समर्थ नहोता ? हताज; परंतु बालादिकना अनुग्रहने माटे अर्ध मागधीरूप प्राकृत भाषामां तेमणे सिद्धांतोनी रचना करेली छे. कह्युं छे के—

बालस्त्रीमन्दमूर्खाणां नृणां चारित्रकांक्षिणाम् ।
अनुग्रहार्थं तत्त्वज्ञैः सिद्धान्तः प्राकृतः कृतः ॥१॥

अर्थ—चारित्रनी इच्छावाळा बाळक, स्त्री, मंद बुद्धिवाळा अने मूर्ख माणसोना अनुग्रहने माटे तत्त्वज्ञ पुरुषोए सिद्धांतने प्राकृतमां रच्या छे. १.

बुद्धिमान मुनिवरोने माटे चौद पूर्वो संस्कृतमांज रचेला संभळाय छे, माटे हे सूरि महाराज! तमे आवा वचनमात्रथी पण जिनेश्वरादिकनी अत्यंत आशातना करी छे, तेने माटे जे प्रायश्चित्त शास्त्रमां होय ते विचारीने जलदी अंगीकार करो." आ प्रमाणे संघनी आज्ञा सांभळीने सूरिने सारी रीते पोतानी भूल जणायाथी अत्यंत पश्चात्ताप थयो, अने ते बोल्या के–" विना विचारे बोलनार अने जिनादिकनी आशातना करनार एवा मने धिक्कार छे. आ दोषने टाळवा माटे मने [१]पारांचिक प्रायश्चित्त प्राप्त थाय छे. जो के हालना समयमां तेवा प्रकारना संहनन आदि बळना अभावने लीधे आ पारांचिक प्रायश्चित्तनो व्युच्छेद थयो छे, तो पण बार वर्ष सुधी आ पारांचिक प्रायश्चित्तनुं हुं आचरण करीश, तेमां रजोहरण, मुखवस्त्रिका विगेरे जैन लिंगने गुप्त राखी, अवधूतनो वेष धारण करी, मौनने अंगीकार करी, दुष्कर तपस्या करवामां उद्यमवंत थइ, संयमना उपयोगमां सारी रीते युक्त रही, गुप्त वृत्तिथी पांडवोनी जेम बार वर्ष सुधी हुं विहार करतो फरीश." एम कहीने ते सूरि संघनी आज्ञाथी गच्छवासनो त्याग करी माणसोना जाणवामां न आवे तेम विधिप्रमाणे गाम नगरादिकमां विहार करतां सात वर्ष पूर्ण थये उज्जयिनी नगरीमां महाकाळ नामना

---

१ दश प्रकारना प्रायश्चित्तोमां आ सौथी छेल्लुं अने मोटुं छे.

शिवनां चैत्यमां आव्या. त्यां शिवलिंग तरफ पोताना पग राखीने सूता. ते जोइने लोको तेने 'कोण छो ?' विगेरे पूछवा लाग्या, परंतु तेणे कांइ पण जवाब आप्यो नहीं. त्यारे तेओए राजाने जणाव्युं के-"हे देव ! आपना महादेवना चैत्यमां कोइ परदेशी आवीने रह्यो छे, अने महादेवनी आशातना करे छे. ते बोलाव्या छतां बोलतो नथी, तथा महादेवने प्रणाम पण करतो नथी." ते सांभळीने विक्रम राजाए कौतुकथी त्यां आवी तेने कह्युं के-"हे अवधूत ! तमे कोण छो ?" तेणे जवाब आप्यो के-" हुं धार्मिक छुं." राजाए कह्युं के-"त्यारे केम अर्थथी तथा नामथी महादेवने प्रणाम करता नथी?" ते सांभ-ळीने जिनमतनी उन्नति करवामां अत्यंत उत्सुक थयेला सूरि कांइक विचार करीने बोल्या के-" हे राजा ! ज्वरथी पीडायेलो माणस जेम मोदकनो स्वाद लइ शके नहीं, तेम आ तमारा देव अमारी वंदना के स्तुतिने सर्वथा सहन करी शके तेम नथी." राजाए कह्युं के-"केम आवुं संबंधविनानुं बोलो छो?" तेणे कह्युं के-" मारी स्तुति करवाथी कदाच आ प्रतिमाने कांइ पण उपद्रव थाय, अने तेथी तमारी अप्रसन्नता थाय एवी मारा मनमां शंका रहे छे." राजाए कह्युं-" कांइ शंका राखो नहीं. खुशीथी नमस्कार अने स्तुति करो." ते सांभळीने सूरिए श्री वर्धमान स्वामीना गुणोथी गर्भित, सारी रचनावाळी अने महान् अर्थवाळी बत्रीश बत्रीशीवडे प्रथम स्तुति करी. पछी अधिष्ठायक देवनुं समीपपणुं होवाथी आ दुषमा समयमां पण अनुपम प्रभाववाळा श्री पार्श्वनाथनी चुमाळीश श्लोकवाळा कल्या-

णमंदीर स्तोत्रवडे स्तुति करवा मांडी.ते कल्याणमंदीरनुं अग्यारमुं वृत्त बोलती वखते अथवा कोइ ग्रंथना अभिप्राये पहेली बत्रीशीना पहेला काव्यना उच्चार वखतेज श्री धरणेंद्रनुं सानिध्य होवाथी प्रथम शिवलिंगमांथी धुमाडो नीकळवा मांड्यो, त्यार पछी अग्निनी मोटी ज्वाळा नीकळवा मांडी,ते समये सर्वे लोको परस्पर हस्तनी ताळीओ पूर्वक कोलाहल करता बोल्या के–" खरेखर अत्यंत कोपरूपी काळाग्निथी भयंकर एवा आ महादेव पोताना त्रीजा नेत्रना अग्निवडे आ जोगीने भस्मसात् करी नांखशे. " त्यार पछी तडतड शब्द करतुं शिवलिंग फाट्युं, अने तेमांथी वीजळीना झबकारानी जेम प्रथम ज्योति (तेज) प्रगट थइ, अने पछी अनुपम एवी श्री पार्श्वनाथनी प्रतिमा प्रगट थइ. ते जोइ विस्मय पामेला विक्रम राजाए पूछयुं के–" हे महाभाग्यवान् ! कोइ वखत नहीं जोयेलुं एवुं आ आश्चर्य शुं ? आ अपूर्व कया देव प्रगट थया ? " त्यारे गुरु बोल्या के–" त्रण जगत्ने सेववालायक, देवना पण देव, श्री धरणेंद्रे जेनी उपर अद्भुत फणारूप छत्रनो आडंबर कर्यो छे, एवा आ त्रेवीशमा तीर्थंकर श्री पार्श्वनाथ स्वामीनी प्रतिमा छे. आ देवाधिदेवज मारी स्तुति विगेरेने सहन करी शके छे. आ प्रतिमानो अहींथी प्रादुर्भाव शी रीते थयो ? ते वृत्तांत सांभळो.

पूर्वे आज अवंती नगरीमां एक "भद्रा " नामनी शेठाणी रहेती हती. तेने " अवंतीसुकुमाल " नामे पुत्र हतो. ते बत्रीश पत्नीओना यौवनरूप सुगंधना सर्वस्वनुं आस्वादन करवामां भ्रमररूप हतो. तथा शालिभद्रनी जेम अत्यंत भोगरसना समुद्रमां निमग्न होवाथी अल्प

पण गृहव्यापार करतो नहोतो, तेनी माता ज सर्व गृहचिंता करती हती. एकदा मौर्य वंशना अग्रेसर " संप्रति " राजाने प्रतिबोध करनार " श्री आर्यसुहस्ती " नामना आचार्य पोताना गच्छसहित विहारना क्रमे त्यां आव्या, अने भद्रानी अनुमतिथी तेणीना आवासनी पासे ज वाहनशाळामां रह्या. एकदा प्रदोष समये सूरि महाराज " नलिनी-गुल्म " नामनुं अध्ययन गणता हता. कर्णने रसायण समान ते अध्ययन सांभळतांज अत्यंत आनंद पामेलो भद्रानो पुत्र अवंतिसुकुमाल सात भूमिकाना प्रासादथी नीचे उतरीने गुरुनी वसतिना द्वार पासे आवी ने सांभळवा लाग्यो. तरतज तेने जातिस्मरण उत्पन्न थयुं. एटले ते गुरु पासे आवी नमस्कार करी बोल्यो के—" हे भगवान ! हुं भद्रानो पुत्र छुं. नलिनीगुल्म विमाननी अनुपम ऋद्धिनो में पूर्व भवे अनुभव कर्यो छे, ते सुख मने जातिस्मरण थवाथी याद आव्युं छे. तेथी संसारना सुखथी पराङ्मुख थइने हुं त्यांज जवाने अत्यंत उत्सुक थयो छुं. हे भगवान् ! पूज्य एवा आप पण शुं नलिनीगुल्म विमानमांथी ज अत्रे आव्या छो ? केमके नहीं तो ते विमाननुं यथार्थ स्वरूप आप शी रीते जाणो ? " ते सांभळीने गुरु बोल्या के—" सर्वज्ञे रचेला सिद्धांतना वचनथी अमे तेनुं स्वरूप जाणीए छीए." तेणे पूछ्युं के—"कया उपाय वडे ते विमान जलदी प्राप्त थाय ? " गुरु बोल्या—" चारित्र लेवाथी ते सुख प्राप्त थाय छे, परंतु तुं अत्यंत कोमळ छो अने चारित्र अत्यंत कठण छे. केमके लोढाना चणा चाववा सुकर छे, अग्निनो स्पर्श पण सुकर छे, परंतु जिनेश्वरे कहेलुं चारित्र अतिचाररहित पालन करवुं

दुष्कर छे. वळी ते चारित्र पोताना स्वजनोनी अनुमति होय तोज दे-वाय छे." ते सांभळीने ते अवंति सुकुमाल सुर्योदय थया पहेलांज नलिनीगुल्मविमानमां जवा माटे अत्यंत उत्कंठित थयो, तेथी संयम (चारित्र) ग्रहण करवा सारु अत्यंत उत्सुक थइने पोतानी जातेज पंचमुष्टि लोच करी तेणे मुनिवेष धारण कर्यो. एटले सूरिए पण तेने विधि प्रमाणे दीक्षा आपी. पछी चारित्र तपना कष्टने सहन करवामां असमर्थ होवाथी सूरिनी आज्ञा लइ, शरीरनी वेदनाने नहीं गणतो, तीक्ष्ण दर्भना अग्रभागवडे बन्ने पग विंधावाथी तेमांथी नीकळता लोहीवडे मार्गने कादववाळो करतो ते "कंथेरिका कुडंग" नामना स्मशानमां गयो, अने त्यां पादोपगम नामनुं अनशन अंगीकार करी ध्यानमग्न थइने रह्यो. तेना रुधिरना गंधथी आकर्षाइने एक नवी प्रसूतिवाळी दुष्ट शियाळणी पोतानां बच्चांसहित त्यां आवी. वाघ-णनी जेवी भयंकर मुखने धारण करती तथा राक्षसीनी जेवी भूखी थयेली ते तेनुं भक्षण करवा लागी. तेणीए तथा तेणीनां बच्चांए रात्रिना पहेला पहोरमां तेना बे पगनुं भक्षण कर्युं, बीजा पहोरमां तेना साथळो सुधी भक्षण कर्युं अने त्रीजा पहोरमां तेनुं सघळुं उदर भक्ष-ण कर्युं, तोपण ते मुनि लेशमात्र पण कंपायमान थया नहीं. "अहो! आटलुं बधुं सुकुमाळपणुं (कोमळपणुं) छतां पण दुःसह महा व्य-था केवी रीते सहन करी? अहो! महा साहसिकोमां पण शिरोमणि एवा तेमने धन्य छे." पछी रात्रीना चोथा पहोरे ते महासत्ववान् अवंतिसुकुमाल साधु काळधर्म पामीने नलिनीगुल्म विमानमां मह-

र्द्धिक देवपणे उत्पन्न थया. तेना साहसथी तुष्टमान थयेला देवोए तेज वखते तेना देहनो महिमा कर्यो. प्रातःकाळे श्रुतना उपयोगथी गुरुए सर्व वृत्तांत जाणीने तेनी माता भद्राने तथा तेनी स्त्रीओने कह्युं, त्यारे ते स्त्रीओ भद्रा मातासहित स्मशानमां गइ, अने घणो विलाप करी क्षिप्रा नदीने कांठे तेनुं और्ध्वदहिक कर्म ( अग्नि संस्कार ) कर्युं. त्यार पछी वैराग्य रसथी भरेली भद्राए एक गर्भिणी वहुने घरमां राखी बीजी एकत्रीश वहुओ सहित दीक्षा लीधी. घेर रहेली गर्भिणी वहुए पुत्र प्रसव्यो. ते पुत्रे तेना पिता अवंति सुकुमालना मृत्युने ठेकाणे आ प्रासाद कराव्यो. पोताना पितानो अहीं महाकाळ ( मृत्यु ) थयो, तेथी आ प्रासादनुं नाम महाकाल पाड्युं, अने तेमां मोटा उत्सवपूर्वक श्रीपार्श्वनाथ परमात्मानी अनुपम प्रतिमा स्थापन करी. केटलाक काळ सुधी तो ते प्रतिमानी विधिपूर्वक पूजा थती रही. पछी काळक्रमे महादेवना भक्त ब्राह्मणोए अवसर पामीने ते प्रतिमाने पृथ्वीमां गुप्त करी ( भंडारी दइ ) अकार्य करवामां तत्पर थइ अहीं महादेवनुं लिंग स्थापन कर्युं. हमणां मारी करेली स्तुति सांभळीने सावधान थयेला अधिष्ठायकना सांनिध्यबळथी आ श्रीपार्श्वनाथनी प्रतिमा शिवलिंग भेदीने प्रगट थइ. हे विक्रम राजा ! हवे सत्यासत्यनुं निरुपण तमे पोतेज करो. " आ प्रमाणे सुंदर अने मधुर वाणी सांभळीने विक्रम राजाने शुभ परिणाम थवाथी श्री जैनमतने विषे अत्यंत बहुमान उत्पन्न थयुं, तेथी तेणे प्रसन्न थइने श्रीपार्श्वनाथनी प्रतिमाना पूजन माटे सो गाम आप्यां. तथा तेणे योगीनी ( सूरिनी ) अत्यंत

श्लाघा करतां कह्युं के-"अहो! आपनी जेवा महर्षि पृथ्वीपर कोण छे?

अहयो बहवः सन्ति भेकभक्षणदक्षिणाः ।
एकः स एव शेषः स्याद्धरित्रीधरणक्षमः ॥१॥

अर्थ—देडकांओनुं भक्षण करवामां चतुर एवा सर्पो तो दुनीआमां घणा छे, परंतु पृथ्वीने धारण करवामां तो एक शेषनाग ज समर्थ छे. १.

खेरेवोदयः श्लाघ्यः कोऽन्येषामुदये ग्रहः ।
न तमांसि न तेजांसि यस्मिन्नभ्युदिते सति ॥२॥

अर्थ—सूर्यनोज उदय श्लाघा करवा योग्य छे, बीजा (तेजस्वी) ना उदयमां शो आग्रह? कारण के सूर्यनो उदय थवाथी अंधकार तेमज बीजां तेजो बिलकुल रहेतां नथी. २.

वळी आपनी कवित्वकळा पण असाधारण छे. केमके साकरनी जेवा मीठाशवाळां काव्यनां पदो उपरा उपरी कया कविना मुखथी नीकळतां नथी? सर्वनां मुखमांथी नीकळे छे. तथा कोनी वाणीनो वैभव उत्तम रसने पुष्ट करतो नथी? सर्वनो करे छे. परंतु जे कवि सुंदर पदो अने उत्तम रस ए बन्नेने अमृतना निर्झरणानी जेवा रस-वडे तरंगित करे छे, तेवा कवि तो क्वचित् कोइकज होय छे. वळी कविनी वाणीमां अत्यंत मधुरता लागवी ए कांइ सरखा अक्षरोनी

आवृत्ति ( प्रास ) वडे लागती नथी, परिचय ( अभ्यास ) थी लागती नथी, तेमज शब्दनी व्युत्पत्तिथी के गुरुना सारा उपदेशथी पण लागती नथी, परंतु मोटा पुण्यना उदयथी सत्कविओनी वाणी पोतानी मेळेज मधुर लागे छे." आ प्रमाणे प्रशंसा करीने विक्रम राजा पोताने घेर गया. आवा प्रकारनी जिनशासननी उत्तम प्रभावनाथी आश्चर्य अने आनंद पामेला संघे सूरिना पारांचिक प्रायश्चित्तना बाकी रहेला पांच वर्षो माफ करीने तेने मोटा उत्सवपूर्वक पूर प्रवेश करावी गच्छना नायक तरीके स्थापन कर्या.

एकदा सिद्धसेन दिवाकर सूरि पोताना चरण कमळवडे पृथ्वीने पवित्र करता अनुक्रमे मालव देशमां "ओंकार" नामना नगरमां गया. एकदा त्यांना संघे सूरिने विनंति करी के—"हे भगवान् ! आ नगरना समीपे एक गाम छे, तेमां सुंदर नामनो क्षत्रिय राज्य करतो हतो. तेने बे स्त्रीओ हती. तेमां एके प्रथम पुत्री प्रसवी, तेथी तेणीने अत्यंत खेद थयो. कारणके तेणीनी शोक पण गर्भिणी हती, अने थोडा वखतमांज प्रसूति करनार हती. तेथी ते शोकने पुत्र थशे तो ते पतिने वधारे वहाली थशे, एम धारीने तेणीए स्त्री जातिने उचित एवी अत्यंत दुष्टताने लीधे घणुं द्रव्य आपी एक सूतिका (दाइ) ने कह्युं के—"आ मारी शोक प्रसव समये तने बोलावशे, तेथी तुं प्रथमथीज कोइ ठेकाणेथी एक मृतक बाळक लावी राखजे, अने प्रसव वखते ते मृतक बाळकने बतावी कहेजे के 'मुएलुं बाळक जन्म्युं छे.' एम कही प्रसवेला पुत्रने तुं पोतेज गुप्त रीते लइने दूर नांखी

आवजे.' आ प्रमाणे तेणीए प्रपंच कर्यो, अने दैवयोगे तेमज थयुं अने ते सूतिका (दाइ) ए पण तेज प्रमाणे मुएलुं बाळक बतावी जन्मेला पुत्रने दूर अरण्यमां मूकी दीधो. "प्राणीओना लोभने धिक्कार छे." पछी ते तरतना जन्मेला पुत्रने दूर नांख्या छतां पण पुण्यना बळथी तेनी कुळ-देवीए गायनुं रूप धारण करी दूध पाइ उछेरीने एक वर्षनो कर्यो. पछी अहींथी नजीकना शिवालयना अधिकारी भरटके (पूजारीए) तेने जोयो. एटले तेने लइने पोतानी दीक्षा आपी पोतानो शिष्य कर्यो. एकदा कान्यकुब्ज देशनो जन्मांध राजा श्रीपति (कृष्ण)नी जेम देशोने जीततो जीततो आ गामनी नजीक आवीने रह्यो. ते वखते रात्रिने समये महादेवे प्रत्यक्ष थइने नाना भरटकने कह्युं के—"तुं कान्यकुब्जना राजाने मारी पूजानुं पुष्प अने जळ शेषा (प्रसादी) तरीके आपजे, तेथी ते अंधतानो त्याग करी सज्ज नेत्रवाळो (देखतो) थशे." प्रातःकाळे तेण ते वृत्तांत पोताना गुरुने जणावीने तेनी आज्ञाथी पूजानुं पुष्प अने जळ लइ स्कंधावार (सैन्य)मां आवी राजाना प्रधानोने कह्युं के—' हे राजसेवको! तमारा राजाने मारी पासे लावो, हुं तेने सूर्यविकासी कमळनी जेम प्रफुल्लित नेत्रवाळो करूं." ते सांभळीने प्रधानोए राजाने प्रेरणा करी, एटले ते तेनी पासे आव्यो. पछी ते ऋषिए आपेलुं निर्माल्य बहुमानथी लइने राजाए पोतानी आंखोपर राख्युं, के तरतज ते सज्ज नेत्रवाळो थयो. तेथी प्रसन्न थयेला राजाए तेने इनाममां सो गाम आप्यां, अने आज ठेकाणे आ मोटो शिवनो प्रासाद करावी आप्यो. हव ते भरटक ऋषि राजादिकने मान्य होवाथी

अहीं जिनालय करवा देतो नथी, केमके अहीं मिथ्यादृष्टिओनुं बळ वधारे छे. माटे आप एवो कांइक यत्न करो के जेथी अहीं आ शिवालयथी पण उंचुं अने मनोहर जिनचैत्य करी शकाय. आ कार्यमां मात्र आप ज समर्थ छो, माटे आपने अमे विनंति करीए छीए." आ प्रमाणे श्रावकोनी विज्ञप्ति सांभळीने मुनीश्वर श्री सिद्धसेन सूरि विहार करी अवंति नगरीमां आव्या, अने नवा अद्भुत चार श्लोको बनावीने, हाथमां श्लोकनो कागळ राखी विक्रम राजाना महेलना द्वार पासे आवी द्वारपाळ मारफत एक श्लोक राजा पासे मोकल्यो. ते श्लोक आ प्रमाणे हतोः—

दिदृक्षुर्भिक्षुरायातस्तिष्ठति द्वारि वारितः ।
हस्तन्यस्तचतुःश्लोक उतागच्छतु गच्छतु ॥१॥

अर्थ—आपने जोवानी इच्छावाळो भिक्षु हस्तमां चार श्लोक राखीने द्वारपाळे निषेध करवाथी बारणेज उभो छे, ते आवे के जाय ?

आ श्लोक सांभळीने राजाए आश्चर्य पामी तेना जवाबमां सामो श्लोक मोकल्यो के—

दीयतां दश लक्षाणि शासनानि चतुर्दश ।
हस्तन्यस्तचतुःश्लोक उतागच्छतु गच्छतु ॥१॥

अर्थ—आ भिक्षुकने दश लाख सोनामहोरो तथा चौद शासन

(गाम) आपवामां आवे छे. हवे हाथमां चार श्लोको जेणे राखेला छे एवा ते भिक्षु मरजी होय तो आवे अने मरजी होय तो जाय. १.

आ श्लोक सांभळीने कवींद्रे द्वारपाळ मारफत ज राजाने जणाव्युं के–"हे राजा ! आ भिक्षुने आपना दर्शननीज इच्छा छे, द्रव्यनी इच्छा नथी." ते सांभळीने राजाए तेमने पोतानी पासे बोलाव्या, अने तेमने ओळख्या. तेथी सिंहासनपरथी उठीने बहुमानपूर्वक आग्रहथी तेमने सिंहासनपर बेसाडी भक्तिपूर्वक राजाए कह्युं के–" हे पूज्य ! चिरकाळे केम देखाया ? " सूरि बोल्या के–" पृथ्वीने विषे सौधर्मेंद्र समान हे राजा ! केवळ धर्मकार्यमां व्यग्र होवाने लीधेज अमे घणे काळे आव्या छीए. हे राजन् ! आ चार श्लोको सांभळो.—

अपूर्वेयं धनुर्विद्या भवता शिक्षिता कुतः ।
मार्गणौघः समभ्येति गुणो याति दिगन्तरम् ॥१॥

अर्थ–हे राजा ! आप आ अलौकिक धनुर्विद्या क्यांथी शीख्या, के जेथी मार्गणनो समूह तमारी पासे आवे छे अने गुण दिशाओमां जाय छे ? ( तात्पर्य ए छे के–धनुर्विद्यामां मार्गण एटले बाणनो समूह दिशाओमां जवो जोइए, अने गुण एटले धनुषनी दोरी (पणच) पासे रहेवी जोइए. तेथी उलटुं थवाथी अलौकिक धनुर्विद्या कही. परमार्थ एवो छे के मार्गण एटले भिक्षुकनो समूह पासे आवे छे अने गुण–कीर्त्ति दिशाओमां जाय छे. एवो गूढ अभिप्राय छे. ) १.

सरस्वती स्थिता वक्त्रे लक्ष्मीः करसरोरुहे ।

कीर्तिः किंकुपिता राजन् येन देशान्तरं गता ॥२॥

अर्थ—हे राजा ! सरस्वती तमारा मुखमां रही छे, अने लक्ष्मी तमारा हस्तकमळमां रही छे; परंतु कीर्त्ति केम कोप पामी छे के जेथी ते देशांतरमां जती रही छे. २.

सर्वदा सर्वदोऽसीति मिथ्या संस्तूयसे बुधैः ।
नारयो लेभिरे पृष्ठं न वक्षः परयोषितः ॥ ३ ॥

अर्थ—" हे राजा ! तमे सर्वदा सर्व वस्तु आपनार छो, " ए प्रमाणे पंडितो तमारी स्तुति करे छे, ते मिथ्या ( खोटी ) छे. केमके तमारा शत्रुओने तमे तमारी पीठ आपता नथी, अने परस्त्रीओने वक्षस्थळ आपता नथी. (तेथी तमे सर्व वस्तुना आपनार केम कहेवाओ ? अर्थात् युद्धमां नाशीने तमे पीठ देखाडता नथी अने परस्त्रीओने आलिंगन करता नथी ए तमारामां मोटो गुण छे. ) ३.

आहते तव निःस्वाने स्फुटितं रिपुहृद्घटैः ।
गलिते तत्प्रियानेत्रे राजंश्चित्रमिदं महत् ॥४॥

अर्थ—हे राजा ! युद्धमां तमारो डंको हणावाथी (वागवाथी) शत्रुनां हृदयरूपी घडाओ फूटी जाय छे, अने तेमनी स्त्रीओना नेत्रमांथी पाणी नीकळे छे, ए मोटुं आश्चर्य छे. ( अर्थात् डंको फूटवो जोइए, अने जे वस्तु फूटे तेमांथीज पाणी नीकळवुं जोइए छतां अहींतो तेथी उलटुंज थाय छे ते आश्चर्य छे. ) ४.

आ प्रमाणे अद्भुत चार श्लोको सांभळीने अत्यंत प्रसन्न थयेला विक्रम राजाए उंचां किंमती वस्त्रोथी भरेलो १, सुगंधि वस्तुना समूहथी भरेलो २, सोनामहोरोथी भरेलो ३, अने हार, अर्ध हार विगेरे अलंकारोथी भरेलो ४—एवा मोटा चार हाथीओ मंगावीने गुरुने कह्युं के—" आ ग्रहण करो. " गुरु बोल्या के—"आ अमारे कल्पे नहीं." फरीथी राजाए कह्युं के—" त्यारे आपनी इच्छामां आवे तेवा मारी पृथ्वीमांथी मोटा चार देशो ग्रहण करो. " गुरु बोल्या—" ते पण हुं इच्छतो नथी. " "त्यारे आपनी शी इच्छा छे ?" एम राजाना पूछवाथी सूरि बोल्या के—" हे राजा ! ओंकार नामना पुरमां शिवालय छे, तेथी पण उंचो चार द्वारवाळो जैन प्रासाद करावो, अने परिवार सहित जाते त्यां आवीने प्रतिमानी स्थापना तथा प्रतिष्ठा संबंधी उत्कृष्ट महोत्सवो करो. ते सांभळीने पुण्यना अर्थी राजाए तेज प्रमाणे सर्व कर्युं. आ प्रमाणे जैन मतनी महा उन्नति थवाथी संघ अत्यंत हर्ष पाम्यो.

अनुक्रमे सूरि दक्षिणमां " प्रतिष्ठान " ( पेंठ ) नामना पुरमां गया. त्यां पोताना आयुष्यनो अंत जाणीने अनशनादिक विधिवडे काळ करी स्वर्गलोकने पाम्या. आ वृत्तांत जणाववा माटे त्यांना संघे एक विद्वान् वक्ता भट्ट ( ब्राह्मण ) ने चित्रकूट (चितोड) मोकल्यो. ते भट्ट चित्रकूटमां जइने संघनी पासे वारंवार अर्धो श्लोक बोलवा लाग्यो के—

" इदानीं वादिखद्योता द्योतन्ते दक्षिणापथे । "

( हमणां दक्षिण देशमां वादीरूपी पतंगीआओ प्रकाश पाम्या छे; )

ते सांभळीने जेने सरस्वती प्रसन्न थयेली छे एवी " सिद्धा " नामनी सिद्धसेननी ब्हेन बोली के–

" नूनमस्तंगतो वादी सिद्धसेनो दिवाकरः ॥१॥ "

(खरेखर सिद्धसेन नामना सूर्यनो अस्त थयो जणाय छे. )

त्यारे ते भट्टे कह्युं के–" हा, तेमज थयुं छे. "

॥ इति व्यञ्जनानां अन्यथाकरणे सिद्धसेनप्रबन्धः ॥

——:०:——

## व्यंजनोने न्यून करवामां दृष्टांत आ प्रमाणे–

एकदा " राजगृह " नगरमां " श्रीमहावीर " स्वामी समवसर्या. तेमने वंदना करवा माटे देवो, विद्याधरो, मनुष्यो तथा अभयकुमार सहित " श्रेणिक " राजा आव्या. भगवान्नी पासे धर्मदेशना सांभळीने सर्व सभाजनो पाछा वळ्या ते वखते कोइक विद्याधरने आकाशगामी विद्यानुं एक पद विस्मरण थयुं, तेथी करीने ते वारंवार आकाशमां थोडेक उंचे कूदीने पाछो पृथ्वीपर पडतो हतो. आ प्रमाणे थतुं जोइने श्रेणिक राजाए भगवान्ने पूछ्युं के–" हे स्वामी ! आ खेचर ( विद्याधर ) पांखविनाना पक्षीनी जेम आकाशमां उडी उडीने केम वारंवार नीचे पडे छे ? " त्यारे भगवाने तेने ( राजाने ) विद्याना पदनुं विस्मरण थयानो व्यतिकर (दृष्टांत ) कह्यो. ते सांभळीने अभयकुमारे ते खेचर पासे जइने कह्युं

के–"हे खेचर ! जो तमे मने तमारी समान विद्यावाळो करो तो तमारी विद्याना अक्षर ओळखीने हुं पूरा करी आपुं." ते सांभळीने विद्याधरे ते वात अंगीकार करी. अभयकुमारने पदानुसारी बुद्धि (लब्धि) होवाथी एक पदवडे अनेक पदोने जाणवानी शक्ति हती. तेथी ते विद्याना बाकीना अक्षरोने अनुसारे विस्मृत थयेला अक्षरने जाणीने तेणे ते खेचरने विद्या पूर्ण करी आपी. ते खेचर पण विद्या संपूर्ण थवाथी हर्षित थइ अभयकुमारने विद्यासाधननो उपाय बतावी पोताने स्थाने गयो.

॥ इति व्यञ्जनानां न्यूनत्वे कथा. ॥

## व्यंजनने अधिक करवा उपर कथा.

"पाटलीपुत्र" नगरमां नवमा "नंद" राजाने "चाणाक्ये" प्रतिज्ञा करवाथी राज्यभ्रष्ट कर्यो, ते राज्यपर "मयूरपोषक" गामना महत्तरनी दीकरीना पुत्र "चंद्रगुप्त" ने बेसाड्यो. तेने "बिंदुसार" नामे पुत्र थयो. तेणे तेनी पछी राज्य कर्युं. तेनी पछी तेनो पुत्र "अशोकश्री" राजा थयो. तेणे पोताना "कुणाळ" नामना पुत्रने बाल्यावस्थामां पण तेनापरना प्रेमने लीधे तेना पोषणने माटे "उज्जयिनी" नगरी आपी अने पोतानी पासे रहेवाथी तेनी अपर (ओरमान) माताओथी तेनो पराभव (अनिष्ट) थशे एम धारी ते कुमारने उज्जयिनीमांज राख्यो. अनुक्रमे प्रधानादिकथी पुष्पनी जेम लालन

पालन करातो ते कुमार आठ वर्षनो थयो त्यारे " कुमार अभ्यासने योग्य थयो छे" एम धारी राजाए प्रधानपर कागळ लख्यो. तेमां "अधीयतान्नः कुमारः" (अमारा कुमारने भणावजो) ए प्रमाणे स्पष्ट अक्षरो लख्या. तेवामां कांइ शीघ्र कार्य आवी पडवाथी राजा अन्य कार्यमां व्यग्र थयो. तेटलामां कुणालनी अपरमाताए त्यां आवी ते कागळ वांची विचार्युं के—"कुणाल कुमार सारो विद्वान् थशे, एटले राजा तेने ज राज्य आपशे, मारा पुत्रने आपशे नहीं." एम विचारी कुणालनुं अनिष्ट करवाना हेतुथी तेणीए तत्काळ अने माथे एक बिंदु (अनुस्वार) कर्युं. तेथी "अंधीयतान्नः कुमारः" (अमारा कुमारने आंधळो करजो) एवुं थयुं. अहो! मात्र एक बिंदुना वधारवाथी ज एकांत हितकारी अर्थनुं पण एकांत अहितकारीपणुं थयुं. पछी थोडीवारे राजाए ते कागळ वांच्या विना ज बंध करीने (बीडीने) मोकली दीधो. ते कागळ कोइ अनुचरे उज्जयिनी जइ प्रधानना हाथमां आप्यो, प्रधाने ते कागळ वांच्यो, अने तेमां लखेली हकीकत जाणी अत्यंत खेद पाम्यो. कागळनी हकीकत कहेवाने असमर्थ एवा प्रधानना नेत्रमां अश्रु आव्यां. एटले कुणाल कुमारे पाते ज ते कागळ वांच्यो. तेमां " अंधीयतान्नः कुमारः" एवा अक्षर जोइ अत्यंत उद्वेग पामी विचार करवा लाग्यो के—" खरेखर में कांइपण पितानी आज्ञानो भंग कर्यो हशे, नहीं तो मारा एकांत हितने ज इच्छनार पिता आवी आज्ञा केम आपे? माटे जे पितानी आज्ञानुं उल्लंघन करे तेने दुष्ट पुत्र जाणवो." एम विचारी कुणाल कुमारे, प्रधानादिके राजानी

आज्ञानो निर्णय करवा माटे थोडो वखत विलंब करवानुं बहु रीते कह्या छतां पण तत्काळ दुर्दैवना वशथी अग्निवडे तपावेली सळीवती पोतानां बन्ने नेत्रो आंज्यां ( फोडयां ). अहो ! महापुरुषोने पण विना विचार्युं कार्य महा अनर्थकारी थाय छे. कह्युं छे के—

सहसा विदधीत न क्रियामविवेकः परमापदां पदम् ।
वृणुते हि विमृश्यकारिणं गुणलुब्धाः स्वयमेव संपदः॥

अर्थ—सहसा ( वगर विचारे ) कार्य करवुं नहीं. केमके अविवेक ए परम ( मोटी ) आपत्तिनुं स्थान छे. गुणोमां लुब्ध थयेली संपत्तिओ पोतानी मेळेज विचारीने कार्य करनाराने वरे छे. १.

आवा खराब परिणामवाळा कार्यमां गुरुनी आज्ञाना आराधकने पण गुरुनी आज्ञा अयोग्य जणाती होय तो काळनो विलंब करवो एम शास्त्रमां कहेलुं छे. अने तेवो विलंब करवो ते पण त्रण वखत आज्ञा थाय त्यां सुधीज पुरुषोने कल्याणकारी छे. कह्युं छे के—

क्षणेन लभ्यते यामो यामेन लभ्यते दिनम् ।
दिनेन लभ्यते कालः कालात्कालो भविष्यति ॥१॥

अर्थ—क्षणनो विलंब करवाथी पहोरनो अवसर मळे छे, पहोरनो विलंब करवाथी दिवस मळे छे, दिवसनो विलंब करवाथी काल ( रात्रीदिवस ) मळे छे, अने कालनो विलंब करवाथी बीजी काल मळे छे. १.

हालना समयमां इंग्रेजोना राज्यमां पण सर्व कार्योमां त्रण-वार आज्ञानी अपेक्षा राखवानी व्यवस्था छे.[1] केमके तेवी व्यवस्थाने लीधे सारी रीते विचार करवा रूप गुण प्राप्त थाय छे. अथवा तो रामचंद्रनी जेम एकांत पितानी आज्ञा प्रमाणे वर्तवामांज तत्पर, अत्यंत नम्रतावान् अने महासाहसिकना निधिसमान पुत्रनो पितानी आज्ञा पाळवामां शो दोष छे? अत्यंत विस्मयथी ( हर्षथी ) सर्व अंगमां उल्लास पामता रोमोद्गम ( रोमांच ) वडे गुरुनी आज्ञानुं अनुष्ठान महान् पुरुषोने पण वखाणवा लायकज छे; परंतु तेमां आज्ञा आपनार पितानोज दोष छे के जेथी अत्यंत कृपाना पात्ररूप पुत्र उपर पण सारी रीते जोया वांच्या विना ज कागळ लखी मोकल्यो. अथवा नवा नवा अनेक कार्योमां व्यग्र रहेला पितानो पण शो दोष? पुरुष रत्ननो नाश करनारी, तेवा प्रकारना कूट प्रपंचने रचनारी अने दुष्ट मतिवाळी अपरमातानो ज दोष छे. अथवा स्त्री जातिनी स्वभावथी ज दुष्टताने लीधे, वगर विचारे ज कार्य करवापणाने लीधे अने पापमां ज तत्पर होवाने लीधे तथा अपरमाता निरंतर द्वेषवाळी ज होय छे अने तेणीनुं हृदय दुष्ट ज होय छे तेने लीधे तेमज पोताना पुत्रने राज्यप्राप्ति थाय तो ठीक तेवा विचाररूप लोभसागरनुं दुर्निवारपणुं होवाने लीधे तेणीए आ अकार्य कर्युं, तेमां शुं आश्चर्य? कांइज नहीं.

---

१ दरेक धारानुं बील त्रणवार वंचाया पछी पसार थाय छे. कोइ पण वस्तुनुं वेचाण पण छेल्लीवार त्रणवार बोल्या पछी करवामां आवे छे.

त्यारे आ दोष कोने आपवो ? ते विषे निर्णय करे छे के-पूर्वे करेला दुष्कृत्य ( पापकर्म ) नो ज आ दोष छे, केमके पिताए तो प्राणथी पण वहाला एवा पुत्रने विद्या प्राप्त कराववानो ज उपक्रम ( उद्योग ) कर्यो हतो, परंतु तेने बदले परिणाममां जन्मपर्यंत बन्ने नेत्रनी अंधता प्राप्त थइ. कह्युं छे के.-

जं जेण कयं कम्मं पुव्वभवे इहभवे वसंतेणं।
तं तेण वेइअव्वं निमित्तमित्तो परो होइ ॥ २ ॥

अर्थ--पूर्व भवमां अथवा आ ( चालता ) भवमां वसतां जेणे जे कर्म कर्युं छे, ते अवश्य तेणे भोगववानुं ज छे; तेमां बीजो प्राणी तो निमित्तमात्र ज छे. २

धारिज्जइ इंतो जलनिही वि कल्लोलभिन्न कुलसेलो ।
न हु अन्न जम्म निम्मिअ सुहासुहो दिव्वपरिणामो॥१॥

अर्थ--तरंगोए करीने मोटा कूळपर्वतने पण भेदनार एवा समुद्रने धारण करी शकाय ( अटकावी शकाय ), परंतु पूर्व जन्ममां करेला शुभाशुभ कर्मना परिणाम अटकावी शकाता नथी. १

पछी राजाए आ वृत्तांत सांभळीने विचार्युं के-" मने धिक्कार छे के में कूट लेख लखीने अ कार उपर अनुस्वार मूकवा रुप प्रमाद-वडे तीव्र अग्निनी जेम आटलो बधो अनर्थ कर्यो ? अथवा उन्मादनी जेवो प्रमाद जीवने कया कया अनर्थ नथी पमाडतो ? अने

कया कया मनोरथोनो नाश नथी करतो ? कह्युं छे के,--

**प्रमादः परम द्वेषी प्रमादः परमं विषम् ।**
**प्रमादो मुक्तिपूर्दस्युः प्रमादो नरकायनम् ॥ १ ॥**

अर्थ--प्रमाद मोटो शत्रु छे, प्रमाद महा उत्कट विष छे, प्रमाद मुक्तिपुरीनो चोर छे, अने प्रमाद नरकनुं स्थान छे. १

राज्यने योग्य एवा पुत्रनो आ प्रमाणे विनाश करवामां हेतुरूप अने संताननो नाश करवामां साक्षात् धूमकेतुरूप मने मूर्खने धिक्कार छे. हवे तो ते पुत्र प्राणथी पण अधिक प्रिय छतां चक्षुरहित होवाथी समग्र समृद्धिना सारभूत राज्यने अथवा युवराजपणाने केम लायक होय ? " आ प्रमाणे ते राजा खेद सहित हृदयमां वारंवार पश्चात्ताप करवा लाग्यो. पछी कुणाल कुमारने समृद्धिवाळुं बीजुं गाम आप्युं. अने तेनी अपरमाताना पुत्रने उज्जयिनी आपी. अनुक्रमे ते समृद्धिवाळा गामने भोगवतां कुणाल कुमारनी " शरदश्री " नामनी पत्नीए विदूर पर्वतनी पृथ्वी वैडूर्य रत्नने प्रसवे तेम सारा लक्षणवाळा पुत्ररत्नने प्रसव्यो. ते वखते "हुं अपर मातानो मनोरथ व्यर्थ करुं, अने पोतानी मातानो मनोरथ सफळ करुं." एम विचारीने कुणाल कुमार राज्य लेवानी इच्छाथी पाटलीपुत्रमां जइ अनुपम गंधर्व कळाए करीने पुरना लोकोनुं रंजन करवा लाग्यो. तेनी अपूर्व कळा सांभळीने अशोकश्री राजाए तेने जवानिकामां राखीने गावानी आज्ञा करी. त्यारे ते पण सुंदर काव्यना प्रबंधवडे गातां गातां आ प्रमाणे बोल्यो.–

चंदगुत्तपपुत्तो उ बिंदुसारस्स नत्तुओ ।
असोगसिरिणो पुत्तो अंधो जाचइ कागणिं ॥ १ ॥

अर्थ—चंद्रगुप्तनो प्रपौत्र, बिंदुसारनो पौत्र अने अशोकश्रीनो पुत्र के जे अंध छे, ते काकणीनी याचना करे छे. १.

ते सांभळीने राजाए बहु मानथी तेने पूछ्युं के—"तुं कोण छे?" ते बोल्यो—" आपनी आज्ञानुं आराधन करवामां एकाग्र चित्तवाळो हुं आपनो पुत्र कुणाल छुं, के जेणे पितानी आज्ञाथी पोताना प्राणथी पण अधिक वहालां नेत्रो गुमाव्यां छे." ते सांभळीने राजा हर्ष पामी स्नेहसहित आखा शरीरे रोमांच रुप कंचुकने धारण करतो सतो ते कुमारने आलिंगन दइने बोल्यो के—" हुं तारापर तुष्टमान छुं. तारी इच्छा होय ते माग." ते बोल्यो के—" हुं काकणी मागुं छुं. बीजुं कांइ मागतो नथी." राजाए कह्युं—" हे वत्स ! तुं महाबुद्धिमान छतां केम आवुं अत्यंत तुच्छ मागे छे ? " ते वखते प्रधानो बोल्या के—" हे राजा ! राजपुत्रोने काकणी शब्दे करीने राज्य कहेवाय छे." ते सांभळीने राजाए तेने कह्युं के—" हे वत्स ! नेत्ररहित तुं राज्य शी रीते करी शकीश ? " त्यारे ते बोल्यो के—" पिताश्रीना प्रसादथी पिताश्रीने पवित्र लक्षणोना पात्ररूप पौत्र थयो छे, तेने माटे राज्य मागुं छुं, मारे माटे मागतो नथी." ते सांभळीने अत्यंत हर्ष पामेला राजाए प्रेमसहित कुमारने पूछ्युं के—" हे वत्स ! हर्षनां स्थानरूप ते पुत्र क्यारे जन्म्यो ? " कुमार बोल्यो के—" संप्रति एव ( हमणांज )." ते सांभळीने अत्यंत प्रीतिना उल्लासथी

पराधीन थयेलो राजा " संप्रति पुत्रो जातः ( हमणां पुत्र उत्पन्न थयो ) संप्रति पुत्रो जातः " एम वारंवार मोटेथी बोलवा लाग्यो. पछी ते पुत्र दश दिवसनो थयो त्यारे तेने उत्कृष्ट उत्सवपूर्वक त्यां अणावीने अत्यंत प्रमोदथी पूर्ण थयेला राजाए ते पुत्रनुं " संप्रति " नाम पाडी तेने राज्यपर स्थापन कर्यो. ते संप्रति राजा त्रण खंडनो भोगवनार थयो अने परम श्रावक थयो. तेणे " श्रीसुहस्ती " सूरिना उपदेशथी श्रीजिनमतना साम्राज्यने सर्व प्रकारे एक छत्ररूप कर्युं हतुं.

## ॥ इति व्यञ्जनाधिक्ये आख्यानकम् ॥

अर्थने अन्यथा करवामां विशेषे करीने पूर्वे कहेलाज दोषो जाणवा. ते उपर दृष्टांत नीचे प्रमाणे—

" शुक्तिमती " नामनी पुरीमां " श्रीमुनिसुव्रत " स्वामीना वंशमां उत्पन्न थयेलो " अभिचंद्र " राजा राज्य करतो हतो. तेने सत्यवादीपणाथी प्रसिद्ध थयेलो " वसु " नामे पुत्र हतो. ते गाममां परम श्रावक ( जैन धर्मी ) "कदंबक" नामना उपाध्याय रहेता हता. ते पोताना " पर्वत " नामना पुत्रने, राजपुत्र " वसु " ने अने " नारद " नामना एक विद्यार्थीने शास्त्राभ्यास करावता हता. एकदा अभ्यास करीने थाकी गयेला ते त्रणे विद्यार्थीओ रात्रे प्रासाद उपर सुइ गया हता. ते वखते आकाशमार्गे जता बे चारण मुनि परस्पर आ प्रमाणे बोल्या के–" आ त्रणे विद्यार्थीओमांथी एक विद्यार्थी स्वर्गे

जशे, अने बीजा बे नरके जशे. " ते वखते उपाध्याय जागता हता, तेमणे आ वृत्तांत सांभळीने खेद पामी विचार्युं के-" मने धिक्कार छे के हुं भणावनार छतां मारा बे शिष्यो नरके जशे. " पछी प्रातःकाळे "आ त्रणमांथी स्वर्गे कोण जशे ? अने नरके कोण जशे.?"तेनो निर्णय करवा माटे तेनी परीक्षा करवा दरेकने एक एक लोटनो कुकडो आपीने कह्युं के-" जे ठेकाणे कोइ पण न जुए तेवे गुप्त स्थाने आने मारीने लावो. " ते सांभळीने वसु अने पर्वत ए बन्ने जणे जूदी जूदी दिशामां निर्जन प्रदेशमां जइने ते कुकडाने हण्यो. अने नारद तो अत्यंत दूर शून्य स्थानमां गया छतां पण बुद्धिमान होवाथी विचार करवा लाग्यो के-"आ निर्जन स्थान छे,तो पण अहीं हूं देखुंछुं, देवो देखे छे, सिद्धो देखे छे तथा ज्ञानी पण देखे छे. जे स्थाने कोइ पण न देखे एवुं स्थान तो आखा विश्वने विषे कोइ पण नथी, तेथी खरेखर आ कुकडो अवध्य छे ( वध करवा योग्य नथी). एवो गुरुनी वाणीनो अभिप्राय जणाय छे. स्वभावथीज परम दयाळु एवा गुरुए जे अमने वध करवानो आदेश आप्यो छे, ते अमारी परीक्षा माटेज आप्यो जणाय छे. " पछी अनुक्रमे ते त्रणे शिष्योए आवी पोत पोतानुं वृत्तांत गुरुने निवेदन कर्युं. ते सांभळीने उपाध्याये "नारद ज स्वर्गगामी छे. " एम निश्चय करीने तेने गौरवताथी आलिंगन कर्युं, अने बीजा बन्नेनी निंदा करी. पछी तेज कारणथी उत्पन्न थयेला वैराग्यथी उपाध्याये प्रव्रज्या ग्रहण करी. एटले तेना स्थान पर तेनो पुत्र पर्वतक बेठो. अनुक्रमे अभिचंद्र राजाए पण दीक्षा लीधी, तेथी तेनी गादीए वसु राजा थयो. ते वसु राजा पोताना सत्यवादी-

पणाने प्रसिद्ध करवा माटे सत्य ज बोलतो हतो.

एकदा कोइ शिकारी विंध्याचळना पर्वतमां शिकार करवा गयो. त्यां तेणे एक मृगपर तीर फेंक्युं. ते तीर वचमां ज स्खलना पाम्युं. ते जोइ आश्चर्य पामी ते शिकारी तीरनी पासे गयो. त्यां हस्तनो स्पर्श थवाथी " आ वच्चे स्फाटिकमणिनी मोटी शिला छे. " एम तेणे जाण्युं. पछी " आ शिला राजाने योग्य छे " एम विचारी तेणे वसु राजाने आ वात जणावी. राजाए ते शिला लइने तेने सारुं इनाम आप्युं.पछी राजाए शिल्पीओ पासे गुप्त रीते ते शीलानी आसनवेदिका करावीने ते शिल्पीओने मारी नांख्या. पछी ते वेदिकाने पोताना सिंहासननी नीचे स्थापन करी अने " सत्यवादीपणाने लीधे तेनुं सिंहासन आकाशमां निराधार रहे छे. " एवी पोतानी ख्याति सर्वत्र प्रसिद्ध करावी. ते प्रसिद्धिने लीधे वसु राजाने देवता सानिध्य करेछे एवा भयथी सर्वे राजाओ तेने आधीन थया.

एकदा पर्वतके पोताना शिष्योने भणावतां " अजैर्यष्टव्यं ( अज वडे यज्ञ करवो ) " ए ऋग्वेदनी श्रुतिना व्याख्यानमां " अज एटले बकरावडे यज्ञ करवो " एवो अर्थ कर्यो. ते सांभळीने तेने मळवा आवेलो नारद के जे तेनी पासे बेठो हतो ते बोल्यो के—" हे भाइ! तुं आवो अर्थ न कर. केमके जे वाव्या छतां पण उगे नहीं ते 'अज' केहवाय छे, तेथी अहीं अज एटले त्रण वर्ष उपरांतनी डांगर (धान्य) लेवानी छे.

आपणा गुरुए पण एमज कह्युं छे. माटे धर्मोपदेष्टा गुरुने तथा

धर्मप्रतिपादक श्रुतिने तुं अन्यथा न कर. ” आ प्रमाणे बहु कह्या छतां पण पर्वतके अभिमानथी पोतानो आग्रह मूक्यो नहीं. छेवटे तेमणे वाद करतां जीव्हानो छेद करवानी [1]सरत करी, अने वसु राजाने साक्षी कर्यो. ते सांभळीने पर्वतकनी माताए एकांतमां पुत्रने कह्युं के–“ हे पुत्र ! में पण तारा पिताने अज शब्दनो अर्थ त्रण वरसनुं धान्य छे एम कहेतां सांभळ्या छे, तेथी फोगट महा अनर्थकारी सरत शा माटे करे छे ? ” ते सांभळीने ते बोल्यो के–“ जे कर्युं ते कर्युं ज. हवे जेम घटे तेम उपाय करो. ” पछी पुत्रना मोहथी मोहित थयेली ते माताए पुत्रना हितने माटे वसुराजा पासे जइने तेने एकांतमां एवी रीते असरकारक कह्युं के जेथी गुरुपत्नीना दाक्षिण्यने लइने तेणीना कहेवा प्रमाणे ज अर्थ करवानुं तेणे कबुल कर्युं. पछी प्रातःकाळे ते बन्ने सभामां जइ विवाद करवा लाग्या, अने तेना निराकरण माटे वसुराजाने पूछ्युं. ते वखते मोटा पापनो पण अनादर करीने राजाए खोटी साक्षी पूरी. अर्थात् अज शब्दनो अर्थ बकरो एम कर्यो. ते ज वखते देवताए तेने लात मारीने सिंहासन परथी पाडी दीधो. तरत ज ते मरीने नरके गयो. तेनी गादीए तेना पुत्रोने बेसाड्या. ते पण अनुक्रमे आठ पुत्रो देवताथी हणाया. केमके दैवी कोप दुःसह छे. तेना बे पुत्रो नाशी गया. पछी पुरना लोकोए पर्वतने धिक्कार आपी पुरमांथी काढी मूक्यो. तेने “ महाकाळ ” नामना असुरे आश्रय आप्यो.

---

१ जे हारे तेनी जीव्हा कापवी एवी होड करी.

ते महाकाळनो संबंध एवो छे के–" अयोधन " नामना राजाए पोतानी पुत्रीनो स्वयंवर आरंभ्यो. ते वखते ते कन्यानी माताए कन्याने गुप्त रीते कह्युं के–" मारा भाइनो पुत्र जे ' मधुपिंग ' छे, तेने तुं वरजे. केमके ते बहु रूपवान तथा गुणी छे. " आ वात सर्व राजाओमां मुख्य एवा " सगर " राजाए गुप्तपणे सांभळनारी एक दूतीना मुखथी जाणीने पोताना पुरोहितने ते कन्याने परणवानो उपाय पूछ्यो. त्यारे कपट करवामां चतुर अने शीघ्रकवि एवा ते पुरोहिते तत्काळ नवी राजलक्षण संहिता बनावीने सभामां एवी रीते ते ग्रंथनुं व्याख्यान कर्युं के जेथी राजलक्षणोवडे सगर राजा उत्कृष्ट गणाय, अने मधुपिंग हीन गणाय. ते सांभळीने सर्व राजाओवडे हांसी करातो मधुपिंग लज्जा पामीने सभामांथी जतो रह्यो; अने ते कन्याने सगर राजा परण्यो. पछी मधुपिंग क्रोधथी तप करीने महाकाळ नामनो असुर थयो. आ असुर अने पर्वतने त्रीजो " पिप्पलाद " पण मळ्यो हतो.

पिप्पलादनुं वृत्तांत एवुं छे के–" सुलसा " अने " सुभद्रा " नामे बे परिव्राजिकाओ जगप्रसिद्ध हती. तेमां मोटी सुलसा घणीज विद्वान हती, तेथी तेणीए पडह वगडाव्यो हतो के—" जे कोइ मने वादमां जीते तेनी हुं शिष्या थाउं, अने जो ते मने न जीते तो ते मारो शिष्य थाय."आ प्रमाणे प्रतिज्ञा करीने फरतां कोइ वखत तेणीने " याज्ञवल्क्य " नामना परिव्राजक साथे वाद थयो. तेमां याज्ञवल्क्यनो पराजय करी तेणीए तेने पोतानो शिष्य कर्यो. त्यार पछी अनुक्रमे घणा परिचयने लीधे तेमनी अकार्यमां प्रवृत्ति थवाथी सुलसा

गर्भवती थइ. ते वात सुभद्राए जाणी, त्यारे तेणीए तेणीने अत्यंत उपालंभ आपी गुप्त राखी. अनुक्रमे तेणीने पुत्रप्रसव थयो, ते वखते सुभद्रा न जाणे तेम ते पुत्रने एक पीपळा नीचे मूकी ते बन्ने नाशी गयां. प्रातःकाळे तेमनां पगलांने अनुसारे तेमनी शोध करतां सुभद्राए पीपळा नीचे पुत्रने जोयो. ते पुत्र भूख्यो होवाने लीधे पीपळानुं फळ पोतानी मेळे तेना मुखमां पड्युं हतुं तेने चाटतो हतो, तेथी तेनुं "पिप्पलाद" एवुं नाम पाडीने सुभद्राए पोताना आश्रममां राखी तेने वृद्धि पमाड्यो. योग्य वयनो थयो त्यारे तेने भणाव्यो, तेथी ते घणो विद्वान थयो. एकदा तेणे पोतानी उत्पत्ति तथा मातपितानी वात सांभळी एटले ते अनार्ये मावाप पर द्वेष वहन करीने तेमनो वध करवा माटे अनार्य ग्रंथो रच्या. अने तेमां एवी प्ररुपणा करवा लाग्यो के—"राजाओए अश्वादिकनी शांति माटे अने स्वर्गादिकनी प्राप्ति माटे पशु, घोडा, हाथी अने मनुष्यादिक वडे यज्ञ करवो."

आ प्रमाणे तेनी प्ररुषणा जाणीने महाकाळे विचार्युं के—"जो आ पर्वतक अने पिप्पलादनी प्ररुषणाथी राजाओ यज्ञमां हिंसा करवा प्रवर्ते तो तेओ मरीने नरके जाय, अने तेम थवाथी सगरादिक राजाओ साथे जे मारे वैर छे तेनो बदलो वळे." एम विचारीने महाकाळे ते बन्नेने कह्युं के—"तमो बन्ने यज्ञमां हिंसानी प्रवृत्ति करो, हुं सर्वत्र तमारुं सानिध्य करीश." एम कहीने महाकाळे पुर, ग्राम विगेरे सर्व ठेकाणे रोगनी उत्पत्ति करी. पछी ज्यां ज्यां पर्वतक अने पिप्पले हिंसात्मक यज्ञ कराव्यो त्यां त्यां ते असुरे रोगनी शांति करी

अने यज्ञमां हणेला पशुओने देवता थइने विमानमां बेठेला प्रत्यक्ष दे-खाडया. ते जोइने सर्वे सगर विगेरे राजाओ अत्यंत आदरवाळा थइ ते प्रमाणे यज्ञ करवा लाग्या. पछी निर्दय एवा ते बन्नेए धीमे धीमे मनुष्यनी हिंसा पण प्रवर्तावी. पछी महाकाळे मायावडे मोहित करीने स्त्रीसहित सगर राजानो यज्ञमां होम कराव्यो, तथा पिप्पले पण पोताना मात पिताने शोधीने तेमनो यज्ञमां होम कर्यो. केमके ते ब-न्नेनो आ कार्यने माटेज उद्योग हतो. आ प्रमाणे महा अनर्थना हेतुरूप अनार्य वेदोनी प्रवृत्ति थइ. आर्य वेदो तो चक्रीने त्यां हमेशां भोजन करता श्रावकोने भणवा माटे श्रीतीर्थंकरनी स्तुतिमय अने श्राद्ध धर्मनुं प्रतिपादन करनारा माणवक निधिमांथी उद्धरीने भरत चक्रवर्तीए रचेला छे.

आ प्रमाणे अर्थने अन्यथा करवा पर पर्वतकनुं दृष्टांत छे. व्यं-जन अने अर्थ ए बन्नेने अन्यथा करवामां आ कथामां कहेला अनार्य वेदना रचनार तथा ते अनार्यवेदनी व्याख्या करनार पिप्पला-दनुं दृष्टांत छे. अथवा " श्रीगुप्त " आचार्यना बे शिष्यो, नोजीवनी स्थापना करनार " त्रैराशिक रोहगुप्त " विगेरेनां दृष्टांतो छे ते अन्य ग्रंथोथी जाणी लेवा.

॥ इति षष्ठसप्तमाष्टमा ज्ञानाचाराः ॥

॥ इत्यष्टविधो ज्ञानाचारः ॥

## श्रीमद्यशोविजयोपाध्यायकृत

## ज्ञानाष्टक ॥ ५ ॥

मज्जत्यज्ञ किलाज्ञाने, विष्टायामिव शूकरः ॥
ज्ञानी निमज्जति ज्ञाने, मराल इव मानसे ॥ १ ॥
निर्वाणपदमप्येकं, भाव्यते यन्मुहुर्मुहुः ॥
तदेव ज्ञानमुत्कृष्टं, निर्बंधो नास्ति भूयसा ॥ २ ॥
स्वभावलाभसंस्कार–कारणं (स्मरणं) ज्ञानमिष्यते ॥
ध्यान्ध्यमात्रमतस्त्वन्य–त्तथा चोक्तं महात्मना ॥ ३ ॥
वादांश्च प्रतिवादांश्च, वदंतोऽनिश्चितांस्तथा ॥
तत्त्वान्तं नैव गच्छंति, तिलपीलकवद्गतौ ॥ ४ ॥
स्वद्रव्यगुणपर्याय–चर्या वर्या परान्यथा ॥
इति दत्तात्मसंतुष्टि–र्मुष्टिज्ञानास्थितिर्मुनेः ॥ ५ ॥
अस्ति चेद् ग्रंथिभिज्ज्ञानं, किं चित्रैस्तंत्रयंत्रणैः ॥
प्रदीपाः क्वोपयुज्यन्ते, तमोघ्नी दृष्टिरेव चेत् ॥ ६ ॥
मिथ्यात्वशैलपक्षच्छिद्, ज्ञानदंभोलिशोभितः ॥
निर्भयः शक्रवद्योगी, नंदत्यानंदनंदने ॥ ७ ॥
पीयूषमसमुद्रोत्थं, रसायनमनौषधम् ॥
अनन्यापेक्षमैश्वर्यं, ज्ञानमाहुर्मनीषिणः ॥ ८ ॥

---

## ॥ रहस्यार्थ ॥

१ निर्मल ज्ञानवडे वस्तु तत्त्वनो निर्धार करीने जे सदाचारने सेवे छे तेज मोहनो विनाश करी शके छे, माटे निर्मळ ज्ञान गुण आ-

दरवा शास्त्रकार आग्रहपूर्वक कहे छे. जेम भूंड विष्टामां मग्न रहे छे तेम मूढ माणस अज्ञानमांज मग्न रहे छे, पण ज्ञानी पुरुष तो जेम हंस मानसजलमां मग्न रहे छे तेम निर्मळ ज्ञानगुणमांज मग्न रहे छे. ज्ञानी पुरुष कदापि ज्ञानमां अरति धारतो नथी, अथवा ज्ञान ज तेनो खरो खोराक होवाथी ते तेने अत्यंत आदरथी सेवे छे.

२ जेनाथी राग द्वेषनो अत्यन्त क्षय थवा पूर्वक मोक्षपदनी प्राप्ति थइ शके एवा पण एक पदनो वारंवार अभ्यास करी तेमां तन्मय थवुं तेज ज्ञान श्रेष्ठ छे. 'मारुष मातुष' जेवा एक पदथी पण कल्याण साधी शकाय छे. तेवाज वधारे पद होय तेनुं तो कहेवुंज शुं ? बाकी भारभूत एवा शुष्क ज्ञान मात्रथी कंइ कल्याण नथी.

३ जेथी स्वभाव निर्मळ थाय एटले आत्मपरिणति सुधरती जाय तेज ज्ञान कहेवाय छे, बाकीनुं ज्ञान तो केवळ बोजारूपज छे. आ संबंधमां योग दृष्टि समुच्चयमां हरिभद्र सूरीजी बुद्धिना अन्धकार रूप नीचे प्रमाणे ज कहे छे.

४ पूर्वपक्ष उत्तर पक्ष रुप वाद प्रतिवाद करतां तथा अनिश्चित पदार्थोने वदतां थकां, जेम घांचीनो बळद गमे तेटलुं चाले तोपण तेनो अंत आवतो नथी, तेम तत्त्वनो पार पामी शकातोज नथी. साध्य दृष्टिथी धर्मचर्चा करतां के नम्रपणे तत्त्व कथन के श्रवण करतां केवळ हित प्राप्तिज थाय छे. माटे शुष्क वादविवाद तजीने केवळ तत्त्व खोजना करवी.

५ आत्मद्रव्यना गुण पर्यायनी पर्यालोचना करवीज श्रेष्ट छे, बीजी नकामी बाबतमां वखत गुमाववो युक्त नथी. आ प्रमाणे आत्म संतोष उत्पन्न करनार मुष्टिज्ञाननी स्थिति मुनिनी गणाय छे. मुष्टि-

ज्ञान संक्षिप्त छतां सर्वोत्तम छे, तेथी सर्व परभावथी विरमी मुनि सहज स्वभावरमणी बने छे.

६ मिथ्यात्वने भेदी समकित प्राप्त करावे एवुं सम्यग् ज्ञान जो प्रगट थाय तो ते सारभूत ज्ञान पामी बीजा शास्त्रपरिश्रमनुं कंइ प्रयोजन नथी. जो स्वभाविक दृष्टिथी अंधकार दूर थतो होय तो कृत्रिम दीवानुं शुं प्रयोजन छे ? साचो दीवो जेना घटमांज प्रगटयो छे तेने सहज स्वाभाविक प्रकाश मळ्याज करे छे. तेथी ते मिथ्यात्व अंधकारनो विनाश करी आनंदमग्नज रहे छे. सारभूत ज्ञान विना लाखो गमे क्लेशकारक शास्त्र विलोडणथी शुं वळवानुं ? चोखी दृष्टिवाळाने एक पण दीवो बस छे, अने अंध दृष्टिने हजारो दीवाथी पण उपकार थइ शकवानो नथी. सम्यग्ज्ञानवान् सम्यग् दर्शन या समकित रत्नना प्रभावथी दिव्यदृष्टिज कहेवाय छे.

७ मिथ्यात्व पर्वतना पक्षोने छेदवा समर्थ ज्ञानरूप वज्रथी शोभित मुनि निर्भय छतां शक्र इंद्रनी पेरे आनंदनंदनमां विचरे छे. रत्नत्रयी मंडित मुनि निर्भय छतां सहजानन्दमां मस्त रहे छे. तेवा योगी पुरुषने संयममां अरति थवा पामतीज नथी.

८ प्राज्ञ पुरुषो कहे छे के—ज्ञान समुद्रथी नहीं उत्पन्न थयेलुं अभिनव अमृत छे, औषध विनानुं अपूर्व रसायण छे अने बीजानी अपेक्षा विनानुं अथवा सर्वथी श्रेष्ठ एवुं अनुपम ऐश्वर्य छे, भाग्यवंत भव्योज तेनो लाभ लई शके छे. भाग्यहीनने ते प्राप्त थइ शकतुंज नथी. सौभागी भमरो तेनो मधुर रस पीवे छे अने दुर्भागी तेनाथी दूरज रहे छे.

## श्री हरिभद्रसूरिविरचितं
## ज्ञानाष्टकं ॥ ९ ॥

आठमा अष्टकमां कहेलुं भाव पच्चख्खाण ज्ञान विशेष होते छते थाय छ माटे ते ज्ञान विशेषने देखाडता थका कहे छे.—

**विषयप्रातिभासं चा–त्मपरिणतिमत्तथा ॥**
**तत्वसंवेदनं चैव, ज्ञानमाहुर्महर्षयः ॥ १ ॥**

अर्थ—महान् ऋषिओ विषयप्रतिभास, आत्मपरिणतिमत् तथा तत्त्वसंवेदन एवी रीते त्रण प्रकारनां ज्ञानो कहे छे. १.

टीकानो भावार्थ—विषय एटले कर्ण आदिक इंद्रिओना ज्ञानने गोचर एवा शब्दादिक, तेने जणावनारुं जे ज्ञान तेने "विषयप्रतिभास" नामनुं ज्ञान जाणवुं. ( पण तेओनी प्रवृत्तिमां तेथी उत्पन्न थतो जे आत्माना अर्थ अनर्थनो स्वभाव तेने जणावनारुं नहीं ) अर्थात् आलोक संबंधी अने परलोक संबंधी छद्मस्थ ज्ञानना विषयरूप एवा अर्थोमां प्रवृत्तिने विषे, आत्माना तात्विक अर्थ अने अनर्थना प्रतिभासथी जे शून्य ते "विषयप्रतिभास" ज्ञान जाणवुं; ते ज्ञान मिथ्यादृष्टिओने होय छे, तथा आत्माना क्रियाविशेषथी थइ शके एवो जे परिणाम ते जेमां जणाय छे तेने "आत्मपरिणतिमत्" ज्ञान कहीए. (पण तेने अनुरूप एवी प्रवृत्ति निवृत्ति तेमां न होय) ते ज्ञान अविरति एवा सम्यग् दृष्टिओने होय छे. तथा जेथी परमार्थ जणाय अर्थात् हेय अने उपादेय पदार्थोथी निवृत्ति अने प्रवृत्ति

करनारुं जे ज्ञान तेने " तत्त्व संवेदन " ज्ञान कहीए. ते ज्ञान शुद्ध चारित्रीओने होय. एवी रीतना त्रणे ज्ञानो महा मुनिओए कहेलां छे अने ते त्रणे मत्यादि विशेषज छे.

हवे पहेला ज्ञाननुं स्वरूप कहे छे—

**विषकंटकरत्नादौ, बालादिप्रतिभासवत् ॥**
**विषयप्रतिभासं स्यात्, तद्धेयत्वाद्यवेदकम् ॥२॥**

अर्थ—झेर, कांटा अने रत्नादिकोने विषे बाळकादिकनां जाणपणानी पेठे हेयत्व आदिकनो निश्चय नहीं करावनारुं " विषयप्रतिभास " ज्ञान होय. २.

टीकानो भावार्थ—विष एटले अतिविष वच्छनाग आदिक तथा कंटक एटले बावळ आदिकना अवयवो (कांटाओ) विगेरे हेय पदार्थो तथा रत्न एटले मरकत मणि आदिक बीजी उपादेय वस्तुओ तेने विषे बाल तथा अति मुग्धोनुं जे ज्ञान, तेना सरखुं " विषय प्रतिभास " ज्ञान होय. हवे ते " विषयप्रतिभास " ज्ञान बाळ आदिकना ज्ञान सरखुं केम छे ? ते कहे छे के—ते ज्ञान, ज्ञेय विषयोनुं तजवापणुं, तथा उपेक्षवापणुं जणावी शकतुं नथी, अर्थात् बाल आदिकनुं ग्रहण करवापणुं ज्ञान, जेम विष आदिक विषयना रूप आदिकनेज जाणे छे, पण तेना हेयत्व आदिक धर्मने जाणतुं नथी, तेम जे ज्ञान ग्रंथीभेद जेओने नथी थएलो एवा बहुश्रुतोने पण (तेओना) मोहथी मळीन थएला मनपणाए करीने, अतत्त्वोनी हेयतानो, तथा तत्त्वोनी उपादेयतानो विचार कराववामां असमर्थ होय, अर्थात् तत्त्व अने अतत्त्वने तुल्य

जणावनारुं, अथवा उलटी रीते जणावनारुं होय ते "विषय प्रतिभास" ज्ञान कहेवाय. कह्युं छे के—

विसयपडिभासमित्तं, बालस्सेव खु रयणविसयंमि ॥
वयणाइएसु नाणं, सव्वथ्थाणाण मोणेयं ॥ १ ॥

हवे तेज ज्ञानने तेना चिन्ह आदिकथी देखाडता थका कहे छे—

**निरपेक्षप्रवृत्त्यादि, लिंगमेतदुदाहृतम् ॥**
**अज्ञानावरणापायं, महापायनिबंधनम् ॥ ३ ॥**

अर्थ—(पाप संबंधी )शंका विनानी प्रवृति आदिक छे चिन्ह जेनुं, तथा अज्ञानना आवरणनो नाश करनारुं अने महा अपायना कारण रूप, ते "विषय प्रतिभास" ज्ञान कहेलुं छे. ३.

टीकानो भावार्थ—आ लोक अने परलोक संबंधी अपायोनी (दुष्ट कार्योनी ) जे शंका, ते जेमांथी गयेली छे एवुं जे प्रवर्त्तनादिक ते छे चिन्ह जेनुं, तेने आप्तोए "विषय प्रतिभास" ज्ञान कहेलुं छे. ते शाथी थाय ते कहे छे. "अज्ञान" केतां मिथ्यात्वना उदयथी दुषित एवां जे मति, श्रुत अने अवधि ज्ञान (विभंग ज्ञान) तेना आवरणनो छे क्षयोपशम जेमां एवुं (मिथ्यादृष्टिओनुं) जे मति, श्रुत अने अवधि ज्ञान (विभंग ज्ञान ) ते अज्ञानज छे. कह्युं छे के—

अविसेसिया मइच्चिय, समदिट्ठिस्स सा मइनाणं ॥
मइअन्नाणं मिच्छा—दिट्ठिस्स सुयंपि एमेव ॥१॥

" सम्यग् दृष्टिओनी जे बुद्धि ते 'मति ज्ञान' छे अने मिथ्या-

दृष्टिनी जे बुद्धि ते 'मति अज्ञान' छे. पण मतिमां कंइ फेरफार नथी. श्रुत ज्ञान ने श्रुत अज्ञान माटे पण ए प्रमाणेज समजवुं."

हवे ते " विषय प्रतिभास " ज्ञान शुं फळ आपे छे ? ते कहे छे. ते पोताने अने परने आलोक अने परलोक संबंधी महा अपायोना कर्ता, महा कष्टोना कारणरूप थाय छे. केमके तत्त्वथी ते अज्ञानज छे, अने अज्ञान छे ते महा अपायनुं कारण छे. कह्युं छे के—

अज्ञानं खलु भो कष्ट, क्रोधादिभ्योऽपि सर्वापायेभ्यः ॥
अर्थं हितमहितं वा, न वेत्ति येनावृतो लोकः ॥ १ ॥

" अज्ञान छे ते, खरेखर क्रोधादिक सर्व अपायोथी पण कष्टकारी छे, केमके अज्ञानथी विंटाएलो माणस हित अथवा अहित कार्यने जाणी शकतो नथी."

हवे बीजा "आत्मपरिणतिमत्" ज्ञाननुं स्वरूप देखाडवा माटे कहे छे.

## पातादिपरतंत्रस्य, तद्दोषादावसंशयम् ॥
## अनर्थाद्याप्तियुक्तं चा–त्मपरिणतिमन्मतम् ॥ ४ ॥

अर्थ—पतन आदिकथी परतंत्र थएला प्राणीने तेना दोषादिकने विषे संशय विनानुं तथा अनर्थ आदिकनी प्राप्तिवालुं " आत्मपरिणतिमत् " ज्ञान मानेलुं छे. ४.

टीकानो भावार्थ—" पातादिपरतंत्रस्य " केतां नीची अने ऊंची गति माटे परतंत्र थएला एटले विषय अने कषायादिके वश करेला प्राणीने, ते कषाय आदिकथी थता कर्मबंध अने दुर्गति आदिक

दोषमां अने ( आदि शब्दथी ) अभ्युदय आदिक गुणमां जे संशय रहित ज्ञान थाय छे, तथा जे कर्म बंधन, दुर्गति गमनरूपी अनर्थ, अने परंपराथी मलता मोक्षरूपी गुणनी प्राप्तिवाळुं छे, तेने तत्त्वना जाणनाराओए "आत्मपरिणतिमत्" ज्ञान मानेलुं छे. अहीं दृष्टांत नीचे प्रमाणे जाणवुं.

अवळी चालना घोडापर बेसवाथी परतंत्र थयेला स्वारने अंगभंग तथा मरणादिक दोषमां तथा रुना समूहना कोमल स्पर्शादिक गुणमां संशय रहितपणुं थाय छे, तथा ते अंगभंगादिक अनर्थ, अने सुख स्पर्शादिक गुणनी प्राप्तिवाळुं छे, एम ते माने छे.

हवे तेज आत्मपरिणतिमत् ज्ञाननुं लिंगादिकथी निरुपण करता थका कहे छे—

**तथाविधप्रवृत्त्यादि–व्यंग्यं सदनुबंधि च ॥**
**ज्ञानावरणह्रासोत्थं, प्रायो वैराग्यकारणम् ॥ ५ ॥**

अर्थ–तेवा प्रकारनी प्रवृत्ति आदिकथी प्रगट थनारुं, तथा शुभ अनुबंधवाळुं, तथा ज्ञानावरणादिकना नाशथी उत्पन्न थयेलुं, अने प्राये करीने वैराग्यना कारणरूप ते "आत्मपरिणतिमत्" ज्ञान जाणवुं. ५.

टीकानो भावार्थ—तेवा प्रकारनी अहिंसादिकने विषे जे प्रवृत्ति आदिक ते थकी प्रगट थवारूप छे चिह्न जेनुं तथा परंपराथी मोक्षफळने देवारूप छे सदनुबंध जेनो, एवुं ते आत्मपरिणतिमत्

ज्ञान छे हवे ते ज्ञान शुं हेतुवाळुं छे ते कहे छे. मति आदिक ज्ञाननुं जे आवरण, तेना क्षयोपशमथी उत्पन्न थयेलुं ते ज्ञान छे, वळी ते ज्ञान तदनुबंधी शी रीते छे ? ते कहे छे के, ते ज्ञान प्राये करीने वैराग्य केतां उत्तम भावनानुं निमित्त छे. कह्युं छे के—

बालधूलिगृहक्रीडा—तुल्यास्यां भाति धीमताम् ।
तमोग्रंथिविभेदेन, भवचेष्टाखिलैव हि ॥ ५ ॥

" अज्ञानरुपी ग्रंथीना भेदथी बुद्धिमानोने आ भवनी सघळी चेष्टा, वैराग्य भावना होते सते, बाळके करेला धूळीना घरनी रमत सरखी (विनश्वर) लागे छे. " अहीं प्राये करीने वैराग्यनुं जे कारण कह्युं, ते राज्यादिक मेळववामां तत्पर थयेला एवा भरतादिकनी पेठे कषायनो उदय विशेष होते सते ते ज्ञान वैराग्यनुं कारण न पण थाय तेम जणाववा माटे कह्युं छे.

हवे त्रीजुं जे "तत्त्वसंवेदन" ज्ञान तेना प्रतिपादन माटे कहे छे—

**स्वस्थवृत्तेः प्रशांतस्य, तद्धेयत्वादि निश्चयम् ।**
**तत्वसंवेदनं सम्यग्, यथाशक्तिफलप्रदम् ॥ ६ ॥**

अर्थ—स्वस्थ वृत्तिवाळा, तथा शांत एवा पुरुषने, वस्तुना हेयपणा आदिकमां निश्चयवाळुं " तत्त्वसंवेदन " ज्ञान थाय छे. अने ते सारी रीते यथाशक्ति फळने देनारुं छे. ६.

टीकानो भावार्थ—आकुळता रहित छे वचन अने कायाना व्यापारनुं वर्तवापणुं जेने तथा रागद्वेष आदिना उपशमवाळा एवा माणसने " तत्त्व संवेदन " ज्ञान थाय छे. हवे ते ज्ञान केवुं छे ?

वस्तुतत्त्वना हेयपणा, उपादेयपणा अने उपेक्षणीयपणानो छे निश्चय जेमां एवुं छे. ए " तत्त्व संवेदन " ज्ञान सम्यक् प्रकारे पुरुषने, संघयण आदिकना सामर्थ्यने अनुसारे विरतिरुपी अनंतर फळ तथा परंपराए मोक्षफळने देनारुं छे. हवे ते ज्ञानना लिंगादिकने प्रतिपादन करता थका कहे छे–

**न्याय्यादौ शुद्धवृत्त्यादि–गम्यमेतत्प्रकीर्तितम् ।**
**सज्ज्ञानावरणापायं, महोदयनिबंधनम् ॥ ७ ॥**

अर्थ–मोक्ष मार्ग आदिकने विषे शुद्ध प्रवृत्ति आदिथी जे अनुमान कराय छे, तेने तत्त्व संवेदन ज्ञान कहेलुं छे, तथा ते उत्तम ज्ञानना आवरणनो क्षयोपशम करनारुं अने मोक्षना कारण रूप छे. ७.

टीकानो भावार्थ–नीति सहित एवा सम्यग् ज्ञान, दर्शन अने चारित्ररूप जे मोक्षमार्ग तेने विषे अतिचार रहित प्रवृत्ति आदिके करीने जे ज्ञाननी अनुमिति थाय छे, तेने ज्ञाननुं स्वरूप जाणनाराओए " तत्त्वसंवेदन " ज्ञान कहेलुं छे; हवे ते ज्ञान केवा हेतुवाळुं छे? ते कहे छे के, उत्तम एवुं जे आभिनिबोधादिक ज्ञान, तेना आवरणना क्षयोपशमथी थनारुं अने निर्वाणना कारणरूप फळने देनारुं छे.

आ अष्टकने संपूर्ण करता थका उपदेश कहे छे–

**एतस्मिन् सततं यत्नः, कुग्रहत्यागतो भृशम् ॥**
**मार्गश्रद्धादिभावेन, कार्य आगमतत्परैः ॥ ८ ॥**

अर्थ—आगमना वचनोमां तत्पर एवा माणसोए कदाग्रह तजीने उपर कहेला तत्त्वसंवेदन ज्ञानमां, मोक्षमार्गमां श्रद्धादिक भावे करीने हमेशा खुब यत्न करवो. ८.

टीकानो भावार्थ—उपर कहेला तत्वसंवेदन ज्ञानमां हमेशां आदर करवो, केवी रीते करवो ? ते कहे छे के जेथी शास्त्रने बाध आवे एवा कदाग्रहने तजीने यत्न करवो; शावडे करवो ते कहे छे के, मोक्ष मार्गमां श्रद्धा, तेनुं ज्ञान, अने तेनी सेवनाथी यत्न करवो. हवे ते कोणे करवो ? ते कहे छे के, आप्तनां वचनमां तत्पर थएला एवा माणसोए करवो.

नवमा ज्ञानाष्टकनुं विवरण समाप्त.

पंडित श्री रूपविजयजी कृत.

# श्री पंचज्ञाननी पूजा.

## पूजा १ ली.

### दुहा.

सकल कुशल कमळावली, भाषक भाण समान;
श्रीशंखेश्वर पासना, चरण नमी धरी ध्यान. १
कर्मतिमिरभर टाळवा, ज्ञान ते अभिनव सूर;
ज्ञानी ज्ञानबळे लहे, स्वपर स्वभाव पडूर. २
श्रद्धामूळ क्रिया कही, तेहनुं मूळ ते ज्ञान;
तेहथी शिवसुख बहु जना, पाम्या धरी एक तान. ३
असंख्य भेद किरीयातणा, भाख्या श्री अरिहंत;
ज्ञानमूळ सफळा सवे, पंच भेद तस तंत. ४
मइ सुअ उहि मणपज्जवा, पंचम केवळ जाण;
पूजा करतां तेहनी, लहीए पंचम नाण. ५
जाणे केवळे केवळी, श्रुतथी करे वखाण;
चउ मुंगा श्रुत बोलतुं, भाखे त्रिभुवनभाण. ६
पंच ज्ञान अनुक्रमे लही, जेह थया अरिहंत;
अष्टप्रकारे पूजतां, लहीए ज्ञान अनंत. ७

### ढाल.

झुमखडानी देशी.

परमपुरुष परमातमारे, पुरसादाणि पास; जिनेसर पूजीए.

जळ चंदन कुसुमे करीरे, पूजो धरी उल्लास. जि० १
जास पसाये निरमळुंरे, प्रगट होये मइनाण; जि०
भेद अट्ठावीश तेहनारे, समजो चतुर सुजाण. जि० २
द्रव्य क्षेत्र काळ भावथीरे, चउद्दा छे मइनाण; जि०
द्रव्यथी मइनाणी लहेरे, द्रव्य छक्क परिमाण. जि० ३
क्षेत्रथी लोकालोकनेरे, काळथी तिविहा काळ; जि०
भावथी पांचे भावनेरे, जाणे आदेशे रसाळ. जि० ४
जिन उत्तम मुखपद्मनीरे, वाणि सुणी लहे बोध; जि०
शुद्ध चिदानंद रूपथीरे, करी निज आतमशोध. जि० ५

काव्यम्

अष्टाविंशतिधा मतिश्रुतमपि प्रोक्तं मनुसम्मितम् ।
षोढा चावधि रूपिद्रव्यविषय ज्ञानं निदानं श्रियाः ॥
श्रीमनपर्यवसंज्ञिकं च द्विविधं कैवल्यमर्ध्येतिकम् ।
ज्ञानं पंचविधं यजेह मनिशं सिद्ध्यंगनाराधनम् ॥ १ ॥

ॐनमो ज्ञानाय लोकालोकप्रकाशकाय, नवतत्त्वस्वरूपाय, अनंत द्रव्यगुणपर्यायमयाय, मति श्रुतावधिमनःपर्यव केवलज्ञानाय, जलं १, चंदनं २, पुष्पं ३, धूपं ४, दीपं ५, अक्षतं ६, नैवेद्यं ७, फलं ८ यजामहेस्वाहा ॥

आ काव्य तथा मंत्र दरेक पूजाए कहेवुं.

## गीत ( दुहा. )

एक जीव अंगीकरी, छासठ सागर ठाण;
अंतरमुहूर्त जघन्यथी, वरते थिर मइनाण. १

## ढाळ.

( चंदजसा जिनराजिया, मनमोहनमेरे–ए देशी )

श्री जिनराजनी पूजना,मनमोहन मेरे, करी थीर मन करी सार;मन०
धूप दीप अक्षत धरी, मन० नैवेद्य फळ मनोहार. मन० १
श्रुतवासित (निश्रित) मतिज्ञानना,मन० भेद अठ्ठावीश जोय; मन०
असुयनिस्सिय मइतणी, मन० चउहा बुद्धि होय. मन० २
श्रोत्र घ्राण रस फरसथी, मन० व्यंजनावग्रह चार; मन०
अथ्थुगह ईहा वळी, मन० अपाय धारणा सार. मन० ३
पंच इंद्री मन मेळतां, मन० चोवीश भेद सुहाय; मन०
अडाविस भेद उभय मळी, मन० भाखे श्रीजिनराय. मन० ४
त्रणसें छत्रीश पण कह्या, मन० श्रुतानिश्रित मइ भेद; मन०
श्री जिनवर सेवाथकी, मन० पाप ताप होय छेद. मन० ५
समकित मइ सुअ संपजे, मन० त्रण्ये एके काळ; मन०
जिन उत्तम पद पद्मनी, मन० सेवना रूप रसाळ. मन० ६

इति श्रीमतिज्ञानपूजा. १

## पूजा २ जी.

### दुहा.

श्रुतअक्षर एकेकना, स्वपर भाग विचार;
करतां पज्जवनी कही, राशि अनंती सार. १
सरधावंत सुसंयमी, गुरुकुळवासी साध;
श्रुत अभ्यास करी भजे, तरे संसार अगाध. २

## ढाळ.

[ नलिनावति विजये जयकारी. ]

जिनवर जगगुरु जगउपगारी, पूजो भावे नरनारीरे; श्रुतना अधिकारी.
जिनवर भगते सरधा आवे, तेहथी श्रुतरस बहु पावेरे. श्रु० १
छासठ सागर सुअथिति जाणो, एक जीव उक्किट्ठ प्रमाणोरे; श्रु०
अनादि अनंत प्रवाहथी जाणो, सेवो श्रुत अनुभव आणोरे. श्रु० २
चउ भेद सुअनाणना सार, भाखे जिनवर गणधाररे; श्रु०
अहवा वीश भेद पण जाणो, थिर सरधा हिअडे आणोरे. श्रु० ३
अर्थथी श्री अरिहंते वखाण्युं, सूत्रे गणधर विरचाण्युंरे; श्रु०
ए श्रुत भावधर्म दातार, पूजी लहो भवजळ पाररे. श्रु० ४
श्रुतदायक जिनराजने ध्यावो, जीम अतिशय ज्ञानने पावोरे; श्रु०
श्रुतफळ विरति विरतिफळ ध्यान, ध्याने लहे समयीक ज्ञानरे. श्रु० ५
खिमाविजय जिन उत्तमज्ञाने, शिवसुंदरी वरे एकताने रे; श्रु०
श्री गुरु पदपद्मे दिल राखे, चिद्रूपविजय सुख चाखेरे. श्रु० ६

काव्य तथा मंत्र पूर्ववत् बोलवां.

## गीत ( दुहा. )

श्रुतथी सरधा थिर रहे, सरधाथी व्रत सार;
व्रतथी शिवसुख पामीए, तिणे श्रुत जगदाधार. १
श्रुतविण जे किरिया करे, ते संसारनुं मूळ;
श्रुतउपयोगे जे क्रिया, ते शिवपद अनुकूळ. २

## ढाळ.

( मुने कांइक कामण कीधुंरे, पाछा वळजो सामळीया;
मारुं चित्तडुं चोरी कीधुं रे, पाछा० ए देशी. )

तुमे आगम पूजा करजोरे,
हो मनमान्या मोहनीया. हो.
तुमे भवसायरने तरजोरे; हो.
ए आगम अमृतदरीओरे. हो.
ए तो स्याद्वाद रस भरीयोरे. हो. १
सुअ अंग अनंग प्रकारेरे, हो.
तिम बद्ध अबद्ध विचारेरे; हो.
कालिक उत्कालिक जाणोरे, हो.
दोय भेद कहे जिनभाणोरे. हो. २
अग्यार अंग मनरंगेरे, हो.
श्रुत पूजो अधिक उमंगेरे; हो.
वळी बार उपांग रसाळारे, हो.
पूजी ल्हो मंगळमाळारे. हो. ३
पयन्ना दश गुणखाणीरे, हो.
प्रत्येकबुद्ध मुनि वाणीरे; हो.
खट छेदसूत्र गुणभरीयारे, हो.
ए तो चरण करण गुण दरीयारे. हो. ४
मूळसूत्र चार अनुसरजोरे, हो.

संसारसमुद्रने तरजोरे; हो.
नंदी ने अनुयोगद्वारोरे, हो.
पूजी लहो भवजळपारोरे. हो. ५
भावपूजा पंच प्रकारोरे, हो.
द्रव्यपूजा भेद अपारोरे; हो.
प्रभुवदनपद्मनी वाणीरे, हो.
चिद्रूप सुधारस खाणीरे. हो. ६

इति श्रुतज्ञानपूजा २.

## पूजा ३ जी.

अवधिज्ञान आराधतां, करजो त्रिकरण जोग;
भावविशुद्धि चित्त धरी, टाळो कर्मना रोग. १
त्रणज्ञानधर जिनवरा, त्रिभुवनने हितकार;
पूजी पदकज तेहना, पामो भवजळपार. २

### ढाळ.

[ घेर आवोने नेम वरणागियारे—ए देशी ]

हांरे वाला भावभगति मनमां धरी, जिन पूजा करो मन संवरीजीरे;
भावे पूजोरे मनमोहना.
हांरे वाला खय उपशम भावे करी, परणति करी ज्ञानरसे भरीजीरे. भा १
त्रणज्ञानी जिनराजीया, विलसे निज गुण सत्ता भरीजीरे; भा०
अनुगामी पमुहा कहो, खट भेद ओहिना दिल धरीजीरे. भा० २
जनम समे जिनराजने, चळे आसन सुरना थरहरीजीरे; भा०

चोसठ सुरपति अवधिए, जिन जनम्या लही जइ सुरगिरिजीरे. भा. ३
रजत कनक ने रत्नना, कळशा खीरोदकथी भरीजीरे; भा०
न्हवण उच्छव जिननो करे, समकित गुण निर्मळता करीजीरे. भा० ४
मिथ्यासुर अवधि लहे, जे पूजे जिन भगते खरीजीरे; भा०
जिन उत्तम पद पद्मनी, पूजा चिद्रूपविजये करीजीरे. भा० ५

काव्य तथा मंत्र पूर्ववत् कहेवां.

## गीत ( दुहा. )

द्रव्य क्षेत्र काळ भावथी, उत्कृष्ट अवधिज्ञान;
मनुज गतिमां पामीए, वधते शुचि प्रणिधान. १
लोकावधि अवधिलगे, पडिवाइ पण होय;
तदुपरि अवधि जे होये, अपडिवाइ ते जोय. २

## ढाळ.

( मोहनवीरा मोकलोने मोसाळुंरे—ए देशी )

निर्मळ करी मन वच काया, छंडि सवी ममता माया;
परमातम ध्यान सुहाया, ओहिजिन पूजीए मनरंगे,
जीम रमीए समकित संगे. ओ० १
क्षेत्र काळथी ओहिनाणी, चउहा लहे वुढी ने हाणी;
इम कहे जिन केवलनाणी. ओ० २
द्रव्यथी दुग वुढि वखाणी, भावथी खट् वृद्धि जाणी;
समुदाइ चउहा कहाणी. ओ० ३

जिनवर नाणी गुणखाणी, पूजो मन उल्लट आणी;
वरीए जेम शिव पटराणी. ओ० ४
जिनवर उत्तम गुण गावो, प्रभुना पद पद्म वधावो;
जीम रूपविजय पद पावो. ओ० ५

इति श्री अवधिज्ञानपूजा.

---

## पूजा ४ थी.

### दुहा.

अप्रमत्त मुनिवर गुणी, निर्मळ चारित्रवंत;
चढते संजम थानके, लहे मनपज्जव तंत. १
जिनवर जगगुरु जगधणी, जब संयम ग्रहे सार;
मणपज्जव तव उपजे, चोथुं ज्ञान उदार. २

### ढाळ.

( मन मोहनारे लोल--ए देशी. )

अप्रमत्त गुणठाणमांरे, मनमोहनारे लोल-
वर्तता श्री अरिहंतरे; जगसोहनारे लोल.
संयमठाण विशोधतारे, म० लहे मनपज्जव तंतरे. ज० १
ऋजुमति विपुळमति तथारे, म० मणपज्जव दोय भेदरे; ज०
द्रव्य क्षेत्र काळ भावथीरे, म० चउहा कहे गतखेदरे. ज० २
सन्नि पर्णिदीना लहेरे, म० मननतणा परजायरे; ज०
नरक्षेत्रे मणनाणथीरे, म० जाणे जे निरमायरे, ज० ३

अढी अंगुळ न्यूनाधिकारे, म० क्षेत्रथी जाणे दोयरे; ज०
पल्य असंख्य भाग काळथीरे, म० गति आगति लहे सोयरे. ज० ४
खमण दमण गुणसागरुरे, म० जिन उत्तम महाराजरे; ज०
तस पदपद्मने पूजतांरे, म० लहो चिद्रूपसमाजरे. ज० ५

काव्य तथा मंत्र पूर्ववत् बोलवां.

## गीत (दुहा.)

अलख असंग अभंग जस, जोगाराधन खास;
संयमतणी विशुद्धता, करी तोडे भवपास. १
चरण करण गुणआगरा, सरधावंत सुधीर;
मणपज्जवनाणी मुणि, नमतां टळे भवपीर. २

## ढाळ.

( अनेहांरे गोकुल गोंदरेरे—ए देशी. )

अनेहांरे संयमठाण विशुद्धतारे, अप्रमत्त गुणठाण;
फरसी पासप्रभु लह्यारे, मणपज्जव वरनाण.
पूजा करो जिनराजनीरे—ए टेक. १
अनेहांरे संजमठाण अनंतारे, उलंघी अहिठाण;
फरसता शुद्ध संयम गुणेरे, ध्याये धर्मनुं ज्ञाण. पू० २
अनेहांरे आणा अपाय विपाकथीरे, संठाण विचय प्रकार;
ध्याता ध्यान सोहामणुंरे, साध्यपदे मनोहार. पू० ३
अनेहांरे अप्रमत्तगुण भूमिकारे, आलंबन ग्रही चार;
दशधा संयम पालतारे, भावदया भंडार. पू० ४

अनेहांरे भावथकी मनोद्रव्यनारे, लहे परजाय अनंत;
गुणश्रेणी पगथाळिएरे, नित चढता भगवंत. पू० ५
अनेहांरे खिमाविजय जिनराजनारे, उत्तम ए अवदात;
तस पदपद्म पूजा करीरे, लहो चिद्रूप विख्यात. पू० ६

इति मनःपर्यवज्ञानपूजा ४.

# पूजा ५ मी.

दुहा.

सकल विभाव उपाधिना, कारक घाति चार;
क्षय करी केवळ पामिया, जिनवर जगदाधार. १
पूजो ध्यावो ध्यानमां, सोहंपद करो जाप;
चिदानंद पद संपजे, होय ध्येयपद आप. २

ढाळ.

( चक्री भरत नरेसरूरे, सांभळी देशना तात; सलुणा—ए देशी. )
वीतराग परमातमारे, खीणमोहि अरीहंत; सलुणा.
खपक श्रेणि अंगीकरीरे, करी घाति चउ अंत. स०
पंचम ज्ञानने पूजीएरे, पंचम गति दातार. स० १. ए आंकणी.
केवळ कमळाने वर्यारे, केवळ दरीसण साथ; स०
लोकालोक प्रकाशतारे, जे थया त्रिभुवन नाथ. स० २
चारे ज्ञानतणी प्रभारे, एहमां सयल समाय; स०
तारा उडु× ग्रह चंद्रनीरे, भा+ रविमां लय थाय. स० ३

---

×नक्षत्र +कांति.

एक समे अरिहा मुणेरे, खट द्रव्य गुण परजाय; स०
अनंत विरजनी शक्तिएरे, व्यापकता ते ठराय. स० ४
ज्ञेय प्रमाणे ज्ञाननारे, अहवा छे परजाय; स०
बृहत्कल्पना भाष्यमांरे, कहे सोहम गणराय. स० ५
केवळज्ञानकळा भर्यारे, जिन उत्तम महाराज; स०
तस पदपद्मनी पूजनारे, करतां चिद्रूपराज. स० ६

काव्य तथा मंत्र पूर्ववत् कहेवां.

## गीत ( दुहा. )

शम१ दम २ उपरति३ नित करे, चोथी तितिक्षा४ सार;
समाधान ५ श्रद्धा ६ करी, लहे केवळ चिद् फार. १
परमज्योति पावनकरण, परमातम परधान;
केवळज्ञान पूजा करी, पामो केवळज्ञान. २

### ढाळ.

( वारी जाउं श्री अरिहंतनी—ए देशी. )

पूजा श्री अरिहंतनी, करीए धरीए एकतान; मोहन.
नागकेसुपरे निरमली, पामो केवळज्ञान. मोहन पू० १
पूजकपूज्यनी पूजना, करता पूज्य ते थाय; मो०
केवळकमळा पामीने, अजरामर पद छाय. मो० पू० २
बंध उदय उदीरणा, सत्ता कर्म खपाय; मो०
सिद्ध बुद्ध परमातमा, अकळ असंग अमाय. मो० पू० ३

ज्ञानानंदी आतमा, पामी महोदय ठाय; मो०
सादि अनंत सुख अनुभवे, वाच्य अगम्य कहाय. मो० पू० ४
अनंत गुणी केवळी प्रभु, श्रीशंखेश्वर पास मो०
तस पदपद्म पूजन करी, लहो चिद्रूप उल्लास. मो० पू० ५

इति केवळज्ञान पुजा ५.

## कळश.

राग धनाश्री.

पूजो पूजो रे भवि पंच ज्ञान मिल पूजो; पंचज्ञान पूजन सम घटमां,
ओर न साधन दूजोरे. भवि० १
मइ सुअ ओहि ने मनपर्यव, केवळ पंचम जाणो;
अठावीश चउदस खट दुग इग, भेद प्रमाण वखाणोरे. भ० २
ज्ञान आराधन साधन सिद्धितुं, साधी कर्म खपाया;
केवळकमळा पामी अनंती, सिद्धिए सिद्ध सुहायारे. भ० ३
ज्ञान ज्ञानीनी सेवा करतां, चिर संचित अघ जाय;
पुन्य महोदय कमळा विमळा, घटमां परगट थायरे. भ० ४
श्री विजयदेव सूरीश्वर पाटे, विजयसिंह सूरिराया;
तास शिष्य श्री सत्यविजय गणि, संवेग मारग ध्यायारे. भ० ५
शिष्य कपूर खिमा जिन उत्तम, विजयपदे सोहाया;
श्री गुरु पद्मविजय पदपंकज, नमतां श्रुत बहु पायारे. भ० ६
ऋषि गज दिग्गज चंद संवत्सर, ज्ञान भगति मन लाया;
नेमीश्वर कल्याणक दिवसे, पंचज्ञान गुणगायारे. भ० ७

तपगच्छ विजयादेणेंद्र सूरीश्वर, दीपे तेज सवाया;
तस राज्ये भविजन हितकाजे, रूपविजय गुणगायारे. भ० ८

काव्यम्.

ज्ञानं स्यात् कुमतांधकारतरणिर्ज्ञानं जगल्लोचनं ।
ज्ञानं नीतितरंगिणीकुलगिरिर्ज्ञानं कषायापहम् ॥
ज्ञानं निर्वृतिवत्समंत्रममलं ज्ञानं मनःपावनं ।
ज्ञानं पंचविधं यजेहमनिशं स्वर्गापवर्गपदम् ॥ १ ॥

ॐ नमोज्ञानाय लोकालोकप्रकाशकाय०

जलं १, चंदनं २, पुष्पं ३, धूपं ४, दीपं ५, अक्षतं६, नैवेद्यं७, फलं ८ यजामहे स्वाहा.

अथ विधि.

एक पीठउपर पवित्रपणे कुंकुमना ५१ साथीया करीए, ते उपर अक्षत पुरीए, ते उपर नागरवेलनां पत्र एकेक मूकीए, ते उपर सोपारी बदाम पैसो फल-फूल नैवेद्य मूकीए, ५१ दीवा करीए, ५ नाळीएर मूकीए, घी खांड सहित पंच गोळक थापीए, त्रिवेदिका पीठ-थापी स्वस्तिक करी अक्षत फल धरीए, पंचतीर्थीनी प्रतिमा थापीए, पछे स्नात्र भणावीए, पछी पूजा भणावीए, पहेली पूजाना २८ साथीआ, बीजीना १४, त्रीजीना ६, चोथीना २, पांचमीनो १ साथीओ नंदावर्तनो करीए. श्रीफळ मूकीए, एनी पांच पीठ थापीए. न होय तो एक मोटा पीठ उपर भेळा ५ थापीए.

## इति श्री पंचज्ञान पूजाविधि संपूर्ण.

गाथा ८९—ढाळो—११ श्लोक १५०.

## श्री विजयलक्ष्मीसूरिकृत वीशस्थानकनी पूजामांथी

### ॥ ज्ञानपद पूजा ॥

### ॥ दोहा ॥

अध्यात्म ज्ञाने करी, विघटे भव भ्रम भीति ॥
सत्य धर्म ते ज्ञान छे, नमो नमो ज्ञाननी रीति १ ॥

### ॥ ढाळ ॥

अराणिक मुनिवर चाल्या गोचरी ॥ ए देशी ॥

ज्ञानपद भजिये रे जगत सुहंकरु, पांच एकावन भेदेरे ॥
सम्यग ज्ञान जे जिनवर भाषियो, जडता जननी ऊच्छेदे रे ॥
॥ ज्ञान० ॥ १ ॥ ए आंकणी ॥
भक्षाभक्ष विवेचन परगडो, क्षीर नीर जेम हंसो रे ॥
भाग अनंतमो रे अक्षरनो सदा, अप्रतिपाति प्रकाश्यो रे॥ ज्ञा० ॥ २ ॥
मनथी न जाणे रे कुंभकरण विधि, तेहथी कुंभ किम थाशे रे ॥
ज्ञान दयाथी रे प्रथम छे नियमा, सदसद्भाव विकासेरे ॥ज्ञा०॥३॥
कंचन नाणुं रे लोचनवंत लहे, अंधो अंध पलायरे ॥
एकांतवादीरे तत्त्व पामे नहीं, स्याद्वाद रस समुदायरे ॥ ज्ञा० ॥ ४॥
ज्ञान भर्यां भरतादिक भव तर्या, ज्ञान सकल गुण मूळरे ॥
ज्ञानी ज्ञानतणी परिणतिथकी, पामे भवजल कूलरे ॥ ज्ञा० ॥ ५ ॥
अल्पागम जइ उग्र विहार करे, विचरे उद्यमवंतरे ॥
उपदेशमाळामां किरिया तेहनी, कायक्लेश तस हुंतरे ॥ ज्ञा० ॥६॥
जयंत भूपो रे ज्ञान आराधतो, तीर्थंकर पद पामेरे ॥
रवि शशी मेहपरे ज्ञान अनंत गुणी, सौभाग्यलक्ष्मी हितकामेरे॥ज्ञा०॥७॥

॥ इति ज्ञानपद पूजा अष्टमी ॥ ८ ॥

## ॥ अभिनव ज्ञानपद पूजा ॥

### ॥ दोहा ॥

ज्ञानवृक्ष सेवो भविक, चारित्र समकित मूल ॥
अजर अमर पद फल लहो, जिनवर पदवी फूल ॥ १ ॥

### ॥ ढाळ ॥

कोइलो पर्वत धुंधलोरे लोल ॥ ए देशी ॥

अभिनव ज्ञान भणो मुदारे लाल, मूकी प्रमाद विभाव रे; हुं वारी लाल॥
बुद्धिना आठ गुण धारिये रे लाल, आठ दोषनो अभाव रे ॥
हुं वारी लाल, प्रणमो पद अढारमुं रे लाल ॥ ए आंकणी ॥ १ ॥
देशाराधक किरिया कहीरे लाल, सर्वाराधक ज्ञान रे ॥ हुं० ॥
मुहूर्तादिक किरिया करे रे लाल, निरंतर अनुभव ज्ञान रे॥हुं०प्र०॥२॥
ज्ञानरहित किरिया करे रे लाल, किरियारहित जे ज्ञान रे ॥ हुं० ॥
अंतर खजुआ रवि जिश्यो रे लाल, षोडशकनी ए वाणरे।हुं॥०प्र० ॥३॥
छठ्ठ अठ्ठमादिक तप करी रे लाल, अज्ञानी जे शुद्ध रे ॥ हुं० ॥
तेहथी अनंत गुणी शुद्धतारे लाल, ज्ञानी प्रगटपणे लद्ध रे ।।हुं०प्र०॥ ४॥
राचे न जूठ किरिया करी रे लाल, ज्ञानवंत जुवो युक्ति रे ॥ हुं०॥
जूठ साच आतमज्ञानथीरे लाल, परखे निज निज व्यक्ति रे॥हुं०प्र०॥५॥
पांच भेद छे ज्ञानना रे लाल, तेह आराधे जेह रे ॥ हुं० ॥
सागरचंद परे प्रभु हुवेरे लाल, सौभाग्य लक्ष्मी गुणगेहरे ।हुं०प्र०॥६॥

॥ इति अभिनव ज्ञानपद पूजा अष्टादशी ॥ १८ ॥

## ॥ श्रुतपद पूजा ॥

### ॥ दोहा ॥

वक्ता श्रोता योगथी, श्रुत अनुभव रस पीन ॥
ध्याता ध्येयनी एकता, जय जय श्रुत सुख लीन ॥ १ ॥

### ॥ ढाळ ॥

अविनाशीनी सेजडीए रंग, लाग्यो मारी सजनी जीरे ॥ ए देशी ॥
श्रुतपद नमिये भावे भविया ! श्रुत छे जगत आधारजी ॥
दुःसम रजनी समये साचो, श्रुत दीपक व्यवहार ॥ श्रुतपद नमियेजी ॥ ए आंकणी ॥ १ ॥

बत्रीश दोषरहित प्रभु आगम, आठ गुणे करी भरियुंजी ॥
अर्थथी अरिहंतजीए प्रकाश्युं, सूत्रथी गणधर रचियुं ॥ श्रु० ॥ २ ॥
गणधर प्रत्येकबुद्धे गुंथ्युं, श्रुतकेवली दश पूर्वीजी ॥
सूत्र राजासम अर्थ प्रधान छे, अनुयोग चारनी ऊर्वी ॥ श्रु० ॥ ३ ॥
जेटला अक्षर श्रुतना भणावे, तेटला वर्ष हजारजी ॥
स्वर्गनां सुख अनंतां विलसे, पामे भवजल पार ॥ श्रु० ॥ ४ ॥
केवलथी वाचकता माटे, छे सुअनाण समत्थजी ॥
श्रुतज्ञानी श्रुतज्ञाने जाणे, केवली जेम पयत्थ ॥ श्रु० ॥ ५ ॥
काल विनय प्रमुख छे अडविध, सूत्रे ज्ञानाचारजी ॥
श्रुतज्ञानीनो विनय न सेवे, तो थाये अतिचार ॥ श्रु० ॥ ६ ॥
चउद भेदे श्रुत वीश भेदे छे, सूत्र पिस्तालीश भेदेजी ॥
रत्नचूड आराधतो अरिहा, सौभाग्य लक्ष्मी सुख वेदे ॥ श्रु० ॥ ७ ॥

॥ इति श्रुतपद पूजा एकोनविंशतिः ॥ १९ ॥

# मुनिमहाराजश्री आत्मारामजीकृत वीशस्थानकनी पूजामांथी

## ॥ ज्ञानपद पूजा ॥

### ॥ दोहा ॥

निज स्वरुपके ज्ञानसें, परसंग संगत छार ॥
ज्ञान आराधक प्राणिया, ते उतरे भव पार ॥ १ ॥

॥ राग भेरवी–अजमेरी ताल–पंजाबी ठेको ॥

॥ लागी लगन कहो केसें छूटे, प्राणजीवन प्रभु प्यारेसें॥ ए देशी॥

ज्ञान सुहंकर चिद्‌घन संगी, रंगी जिनमत सारेमें॥ रंगी० ॥ ज्ञान०१॥
पांच एकावन भेद ज्ञानके, जडता जगजन टारेमें ॥ जड०॥ज्ञान०२॥
भक्ष्य अभक्ष्य विवेचन कीनो, कुमति रंग सब डारेमें॥कुम०॥ज्ञान०३॥
प्रथम ज्ञान ने पछी अहिंसा, करम कलंक निवारेमें ॥कर०॥ज्ञान०४॥
सदसद् भाव विकाशी ज्ञानी, दुर्नय पंथ विसारेमें ॥दुर्न०॥ज्ञान०५॥
अज्ञानीकी करणी एसी, अंक विना शून्य सारेमें ॥अंक० ॥ज्ञान०६॥
मति श्रुत अवधि मनःपर्यव है, केवल सर्व उजारेमें ॥केव०॥ज्ञान०७॥
अज्ञानी वर्ष एक कोटिमें, करम निकंदन भारेमें ॥कर० ॥ज्ञान० ८॥
ज्ञानी श्वासोश्वास एकमें, इतने करम विदारेमें ॥इत० ॥ ज्ञान० ९॥
भरतेश्वर मरुदेवी माता, सिद्धि वरे दुःख जारेमें॥सि०॥ ज्ञान०१०॥
देशविराधक सर्वाराधक, भगवती वीर उजारेमें॥भग० ॥ज्ञान० ११॥
जयंत नरेश्वर यह पद साधी, आतम जिनपद धारेमें॥आत०ज्ञान०१२॥

॥ इति अष्टम पूजा ॥ ८ ॥

# ॥ अभिनव ज्ञानपद पूजा. ॥

## ॥ दोहा ॥

ज्ञान अपूरव ग्रहण कर, जागे अनुभव रंग ॥
कुमति जाल सब जारके, उछले तत्त्व तरंग ॥ १ ॥
पद अढारमे पूजिये, मन धरि अधिक उमंग ॥
ज्ञान अपूरव जिन कहे, तज कुगुरुको संग ॥ २ ॥

॥ राग बरवो–चाल ठूमरी–ताल ठूमरी ॥

मन मोह्या जंगलकी हरणीने ॥ मन० ॥ ए देशी ॥

भवि वंदो अपूर्व ज्ञान तरणीने ॥ भवि० ॥ ए आंकणी ॥
कुमति घूक सब अंध हुये हे, भूले जडमति करणीने ॥भवि०॥१॥
ज्ञान अपूरव जबही प्रगटे, शुद्ध करे चित्त धरणीने ॥भवि०॥२॥
निर्युक्ति शुद्ध टीका चूर्णी, मूल भाष्य सुख भरणीने ॥भवि०॥३॥
संप्रदाय अनुभव रस रंगे, कुमति कुपंथ विहरणीने ॥भवि०॥४॥
सद्गुरुकी ए तालिका नीकी, रतन संदुख उद्धरणीने ॥भवि०॥५॥
इन विन अर्थ करे सो तस्कर, काल अनंता मरणीने ॥भवि०॥६॥
सम्मति कर्म्मग्रंथ रत्नाकर, छेद ग्रंथ दुःख हरणीने ॥भवि०॥७॥
द्वादशार वळी अंग उपांग, सप्तभंग शुद्ध वरणीने ॥भवि०॥८॥
इत्यादिक भवि ज्ञान अपूरव, पठन करे धरे चरणीने ॥भवि०॥९॥
सागरचंदे जिनपद पायो, आतम शिववधू परणीने ॥भवि० ॥१०॥

॥ इति अष्टादश पूजा ॥

## ॥ श्रुत ज्ञानपद पूजा ॥

### ॥ दोहा ॥

पाप तापके हरणको, चंदन सम श्रुतज्ञान ॥
श्रुत अनुभव रस राचीए, माचिये जिन गुण तान ॥ १ ॥
इगुणविश (१९) पद पूजीए, जिनवर वचन अभंग ॥
तीर्थंकर पद भवि लहे, छार कुमतिको संग ॥ २ ॥

### ढाळ.

॥ राग श्याम कल्याण ॥

श्री राधेराणी दे डारो ने, वांसरी हमारी ॥ श्री राधे० ॥ ए देशी
श्री चिदानंद विडारोने, कुमति जो मेरी ॥ श्री० ॥ ए आंकणी ॥
दुषम कालमें कुमति अंधेरो, प्रगट करे सब चोरी ॥ श्री० ॥१॥
बत्तीस दोषरहित श्रुत वांचे, आठ गुणे करी जोरी ॥ श्री० ॥२॥
अरिहंत गणधर भाषित नीको, श्रुत केवली बल फोरी॥ श्री० ॥३॥
प्रत्येकबुद्ध दश पूरवधर, श्रुत हरे भवकोरी ॥ श्री० ॥४॥
आठ आचार जो कालादिक हे, साधे करमकी चोरी ॥ श्री० ॥५॥
चारोहि अनुयोग गुरुगम वांचे, टूट कुपंथकी दोरी ॥ श्री० ॥ ६ ॥
चौद भेद श्रुत वीश भेद हे, अंग पयन्ना कोरी ॥ श्री० ॥ ७ ॥
रत्नचूड नृप ए पद सेवी, आतम जिनपद होरी ॥ श्री० ॥ ८ ॥

॥ इति एकोनविंशति पूजा ॥ १९ ॥

# श्री यशोविजयोपाध्यायादि विरचित नवपदनी पूजामांथी

## ॥ सम्यग् ज्ञानपद पूजा. ॥

॥ काव्यं, इंद्रवज्रा वृत्तम् ॥

अन्नाण संमोह तमोहरस्स, नमो नमो नाण दिवायरस्स ॥

॥ भुजंग प्रयात वृत्तम् ॥

होये जेहथी ज्ञान शुद्ध प्रबोधे, यथावर्ण नासे विचित्रावबोधे ॥
तेणे जाणीए वस्तु षड्द्रव्य भावा, न हुये वितत्था (वाद) नीजेच्छा स्वभावा ॥ १ ॥

होये पंच मत्यादि सुज्ञान भेदे, गुरूपास्तिथी योग्यता तेह वेदे ॥
वळी ज्ञेय हेय उपादेय रूपे, लहे चित्तमां जेम ध्वांत प्रदीपे ॥ २ ॥

## ॥ ढाल ॥

॥ उलालानी देशी ॥

भव्य ! नमो गुण ज्ञानने, स्वपर प्रकाशक भावेजी ॥
परजाय धर्म अनंतता, भेदाभेद स्वभावेजी ॥ १ ॥

## ॥ उलालो ॥

जे मुख्य परिणति, सकल ज्ञायक, बोधभाव विलच्छना ॥
मति आदि पंच, प्रकार निर्मल, सिद्धसाधन लच्छना ॥
स्याद्वाद संगी, तत्त्वरंगी, प्रथम भेदाभेदता ॥
सविकल्प ने, अविकल्प वस्तु, सकल संशय छेदता ॥ २ ॥

## ढाळ.

॥ श्रीपालना रासनी देशी ॥

भक्षाऽभक्ष न जे विण लहिये, पेय अपेय विचार ॥
कृत्य अकृत्य न जे विण कहिये,ज्ञान ते सकल आधाररे॥भ०॥सि०३१॥
प्रथम ज्ञान ने पछे अहिंसा, श्री सिद्धांते भाख्युं ॥
ज्ञानने वंदो ज्ञान म निंदो, ज्ञानीए शिवसुख चाख्युंरे॥भ०॥सि०३२॥
सकल क्रियानुं मूल जे श्रद्धा, तेहनुं मूल जे कहिये ॥
तेह ज्ञान नित नित वंदीजे,ते विण कहो किम रहियेरे॥भ०॥सि०३३॥
पंच ज्ञानमांहि जेह सदागम, स्वपर प्रकाशक जेह ॥
दीपकपरे त्रिभुवन उपगारी,वळी जिम रवि शशी मेहरे॥भ०सि०३४॥
लोक उरध अध तिर्यग ज्योतिष, वैमानिक ने सिद्ध ॥
लोकालोक प्रगट सवि जेहथी, तेह ज्ञाने मुज शुद्धिरे ॥ भ०॥सि०३५॥

## ॥ ढाल ॥

ज्ञानावरणी जे कर्म छे, क्षयउपशम तस थायरे ॥
तो होये एहिज आतमा, ज्ञान अबोधता जायरे ॥ वीर० ॥ ८ ॥

॥ इति सप्तम सम्यग्ज्ञानपद पूजा समाप्ता ॥

---

## श्री पद्मविजयजीकृत नवपदजीनी पूजामांथी

## ॥ ज्ञानपद पूजा ॥

## ॥ दोहा ॥

नाण स्वभाव जे जीवनो, स्वपर प्रकाशक जेह ॥
तेह नाण दीपक समुं, प्रणमो धर्म सनेह ॥ १ ॥

## ॥ ढाल ॥

॥ नारायणानी देशी ॥ जिम मधुकर मन मालतीरे ॥ ए देशी ॥
नाण पदाराधन करोरे, जिम लहो निर्मल नाणरे ॥ भविकजन ॥
श्रद्धा पण थीर तो रहेरे, जो नवतत्त्व विनाणरे ॥भवि०॥ना०॥१॥
अज्ञानी करशे किश्युंरे, शुं लहेशे पुण्य पापरे ॥ भवि० ॥
पुण्य पाप नाणी लहेरे, करे निज निर्मल आपरे ॥ भवि०॥ना० ॥२॥
प्रथम ज्ञान पछी दयारे, दशवैकालिक वाणरे ॥ भवि० ॥
भेद एकावन तेहनारे, समजो चतुर सुजाणरे ॥भवि०॥ना०॥३॥

## ॥ दोहा ॥

बहु कोडयो वरसे खपे, कर्म अज्ञाने जेह ॥
ज्ञानी श्वासोच्छ्वासमां, कर्म खपावे तेह ॥ १ ॥

## ॥ ढाल ॥

॥ हो मतवाले साजना ॥ ए देशी ॥
नाण नमो पद सातमे, जेहथी जाणे द्रव्यभाव ॥ मेरे लाल ॥
जाणे ज्ञान क्रिया वली, तिम चेतन ने जडभाव ॥ मेरे लाल ॥
॥ नाण नमो० ॥ १ ॥
नरग सरग जाणे वली, जाणे वली मोक्ष संसार ॥ मे० ॥
हेय ज्ञेय उपादेय लहे, वली निश्चय ने व्यवहार ॥ मे०॥ ना० ॥२॥
नाम ठवण द्रव्य भाव जे, वली सग नय ने सप्त भंग ॥ मे० ॥
जिनमुख पद्मद्रहथकी, लहो ज्ञान प्रवाह सुगंग ॥ मे० ॥ ना० ॥३॥

॥ इति सप्तम ज्ञानपद पूजा समाप्ता ॥

# मुनिराज श्री आत्मारामजीकृत नवपदजीनी पूजा-मांथी सम्यग् ज्ञान पद पूजा.

॥ दोहा ॥

मिथ्या मोह कुपंथ ही, अज्ञ तिमिर करे दूर ॥
निज पर सत्ता सहु लहे, ज्ञानहि निर्मळ सूर ॥ १ ॥

॥ राग भैरवी ॥ लागी लगन कहो ॥ यह चाल॥

ज्ञान शुभंकर चिद्रूघन संगी, सप्तभंगी मत साररे ॥अंचली० ॥
शुद्ध ज्ञान मिथ्यात्व मिटेसें, ज्ञानावरण विडाररे ॥
षड्द्रव्य नाना बोध स्वरूपे, निज इच्छा सब वाररे ॥ ज्ञा० ॥ १॥
गुरु सेवासें योग्यता प्रगटे, हेय उपादेय काररे ॥
ज्ञेय अनंत स्वरूपे भासे, दीप तिमिर जिम टाररे ॥ ज्ञा० ॥ २ ॥
नित्यानित्य नाश अविनाशी, भेदाभेद अभंगीरे ॥
एक अनेक रूपही अरूपी, स्याद्वाद नय संगीरे ॥ ज्ञा० ॥ ३ ॥
अर्पितानर्पित मुख्य गौणता, साधन सिद्ध विरंगीरे ॥
बाच्यावाच्य सअंश निरंशी, आनंदघन दुःख रंगीरे ॥ ज्ञा० ॥ ४ ॥
विभाव स्वभावी शुद्ध स्वभावी, वीतराग जड संगीरे ॥
संशय सर्वही दूर निवारे, आतम समरस चंगीरे ॥ ज्ञा० ॥५॥

॥ दोहा ॥

सूत्र संयुत सूचीवत्, कचवर पिंड मझार ॥
बिनसे नही तिम श्रुतयुत, पामे भवनो पार ॥ १ ॥

॥ कंकन खोल देउं महाराज ॥ यह चाल ॥

सबमें ज्ञानवंत वडवीर, काटे सकल कर्मजंजीर ॥ अंचली ॥
भक्ष्याभक्ष्य न जे बिन जाने, गम्यागम्य नहिं पिछाने ॥
कार्याकार्य न जाने कीर ॥ स० ॥ १ ॥
प्रथम ज्ञानही दया पिछाने, अज्ञानी सरसो नही जाने ॥
ऐसे कहे सिद्धांते वीर ॥ स० ॥ २ ॥
श्रद्धा सकळ क्रियाका मूळ, तिसका मूळही ज्ञान अमूळ ॥
सच्चा ज्ञान धरो मन धीर ॥ स० ॥ ३ ॥
पंच ज्ञानमें श्रुत प्रधान, स्वपर प्रकाशे तिमिर मिटान ॥
जगमें अति उपगारी हीर ॥ स० ॥ ४ ॥
लोकालोक प्रकाशनहारा, त्रिभुवन सिद्धराज सुखभारा ॥
सत् चिद् आतमराम गंभीर ॥ स० ॥ ५ ॥

इति सप्तमी पूजा.

---

## पन्यासजी श्री गंभीरविजयजीकृत नवपदजीनी पूजामांथी ज्ञानपदनी

## पूजा ७ मी.

### दुहा.

निबिड अज्ञान तिमिर हरी, प्रकाशे वस्तु मात्र;
नमो नमो ज्ञानदिनपति, उदयो दिन ने रात्र. १

यथोचित आवरण नाश जे, शुद्ध ज्ञान सुबोध;
षड्द्रव्य ज्ञान प्रकाशवा, हेतु ज्ञान सुबोध. २
वितथवाद जेमां नहिं, न इच्छावाद बनाव;
मति आदे पण ज्ञान ते, वंदे नित सद्भाव. ३
गुरु सेवी लहे योग्यता, निज घट देखे सदैव;
ज्ञेय हेय उपादेय ते, तम गत घट ज्युं दीव. ४

## ॥ ढाळ १ ली. ॥

राग धनाश्री. ( भूल्यो भमत कहा बे अजान–ए चाल. )

ज्ञानहि नमन बनावे सुज्ञान, ज्ञान०
स्वपर भाव प्रकाशी दिखावे, पर्याय अनंत विधान. ज्ञा० १
भेदाभेद स्वभावनो ग्राही, परिणति मुख्य पिछान. ज्ञा० २
ज्ञापक सकळ पदारथ भाव, निर्मल पंचहि ज्ञान. ज्ञा० ३
साधन साध्य उभय निरधारे, संशय तमहर भान. ज्ञा० ४
स्याद्वादमय वस्तु जणावे, विशेष सामान्य विधान. ज्ञा० ५

## ॥ ढाळ २ जी ॥

(तुम चिद्घन चंद आनंद लाल, तोरे दरिसणकी बलीहारी–ए राग.)

जिनज्ञान सकळ आधार सार, नमुं नित नित बे कर जोरी. जि० १
भक्ष्य अभक्ष्य न जे विनु जाने, पेय अपेय न धारी. जि० २
कृत्य अकृत्य न देखे जे वीनु, देवगुरु शुद्धिकारी. जि० ३
ज्ञान विना संजम नवि होवे, आगम बचन निहारी. जि० ४

ज्ञानने वंदो ज्ञान म निंदो,(ज्ञानी) शिवसुखना अधिकारी. जि० ५
सकळ क्रियानुं मूळ छे श्रद्धा, (एतो) श्रद्धा मूळ विहारी. जि० ६
ते विनु केसें रहुं क्षण एक, (नमुं) भूतल मस्तक धारी. जि० ७
पंच ज्ञानमां जेह सदागम, स्वपर प्रकाशनकारी. जि० ८
दीपक रवि शशि मेघपरे ते, जग जीवन उपगारी. जि० ९
लोक ऊर्ध्व अध तिर्यग् ज्योतिष, सुर शिव दर्पण धारी. जि० १०
लोकालोक प्रगट सवि जेहथी, (तेह) आगमे शुद्धि अमारी. जि० ११

॥ ढाळ ३ जी ॥

राग कानडो ( अवसर बेहर बेहर नहीं आवे.–ए चाल. )

चेतन ज्ञान स्वभाव ज्युं ध्यावे, चे०
ज्ञानावरणी कर्म जीयाने, क्षय उपशम जो पावे. चे० १
ज्ञान हुवे तब एही आतम, अबोधपणुं सवि जावे. चे० २
वीर जिणंद वाणी रस पानी, सुजस महोदय पावे. चे० ३
वृद्धि गंभीर वरे शिव कमळा, अमळ विपुळ सुख पावे. चे० ४

इति सप्तमी पूजा.

## पंडित श्री वीरविजयजीकृत पीस्तालीश आगमनी पूजामांथी सातमी पूजानुं गीत.

॥ राग वसंत फाग ॥

वीरकुमरनी वातडी, केने कहिये ॥ ए देशी ॥

आगमनी आशातना नवि करिये, नवि करिये रे नवि करिये,
श्रुत भक्ति सदा अनुसरिये, शक्ति अनुसार ॥ आग० ॥ १ ॥

ज्ञान विराधक प्राणीया मति हीना, ते तो परभव दुःखिया दीना ॥
भरे पेट ते पर आधीना, नीच कुल अवतार ॥ आ० ॥ २ ॥
अंधा लूला पांगुला पिंडरोगी, जनम्या ने मातवियोगी ॥
संताप घणो ने शोगी, योगी अवतार ॥ आ० ॥ ३ ॥
मूंगा ने वली बोबडा धनहीना, प्रिया पुत्र वियोगे लीना ॥
मूरख आविवेके भीना, जाणे रणनुं रोझ ॥ आ० ॥ ४ ॥
ज्ञानतणी आशातना करी दूरे, जिन भक्ति करो भरपूरे ॥
रहो श्री शुभवीर हजूरे, सुखमांहे मगन्न ॥ आ० ॥ ५ ॥

॥ इति सप्तमी नैवेद्य पूजा समाप्ता ॥ ७ ॥

## १ श्री ज्ञान पंचमीनुं चैत्यवंदन.

त्रिगडे बेठा वीरजिन, भाखे भविजन आगे ॥
त्रिकरणशुं त्रिहुं लोक जन, निसुणो मन रागे ॥ १ ॥
आराधो भलि भातसें, पांचम अजुवाली ॥
ज्ञान आराधन कारणे, एहज तिथि निहाली ॥ २ ॥
ज्ञान विना पशु सारिखा, जाणो एणे संसार ॥
ज्ञान आराधनथी लहुं, शिवपद सुख श्रीकार ॥ ३ ॥
ज्ञान रहित क्रिया कही, काश कुसुम उपमान ॥
लोकालोक प्रकाशकर, ज्ञान एक परधान ॥ ४ ॥
ज्ञानी सासोसासमें, करे कर्मनो खेह ॥
पूर्व कोडी वरसां लगे, अज्ञाने करे तेह ॥ ५ ॥
देश आराधक क्रिया कही, सर्व आराधक ज्ञान ॥

ज्ञानतणो महिमा घणो, अंग पांचमे भगवान ॥ ६ ॥
पंच मास लघु पंचमी, जावज्जीव उत्कृष्टि ॥
पंच वरस पंच मासनी, पंचमी करो शुभदृष्टि ॥ ७ ॥
एकावनही पंचनो ए, काउस्सग्ग लोगस्स केरो ॥
उजमणुं करो भावशुं, टाळो भव फेरो ॥ ८ ॥
एणी पेरे पंचमी आराहीयेए, आणी भाव अपार ॥
वरदत्त गुणमंजरी परे, रंगविजय लहो सार ॥ ॥ ९ ॥

इति श्री पंचमीनुं चैत्यवंदन संपूर्ण.

---

## श्री ज्ञानपंचमीनुं मोटुं स्तवन.

पुण्य प्रशंसीये, ए देशी.

सुत सिद्धारथ भूपनोरे, सिद्धारथ भगवान ॥
बारह परखदा आगलेरे, भाखे श्री वर्द्धमानरे ॥ १ ॥
भवियण चित्त धरो, मन वच काय अमायोरे ॥
ज्ञान भगति करो ॥ ए आंकणी ॥
गुण अनंत आतमतणारे, मुख्यपणे तिहां दोय ॥
तेमां पण ज्ञानज वडुंरे, जिणथी दंसण होयरे ॥ भ० ॥ २ ॥
ज्ञाने चारित्र गुण वधेरे, ज्ञाने उद्योत सहाय ॥
ज्ञाने थिविरपणुं लहेरे, आचारज उवज्झायरे ॥ भ० ॥ ३ ॥
ज्ञानी श्वासोश्वासमांरे, कठिण करम करे नाश ॥
वन्हि जेम इंधण दहेरे, क्षणमां ज्योति प्रकाशरे ॥ भ० ॥ ४ ॥
प्रथम ज्ञान पछे दयारे, संवर मोह विनाश ॥

गुणठाणग पगथालीयेरे,जेम चढे मोक्ष आवासोरे ॥भ०॥ ५ ॥
मइ सुअ ओहि मणपज्जवारे, पंचम केवळज्ञान ॥
चउ मुंगा श्रुत एक छेरे, स्वपर प्रकाश निदानरे ॥ भ०॥ ६ ॥
तेहनां साधन जे कह्यारे, पाटी पुस्तक आदि ॥
लखे लखावे साचवेरे, धर्मी धरी अप्रमादोरे ॥ भ० ॥ ७ ॥
त्रिविध आशातना जे करेरे, भणतां करे अंतराय ॥
अंधा बेहेरा बोबडारे, मुंगा पांगुला थायरे ॥ भ० ॥ ८ ॥
भणतां गणतां न आवडेरे, न मळे वल्लभ चीज ॥
गुणमंजरी वरदत्त परेरे, ज्ञान विराधन बीजरे ॥ भ० ॥ ९ ॥
प्रेमे पूछे परखदारे, प्रणमी जगगुरु पाय ॥
गुणमंजरी वरदत्तनोरे, करो अधिकार पसायोरे ॥ भ० ॥१०॥

## ॥ ढाल बीजी. ॥

कपूर होये अति उजळोरे—ए देशी.

जंबूद्वीपना भरतमारे, नयर पदमपुर खास ॥
आजितसेन राजा तिहांरे, राणी यशोमती तासरे. प्राणी ॥
आराधो वर ज्ञान, एहज मुक्ति निदानरे प्राणी० ॥ १ ॥
वरदत्त कुंवर तेहनोरे, विनयादिक गुणवंत ॥
पिताए भणवा मूकीओरे, आठ वरस जब हुंतरे ॥ प्रा० ॥२॥
पंडित यत्न करे घणोरे. छात्र भणावण हेत ॥
अक्षर एक न आवडेरे, ग्रंथतणी शी चेतरे ॥ प्रा० ॥ ३ ।

कोढे व्यापी देहडीरे, राजा राणी सचिंत ॥
श्रेष्ठी तेहीज नयरमांरे, सिंहदास धनवंतरे ॥ प्रा० ॥ ४ ॥
कपूरतिलका गेहिनीरे, शीले शोभित अंग ॥
गुणमंजरी तस बेटडीरे, मुंगी रोगे व्यंगरे ॥ प्रा० ॥ ५ ॥
सोळ वरसनी सा थइरे, पामी यौवन वेश ॥
दुर्भग पण परणे नहींरे, मात पिता धरे खेदरे ॥ प्रा० ॥ ६ ॥
तेणे अवसरे उद्यानमांरे, विजयसेन गणधार ॥
ज्ञान रयण रयणायरूरे, चरण करण व्रतधाररे ॥ प्रा० ॥ ७ ॥
वनपालकें भूपालनेरे, दीध वधाइ जाम ॥
चतुरंगी सेना सजीरे, वंदन जावे तामरे ॥ प्रा० ॥ ८ ॥
धर्मदेशना सांभलेरे, पुरजन सहित नरेश ॥
विकासित नयण वदन मुदारे, नहि प्रमाद प्रवेशरे ॥ प्रा० ॥ ९ ॥
ज्ञान विराधन परभवेरे, मूरख पर आधीन ॥
रोगे पीडया टळवळेरे, दीसे दुःखीया दीनरे ॥ प्रा० ॥ १० ॥
ज्ञान सार संसारमांरे, ज्ञान परम सुख हेत ॥
ज्ञान विना जग जीवडारे, न लहे तत्त्व संकेतरे ॥ प्रा० ॥ ११ ॥
श्रेष्ठी पूछे मुणींदनेरे, भाखो करुणावंत ॥
गुणमंजरी मुज अंगजारे, कवण कर्म विरतंतरे ॥ प्रा० ॥ १२ ॥

## ॥ ढाळ त्रीजी ॥

### सुरती महिनानी देशी.

घातकी खंडना भरतमां, खेटक नयर सुठाम ॥

व्यवहारी जिनदेव छे, घरणी सुंदरी नाम ॥ १ ॥
अंगज पांच सोहामणा, पुत्री चतुरा चार ॥
पंडित पासे शीखवा, ताते मूक्या कुमार ॥ २ ॥
बाळ स्वभावे रमत, करतां दहाडा जाय ॥
पंडित मारे त्यारे, मा आगल कहे आय ॥ ३ ॥
सुंदरी शंखिणी शीखवे, भणवानुं नहीं काम ॥
पंड्यो आवे तेडवा, तो तस हणजो ताम ॥ ४ ॥
पाटी खाडिया लेखण, बाळी कीधां राख ॥
शठने विद्या नवि रुचे, जेम करहाने द्राख ॥ ५ ॥
पाडापरे महोटा थया, कन्या न दीये कोय ॥
शेठ कहे सुण सुंदरी, ए तुज करणी जोय ॥ ६ ॥
त्रटकी भाखे भामिनी, बेटा बापना होय ॥
पुत्री होये मातनी, जाणे छे सौ कोय ॥ ७ ॥
रे रे पापिणी सापिणी, सामा बोल म बोल ॥
रीसाळी कहे ताहरो, पापी बाप निटोल ॥ ८ ॥
शेठे मारी सुंदरी, काल करी ततखेव ॥
ए तुज बेटी उपनी, ज्ञान विराधन हेव ॥ ९ ॥
मूर्छागत गुणमंजरी, जातिसमरण पामी ॥
ज्ञान दीवाकर साचो, गुरुने कहे शिर नामि ॥ १० ॥
शेठ कहे सुणो स्वामी, केम जाए ए रोग ॥
गुरु कहे ज्ञान आराधो, साधो वंछित योग ॥ ११ ॥

उज्वल पंचमी सेवो, पंच वरस पंच मास ॥
नमो नाणस्स गणणुं गणो, चोविहार उपवास ॥ १२ ॥
पूरव उत्तर सन्मुख, जपिये दोय हजार ॥
पुस्तक आगल ढोइए, धान्य फलादि उदार ॥ १३ ॥
दीवो पंच दीवटतणो, साथिओ मंगल गेह ॥
पोसहमां न करी शके, तेणे विधि पारणे एह ॥ १४ ॥
अथवा सौभाग्य पंचमी, उज्वल कार्त्तिक मास ॥
जावज्जीव लगे सेवीए, उजमणा विधि खास ॥ १५ ॥

## ॥ ढाळ चोथी ॥

एकवीशानी देशी.

ढाळ–पांच पोथीरे, ठवणी पाठां विटांगणां ॥
चाबखी दोरारे, पाटी पाटला वरतणां ॥
मसी कागलरे, कांबी खडिआ लेखणी ॥
कवली डाबलीरे, चद्रुआ झरमर पुंजणी ॥ १ ॥
त्रुटक–प्रासाद प्रतिमा तास भूषण, केसर चंदन डाबली ॥
वासकुंपी वाळाकुंची, अंगलुहणा छाबडी ॥
कलश थाली मंगल दीवो, आरति ने धूपणां ॥
चरवला मुहपत्ति सामीवच्छल, नोकारवाली थापना ॥ २ ॥
ढाळ–ज्ञान दरिसणरे, चरणनां साधन जे कह्यां ॥
तप संयुतरे, गुणमंजरीए सद्दह्यां ॥
नृप पूछेरे, वरदत्त कुंअरने अंगरे ॥

रोग उपनोरे, कवण करमना भंगरे ॥ ३ ॥

त्रुटक–मुनिराज भाखे जंबुद्वीपे, भरत सिंहपुर गाम ए ॥
व्यवहारी वसु तास नंदन, वसुसार वसुदेव नाम ए ॥
वनमांहे रमतां दोय बंधव, पुण्ययोगे गुरु मल्या ॥
वैराग्य पामी भोग वामी, धर्म धामी संचर्या ॥ ४ ॥

ढाल–लघु बांधवरे, गुणवंत गुरु पदवी लहे ॥
पणसय मुनिनेरे, सारण वारण नितु दिए ॥
कर्मयोगेरे, अशुभ उदय थयो अन्यदा ॥
संथारेरे, पोरिसी भणी पोढ्या यदा ॥ ५ ॥

त्रुटक–सर्वघाति निंदव्यापी, साधु मागे वायणा ॥
उंघमां अंतराय थातां, सूरि हुआ दूमणा ॥
ज्ञान ऊपर द्वेष जाग्यो, लाग्यो मिथ्या भूतडो ॥
पुण्य अमृत ढोली नांख्युं, भर्यो पापतणो घडो ॥ ६ ॥

ढाल–मन चिंतवेरे, कां मुज लाग्युं पापरे ॥
श्रुत अभ्यासोरे, तो एवडो संतापरे ॥
मुज बांधवरे, भोयण सयण सुखे करे ॥
मूरखनारे, आठ गुण मुख उच्चरे ॥ ७ ॥

त्रुटक–बार वासर कोइ मुनिने, वायणा दीधी नहीं ॥
अशुभ ध्याने आयु पूरी, भूप तुज नंदन सही ॥
ज्ञान विराधन मूढ जडपणुं, कोढनी वेदन लही ॥
वृद्ध बांधव मान सरवर, हंसगति पाम्यो सही ॥ ८ ॥

ढाल—वरदत्तनेरे, जाति समरण उपन्युं ॥
भव दीठोरे, गुरु प्रणमी कहे शुभ मनो ॥
धन्य गुरुजीरे, ज्ञान जगत्रय दीवडो ॥
गुण अवगुणरे, भासन जे जग परवडो ॥ ९ ॥

त्रुटक—ज्ञानपावन सिद्धि साधन, ज्ञान कहो केम आवडे ॥
गुरु कहे तपथी पाप नासे, टाढ जेम घन तावडे ॥
भूप पभणे पुत्रने प्रभु, तपनी शक्ति न एवडी ॥
गुरु कहे पंचमी तप आराधो, संपदा ल्यो बेवडी ॥१०॥

## ॥ ढाळ पांचमी ॥

॥ मेंदी रंग लाग्यो—ए देशी ॥

सद्गुरु वयण सुधारसेरे, भेदी साते धात॥ तपशुं रंग लाग्यो ॥
गुणमंजरी वरदत्तनोरे, नाठो रोग मिथ्यात ॥ त० ॥ १ ॥
पंचमी तप महिमा घणोरे, प्रसर्यो महीयलमांही ॥ त० ॥
कन्या सहस सयंवरारे, वरदत्त परण्यो त्यांही ॥ त० ॥ २ ॥
भूपे कीधो पाटवीरे, आप थयो मुनिभूप ॥ त० ॥
भीम कांत गुणे करीरे, वरदत्त रवि शशि रूप ॥ त० ॥ ३ ॥
राजरमा रमणीतणारे, भोगवे भोग अखंड ॥ त० ॥
वरसे वरसे उजवेरे, पंचमी तेज प्रचंड ॥ त० ॥ ४ ॥
भुक्तभोगी थया संजमीरे, पाले व्रत खट्काय ॥ त० ॥
गुणमंजरी जिनचंद्रनेरे, परणावे निज ताय ॥ त० ॥ ५ ॥
सुख विलसी थइ साधवीरे, वैजयंते दोय देव ॥ त० ॥

वरदत्त पण उपनोरे, जिहां सीमंधर देव || त० || ६ ||
अमरसेन राजा घरेरे, गुणवंत नारी पेट || त० ||
लक्षण लक्षित रायनेरे, पुण्ये कीधो भेट || त० || ७ ||
सुरसेन राजा थयोरे, सो कन्या भरतार || त० ||
सीमंधर सामी कनेरे, सुणी पंचमी अधिकार || त० || ८ ||
तिहां पण ते तप आदर्युंरे, लोकसहित भूपाळ || त० ||
दश हजार वरसां लगेरे, पाळे राज्य उदार || त० || ९ ||
चार महाव्रत चोंपशुरे, श्री जिनवरनी पास || त० ||
केवळधर मुक्ति गयारे, सादि अनंत निवास || त० ||१०||
रमणी विजय शुभापुरीरे, जंबु विदेह मझार || त० ||
अमरसिंह महीपालनेरे, अमरावती घरनार || त० ||११||
वैजयंत थकी चवींरे, गुणमंजरीनो जीव || त० ||
मानस सर जेम हंसलोरे, नाम धर्युं सुग्रीव || त० ||१२||
वीशे वरसे राजवीरे, सहस चोरासी पुत्र || त० ||
लाख पूरव समता धरेरे, केवलज्ञान पवित्र || त० ||१३||
पंचमी तप महिमा विषेरे, भाखे निज अधिकार || त० ||
जेणे जेहथी शिवपद लह्युंरे, तेने तस उपकार || त० ||१४||

## || ढाळ छट्ठी ||

करकंडुने करुं वंदणा—ए देशी.

चोवीस दंडक वारवा || हुं वारी लाल ||
चोवीशमो जिनचंदरे || हुं वारी लाल ||
प्रगट्यो प्राणत स्वर्गथी || || हुं० ||

त्रिशला उर सुखकंदरे ॥ हुं० ॥ १ ॥
महावीरने करुं वंदना ॥ हुं० ॥ ए आंकणी ॥
पंचमी गतिने साधवा ॥ हुं० ॥ पंचम नाण विलासरे ॥ हुं० ॥
महानिशीथ सिद्धांतमां ॥ हुं० ॥ पंचमी तप प्रकाशरे ॥ हुं० ॥२॥
अपराधी पण उद्धर्यो ॥ हुं० ॥ चंडकोशिओ सापरे ॥ हुं० ॥
यज्ञ करंता बांभणां ॥ हुं० ॥ सरखा कीधा आपरे ॥ हुं० ॥३॥
देवानंदा ब्राह्मणी ॥ हुं० ॥ रिखभदत्त वली विप्ररे ॥ हुं० ॥
ब्यासी दिवस संबंधथी ॥हुं०॥ कामित पूर्यो क्षिप्ररे ॥ हुं० ॥४॥
कर्म रोगने टाळवा ॥ हुं० ॥ सवि औषधनो जाणरे ॥ हुं० ॥
आदर्यो में आशा धरी ॥हुं०॥ मुज उपर हित आणरे ॥ हुं० ॥५॥
श्री विजयसिंह सूरीशनो ॥ हुं० ॥ सत्यविजय पन्यासरे ॥ हुं० ॥
शिष्य कपूरविजय कवि ॥हुं०॥ चंदकिरण जस जासरे ॥हुं०॥६॥
पास पंचासरा सानिधे ॥ हुं० ॥ खिमाविजय गुरु नामरे ॥ हुं० ॥
जिनविजय कहे मुज हजो ॥हुं०॥ पंचमी तप परिणामरे ॥हुं०॥७॥

## ॥ कळश ॥

इम वीर लायक विश्वनायक, सिद्धिदायक संस्तव्यो ॥
पंचमी तप संस्तवन टोडर, गुंथी जिनकंठे ठव्यो ॥
पुण्य पाटण क्षेत्रमाहे, सत्तर त्राणुं संवत्सरे ॥
श्री पार्श्व जन्म कल्याण दिवसे, सकल भवि मंगल करे ॥१॥इति॥

## श्री पंचमीनी स्तुति

श्रावण शुदि दिन पंचमी ए, जनम्या नेमिजिणंद तो ॥
श्याम वरण तनु शोभतुं ए, मुख शारदको चंद तो ॥
सहस वरस प्रभु आउखुं ए, ब्रह्मचारी भगवंत तो ॥
अष्ट करम हेले हणीए, पहोता मुक्ति महंत तो ॥ १ ॥
अष्टापद पर आदि जिन ए, पहोता मुक्ति मोझार तो ॥
वासुपूज्य चंपापुरी ए, नेम मुक्ति गिरनार तो ॥
पावापुरी नगरीमां वळी ए, श्री वीरतणुं निर्वाण तो ॥
समेतशिखर वीश सिद्ध हुआ ए, शिर वहुं तेहनी आण तो ॥ २ ॥
नेमिनाथ ज्ञानी हुआ ए, भाखे सार वचन तो ॥
जीवदया गुण वेलडीए, कीजे तास जतन तो ॥
मृषा न बोलो मानवी ए, चोरी चित्त निवार तो ॥
अनंत तीर्थंकर एम कहे ए, परहरिए परनार तो ॥ ॥ ३ ॥
गोमेद नामे जक्ष भलो ए, देवी श्री अंबिका नाम तो ॥
शासन सानिध्य जे करे ए, करे वळी धर्मनां काम तो ॥
तपगच्छ नायक गुणनिलो ए, श्री विजयसेन सूरिराय तो ॥
रिषभदास पाय सेवतां ए, सफळ करो अवतार तो ॥ ॥ ४ ॥

इति श्री पंचमीनी स्तुति संपूर्ण.

## श्री ज्ञानपंचमीनुं लघु स्तवन.

पंचमी तप तमे करोरे प्राणी ! जेम पामो निर्मण नाणरे;
पहेलुं ज्ञान ने पछी किरिया, नहीं कोइ ज्ञान समानरे ॥ पं० ॥ १ ॥

नंदीसूत्रमां ज्ञान वखाण्युं, ज्ञानना पंच प्रकाररे;
मति श्रुत अवधि ने मनपर्यव, केवळज्ञान श्रीकाररे ॥ पं० ॥ २ ॥
मति अठ्ठावीश श्रुत चौद वीश, अवधी छ असंख्य प्रकाररे;
दोय भेदे मनपर्यव दाख्युं, केवळ एक उदाररे ॥ पं० ॥ ३ ॥
चंद्र सूर्य ग्रह नक्षत्र तारा, जेहवो तेज आकाशरे;
केवळज्ञान उद्योत भयो तव, लोकालोक प्रकाशरे ॥ पं० ॥ ४ ॥
पार्श्वनाथ पसाय करीने, पूरो मारा मनना उमेदरे;
समयसुंदर कहे हुं पण मागुं, ज्ञाननो पंचमो भेदरे ॥ पं० ॥ ५ ॥

## श्री ज्ञानपंचमीनी स्तुति.

श्रीनेमिः पंचरूपत्रिदशपतिकृतप्राज्यजन्माभिषेक-
श्चंचत्पंचाक्षमत्ताद्विरदमदभिदा पंचवक्त्रोपमानः ॥
निर्मुक्तः पंचदेह्याः परमसुखमयः प्रास्तकर्मप्रपंचः ।
कल्याणं पंचमीसत्तपासि वितनुतां पंचमज्ञानवान् वः ॥१॥

अर्थः—( श्रीनेमिः के० ) श्रीनेमिनाथ भगवान, ( वः के० ) तमारा (पंचमी सत्तपासि के०) पंचमीना सारा तपने विषे ( कल्याणं के० ) निर्विघ्नपणाने ( वितनुतां के० ) विस्तारो. हवे ते नेमिनाथ भगवान् केवा छे ? तोके (पंचरूप के०)पांचरूपे करीने(त्रिदशपतिके०) देवताना पति एवा जे इंद्र तेणे ( कृत के०) कर्यो छे (प्राज्य जन्माभिषेकः के०)महोटो अने उत्तम जन्माभिषेक जेमनो एवा, वली ते केवा

छे ? तो के ( चंचत् के० ) दीपता एवा ( पंचाक्ष ) पांच इंद्रियो रूप ( मत्तके० ) मदोन्मत एवा (द्विरदके०)हस्ती तेना( मदभिदाके०) मद भेदवे करीने ( पंचवक्रोपमानः के० ) पंचवक्र जे सिंह तेनुं छे उपमान जेमने एवा छे, वळी ते केवा छे ? तो के ( पंचदेह्याः के० ) औदारिकादिक पांच शरीर ते थकी ( निर्मुक्त के० ) मुक्त थया एवा, वळी केवा छे ? तो के ( परम के० ) उत्कृष्ट एटले अतींद्रिय एवा ( सुखमयःके०)सुखे करीने सहित, वळी केवा छे ?(प्रास्त के०) प्रकर्षे करी टाळ्या छे ( कर्मप्रपंचःके०) कर्मना प्रपंच एटले विस्तार जेमणे एवा, वळी ते केवा छे ? तो के ( पंचमज्ञानवान् के० ) पांचमुं ज्ञान जे केवळज्ञान तेणे करी युक्त छे ॥ १ ॥

**संप्रीणन् सच्चकोरान् शिवतिलकसमः कौशिकानंदमूर्तिः।**
**पुण्याब्धिप्रीतिदायी सितरुचिरिव यः स्वीयगोभिस्तमांसि॥**
**सांद्राणि ध्वंसमानः सकलकुवलयोल्लासमुच्चैश्चकार ।**
**ज्ञानं पुष्याज्जिनौघःसुतपसि भविनां पंचमीवासरस्य॥२॥**

अर्थः—हवे जिनसमुदायने चंद्रनी समानतारूपे स्तवे छे.(सितरुचिरिव के० ) चंद्रमा सदृश एवो तथा ( शिवतिलकसमः के० ) शिव जे मोक्ष तेने विषे तिलक समान एवो ( यः के० ) जे (जिनौघः के० ) जिनसमुदाय छे, ते ( भविनां के० ) भव्यजनोना ( पंचमीवासरस्य के० ) पंचमी दिवसना (सुतपसि के० ) रुडा तपने विषे ( ज्ञानं के० ) ज्ञान जे तेने ( पुष्यात् के० ) पुष्टिने करो. हवे ते जिन

समुदायने चंद्र तुल्यता केवी रीते छे ? ते सर्व विशेषणोए करीने कहे छे. जेम चंद्र ( सच्चकोरान् के० ) उत्तम जे चकोर तेमने ( संप्रीणन् के० ) रुडे प्रकारे आनंद उत्पन्न करे छे, तेम ए श्री जिन समुदाय पण (सच्चकोरान् के० )सत्पुरुषरूप जे चकोर तेमने (संप्रीणन् के० ) सम्यक् प्रकारे हर्ष करे छे. वली जेम चंद्र ( कौशिकानंदमूर्त्तिः के०) घूवडने आनंददायक छे मूर्ति जेनी एवो छे, तेम ए जिनसमुदाय पण ( कौशिकानंदमूर्त्तिः के० ) इंद्रने आनंदरूप छे मूर्ति जेनी एवो छे, तथा जेम चंद्र ( पुण्याब्धि के० ) पुण्यकारक समुद्रने (प्रीतिदायी के०)प्रीतिदायक छे, तेम जिनौघ पण(पुण्याब्धि के०) पुण्यरूप जे समुद्र तेने(प्रीतिदायीके०)प्रीतिनो देनारो छे, तथा जेम चंद्र (स्वीय के०) पोतानां (गोभिःके०) किरणोए करी(सांद्राणि के० ) गाढ एवां ( तमांसि के० ) अंधकारोने ( ध्वंसमानः के० ) ध्वंस एटले नाश करनारो छे तेम जिनौघ पण ( सांद्राणि के० ) गाढ एवा ( तमांसि के०) जीवोनां अज्ञान, तेमने ( ध्वंसमानः के० ) ध्वंस एटले नाश करनारो छे. तथा जेम चंद्र(सकल कुवलयोल्लासं के०) समग्र कुवलय जे चंद्रविकासी कमळो, तेना वीकसितपणाने ( उच्चैः के० ) अत्यंत ( चकार के० ) करतो हवो, तेम ए जिनौघ पण ( कुवलय के० ) पृथ्वीवलयना ( उल्लासं के० )हर्षने ( चकार के० ) करतो हवो एवो छे, माटे तेने चंद्रमानी उपमा योग्य छे ॥२॥

**पीत्वा नानाभिधार्थामृतरसमसमं यांति यास्यंति जग्मु-**
**र्जीवा यस्मादनेके विधिवदमरतां प्राज्यनिर्वाणपुर्याम् ॥**

यात्वा देवाधिदेवागमदशमसुधाकुंडमानंदहेतु-
स्तत्पंचम्यास्तपस्युद्यतविशदधियां भाविनामस्तु नित्यम् ३

अर्थः—(देवाधिदेवागम के०) श्री वीतराग देव तेनो (आगमके०) सिद्धांत रूप (दशमके०) दशमो एवो (सुधाकुंडके०) अमृत कुंड जे छे (तत् के०) ते ( पंचम्याः के० ) ज्ञान पंचमीना ( तपसि के० ) तपने विषे ( उद्यत के० ) उजमाळ तथा (विशदधियांके०) निर्मळ छे बुद्धि जेमनी एवा ( भाविनां के० ) भाविक भव्य जीवोने ( आनंदहेतुः के० ) आनंदना कारणभूत ( नित्यं के० ) निरंतर ( अस्तु के० ) थाओ. हवे ते जिनागम रुप दशम सुधाकुंड केवो छे ? तोके ( नानाभिधार्थामृतरसं के० ) नाना प्रकारनां छे नाम जेमनां एवा जे अर्थो, ते रूप अमृत रस छे जेमां एवो छे तेने ( विधिवत् के० ) विधि प्रमाणे ( पीत्वा के० ) पान करीने ( असमं के० ) निरुपम एवा सुखने ( यास्यंति के० ) पामशे, ( यांति के० ) पामे छे, अने (जग्मुः के०) पामता हवा. ( यस्मात् के० ) जेनुं पान करवा थकी ( अनेके के० ) अनेक एवा ( जीवाः के० ) जीवो जे छे ते ( प्राज्य के० ) महोटी एवी ( निर्व्वाण पुर्यां के० ) मोक्ष नगरीने विषे ( अमरतां के० ) अजरामरपणाने ( यात्वा के० ) पामीने स्वस्थ थाय छे. ॥ ३ ॥

स्वर्णालंकारवल्गन्मणिकिरणगणध्वस्तनित्यांधकारा ।
हुंकारारावदूरीकृतसुकृतजनव्रातविघ्नप्रचारा ॥

देवी श्रीअंबिकाख्या जिनवरचरणांभोजभृंगीसमाना,
पंचम्यन्हस्तपोर्थं वितरतु कुशलं धीमतां सावधाना॥४॥

अर्थः—( श्रीअंबिकाख्या के० ) श्रीअंबिका छे नाम जेनुं एवी ( देवी के० ) देवी, ते ( सावधाना के० ) सावधान एवी छती धीमतां के० बुद्धिमान् एवा भविक जीवना ( पंचम्यन्हः के० ) पंचमीना दिवसना ( तपोर्थं के० ) तपने माटे ( कुशलं के० ) कुशल जे छे तेने ( वितरतु के० ) विस्तारो. ते देवी केवी छे ? तो के ( स्वर्णालंकार के० ) सुवर्णना जे अलंकार तेने विषे ( वल्गन्मणि-किरणगण के० ) वलग्या एवा जे मणि तेनां किरणना जे गण, तेणे करी (ध्वस्तनित्यांधकारा के० ) टाल्यो छे निरंतर अंधकार जेणे, वली ते देवी केवी छे ? तो के ( हुंकारा के० ) हुंकारनो राव जे शब्द तेणे करी (दूरीकृत के०) दूर कर्या छे (सुकृत-जनव्रात के०) सुकृतनो करनारो एवो जे जनसमूह तेना ( विघ्न-प्रचारा के० ) विघ्नना प्रचार जेणे, वली ते केवी छे ? तो के ( जिनवरचरणांभोज के० ) श्रीवीतरागनां चरणरूप कमलने विषे ( भृंगीसमाना के० ) भ्रमरी समान छे. ॥ ४ ॥

## श्री देवविजयजी कृत पांचमनी सज्झाय.

### चोपाइ.

सद्गुरुना हुं प्रणमुं पाय, सरसति सामिनी करो पसाय;
पंचमी तप फल महिमा सुणो, जे करतां जग शोभा गणो. १

ज्ञान अथाह वधे वळी जेह, पंचम ज्ञान लहे भवी तेह;
पंचमी गति पामे सुख सार, एह संसारनो पामे पार. २
सोळ रोग ततक्षण उपशमे, तेउकाय जीम शितने दमे;
तिम ए तप छे रोगनो काळ, जुओ वरदत्त गुणमंजरी बाळ ३
पंच वरस ने पंचज मास, करीए तप मनने उल्लास;
अंते उजमणुं कीजीए, पोते तपनुं फळ लीजीए. ४
उजमणा विण फळ ते नही, इम ए वाणी जिनवर कही;
श्री वीजेरत्न तणो ए शिष, वाचक देवनी पूरो जगीश. ५

## पंचमीनुं स्तवन.

### ढाळ १ ली.

प्रणमुं सद्गुरु पाय, निर्मळ ज्ञान उपाय;
पंचमी तप भणुं ए, जनम सफल करुं ए. १.
चोविशमो जिणचंद, केवळज्ञान दिणंद;
त्रिगडे गहगह्यो ए, भवियणने कह्यो ए. २.
ज्ञान वडो संसार, ज्ञान मुगति दातार;
ज्ञान दीवो कह्यो ए, साचो सद्दह्यो ए. ३.
ज्ञान लोचन सुविकाश, लोकालोक प्रकाश;
ज्ञान विना पशु ए, नर जाणे किश्युं ए. ४.
अधिक आराधक जाण, भगवति सूत्र प्रमाण;
ज्ञानी सर्वनुं[1] ए, किरिया देशनुं[2] ए. ५.

१ ज्ञान सर्वाराधक. २ क्रिया देशाराधक.

ज्ञानी श्वासोश्वास, करम करे जे नाश;
नारकने सही ए, कोड वरसे कहीए. ६.
ज्ञान तणो अधिकार, बोल्यो सूत्र मोझार;
किरिया छे सही ए, क्षिण पाछे कहीए. ७.
किरिया सहित जो ज्ञान, हुवे तो अति परधान;
सोनुं ने सुरंभ[३] ए, शंख दुधे भर्यो ए. ८.
महानिशिथ मोझार, पंचमी अक्षर सार;
भगवंत भाखिया ए, गणधर साखियो ए. ९.

## ॥ ढाल २ जी. ॥

पंचमी तप विधि सांभळो, जिन पामो भवपारोरे;
श्री अरिहंत इम उपदिसे, भवियणने हितकारोरे. पं० १०
मागशर माह फागुण भलो, जेठ अशाड वैशाखोरे;
इण खट मासे लीजीए, शुभ दिन सद्गुरु पासोरे. पं० ११
देव जुहारीए देहरे, गीतारथ गुरु वंदीरे;
पोथी पूजो ज्ञाननी, शक्ति होवे तो नंदी[४]रे. पं० १२
बे कर जोडी भावशुं, गुरुमुख करे उपवासोरे;
पंचमी पडिक्रमणुं करे, भणे पंडित गुरु पासोरे. पं० १३
जिणदिन पंचमी तप करे, तिण दिन आरंभ टाळोरे;
पंचमी स्तवन थुइ कहे, ब्रह्मचर्य पण पाळोरे. पं० १४
पंच मास लघु पंचमी, जावजीव उत्कृष्टिरे;
पंच वरस पंच मासनी, पंचमी करो शुभ दृष्टिरे. पं० १५

---

३ सुगंध. ४ शक्ति होय तो नंदी मंडाववी.

## ढाळ ३ जी.

ढाळ—हवे भवियण रे, पंचमी उजमणो सुणो;
घर सारु रे, वारु वित्त खरचो घणो.
ए अवसर रे, आवंता वळी दोहिलो;
पुन्य योगे रे, धन पामंता सोहिलो.
त्रटक—सोहिलो वळी धन पामंता, धरमकाज किहां वळी;
पंचमी दिन गुरु पास आवी, कीजीए काउसग रळी.
त्रण ज्ञान दर्शन चरण टीकी, देव पुस्तक पूजीए;
थापना पहेली पूजी केशरे, सुगुरु सेवा कीजीए ॥ १६ ॥
ढाळ—सिद्धांतनीरे, पंच परत विटांगणा;
पंच पाठां रे, मखमल सूत्र प्रमुख तणा.
पंच दोरारे, लेखण पांच मिजासणा[1];
वासकुंपी रे, कांबी चारु वरतणा.
त्रूटक—वरतणा वारु वळीय कवळी, पांच झीलमील[2] अति भली;
थापनाचारज पांच ठवणी, मुहपत्ति पडिपाटली.
पटसूत्र पाटी पंच कोथळी, पंच नवकारवाळिया;
इणपरे श्रावक करे पंचमी, उजमणो उजवाळीया ॥ १७ ॥
ढाळ—वळी देहरेरे, स्नात्र महोच्छव कीजीए;
वित्त सारुरे, दान वळी तिहां दीजीए;
प्रतिमानेरे, आगळ ढोवण ढोइए;

---

१ वस्तु विशेष. २ वस्तु विशेष.

पूजानारे, जे जे उपगरण जोइए.

त्रुटक—जोइए उपगरण देवपूजा, काज कळश भृंगार ए;
आरती मंगळ थाळ दीवो, धुपधाणो सार ए;
घनसार केशर अगर सुखड, अंगलुहणा दीस ए;
पंच पंच सघळी वस्तु ढोवो, शक्तिश्युं पचवीश ए ॥१८॥

ढाळ—पंचमीता[१]रे, साहमी सरव जमाडीए;
रातीजगेरे, गीत रसाळ गवाडीए;
इण करणीरे, करतां ज्ञान आराधीए;
ज्ञान दरशनरे, उत्तम कारण साधीए.

त्रुटक—साधीए मारग एणी करणी, ज्ञान लहीए निरमळो;
सुरलोक ने नरलोकमांहे, ज्ञान निरमळ आगळो;
अनुक्रमे केवळज्ञान पामी, शाश्वता सुख ते लहे;
जे करे पंचमी तप अखंडित, वीरजिनवर इम कहे ॥१९॥

## कळश.

इम पंचमी तप फळ प्ररुपक, वर्द्धमान जिणेसरो,
में थुण्यो श्री अरिहंत भगवंत, अतुळ बळ अळवेसरो;
जयवंत श्री जिनचंदसूरि, सकळचंद नमंसीओ,
वांचनाचारज समयसुंदर, भगति भाव प्रशंसियो ॥२०॥इति.

---

१ पंचमी तप करनारा.

# श्री विजयलक्ष्मीसूरिकृत पाचमनी सज्झाय.

## ढाल १ ली.

मारुं मन मोह्युंरे सुंदर शामळीयारे—ए देशी ॥

श्री वासुपूज्य जिनेसर वयणथीरे, रुपकुंभ वचनकुंभ मुनि दोय;
रोहिणीमंदीर सुंदर आवियारे, नमी भव पूछे दंपती सोय. ॥१॥
चउनाणी वयणे दंपति मोहियारे ॥ ए आंकणी ॥

राजा राणी निज सुत आठनुं रे, तपफळ नीज भवधारी संबंध;
विनय करी पूछे महाराजने रे, चार सुताना भव परबंध ॥च० ॥२॥
रुपवती[१] शीलवती[२] ने गुणवती[३], सरसती[४] ज्ञान कळा भंडार;
जन्मथी रोग सोग दीठो नथी रे,कुण पुन्ये लीधोरे एह अवतार॥च०॥३॥

## ढाळ २ जी.

वाल्हो मारो वाये छे वांसळी रे—ए देशी ॥

गुरु कहे वैताढ्य गिरिवरेरे, पुत्री विद्याधर चार;
निज आयु ज्ञानीने पूछीयुंरे, करवा सफळ अवतार.
अवधारो अम विनति रे ॥ ए आंकणी ॥१॥

थोडा आयुमां कारज धर्मनां रे, किम करीए मुनिराज;
गुरु कहे धर्मना योग असंख्य छे रे, ज्ञानपंचमी तुम काज ॥अ०॥२॥
क्षिण अर्धे सवि अघ टळे रे, शुद्ध परिणामे साध्य;
कल्याणक नेवुं जिनतणां रे, पंचमी दिवसे आराध्य ॥अ०॥३॥

## ढाळ ३ जी.

जइने कहेजो मारा वालाजीरे—ए देशी ॥

चैत्र वदी पंचमी दिने, सुणो प्राणीजीरे,
चविया चंद्रप्रभु स्वामी, लहि सुख ठाम; सु०
अजित संभव अनंतजी, सु०
चैत्र शुदी पंचमी शिवधाम, शुभ परिणाम. सु० ॥ १ ॥
वैशाख वदी पंचमी दिने, सु०
संजम लीये कुंथुनाथ, बहु नर साथ; सु०
ज्येष्ठ शुदी पंचमी वासरे, सु०
मुगति पाम्या धर्मनाथ, शिवपुर साथ. सु० ॥ २ ॥
श्रावण शुदि पंचमी दिने, सु०
जनम्या नमी सुरंग, अति उछरंग; सु०
मागशर वदि पंचमी दिने, सु०
सुविधि जन्म सुख संग, पुन्य अभंग. सु० ॥ ३ ॥
कार्तिक वदी पंचमी दिने, सु०
संभव केवळ ज्ञान, करो बहु मान; सु०
दश क्षेत्रे नेवुं जिन सुणो, सु०
पंचमी दिननां कल्याण, सुखनां निधान. सु० ॥ ४ ॥

## ढाळ ४ थी.

हांरे मारे जोबनीयानो लटको दहाडा चारजो,
नाणुंरे मळशे पण टाणुं नही मळेरे लोल. ए देशी ॥

हां रे मारे ज्ञानी गुरुनां वयण सुणी हितकारजो,
चार विद्याधरी पंचमी विधिए आचरेरे लोल;
हां रे मारे शासनदेव ने पंच ज्ञान मनोहारजो,
टाळीरे आशातना देववंदन सदारे लोल. ॥ १ ॥
हां रे मारे तप पूरणथी उजमणानो भावजो,
एहवे विद्युत् योगे सुर पदवी वर्यारे लोल;
हां रे मारे धर्म मनोरथ आळस तजतां होयजो,
धन्य ते आतम अविलंबे कारज कर्यांरे लोल. ॥ २ ॥
हां रे मारे देवथकी तुम कुक्षे लीयो अवतारजो,
सांभळी रोहिणी ज्ञान आराधन फळ घणांरे लोल;
हां रे मारे चार चतुरा विनय विवेके विचारजो,
गुण केटलां लखाये तुम पुत्रीतणारे लोल. ॥ ३ ॥

## ढाळ ५ मी.

आसणरा हो जोगी—ए देशी ॥

ज्ञानीना वयणथी चारे बहेनी, जातिसमरण पामीरे, ज्ञानी गुणवंता,
त्रीजा भवमां धारणा कीधी, सिध्यां मननां कामो रे. ज्ञा० ॥१॥
श्री जिनमंदिर पंच मनोहर, पंच वरणा जिनपडिमारे; ज्ञा०
जिनवर आगमने अनुसारे, करी उजमणानो महिमारे. ज्ञा० ॥२॥
पंचमी तिथि आराधन पंचम, केवळनाणी ते थाय रे; ज्ञा०
श्रीविजयलक्ष्मीसूरि अनुभव नाणे, संघ सकळ सुखदायरे. ज्ञा० ॥३॥

इति श्री पांचमनी सझाय संपूर्ण.

## ॥ अथ श्री ज्ञानपंचमीदेववंदन प्रारंभ ॥
### ॥ तत्र प्रथम विधि ॥

प्रथम बाजोठ उपर ठवणी ने तेनी उपर रुमाल ढांकी ते उपर पांच पुस्तक मूकीने वासक्षेपथी ज्ञाननी पूजा करीए, वळी पांच दी-वेटनो दीवो करीए, ते जयणापूर्वक पुस्तकनी जमणी पासे स्थापीए अने धूपधाणुं डाबे पासे मुकीए, पुस्तक आगळ पांच अथवा एकावन साथीया करी उपर श्रीफळ तथा सोपारी मूकीए. यथाशक्ति ज्ञाननी द्रव्यपूजा करीए. पछी देव वांदीए अने सामायिक तथा पोसह मध्ये वासपूजाए पुस्तक पूजीने देव वांदीए, अथवा देहरा मध्ये बाजोठ त्रण उपराउपर मांडी ते उपर पांच जिनमूर्त्ति स्थापीए. तथा महा उत्सवथी स्नात्र भणावीए. प्रभु आगळ जमणी तरफ पुस्तक मांड्युं होय तेनी पण वास प्रमुखे पूजा करीए. तथा उजमणुं मांड्युं होय तो तिहां पण यथाशक्ति जिनबिंब आगळ लघु स्नात्र भणावीने अ-थवा सत्तर भेदी पूजा भणावीने पछी श्री सौभाग्य पंचमीना देव वांदीए.

### हवे देव वांदवानो विधि कहे छे.

प्रथम प्रतिमाजीनी जोगवाइ न होय तो स्थापनाचार्य समीपे अथवा नवकार पंचिंदियवडे स्थापना स्थापीने इरियावही पडिक्कमी, चार नवकारनो अथवा एक लोगस्सनो काउस्सग करी, प्रगट लो-गस्स कही, खमासमण देइ, इच्छाकारेण संदिस्सह भगवन् मतिज्ञान आराधनार्थं चैत्यवंदन करुं ? एम कही, योगमुद्राए बेसी चैत्यवंदन करीए ते कहे छे.

## ॥ अथ श्री मतिज्ञाननुं चैत्यवंदन ॥

श्री सौभाग्य पंचमीतणो, सयल दिवस शणगार ।
पांचे ज्ञानने पूजीए, थाय सफल अवतार ॥
सामायिक पोसह विषे, निरवद्य पूजा विचार ।
सुगंध चूर्णादिकथकी, ज्ञान ध्यान मनोहार ॥
पूर्व दिशे उत्तर दिशे, पीठ रची त्रण सार ।
पंच वरण जिन बिंबने, स्थापीजे सुखकार ॥ १ ॥
पंच पंच वस्तु मेलवी, पूजा सामग्री जोग ।
पंच वरण कलशा भरी, हरीए दुःख उपभोग ॥
यथाशक्ति पूजा करो, मतिज्ञानने काजे ।
पंच ज्ञानमां धूरे कह्युं, श्रीजिन शासन राजे ॥
मति श्रुत विण होवे नहिए, अवधि प्रमुख महा ज्ञान ।
ते माटे मति धूरे कह्युं, मति श्रुतमां मति मान ॥ २ ॥
क्षय उपशम आवरणनो, लब्धि होये सम काले ।
स्वाम्यादिकथी अभेद छे, पण मुख्य उपयोग काले ॥
लक्षण भेदे भेद छे, कारण कारज योगे ।
मति साधन श्रुत साध्य छे, कंचन कलश संयोगे ॥
परमातम परमेसरुए, सिद्ध सयल भगवान ।
मतिज्ञान पामी करी, केवल लक्ष्मी निधान ॥ ३ ॥

इतिचैत्यवंदन ॥ १ ॥ नमुथ्थु० ॥ जावंति० ॥ नमोऽर्हत्० ॥ कही स्तवन कहीए ते आ प्रमाणे—

## ॥ अथ स्तवन ॥

### ॥ रसीयानी देशी ॥

प्रणमो पंचमी दिवसे ज्ञानने, गाजी जगमांरे जेह ॥ सुज्ञानी ॥
शुभ उपयोगे क्षणमां निर्जरे, मिथ्या संचित खेह ॥सु०॥प्रण०१॥
संतपदादिक नव द्वारे करी, माति अनुयोग प्रकाश ॥सु०॥
नय व्यवहारे आवरण क्षय करी, अज्ञानी ज्ञान उल्लास ॥सु०॥प्रण०२॥
ज्ञानी ज्ञान लहे निश्चय कहे, दो नय प्रभुजीने सत्य ॥ सु० ॥
अंतर मुहूर्त रहे उपयोगथी,ए सर्व प्राणीने नित्य ॥सु०॥प्रण०३॥
लब्धि अंतर मुहूर्त्त लघुपणे, छाशठ सागर जिठ ॥ सु० ॥
अधीको नरभव बहुविध जविने, अंतर कादिये न दीठ ॥सु०॥प्रण०४॥
संप्रति समये एक बे पामता, होय अथवा नवि होय ॥ सु० ॥
क्षेत्र पल्योपम भाग असंख्यमां, प्रदेश माने बहु जोय ॥सु०॥प्रण०५॥
मतिज्ञान पाम्या जीव असंख्य छे, कह्या पडिवाइ अनंत ॥सु०॥
सर्व आशातन वरजो ज्ञानती, विजय लक्ष्मी लहो संत ॥सु०॥प्रण०६॥

॥ इति श्री मतिज्ञान स्तवन ॥

पछी जयवीयराय संपूर्ण कही, खमासमण दइ, इच्छाकारेण संदिस्सह भगवन् श्रीमतिज्ञान आराधनार्थं करेमि काउस्सग्गं वंदणवत्तिआए० अने अन्नथ्थ उससीएणं० कही एक लोगस्स अथवा चार नवकारनो काउस्सग्ग करी, पारी, नमोऽर्हत्सिद्धाचार्योपाध्यायसर्वसाधुभ्यः कही थुई कहेवी. ते आ प्रमाणेः—

## ॥ अथ थूइ ॥

श्रीमतिज्ञाननी तत्त्व भेदथी, पर्याये करी व्याख्याजी ।
चउविह द्रव्यादिकने जाणे, आदेशे करी दाख्याजी ॥
माने वस्तु धर्म अनंता, नहि अज्ञान विवक्षाजी ।
ते मतिज्ञानने वंदो पूजो, विजय लक्ष्मी गुणकांक्षाजी ॥ १ ॥

पछी खमासमण दइ, उभा रही, मतिज्ञान संबंधी अठ्ठावीश गुण वर्णववा दुहा कहेवा. तेमां पीठिकाना दुहा लखीए छीए.

## ॥ दुहा. ॥

श्री श्रुत देवी भगवती, जे ब्राह्मी लिपी रूप ॥
प्रणमे जेहने गोयमा, हुं वंदुं सुखरूप ॥ १ ॥
ज्ञेय अनंते ज्ञानना, भेद अनेक विलास ॥
तेहमां एकावन कहुं, आतम धर्म प्रकाश ॥ २ ॥
खमासमण एक एकथी, स्तवियें ज्ञान गुण एक ॥
एम एकावन दीजीये, खमासमण सुविवेक ॥ ३ ॥
श्री सौभाग्य पंचमी दिने, आराधो मतिज्ञान ॥
भेद अठ्ठावीश एहना, स्तवीये करी बहु मान ॥ ४ ॥

### गुणना दुहा.

इंद्रिय वस्तुपुग्गला, मलवे अवत्तव नाण ॥
लोचन मन विणु अक्षने, व्यंजनावग्रह जाण ॥ ५ ॥
भाग असंख्य आवालि लघु, सास पहुत ठिइ जिठ्ठ ॥
प्राप्यकारी चउ ईंद्रिया, अप्राप्यकारी दुग दिठ्ठ ॥ ६ ॥

## ॥ अथ खमासमणना दुहा ॥

समकित श्रद्धावंतने, उपन्यो ज्ञान प्रकाश ॥
प्रणमुं पदकज तेहना, भाव धरी उल्लास. ७. ॥ खमा० ॥ १ ॥

ए दुहो गुण गुण दीठ कहेवो.

नहीं वर्णादिक योजना, अर्थावग्रह होय ॥
नोइंद्रिय पंच इंद्रिये, वस्तु ग्रहण कांइ जोय. ८. ॥ समः ॥ २ ॥
अन्वय व्यतिरेके करी, अंतर मुहूर्त प्रमाण ॥
पंचेंद्रिय मनथी होये, ईहा विचारणा ज्ञान. ९. ॥ सम० ॥ ३ ॥
वर्णादिक निश्चय वसे, सुर नर एहिज वस्त ॥
पंचेंद्रिय मनथी होये, भेद अपाय प्रशस्त. १०. ॥ सम० ॥ ४ ॥
निर्णीत वस्तु स्थिर ग्रहे, कालांतर पण साच ॥
पंचेंद्रिय मनथी होये, धारणा अर्थ उवाच. ११. ॥ सम० ॥ ५ ॥
निश्चय वस्तु ग्रहे छते, संतत ध्यान प्रकाम ॥
अपायथी अधिके गुणे, अविच्युति[१] धारणा ठाम. १२. ॥सम०॥६॥
अविच्युति स्मृति[२] तणुं, कारज कारण जेह ॥
संख्य असंख्य कालज सुधी, वासना[३] धारणा तेह. १३॥सम०॥७॥
पूर्वोत्तर दर्शन द्वय, वस्तु अप्राप्त एकत्र ॥
असंख्य काले ए तेह छे, जातिस्मरण तत्त्व. १४ ॥ सम० ॥८॥
वाजित्र नाद लही ग्रहे, ए तो दुंदुभि नाद ॥
अवग्रहादिक जाणे वहु, भेद ए मति आल्हाद. १५ ॥ सम० ॥९॥

देश सामान्ये वस्तु छे, ग्रहे तदपि सामान्य ॥
शब्द ए नव नव जातिनो, ए अबहु मति मान १६॥सम०॥१०॥
एकज तुरियना नादमां, मधुर तरुणादिक जाति ॥
जाणे बहुविध धर्मशुं, क्षय उपशमनी भाति. १७ ॥ सम० ॥११॥
मधुरतादिक धर्ममां, ग्रहवो अल्प सुविचार ॥
अबहुविध मति भेदनो, कीधो अर्थ विस्तार.१८॥ सम० ॥१२॥
शीघ्रमेव जाणे सही, नवि होये बहु विलंब ॥
क्षिप्र भेद ए ज्ञाननो, जाणो मति अविलंब. १९॥ सम० ॥१३॥
बहु विचार करी जाणीए, ए अक्षिप्रह भेद ॥
क्षयोपशम विचित्रता, कहे महाज्ञानी संवेद. २० ॥ सम० ॥१४॥
अनुमाने करी को ग्रहे, ध्वजथी जिनवर चैत्य ॥
पूर्व प्रबंध संभालीने, निश्रित भेद संकेत. २१ ॥ सम० ॥१५॥
बाहिर चिन्ह ग्रहे नहीं, जाणे वस्तु विवेक ॥
अनिश्रित भेद ए धारीए, आभिनिबोधिक टेक.२२ ॥ सम०॥१६॥
निःसंदेह निश्चयपणे, जाणे वस्तु अधिकार ॥
निश्चित अर्थ ए चिंतवो, मतिज्ञान प्रकार. २३ ॥ सम० ॥१७॥
एम होये वा अन्यथा, एम संदेहे जुत्त ॥
धरे अनिश्चित भावथी, वस्तु ग्रहण उपयुत्त. २४ ॥ सम० ॥१८॥
बहु प्रमुख भेदे ग्रह्युं, जिम एकदा तिम नित्य ॥
बुद्धि थाये जेहने, ए ध्रुव भेदनुं चित्त. २५ ॥ सम० ॥ १९ ॥
बहु प्रमुख रूपे कदा, कदा अबह्वादिक रूप ॥
ए रीते जाणे तदा, भेद अध्रुव स्वरूप. २६ ॥ सम० ॥ २० ॥

अवग्रहादिक चउ भेदमां, जाणवा योग्य ते ज्ञेय ॥
ते चउ भेदे भाखीयो, द्रव्यादिकथी गणेय. २७ ॥
जाणे आदेशे करी, केटला पर्याय विसिठ्ठ ॥
धर्मादिक सवि द्रव्यने, सामान्य विशेष गरिठ्ठ. २८ ॥ सम० ॥२१॥
सामान्यादेशे करी, लोकालोक स्वरूप ॥
क्षेत्रथी जाणे सर्वने, तत्त्व प्रतीत अनुरूप. २९ ॥ सम० ॥ २२ ॥
अतीत अनागत वर्तना, अद्धा समय विशेष ॥
आदेशे जाणे सहु, वितथ नहीं लवलेश. ३० ॥ सम० ॥ २३ ॥
भावथी सविहुं भावनो, जाणे भाग अनंत ॥
उदयिकादिक भाव जे, पंच सामान्ये लहंत. ३१ ॥ सम० ॥२४॥
अश्रुतनिश्रीत जाणिये, मतिना चार प्रकार ॥
शीघ्र समय रोहापरे, अकल औत्पातिकी सार ३२ ॥ सम०॥२५॥
विनय करंतां गुरुतणो, पामे मति विस्तार ॥
ते विनयिकी मति कही, सघला गुण सिरदार.३३॥ सम०॥२६॥
करतां कार्य अभ्यासथी, उपजे मति सुविचार ॥
ते बुद्धि कही कार्मिकी, नंदीसूत्र मोझार. ३४ ॥ सम० ॥ २७ ॥
जे वयना परिपाकथी, लहे बुद्धि भरपूर ॥
कमलवने महा हंसने, पारिणामिकी ए सनूर. ३५ ॥
अडवीश बत्रीश दुग चउ, त्रणशे चालीश जेह ॥
दर्शनथी मति भेद ते, विजयलक्ष्मी गुण गेह. ३६ ॥सम० ॥ २८ ॥

२७ मा ने ३५ मा दुहा वखते खमासमण न देवां.

श्री मतिज्ञानना अष्टाविंशति भेद संपूर्ण.

खमासमण दइने इच्छा० श्री श्रुतज्ञान आराधनार्थं चैत्यवंदन करुं ? इच्छं कही चैत्यवंदन कहेवुं ते नीचे प्रमाणे-

## ॥ अथ द्वितीय श्री श्रुतज्ञान चैत्यवंदन ॥

॥ दोहा ॥

श्री श्रुतज्ञानने नित्य नमो, स्वपर प्रकाशक जेह ।
जाणे देखे ज्ञानथी, श्रुतथी टाले संदेह ॥
अनभिलाप्य अनंत भाव, वचन अगोचर दाख्या ।
तेहनो भाग अनंतमो, वचन पर्याये आख्या ॥
वली कथनीय पदार्थनो ए, भाग अनंतमो जेह ।
चौदे पूरवमां रच्यो, गणधर गुण ससनेह ॥ १ ॥
मांहोमांहे पूरवधरा, अक्षर लाभे सारिखा ।
छठ्ठाण वडीया भावथी, ते श्रुत मतिय विशेखा ॥
तेहिज माटे अनंतमे, भाग निबद्धा वाचा ।
समकित श्रुतना जाणीए, सर्व पदारथ साचा ॥
द्रव्य गुण पर्याये करीए, जाणे एक प्रदेश ।
जाणे ते सवि वस्तुने, नंदीसूत्र उपदेश ॥ २ ॥
चोवीश जिनना जाणीए, चौद पूरवधर साध ।
नव शत तेत्रीश सहस छे, अठ्ठाणुं निरुपाध ॥
परमत एकांतवादीनां, शास्त्र सकल समुदाय ।
ते समकितवंते ग्रह्या, अर्थ यथार्थज थाय ॥
अरिहंत श्रुतकेवली कहे ए, ज्ञानाचार चरित्त ।
श्रुत पंचमी आराधवा, विजयलक्ष्मी सूरि चित्त ॥ ३ ॥

इति चैत्यवंदन ॥ नमुथ्थुं० ॥ जावंति० ॥ नमोऽर्हत्० ॥ कही स्तवन कहीए ते आ प्रमाणे—

## ॥ अथ स्तवन. ॥

॥ हरीया मन लागो ॥ ए देशी ॥

श्री श्रुत चौद भेदे करी, वरणवे श्री जिनराज रे ॥
उपधानादि आचारथी, सेविये श्रुत महाराज रे ॥
श्रुत शुं दिल मान्यो ॥ दिल मान्योरे, मन मान्यो,
प्रभु आगम सुखकार रे ॥ श्रुत० ॥ ए आंकणी ॥१॥
एकादि अक्षर संयोगथी, असंयोगी अनंत रे ॥
स्वपर पर्याये एकाक्षरो, गुण पर्याय अनंत रे श्रुत० ॥२॥
अक्षरनो अनंतमो, भाग उघाडो छे नित्य रे ॥
ते तो अवराए नहीं, जीव सूक्ष्मनुं ए चित्त रे ॥ श्रुत० ॥३॥
इच्छे सांभलवा फरी पूछे, निसुणे ग्रहे विचारंत रे ॥
निश्चय धारणा तिम करे, धीगुण आठ ए गणंत रे ॥श्रुत०॥४॥
वादी चौवीश जिनतणा, एक लाख छवीश हजार रे ॥
बशें सयल सभामांहे, प्रवचन महिमा अपार रे ॥श्रुत० ॥५॥
भणे भणावे सिद्धांतने, लखे लखावे जेह रे ॥
तस अवतार वखाणीए, विजय लक्ष्मी गुण गेह रे ॥श्रुत०॥६॥

॥ इति स्तवन ॥

पछी जयवीयराय कही खमासमण दइ इच्छाकारेण संदिसह भगवन् श्री श्रुतज्ञान आराधनार्थं करेमि काउस्सग्गं ॥वंद०॥अन्न०॥ एक लोगस्स अथवा चार नवकारनो काउस्सग्ग करी पारीने थोय कहेवी, ते कहे छे.

## ॥ अथ थुइ ॥

॥ गोयम बोले ग्रंथ संभाळी ॥ ए देशी ॥

त्रिगडे बेशी श्री जिनभाण, बोले भाषा अमिय समाण,
मत अनेकांत प्रमाण ॥
अरिहंत शासन सफरी सुखाण, चउ अनुयोग जिहां गुणखाण,
आतम अनुभव ठाण ॥
सकळ पदारथ त्रिपदी जाण, जोजन भूमि पसरे वखाण,
दोष बत्रीश परिहाण ॥
केवळिभाषित ते श्रुत नाण, विजयलक्ष्मी सूरि कहे बहुमान,
चित्त धरजो ते सयाण ॥ १ ॥ इति स्तुति ॥

पछी खमासण दइ, उभा रही, श्रुतज्ञानना चौद गुण वर्णववाने अर्थे दोहा कहेवा ते लखे छे.

## ॥ दोहा ॥

वंदो श्रीश्रुतज्ञानने, भेद चतुर्दश वीश ॥
तेहमां चउदश वरणवुं, श्रुत केवळी श्रुत इश ॥ १ ॥
भेद अढार अकारना, एम सवि अक्षर मान ॥
लब्धि संज्ञा व्यंजन विधि, अक्षर श्रुत अवधान ॥ २ ॥

॥ अथ पीठिका ॥

पवयण श्रुत सिद्धांत ते, आगम समय वखाणी ॥
पूजो बहु विध रागथी, चरण कमळ चित्त आणी. ३ ॥१॥खमा०

॥ ए दोहो गुण गुण दीठ कहेवो ॥

कर पल्लव चेष्टादिके, लखे अंतर्गत वाच ॥
एह अनक्षर श्रुततणो, अर्थ प्रकाशक साच. ४ ॥ पव० ॥ २ ॥
संज्ञा जे दीहकालिकी, तेणे सन्निया जाण ॥
मन इंद्रियथी उपन्युं, संज्ञी श्रुत अहिठाण. ५ ॥ पव० ॥ ३ ॥
मन रहित इंद्रियथकी, निपन्युं जेहने ज्ञान ॥
क्षय उपशम आवरणथी, श्रुत असंज्ञी वखाण. ६ ॥ पव० ॥ ४ ॥
जे दर्शन दर्शन विना, दर्शन ते प्रतिपक्ष ॥
दर्शन दर्शन होय जिहां, ते दर्शन प्रत्यक्ष. ७ ॥
कलित त्रिभंगी भंगभर, नैगमादि नय भूर ॥
शुद्ध शुद्धतर वचनथी, समकित श्रुत वडनूर. ८ ॥ पव० ॥ ५ ॥
भंग जाल नर बाल मति, रचे विविध आयास ॥
तिहां दर्शन दर्शनतणो, नहीं निदर्शन भास. ९ ॥
सद् असद् वहेंचण विना, ग्रहे एकांते पक्ष ॥
ज्ञान फल पामे नहीं, ए मिथ्या श्रुत लक्ष. १० ॥ पव० ॥ ६ ॥
भरतादिक दश क्षेत्रमां, आदि सहित श्रुत धार ॥
निज निज गणधर विरचियो, पामी प्रभु आधार. ११ ॥ पव० ॥ ७ ॥
दुप्पसह सूरीश्वर सुधी, वर्तशे श्रुत आचार ॥
एक जीवने आशरी, सादि सांत सुविचार. १२ ॥ पव० ॥ ८ ॥
श्रुत अनादि द्रव्यनयथकी, शाश्वत भाव छे एह ॥
महाविदेहमां ते सदा, आगम रयण अछेह. १३ ॥ पव० ॥ ९ ॥
अनेक जीवने आशरी, श्रुत छे अनादि अनंत ॥
द्रव्यादिक चउ भेदना, सादि अनादि विरतंत. १४ ॥ पव० ॥ १० ॥

सरिखा पाठ छे सूत्रमां, ते श्रुत गमिक सिद्धांत ॥
प्राये दृष्टिवादमां, शोभित गुण अनेकांत. १९ ॥ पव० ॥ ११ ॥
सरिखा आलावा नहि, ते कालिक श्रुतवंत ॥
असाक्षिक श्रुत ए पूजीए, त्रिकरण योग हसंत.१६ ॥ पव० ॥ १२ ॥
अढार हजार पदे करी, आचारांग वखाण ॥
ते आगल दुगुणा पदे, अंगप्रविष्ट सुअनाण.१७ ॥ पव० ॥ १३ ॥
बार उपांगह जेह छे, अंगबाहिर श्रुत तेह ॥
अनंगप्रविष्ट वखाणीए, श्रुत लक्ष्मी सूरि गेह. १८ ॥ पव० ॥१४॥

सातमा ने नवमा दुहा वखते खमासमण न देवा.

॥ इति श्रुत ज्ञान समाप्तं ॥

---

## ॥ अथ तृतीय श्री अवधि ज्ञान चैत्यवंदन ॥

खमासमण दइ, इच्छा० अवधिज्ञान आराधनार्थं चैत्यवंदन करुं ? इच्छं कही चैत्यवंदन कहेवुं ते नीचे प्रमाणेः—

अवधिज्ञान त्रीजुं कह्युं, प्रगटे आत्मप्रत्यक्ष ।
क्षय उपशम आवरणनो, नवि इंद्रिय आपेक्ष ॥
देव निरय भव पामतां, होय तेहने अवश्य ।
श्रद्धावंत समय लहे, मिथ्यात विभंग वश्य ॥
नर तिरिय गुणथी लहे, शुभ परिणाम संयोग ।
काउस्सग्गमां मुनि हास्यथी, विघट्यो ते उपयोग ॥ १ ॥
जघन्यथी जाणे जुए, रुपी द्रव्य अनंता ।
उत्कृष्टा सवि पुद्गला, मूर्त्ति वस्तु मुणंता ॥
क्षेत्रथी लघु अंगुलतणो, भाग असंखित देखे ।

तेहमां पुद्गल खंध जे, तेहने जाणे पेखे ॥
लोक प्रमाणे अलोकमांए, खंड असंख्य उक्किठ ।
भाग असंख्य आवालितणो, अद्धा लघुपणे दीठ ॥ २ ॥
उत्सर्पिणी अवसर्पिणीए, अतीत अनागत अद्धा ।
अतिशय संख्यातिगपणे, सांभलो भाव प्रबंधा ॥
एक एक द्रव्यमां चार भाव, जघन्यथी ते निरखे ।
असंख्याता द्रव्य दीठ, पर्यव गुरुथी परखे ॥
चार भेद संक्षेपथी ए, नंदीसूत्र प्रकाशे ।
विजयलक्ष्मी सूरि ते लहे, ज्ञान भक्ति सुविलासे ॥ ३ ॥

॥ इति चैत्यवंदन समाप्त. ॥

पछी नमुथ्थुणं० ॥ जावंति० ॥ नमोऽर्हत्० ॥ कही स्तवन कहेवुं, ते कहे छे.

## ॥ अथ स्तवन ॥

॥ कुंवर गंभारो नजरे देखतांजी ॥ ए देशी ॥

पूजो पूजो अवधिज्ञानने प्राणिया रे, समकितवंतने ए गुण होय रे ॥
सवि जिनवर ए ज्ञाने अवतरी रे, मानव महोदय जोय रे ॥पूजो०॥१॥
शिवराज ऋषि विपर्यय देखतो रे, द्वीप सागर सात सात रे ।
वीर पसाये दोष विभंग गयो रे,प्रगट्यो अवधि गुण विख्यात रे॥पूजो०
गुरु स्थिति साधिक छासठ सागरु रे, कोइने एक समय लघु जाण रे॥
भेद असंख्य छे तरतम योगथी रे, विशेषावश्यकमां एह वखाण रे॥पूजो०
चारशें एक लाख तेत्रीश सहस(१३३४००)छे रे, ओहि नाणी मुणींद रे॥

ऋषभादिक चऊवीश जिणंदना रे, नमे प्रभुपद अरविंद रे॥पूजो०॥४॥
अवधिज्ञानी आणंदने दीए रे, मिच्छामि दुक्कड गोयमस्वामि रे ॥
वरजो आशातन ज्ञान ज्ञानी तणी रे,विजयलक्ष्मी सुख धाम रे॥पूजो०॥५॥

॥ इति अवधिज्ञान स्तवन ॥

पछी जयवीयराय कही खमासमण दइ, इच्छाकारेण संदिसह भगवन् अवधिज्ञान आराधनार्थं करेमि काउस्सग्गं ॥ वंदण० ॥ अन्नत्थ० ॥ एक लोगस्स अथवा चार नवकारनो काउस्सग्ग करी पारीने थोय कहेवी ते नीचे प्रमाणे—

## ॥ अथ थुई ॥

॥ शंखेश्वर साहिब जे समरे ॥ ए देशी ॥

ओहि नाण सहित सवि जिनवरु, चवी जननी कूखे अवतरु ।
जस नामे लहीए सुख तरु, सवि ईति उपद्रव संहरु ॥
हरि पाठक संशय संहरु, वीर महिमा ज्ञान गुणायरु ।
ते माटे प्रभुजी विश्वंभरु, विजयांकित लक्ष्मी सुहंकरु ॥ १ ॥

॥ इति स्तुति. ॥

पछी खमासमण दइ उभा रही अवधिज्ञानना गुण वर्णववाने अर्थे दुहा कहेवा ते कहे छे.

## ॥ दुहा ॥

असंख्य भेद अवधितणा, षट् तेहमां सामान्य ॥
क्षेत्र पनक लघुथी गुरु, लोक असंख्य प्रमाण ॥ १ ॥

लोचनपरे साथे रहे, ते अनुगामिक धाम ॥
छासठ सागर अधिक छे, एक जीव आशरी ठाम ॥ २ ॥

उपन्यो अवधिज्ञाननो, गुण जेहने अविकार ॥
वंदना तेहने माहरी, श्वासमांहे सो वार. ३. ॥ १ ॥ ख० ॥

त्रीजो दुहो सर्व खमासमणे कहेवो. ॥

जेह क्षेत्रे ओहि उपन्युं, तिहां रह्यो वस्तु देखंत ॥
थीर दीपकनी उपमा, अननुगामी कहंत. ४. ॥उप०॥२॥ख०॥

अंगुल असंख्येय भागथी, वधतुं लोक असंख्य ॥
लोकावधि परमावधि, वर्धमान गुण कंख्य. ५. ॥उप०॥३॥ख०॥

योग्य सामग्री अभावथी, हीयमान परिणाम ॥
अध अध पूरव योगथी, एहवो मननो काम. ६.॥उप०॥४॥ख०॥

संख्य असंख्य जोजन सुधी, उत्कृष्टो लोकांत ॥
देखी प्रतिपाती होये, पुद्गल द्रव्य एकांत. ७.॥उप०॥५॥ख०॥

एक प्रदेश अलोकनो, पेखे जे अवधि नाण ॥
अपडिवाइ अनुक्रमे, आपे केवल नाण. ८.॥ ॥उप०॥६॥ख०॥

॥ इति अवधि ज्ञान संपूर्ण. ॥

खमासमण दइ इच्छा० मनपर्यव ज्ञान आराधनार्थ चैत्यवंदन करुं ? इच्छं कही चैत्यंवदन कहेवुं ते आ प्रमाणे—

## ॥ अथ चतुर्थ श्री मनःपर्यवज्ञान चैत्यवंदन ॥

श्रीमनपर्यव ज्ञान छे, गुण प्रत्ययी ए जाणो ।
अप्रमादी ऋद्धिवंतने, होय सयंम गुणठाणो ॥
कोइक चारित्रवंतने, चढते शुभ परिणामे ।
मनना भाव जाणे सही, साकार उपयोग ठामे ॥
चिंतवता मनोद्रव्यना, जाणे खंध अनंता ।
आकाशे मनोवर्गणा, रह्या ते नावि मुणंता ॥ १ ॥

संज्ञि पंचेंद्रिय प्राणीए, तनु योगे करी ग्रहीया ।
मनयोगे करी मनपणे, परिणमे ते द्रव्य मुणिया ॥
तिरछुं माणस क्षेत्रमां, अढी द्वीप विलोके ।
तिर्छा लोकना मध्यथी, सहस जोयण अधोलोके ॥
उरध जाणे ज्योतिषी लगे, पलियनो भाग असंख्य ।
काळथी भाव थया थशे, अतीत अनागत संख्य ॥ २ ॥

भावथी चिंतित द्रव्यना, असंख्य पर्याय जाणे ।
ऋजुमतिथी विपुलमति, अधिका भाव वखाणे ॥
मनना पुद्‌गल देखीने, अनुमाने ग्रहे साचुं ।
वितथपणुं पामे नहीं, ते ज्ञाने चित्त राच्युं ॥

अमूर्त भाव प्रगटपणे ए, जाणे श्री भगवंत ।
चरण कमल नमुं तेहना, विजय लक्ष्मी गुणवंत ॥ ३ ॥

॥ इति चैत्यवंदन ॥

पछी नमुथ्थुणं० ॥ जावंति० ॥ नमोऽर्हत्० ॥ कही स्तवन कहीए ते आ प्रमाणे—

## ॥ अथ स्तवन ॥

॥ जीरेजी ॥ ए देशी ॥

जीरे मारे श्री जिनवर भगवान,
अरिहंत निज निज ज्ञानथी ॥ जीरेजी ॥
जी० ॥ संयम समय जाणंत,
तव लोकांतिक मानथी ॥ जीरेजी ॥ १ ॥
जी० ॥ तीर्थ वर्तावो नाथ,
इम कही प्रणमे ते सुरा ॥ जीरेजी ॥
जी० ॥ षट् अतिशयवंत दान,
लेइने हरखे सुर नरा ॥ जीरेजी ॥ २ ॥
जी० ॥ इण विध सात्रे अरिहंत,
सर्व विरति जब उच्चरे ॥ जीरेजी ॥
जी० ॥ मनःपर्यव तव नाण,
निर्मल आतम अनुसरे ॥ जीरेजी ॥ ३ ॥
जी० ॥ जेहने विपुलमति तेह
अप्रतिपातीपणे उपजे ॥ जीरेजी ॥

जी० ॥ अप्रमादी ऋद्धिवंत,
गुणठाणे गुण नीपजे ॥ जीरेजी ॥ ४ ॥
जी० ॥ एक लक्ष पीस्तालीश हजार,
पांचशें एकाणुं ( १४५५९१ ) जाणीए ॥ जीरेजी ॥
जी० ॥ मननाणी मुनिराज,
चोवीश जिनना वखाणीए ॥ जीरेजी ॥ ५ ॥
जी० ॥ हुं वंदुं धरी नेह,
सवि संशय हर मनतणा ॥ जीरेजी ॥
जी० ॥ विजयलक्ष्मी शुभ भाव,
अनुभव ज्ञानना गुण घणा ॥ जीरेजी ॥ ६ ॥ जी० ॥

॥ इति मनःपर्यव ज्ञान स्तवन ॥

पछी जयवीयराय कही, खमासमण दइ, इच्छाकारेण सं० ॥ मनःपर्यव ज्ञान आराधनार्थं करोमि काउस्सग्गं ॥वंदणव० ॥ अन्नथ्थ० ॥ एक लोगस्स अथवा चार नवकारनो काउस्सग्ग करी थोय कहेवी ते आ प्रमाणे--

## ॥ अथ थोय ॥

॥ श्री शंखेश्वर पास जिनेश्वर ॥ ए देशी ॥

प्रभुजी सर्व सामायिक उचरे, सिद्ध नमी मह्वारी जी ॥
छद्मस्थ अवस्था रहे छे जिहां लगे, योगासन तपधारीजी ॥
चोथुं मनपर्यव तव पामे, मनुज लोक विस्तारी जी ।
ते प्रभुने प्रणमो भवि प्राणी, विजय लक्ष्मी सुखकारी जी ॥ १ ॥

॥ इति स्तुति ॥

पछी खमासमण दइ उभा रही मनःपर्यवज्ञानना गुण स्तववा अर्थे दुहा कहेवा ते आ प्रमाणे—

## ॥ अथ दुहा ॥

मनःपर्यव दुग भेदथी, संयम गुण लही शुद्ध ॥
भाव मनागत संज्ञिना, जाणे प्रगट विशुद्ध ॥ १ ॥
घट ए पुरुषे धारीयो, इम सामान्य ग्रहंत ॥
प्राये विशेष विमुख लहे, ऋजुमति मनह मुणंत ॥ २ ॥
ए गुण जेहने उपन्यो, सर्व विरति गुणठाण ॥
प्रणमुं हितथी तेहना, चरणकमल चित्त आणखमा० ॥ ३ ॥ १ ॥ ख० ॥
नगर जाति कंचनतणो, धार्यो घट एह रूप ॥
इम विशेष मन जाणतो, विपुलमति अनुरूप. ४. ॥ ए गुण० ॥ २ ॥ ख० ॥

॥ इति मनःपर्यव ज्ञान संपूर्ण ॥

---

खमासमण दइ इच्छा० केवलज्ञान आराधनार्थं चैत्यवंदन करुं ? इच्छं कही चैत्यवंदन कहेवुं ते आ प्रमाणेः—

## ॥ अथ पंचम श्री केवलज्ञान चैत्यवंदन ॥

श्रीजिन चउनाणी थइ, शुक्ल ध्यान अभ्यासे ।
अतिशय अतिशय आत्मरुप, क्षण क्षण प्रकासे ॥
निद्रा स्वप्न जागरदशा, ते सवि दूरे होवे ।

चोथी उजागर दशा, तेहनो अनुभव जोवे ॥
क्षपक श्रेणि आरोहियाए, अपूर्व शक्ति संयोगे ।
लही गुणठाणुं बारमुं, तुर्य कषाय वियोगे. ॥ १ ॥
नाण दंसण आवरण मोह, अंतराय घन घाति ।
कर्म दुष्ट उच्छेदीने, थया परमातम जाति ॥
दोय धर्म सवि वस्तुना, समयांतर उपयोग ।
प्रथम विशेषपणे ग्रहे, बीजे सामान्य संयोग ॥
सादि अनंत भांगे करी, दर्शन ज्ञान अनंत ।
गुणठाणुं लही तेरमुं, भाव जिणंद जयवंत. ॥ २ ॥
मूल पयडीमां एक बंध, सत्ता उदये चार ।
उत्तर पयडीनो एक बंध, उदय रहे बायाल ॥
सत्ता पंचाशीतणी, कर्म जेहवा रज्जु छार ।
मन वच काया योग जास, अविचल अविकार ॥
सयोगी केवलीतणी ए, पामी दशाए विचरे ।
अक्षय केवलज्ञानना, विजय लक्ष्मी गुण उचरे ॥ ३ ॥

॥ इति श्री केवल ज्ञान चैत्यवंदन ॥

पछी नमुथ्थुणं० ॥ जावंति० ॥ नमोऽर्हत् ॥ कही स्तवन कहेवुं ते आ प्रमाणे—

## ॥ अथ स्तवन ॥

॥ कपूर होये अति ऊजलो रे ॥ ए देशी॥

श्रीजिनवरने प्रगट थयुं रे, क्षायिक भावे ज्ञान ॥

दोष अढार अभावथी रे, गुण उपन्या ते प्रमाणरे ॥
भविया ! वंदो केवळ ज्ञान ॥ १ ॥
पंचमी दिन गुण खाण रे ॥ भविया वंदो० ॥ ए आंकणी ॥
अनामीना नामनो रे, किश्यो विशेष कहेवाय ॥
ए तो मध्यमा वैखरी रे, वचन उल्लेख ठराय रे ॥भ०॥वंदो०॥२॥
ध्यान टाणे प्रभु तुं होय रे, अलख अगोचर रूप ॥
परा पश्यंती पामीने रे, कांइ प्रमाणे मुनिभूपरे ॥भ०॥वंदो० ॥३॥
छती पर्याय जे ज्ञानना रे, ते तो नवि बदलाय ॥
ज्ञेयनी नवनवी वर्तना रे, समयमां सर्व जणाय रे ॥भ०॥वंदो०॥४॥
बीजा ज्ञानतणी प्रभा रे, एहमां सर्व समाय ॥
रविप्रभाथी अधिक नहीं रे, नक्षत्र गण समुदाय रे ॥भ०॥वंदो०॥५॥
गुण अनंता ज्ञानना रे, जाणे धन्य नर तेह ॥
विजय लक्ष्मी सूरि ते लहे रे, ज्ञान महोदय गेह रे॥भ०॥वंदो०॥६॥

॥ इति केवळ ज्ञान स्तवन ॥

पछी जयवीयराय कही खमासमण दइ इच्छाकारेण संदिसह भगवन् श्री केवलज्ञान आराधनार्थं करेमि काउस्सग्गं ॥ वंदणव० ॥ अन्नत्थ० ॥ एक लोगस्स अथवा चार नवकारनो काउस्सग्ग करी नमोऽर्हत्० कही थोय कहेवी ते आ प्रमाणे—

## ॥ अथ थोय ॥

॥ प्रह ऊठी वंदूं ॥ ए देशी ॥

छत्र त्रय चामर, तरु अशोक सुखकार ।

दिव्य ध्वनि दुंदुभि, भामंडल झळकार ॥
वरसे सुर कुसुमे, सिंहासन जिन सार ।
वंदे लक्ष्मी सूरि, केवल ज्ञान उदार ॥ १ ॥

॥ इति स्तुति ॥

पछी खमासमण दइ उभा रही केवळज्ञानना गुण स्तववा दुहा कहेवा ते आ प्रमाणे—

## ॥ अथ दुहा. ॥

बहिरातम त्यागे करी, अंतर आतम रूप ॥
अनुभवि जे परमातमा, भेद एकज चिद्रूप ॥ १ ॥
पुरुषोत्तम परमेश्वरु, परमानंद उपयोग ॥
जाणे देखे सर्वने, स्वरूप रमण सुखभोग ॥ २ ॥
गुण पर्याय अनंतता, जाणे सघला द्रव्य ॥
काल त्रय वेदी जिणंद, भाषित भव्याभव्य ॥ ३ ॥
अलोक अनंतो लोकमां, थापे जेह समथ्थ ॥
आतम एक प्रदेशमां, वीर्य अनंत पसथ्थ ॥ ४ ॥
केवल दंसण नाणनो, चिदानंद घन तेज ॥
ज्ञान पंचमी दिन पूजीए, विजय लक्ष्मी शुभ हेज ॥५॥ खमा०॥

अंते खमासमण दइ अविधिआशातनानो मिच्छामि दुक्कड देवो.

## इति श्री विजयलक्ष्मी सूरिकृत, विधि सहित श्री ज्ञान पंचमी देववंदन समाप्त. ॥

# श्री सौभाग्यपंचमीना देववन्दनना अर्थ. ॥

## ॥ मतिज्ञानना चैत्यवन्दननो अर्थ ॥

श्री सौभाग्यपंचमीनो दिवस सर्व दिवसोमां अलंकार तुल्य छे. ते दिवसे पांच ज्ञाननी पूजा करीए के जेथी जन्म सफळ थाय. ॥१॥ सामायिक तथा पोसहमां (देशावकाशिकमां पण) सारा गन्धवाळा वासक्षेपादि चूर्ण वडे निरवद्य पूजानो विचार जाणवो. तथा मनोहर ज्ञाननुं ध्यान करवु । २ ॥ पूर्व तथा उत्तर दिशामां प्रधान त्रण पीठ रचीने मुखकर्त्ता परमात्माना पचवर्ण बिम्बने स्थापन करीए ॥ ३ ॥ पूजा सामग्रीने लायक पांचपांच वस्तुओ भेगी करी पंचवर्णना कलश भरी दुःखना उपभोगनो नाश करीए॥४॥मति ज्ञाननी प्राप्तिने माटे शक्ति अनुसार पूजा करीए, जे मतिज्ञान श्रीजिनशासनना राजा ( तीर्थंकर प्रभु ) ए पंचज्ञानमां अग्रसर कहेलुं छे. ॥५॥ मतिज्ञान तथा श्रुतज्ञानविना अवधिज्ञान विगेरे मोटा ज्ञानो थतां नथी, ते कारणथी मतिज्ञान प्रथम कह्युं छे, मति अने श्रुतमां पण मतिनुं प्रधानपणुं छे, ॥ ६ ॥ मतिश्रुतना आवरणनो क्षयोपशम तथा प्राप्ति समानकाले थाय छे. १स्वामि आदिके करीने मतिश्रुतनो अभेद छे, पण मुख्यता उपयोगकाळमां होय छे. ( जे वखते जे ज्ञाननो उपयोग वर्ते ते वखते तेज मुख्य जाणवुं ) ॥ ७ ॥ २लक्षण तथा

---

१ स्वामी, काल, कारण, विषय, परोक्ष, २ आगळ दुहामां बतावशे ते लक्षण तथा भेदो.

भेदोए करी तथा कारण कार्यना संबंधथी ते बेनो भेद छे. कांचन अने कलशना सम्बन्धनी माफक मति साधन छे अने श्रुत साध्य छे ॥ ८॥ परमेश्वर परमात्मा सर्व सिद्ध भगवन्तो मतिज्ञान पामीने केवळ लक्ष्मीना भंडार थया छे. ॥ ९ ॥

## ॥ मतिज्ञानना स्तवननो अर्थ. ॥

हे सुज्ञ भव्य प्राणीओ ! तमे पंचमीने दिवसे ज्ञानने नमस्कार करो के जे ज्ञान जगतमां गाजी रह्युं छे, वली शुभ उपयोगमां रहेतां क्षणवारमां मिथ्यात्वथी संचित थयेली कर्मरज निर्जरी जाय छे ( आत्माथी छुटी पडे छे ) ॥१॥ [1]सत्पद प्ररूपणता विगेरे नव द्वा-

---

१ सत्पद प्ररूपणामां गति विगेरे वीश मार्गणाओए करी मतिरूपी सत्पदनी प्ररूपणा करवी. तेमां गतिमार्गणामां कयीकयी गतिओमां मतिज्ञान पामेला तथा पामता जीवो होय ? चारे गतिओमां मतिज्ञान पामेला जीवो होय, पामता जीवो कोइ वखत होय तथा कोइ वखत न होय १ इन्द्रिय मार्गणाए पंचेंद्रियजीवो पूर्वप्रतिपन्न होय, प्रतिपद्यमाननी भजना जाणवी. विकलेन्द्रियो पूर्वप्रतिपन्न होय. ( सिद्धान्तकारना मते, कार्मग्रन्थिकमते उभय पण न होय ) एकेन्द्रियोमां एके पण न होय २. कायमार्गणाए त्रसकायमां पूर्वप्रतिपन्न होय, प्रतिपद्यमान भजना. पृथ्वीकायादिमां उभयाभाव ३. योगमार्गणाए समुदित त्रणे योगोमां पंचेन्द्रियनी माफक, मनोरहित वचनयोग विषे विकलेन्द्रियनी माफक, केवल काययोगमां उभयाभाव ४. वेदद्वारे त्रणेवेदोमां पूर्वप्रतिपन्न होय, प्रतिपद्यमान भजना ५. कषायद्वारे अनन्तानुबन्धिमां

रवडे मतिज्ञाननी व्याख्यानो प्रकाश छे, व्यवहारनये ज्ञानावरणीय कर्मनो क्षयोपशम करवाथी अज्ञानी जीवने ज्ञाननो उल्लास थाय छे ॥ २ ॥ निश्चयनय कहे छे के ज्ञानी होय तेज ज्ञान पामे छे. भगवन्तोने तो बन्ने नयो सत्य छे. आ ज्ञान उपयोगथी सर्व प्राणीओने हमेशां अन्तर्मुहूर्त्त सुधी रहे छे. (सतत उपयोग अंतर्मुहूर्त्तज रहे छे.)॥ ३ ॥

---

उभयाभाव. बाकी त्रणमां पूर्वप्रतिपन्न होय, प्रतिपद्यमान भजना ६. लेश्याद्वारे शुद्ध त्रणमां पंचेन्द्रियनी माफक, अशुद्ध त्रणमां पूर्वप्रतिपन्न होय, बीजा नहीं ७. सम्यक्त्व मार्गणाए व्यवहारनये पूर्वप्रतिपन्न होय पण प्रतिपद्यमान न होय, निश्चयनये उभय पण होय ८. ज्ञानद्वारे व्यवहारनये चार ज्ञानवालाओ पूर्वप्रतिपन्न होय, प्रतिपद्यमान न होय. केवली उभय न होय. त्रण अज्ञानीओ प्रतिपद्यमान विवक्षितकाले होय पण पूर्व प्रतिपन्न न होय. निश्चयनये मति श्रुत अवधिज्ञानवाला प्रतिपन्न निश्चये होय, प्रतिपद्यमान पण विवक्षितकाले होय. मनःपर्यायज्ञानी पूर्वप्रतिपन्न होय, प्रतिपद्यमान नहीं. केवली तथा त्रण अज्ञानी उभय पण न होय ९. दर्शनद्वारे चक्षु अचक्षु दर्शन लब्धिवाला पूर्वप्रतिपन्न होय, प्रतिपद्यमान भजना, अवधिदर्शनी प्रतिपन्न होय,प्रतिपद्यमान नहीं. केवलदर्शनी उभय पण न होय.१०.संयतद्वारे पूर्व प्रतिपन्न होय, प्रतिपद्यमान नहीं ११.उपयोगद्वारे साकारोपयोगी पूर्वप्रतिपन्न होय,प्रतिपद्यमान भजना. अनाकारोपयोगी प्रतिपन्न होय, प्रतिपद्यमान न होय १२. आहारकद्वारे आहारक पूर्व प्रतिपन्न होय, प्रतिपद्यमान भजना. अनाहारक पूर्वप्रतिपन्न होय, प्र-

आ ज्ञाननी लब्धि जघन्यथी अन्तर्मुहूर्त्त काळ रहेछे अने उत्कृष्टथी छासठ सागरोपम अने मनुष्य भवो अधिक, एटलो काळ रहेछे. अने घणा प्रकारना जीवोनी अपेक्षाए अन्तर ( विरह ) कोइ दिवस पण होतो नथी ॥ ४ ॥ ( जघन्यथी ) वर्त्तमान समये आ ज्ञान पामनारा

---

तिपद्यमान नही १३. भाषकद्वारे भाषा लब्धिवाला प्रतिपन्न होय, प्रतिपद्यमान भजना १४. परित्तद्वारे प्रत्येक शरीरी प्रतिपन्न होय, प्रतिपद्यमान भजना. साधारण उभय नही १५. पर्याप्तिद्वारे पर्याप्ता प्रतिपन्न होय, प्रतिपद्यमान भजना. अपर्याप्ता पूर्वप्रतिपन्न होय, प्रतिपद्यमान नही १६. सूक्ष्मद्वारे सूक्ष्म उभय नही. बादर प्रतिपन्न होय, प्रतिपद्यमान भजना १७. संज्ञिद्वारे संज्ञि पूर्वप्रतिपन्न होय, प्रतिपद्यमान भजना. असंज्ञि पूर्वप्रतिपन्न होय, प्रतिपद्यमान नही. १८. भवसिद्धिकद्वारे भवसिद्धिको संज्ञि माफक, अभवसिद्धिको उभयशून्य १९. चरमद्वारे चरम पूर्व प्रतिपन्न होय, प्रतिपद्यमान भजना. अचरम उभयशून्य २०.॥ इति सत्पदप्ररूपणा ॥१॥ द्रव्य प्रमाणमां प्रतिपद्यमान होय अथवा न होय, होय तो जघन्यथी एक बे अथवा त्रण, उत्कृष्टथी क्षेत्रपल्योपमना असंख्यातमा भाग प्रमाण प्रदेशराशि जेटला. प्रतिपन्न जीवो जघन्यथी पण क्षेत्रपल्योपमना असंख्यातमा भाग प्रमाण प्रदेश राशि जेटला, उत्कृष्टथी एथी विशेषाधिक ॥ २ ॥ क्षेत्रद्वारे सर्व मतिज्ञानीओ लोकना असंख्यातमा भागमां रहेछे. एक जीव इलिकागतिए उपर अनुत्तर विमानमां जतो अथवा त्यांथी आवतो चौदीया सात भागमां रहे छे. नीचे छठी पृथ्वीमां जतो अ-

जीवो एक बे होय अथवा न पण होय. अने उत्कृष्टा क्षेत्र पल्योपमना असंख्यातमा भागमां जेटला आकाशप्रदेशो होय तेटली संख्याए जाणवा ॥ ५ ॥ मतिज्ञान पामेला जीवो असंख्याता छे, अने मतिज्ञानथी पडवाइ थयेला ( पडेला ) अनन्ता छे, माटे हे भव्यजीवो ! ज्ञाननी सर्वप्रकारनी आशातनानो त्याग करो के जेथी विजयलक्ष्मी मेळवो. ॥ ६ ॥

---

थवा त्यांथी आवतो सातीया पांच भागमां रहे छे ॥ ३ ॥ स्पर्शनाद्वारे पूर्वोक्त क्षेत्रथी स्पर्शना वधारे होय ॥ ४ ॥ कालद्वारे उपयोग आश्रयी एक अथवा अनेक जीवोने अन्तर्मुहूर्त्त काळ, लब्धि आश्रयी जघन्यथी अन्तर्मुहूर्त्त, उत्कृष्टथी छासठ सागरोपमथी वधारे. बे वार विजयादिमां अथवा त्रण वार अच्युत देवलोके जवाथी तेमां मनुष्य भवोनो काल वधारे जाणवो. नाना जीवोने अपेक्षी सर्व काल ॥ ५ ॥ अन्तरद्वारे एक जीवने आश्रयी जघन्य अन्तर अन्तर्मुहूर्त्तनुं, उत्कृष्ट अपार्ध पुद्गल परावर्त्त, अनेक जीवोने आश्रयी अन्तर न होय ॥६॥ भागद्वारे मतिज्ञानीओ शेष ज्ञानी तथा अज्ञानीओना अनन्तमे भागे वर्त्ते छे. ॥ ७ ॥ भावद्वारे मतिज्ञानी क्षायोपशमिकभावे वर्त्ते छे. ॥ ८ ॥ अल्पबहुत्वद्वारे सर्वथी थोडा मतिज्ञान पामता जीवो, पामेला जीवो जघन्यपदे पण असंख्येयगुणा, तेथी उत्कृष्टपदे विशेषाधिक ॥ ९ ॥

## ॥ मतिज्ञाननी स्तुतिनो अर्थ ॥

श्रीमतिज्ञाननी तत्त्व[1] भेद[2] अने पर्याय[3] शब्दोए करीने व्याख्या करी छे. ते मतिज्ञानी जीवो सामान्ये करी द्रव्यादि चार पदार्थोने जाणे एम कह्युं छे. तेओ वस्तुना अनन्ता धर्मोने निश्चये जाणे छे. एमां अज्ञाननी विवक्षा करेली नथी. ते मतिज्ञाननी जो विजयलक्ष्मी रूप गुण प्राप्त करवानी अभिलाषा होय तो वन्दना तथा पूजना करो. ॥१॥

## ॥ श्री मतिज्ञानना दुहाना अर्थ. ॥

### ( पीठिकाना दुहाना अर्थ. )

श्री गौतमस्वामी महाराज भगवती आदि आगमोने विषे " नमो बंभीए लीविए " एवा शब्दोए करीने जेने नमस्कार करे छे. ते [4]अ-

---

१ तत्त्व–मतिज्ञाननुं लक्षण जे आगल दुहाना अर्थमां स्पष्ट रीते बतावाश ते.

२ भेदो–व्यञ्जनावग्रह विगेरे अठावीश, बत्रीश, अथवा चार बे, ३३६ ने ३४० छे.

३ पर्याय–मतिज्ञानना बीजा नामो ईहा, अपोह, विमर्श, मार्गणा, गवेषणा, संज्ञा, स्मृति, मति, प्रज्ञा–आ सर्व आभिनिबोधिक ज्ञानना पर्यायो छे.

४ हंसलिपी १, भूत० २, यक्ष० ३, राक्षस० ४, उर्दु० ५, यवनी० ६, तुर्की० ७, कीरी० ८ द्राविडी० ९, सिंधी० १०, मालवी० ११, नडी० १२, नागरी० १३, लाट० १४, फारसी० १५, नैमित्तकी० १६, चाणाक्यी० १७, मूलदेवी० १८.

ढार प्रकारना संज्ञाक्षर ( लीपी ) स्वरूप भगवती ( पूज्य ) एकान्त सुखरूप श्री श्रुतदेवीने हुं वांदु छुं ॥ १ ॥ [1]ज्ञेय ( जाणवालायक ) पदार्थो अनन्ता होवाथी ज्ञानना पण अनेक ( अनन्त ) भेदो थाय छे. तेमांथी आत्माना धर्मने प्रकाश करनारा एकावन भेदोने हुं कहुछुं ॥ २ ॥ एकेक गुणदीठ एकेक खमासमण दइने एकेका ज्ञानगुणनी स्तवना करीए. ए प्रमाणे रुडा विवेकसहित एकावन खमासमण दइए ॥ ३ ॥ श्री सौभाग्यपंचमी ( कार्त्तिकशुदी ५ ) ने दिवसे मतिज्ञाननी आराधना करो. ए मतिज्ञानना पूर्वोक्त एकावन भेदोमांना अठावीश भेदो छे, ते भेदोनी घणा मानपूर्वक स्तवना करीए ॥ ४ ॥

## ॥ गुण संबंधी दुहाना अर्थ. ॥

श्रोत्रादि इन्द्रियो तथा शब्दादि पुद्गलो ते बंनेनो संबंध थवाथी नेत्र तथा मन शिवायनी चार इन्द्रियो वडे जे प्रथम अव्यक्त ज्ञान थाय छे ते [2]व्यञ्जनावग्रह जाणवुं ( आ दुहानी अंदर मतिज्ञानना चार भेदो बताव्या छे, श्रोत्रेन्द्रियव्यञ्जनावग्रह १ घ्राणेन्द्रियव्यञ्जनावग्रह २ रसनेन्द्रियव्यञ्जनावग्रह ३ स्पर्शनेन्द्रियव्यञ्जनावग्रह ४)॥५॥

---

१ जगतना पदार्थमात्र त्रण प्रकारना होय छे. १ ज्ञेय, २ हेय, ३ उपादेय. तेमां हेय अने उपादेयपणुं पण ज्ञानथी जाणेला पदार्थोमां ज होयछे माटे ते बन्ने पण ज्ञेय शब्दथी अंगीकार कराय छे.

२ इन्द्रियो तथा पदार्थना संबंधवडे थवावालुं पहेलुं जे पदार्थनुं ज्ञान ते, आ व्यंजनावग्रह मतिज्ञानना मूळ पांच भेदोपैकी प्रथम भेद छे.

व्यञ्जनावग्रहनो जघन्य काल आवलिकानो असंख्यातमो भाग अने उत्कृष्ट काल बेथी नव श्वासोच्छ्वास प्रमाण छे. चक्षु तथा मनविनानी बाकीनी चार स्पर्शन, रसन, घ्राण, श्रोत्र इन्द्रियो प्राप्यकारी छे. (जे इन्द्रियोनो पोताथी जाणवालायक पदार्थनी साथे संयोगरूप संबन्ध थवाथी ज्ञान थाय ते प्राप्यकारी इन्द्रिय जाणवी ) चक्षु तथा मन ए बे अप्राप्यकारी ज्ञानी पुरुषोए दीठेल छे. ( जे इन्द्रियथी पोताना विषयनी साथे संयोग थया विना ज्ञान थाय ते अप्राप्यकारी जाणवी ) ॥ ६ ॥ सम्यक् ( यथार्थ ) " जं जिणेहिं पवेइयं तमेव सच्चं णीसंकं " ( वीतरागजिनेश्वर भगवन्तोए जे बताव्युं तेज सत्य अने निःशंक छे ) एवी भावनाथी पवित्र थयेली श्रद्धावाला जे जीवोने ज्ञाननो प्रकाश उत्पन्न थयो छे ते पुरुषोना चरणकमलने भावपूर्वक उल्लास धारण करी हुं त्रिकरणयोगे नमस्कार करुं छुं ॥ ७ ॥ वर्ण गंध रस स्पर्शादिनो संबन्ध जे ज्ञानमां जणाय नहि पण व्यञ्जनावग्रहथी वधारे स्पष्टताए 'आ कांइक छे' एटलुं वस्तुनुं ज्ञान पांच इन्द्रियो तथा ( इन्द्रिय नही पण इन्द्रिय समान ) छट्ठा नोइन्द्रिय मनोद्वाराए थाय ते ज्ञान अर्थावग्रह[१] कहेवाय छे ॥ ८ ॥ ( आ दुहानी अंदर मतिज्ञानना छ भेदो बताव्या छे, १ स्पर्शेन्द्रिय अर्थावग्रह, २ जिह्वेन्द्रिय अर्थावग्रह, ३ घ्राणेन्द्रिय अर्थावग्रह, ४ चक्षुरिन्द्रिय

---

१ वर्ण गन्ध रस स्पर्शनी भिन्नता शिवायनुं आ कांइक वस्तु छे एवुं ज्ञान, आ मति ज्ञाननो बीजो भेद, आ ज्ञाननी स्थिति निश्चयथी एक समयनी छे अने व्यवहारथी अन्तर्मुहूर्त्तनी छे.

अर्थावग्रह, ५ श्रवणेन्द्रिय अर्थावग्रह, ६ मानस अर्थावग्रह ) ॥ ८ ॥ अन्वय ( तेनी साथे व्याप्त ) तथा व्यतिरेक ( तेमां नहि रहेनारा ) धर्मनी विचारणा वडे अर्थावग्रहथी जाणेला पदार्थनुं अन्तर्मुहूर्त्तनी स्थितिवाळुं पांच इन्द्रियो तथा मनोद्वाराए ज्ञान थाय ते [1]ईहाविचारणा नामनुं ज्ञान जाणवुं—( यत्सत्त्वे तत्सत्त्वमन्वयः । यदभावे तदभावो व्यतिरेकः—जे छते तेनुं सत्पणुं होय ते अन्वय कहेवाय तथा जेना अभावथी तेनो अभाव होय ते व्यतिरेक कहेवाय, जेम "स्थाणुर्वा पुरुषो वा ?" आ प्रमाणे संशय थयापछी हाथ पग मुख विगेरे पुरुषना धर्म होवाथी आ पुरुष छे एम जणाय ते तेना अन्वय धर्म, तथा डाळ बाका विगेरे स्थाणुना धर्म तेमां नहि होवाथी आ स्थाणु नथी ते तेना व्यतिरेक धर्म जाणवा, आ ईहानी अंदर मतिज्ञानना छ भेदो दर्शाव्या छे १ स्पर्शनेन्द्रियईहा, २ रसनेन्द्रियईहा, ३ घ्राणेन्द्रियईहा, ४ चक्षुरिन्द्रियईहा, ५ श्रवणेन्द्रियईहा, ६ मानसईहा ) ॥ ९ ॥ वर्णगन्धादिनो निश्चय थवाथी पांच इन्द्रिय तथा मनवडे आ देवता छे, मनुष्य छे, के अमुक वस्तु छे आवो उत्तम निश्चय थाय छे ते [2]अपाय नामनो भेद समजवो. ( आ ईहामां पण मति-

---

१ आ धर्मो होवाथी आ पदार्थ छे तथा आ धर्मो नहि होवाथी आ पदार्थ नथी—एवी विचारणा रूप ज्ञान. आ मतिज्ञाननो त्रीजो भेद.

२ आ वस्तु आज छे एवा निश्चयवाळुं ज्ञान अपाय—ते मतिनो चोथो भेद छे. आनुं स्थितिमान अन्तर्मुहूर्त्तनुं छे.

ज्ञानना छ भेदो दर्शाव्या छे, १ स्पर्शनेन्द्रिय अपाय, २ रसनेन्द्रिय अपाय, ३ घ्राणेन्द्रिय अपाय, ४ चक्षुरिन्द्रिय अपाय, ५ श्रोत्रेन्द्रिय अपाय, ६ मानस अपाय ) ॥ १० ॥ निश्चय करेली वस्तुने स्थिरताए ग्रहण करवी. कालान्तरे पण सत्य जाणवी ते, पांच इन्द्रिय तथा मन थकी थनार ज्ञान[1] धारणा छे. आ प्रमाणे धारणानो अर्थ कहेवो. ( आ दुहामां मतिज्ञानना छ भेदो दर्शाव्या छे, १ स्पर्शनेन्द्रिय धारणा, २ जिह्वेन्द्रिय धारणा, ३ घ्राणेन्द्रिय धारणा, ४ चक्षुरिन्द्रिय धारणा, ५ श्रवणेन्द्रिय धारणा, ६ मानस धारणा. अहीं सुधीमां व्यञ्जनावग्रह ४, अर्थावग्रह ६, ईहा ६, अपाय ६, धारणा ६, एम अठावीश भेदोनुं वर्णन कर्युं. हवे तेना अवान्तर भेदो तथा बीजी रीतना मतिज्ञानना भेदो दर्शावे छे. ) ॥ ११ ॥ पदार्थने निश्चयथी जाण्या पछी अपायथी अधिक गुणवालुं अतिशय निरन्तर जे, ते वस्तुनुं ध्यान ते अविच्युति[2] धारणानुं स्थान छे ॥१२॥ अविच्युति अने स्मृतिनुं जे कार्य अने कारण होय अर्थात् अविच्युतिनुं कार्य अने स्मृतिनुं कारण एवी संख्याता असंख्याता काल सुधीनी स्थितिवाली वासना[3] नामनी धारणा जाणवी ॥ १३ ॥ पूर्वदर्शन तथा

---

१ निश्चितवस्तुने लांबा काल सुधी अवधारवुं, आ मतिनो पांचमो भेद, एनो काल संख्यातो अथवा असंख्यातो, अहीं सुधीमां स्पर्शेन्द्रियना ५, रसनेन्द्रियना ५, घ्राणेन्द्रियना ५, चक्षुरिन्द्रियना ४, श्रोत्रेन्द्रियना ५, मानसना ४, एम अठावीस भेद थया.

२ धारणाना ३ भेदोमां पहेलो भेद. ३ धारणानो बीजो भेद.

उत्तर दर्शने करी सहित अप्राप्तवस्तुनी एकता जणावनारुं असंख्याते काले पण आतेज वस्तु छे ( एम याद आपनारुं ) ए[1] जातिस्मरण ज्ञाननुं तत्त्व छे ( अर्थात् ते जातिस्मरण ज्ञान कहेवाय छे अने ते मतिज्ञानांतर्गत धारणानोज प्रकार छे ) ॥ १४ ॥

## ( बहु अबह्वादि बार भेदोनुं स्वरूप. )

वाजित्रनो नाद सांभलीने आ दुंदुभिनो शब्द छे इत्यादि ( पृथक् पृथक् वाजित्रना शब्द ) अवग्रहादिथी जाणे ए मतिज्ञाननो 'बहु' नामनो आल्हादकारी भेद जाणवो, ॥ १५ ॥ ( बहु १ )॥ अंशसामान्ये करी वस्तु छे, तेमां पण जे सामान्यनेज जाणे, जुदी जुदी जातिना वाजित्रना शब्द जुदा न जाणे ते 'अबहु' नामनो मतिज्ञाननो भेद जाणवो ।। १६ ॥ ( अबहु २ )॥ एकज वाजित्रना शब्दमां पण मधुर तरुण विगेरे जुदी जुदी जातिओने क्षयोपशमनी रचनाए करी जाणे ते 'बहुविध' नामनो मतिज्ञाननो भेद जाणवो.॥ १७ ( बहुविध ३ )॥ शब्दादिना मधुरता विगेरे धर्मोमां थोडो विचार जाणवो ( विशेष न जाणवुं ) ते ' अबहुविध ' नामना मतिना प्रकारनो अर्थविस्तार जाणवो. ॥ १८ ॥ ( अबहुविध ४ ) ॥ घणो विलंब थया विना तत्कालज जाणे ते मतिज्ञाननो 'क्षिप्र' भेद जाणवो अथवा तेने अविलम्ब मति जाणवी. ॥ १९ ॥ ( क्षिप्र ५ )॥ घणो विचार करीने वस्तु जाणे ते 'अक्षिप्र' भेद जाणवो. ( आ सर्व

---

१ धारणानो त्रीजो भेद.

परस्पर विरुद्ध भेदोमां ) क्षयोपशमनी विचित्रतानो स्वभाव महा ज्ञानीओ कहे छे ॥ २० ॥ (अनिश्रित ६)॥ ध्वजा देखवाथी आ जिनेश्वर भगवाननुं चैत्य छे ए प्रमाणे अनुमाने करी साध्यहेतुनुं ज्ञान थाय तथा पूर्वप्रबन्धो संभारीने जाणे ते 'निश्रित' भेदनो विचार जाणवो ॥ २१ ॥ ( निश्रित ७ )॥ बहारनुं चिन्ह दीठा शिवाय पदार्थोनो विचार जाणे ते आभिनिबोधिक ज्ञाननो (मतिनो) 'अनिश्रित' नामनो प्रधान भेद जाणवो ॥२२॥(अनिश्रित ८)॥ सन्देहरहित निश्चयपणाए करी वस्तुनो अधिकार जाणे ते 'निश्चित' नामना मतिज्ञानना भेदनो अर्थ जाणवो ॥ २३ ॥ ( निश्चित ९ )॥ वस्तु जाणवामां उपयुक्त जीव आम हशे के बीजी रीते हशे ? एम सन्देह करीने युक्त अनिश्चित पणाथी जाणे ते 'अनिश्चित' भेद जाणवो. ॥२४॥ ( अनिश्चित १० )॥ बहु प्रमुखभेदे करी जाण्या पछी जेम एक दिवस तेम हमेशा जे पुरुषने बुद्धि थाय–याद रहे ते 'ध्रुव' नामना मतिना भेदनुं रहस्य जाणवुं ॥ २५ ॥ ( ध्रुव ११ )॥ कोइ वखत बहु विगेरे भेदे करी जाणे अने कोइ वखत अबहु विगेरे स्वरूपथी जाणे ए प्रमाणे ज्यारे जाणे त्यारे ते 'अध्रुव' भेदनुं स्वरूप जाणवुं ॥ २६ ॥ (अध्रुव १२)॥

## ( द्रव्यादिक चार प्रकारोनुं स्वरूप )

अवग्रहादि चार भेदोमां ( विषयभूत ) जाणवालायक ज्ञेय पदार्थो चार भेदे करी कह्या छे, ते चार भेद द्रव्यादिकथी जाणवा. ॥ २७ ॥ तेमां द्रव्यथी आदेशे एटले सामान्य प्रकारे करी सामान्य

विशेषनी मुख्यतावाला धर्मास्तिकायादिक सर्व द्रव्योने केटलाक पर्यायो सहित जाणे ॥२८॥( द्रव्यथी १)॥ क्षेत्रथी सामान्यप्रकारे तत्त्वप्रतीतिना अनुकूलपणाए करी सर्व लोकालोकना स्वरूपने जाणे ॥२९॥ (क्षेत्रथी २)॥ कालथी सामान्ये करी अतीत अनागतकाळ अने वर्त्तनाकालनो समयविशेष ते सर्वने जेमां लवलेश असत्यपणुं नथी तेवी रीते जाणे ॥ ३० ॥(कालथी ३)॥ भावथी सामान्ये करी सर्व पर्यायोनो अनन्तमो भाग जाणे अथवा सामान्यथी औदयिकादिक [1]पांच भावोने जाणे ॥ ३१ ॥ ( भावथी ४ )॥

## ( चार प्रकारनी बुद्धिनुं स्वरूप.)

(श्रुतनिश्रित मतिज्ञानना अवग्रहादि तथा बहु अबह्वादि भेदो कह्या) हवे अश्रुतनिश्रित मतिज्ञानना चार भेदो छे ते कहे छे. तेमां पहेलो अवसरोचित [2]रोहानी माफक कोइथी कळी न शकाय एवो 'औत्पातिकी' नामनो भेद जाणवो.॥३२॥ गुरुमहाराजानो सर्व गुणोमां अग्रेसर एवो विनय करवाथी जे मतिज्ञाननो विस्तार पामीए ते 'वैनयिकी' बुद्धि नामनो बीजो भेद जाणवो. आ बुद्धि सर्व गुणोमां शिरोमणि छे ॥३३॥ वारंवार कार्यनो अभ्यास करवाथी जे मतिज्ञाननो भलो विचार उद्भवे तेने नंदीसूत्रादिसूत्रोमां 'कार्मिकी' बुद्धि कही छे. ( आ त्रीजो

---

१ औदयिक, औपशमिक, क्षायिक, क्षायोपशमिक, पारिणामिक,

२ रोहकनुं दृष्टान्त प्रसिद्ध छे.

भेद ) ॥३४॥ अवस्थानो परिपाक थवाथी कमलवनमां [1]महा हंसनी माफक जे भरपुर बुद्धि पामे ते सतेज 'पारिणामिकी' बुद्धि जाणवी.

---

१ कोइ सरोवरना कीनारे कमलना वनमां एक वृक्ष उपर हंसोनुं टोळुं रहेतुं हतुं, ते वृक्षना नीचे एक वेलडी उगी, ते वेलडी वृक्ष उपर चढवा लागी, त्यारे मोटा वृद्ध हंसे पुत्रपौत्रादिनो विनाश न थाय माटे पुत्रादिपरिवारने कह्युं के–' आ वेलडीने चांचथी तोडी नांखो, नहिंतो आपणुं मरण थशे. ' त्यारे नाना तरुण वयना हंसो हांसी करता बोल्या–आ वृद्धने तो अहीं शाश्वत रहेवुं लागे छे ? त्यारे वृद्ध चूप थइने बेशी रह्यो. अनुक्रमे वेलडी वधती वधती वृक्ष उपर चढी. एटले एक शीकारीए ते वेलडीनुं अवलंबन करी वृक्ष उपर चडीने जाल पाथरी. बहार गयेला हंसो आवीने बेठा एटले ते जालमां सपडाया. पछी तेमणे वृद्ध हंसने पुछयुं के–' हवे कांइ जीववानो उपाय छे ? ' वृद्ध हंसे कह्युं, 'में प्रथमज कह्युं हतुं हवे कांइ उपाय नथी ! ' छेवट बीजा हंसोए घणुं विनव्या त्यारे वृद्ध हंसे कह्युं के–' तमे सौ शब जेवा थइने पडी रहो, नहिंतो आ शीकारी डोक मरडीने मारी नांखशे. ' सर्वे ते प्रमाणे रह्या. शीकारीए आवीने जोयुं एटले बधाने मरेला जोइ नीचे नांखी दीधा. एटले वृद्ध हंसे कह्युं 'हवे उडी जाओ' एटले बधा उडी गया. आ दृष्टान्तमां वृद्ध हंसने अवस्थानी परिपक्वताथी वेलडीथी मरणनुं ज्ञान, वेलडी तोडवी ए बचवानो उपाय, छेवटे मृतक जेवा रहेवाथी जीवननो उपाय–ए सर्व ज्ञान थयुं.

( आ चोथो भेद.)॥३५॥ [1]अठ्ठावीश [2]बत्रीश [3]बे [4]चार अने [5]त्रणसेने चालीश आ प्रमाणे दर्शनथी एटले अपेक्षाथी जुदी जुदी रीते विचारवाथी मतिज्ञानना भेदो थाय छे. (सम्यक्त्वथी मतिज्ञान अने मिथ्यात्व होय तो मतिअज्ञान) ते सर्व भेदो विजयलक्ष्मीरूप गुणना मन्दिर समान छे ॥ ३६ ॥

## ॥ श्रुतज्ञानना चैत्यवंदननो अर्थ. ॥

स्वपरने जे प्रकाश कर्त्ता छे ते श्रुतज्ञानने हमेशां नमस्कार करो. (मत्यादि) ज्ञानथी वस्तुने जाणे देखे छ तथा श्रुतज्ञानथी संशयो टले छे. ॥ १ ॥ वचनना विषयमां न आवे तेवा ( बोली न शकाय ) अनभिलाप्य अनंता भावो पदार्थोमां रहेला छे, तेनो (अनभिलाप्यनो) अनंतमोभाग वचनपर्यायमां आवे तेवो ( अभिलाप्य भाव ) कह्यो छे ॥ २ ॥ वली कहेवा लायक ( अभिलाप्य ) पदार्थोनो अनन्तमो भाग गुणे करी स्नेह सहित गणधर महाराजाए चौद पूर्वमां गुंथ्यो छे ॥ ३ ॥ चौद पूर्वधर भगवन्तो परस्पर अक्षरज्ञाने करी सरखा

---

१ अठावीश भेदो पूर्वे बताव्या ते जाणवा.

२ तेमां अश्रुतनिश्रित चार भेलवतां बत्रीश.

३ श्रुतनिश्रित अने अश्रुतनिश्रित एम बे भेदो.

४ द्रव्य क्षेत्र काळ भाव ए चार भेदो.

५ अठावीश भेदोने बहु अबहु आदि बार भेदे गुणतां ३३६ तेमां अश्रुतनिश्रित चार भेलवतां ॥ ३४० ॥

छे. पण भावथी ( पदार्थना ज्ञानथी ) [1]छस्थान पतित होय छे ते मतिविशेषो श्रुतनाज प्रकारो छे ।४॥ तेज माटे अनन्तमे भागे वाणीमां गुंथायेल छे. समकितसहित श्रुतज्ञानना कहेला सर्व पदार्थो सत्य जाणवा. ॥ ५ ॥ द्रव्यगुणपर्याये करी जे एक प्रदेशने जाणे छे ते सर्व प्रदेशने जाणे छे एवो नन्दीसूत्रनो उपदेश छे. ॥ ६ ॥ चोवीश जिनेश्वरना उपाधिथी विमुक्त थयेला चौद पूर्वधर साधुओ [2]३३९९८ छे. ॥ ७ ॥ एकान्त वस्तु कहेनारा परतीर्थिकोना जे सर्वशास्त्रसमूह ते समकितवन्त प्राणिए ग्रहण कर्ये छते सत्य अर्थवाला थाय छे. ॥ ८ ॥ जिनेश्वर महाराज तथा श्रुतकेवलिभगवन्तो ज्ञानाचारनुं चरित्र कहे छे–तेनुं वर्णन करे छे तेथी श्रुतपंचमीनुं आराधन करवा

---

१ अनन्त भागाधिक १ असंख्येय भागाधिक २ संख्येयभागाधिक ३ संख्येयगुणाधिक ४ असंख्येयगुणाधिक ५ अनन्तगुणाधिक ६. अथवा हानिना छ स्थान लेवा.

२ ऋषभ० ४७५०, अजित० ३७२०, संभव० २१५०, अभिनन्दन० १५००, सुमति० २४००, पद्मप्रभ० २३००, सुपार्श्व० २०३०, चन्द्रप्रभ० २०००, सुविधि० १५००, शीतल० १४००, श्रेयांस० १३००, वासुपूज्य० १२००, विमल० ११००, अनन्त० १०००, धर्म० ९००, शान्ति० ८००, कुन्थु० ६७०, अर० ६१०, मल्लि० ६६८, मुनिसुव्रत० ५००, नमि० ४५०, नेमि० ४००, पार्श्व० ३५०, वर्धमान० ३००, कुल. ३३९९८ चौदपूर्वी मुनि होय छे.

विजयलक्ष्मीसूरि महाराजनुं चित्त थयुं छे. ॥ ९ ॥

## ॥ श्रुतज्ञानना स्तवननो अर्थ ॥

श्रीतीर्थंकर महाराजाए श्रुतज्ञान चौद प्रकारे वर्णव्युं छे, ते श्रुत ज्ञानरूपी महाराजानी[1] उपधान वहन करवा विगेरे आचारोवडे सेवना करीए, श्रुतज्ञानने विषे मारुं दिल राची रह्युं छे. सुखकर्त्ता परमात्माना आगममां दिल तथा चित्त राच्युं छे ॥ १ ॥ एक विगेरे अक्षरोना संयोग करवाथी अक्षार संयोगी अनन्ता छे तेमज स्वपर पर्यायोए करीने एक अक्षर गुणपर्याय स्वरूपे अनन्तो छे ( जो के अक्षरो संख्याता छे, तो पण अक्षरोना वाच्य अभिधेयो तथा तेना धर्मो अनन्ता होवाथी अनन्ता संयोगो सिद्ध थाय छे ) ॥ २ ॥ अक्षरनो ( ज्ञाननो ) अनन्तमो भाग हमेशां उघाडो रहे छे, ते भाग तो अवरातोज नथी. सूक्ष्म जीवनुं ए ज्ञान छे ॥ ३ ॥ शुश्रूषा,[१] ( सांभळवानी इच्छा, ) श्रवण[२] करवुं, फरी[३] पुछवुं, मनमां अवधारण[४] करवुं, ग्रहण[५] करवुं, विचारवुं,[६] निश्चय[७] करवो, धारण करी[८] राखवुं. बुद्धिना ए आठ गुण गणाय छे. ॥ ४ ॥[2] चोवीश तीर्थंकरोना १२६२०० सर्व सभामां वादिओ छे. ( आ वादीओने कोइ पण वादमां जीती शके नहि ) ए प्रवचननो अपार महिमा छे. ॥५॥

---

१ काल १ विनय २ बहुमान ३ उपधान ४ अनिन्हव ५ व्यंजन ६ अर्थ ७ तदुभय ८

२ ऋषभना १२७५०, अजितना १२४००, संभवना १२००० अभिनन्दन ११०००, सुमति १०४५०, पद्मप्रभु ९६००, सुपार्श्व

जे प्राणीओ आगमने भणे छे, भणावे छे, लखे छे, लखावे छे, ते प्राणीओना विजय लक्ष्मी रूप गुणना मन्दिर समान जन्मना वखाण करीए. ॥ ६ ॥

## ॥ श्रुतज्ञाननी स्तुतिनो अर्थ ॥

सूर्यसमान जिनेश्वर परमात्मा त्रिगडा उपर बेशी अमृतसमान वाणी बोले छे. अनेकान्त मत एज प्रमाण छे. आत्मानो अनुभव करवानुं स्थानक[1] चार अनुयोगरूपी गुणोनी खाण परमात्मा अरिहन्त प्रभुनुं शासन श्रेष्ठ वहाणसमान छे. सर्व पदार्थो त्रिपदीवडे जणावे छे. बत्रीश दोष[2] वर्जित परमात्मानी देशना योजन प्रमाण

---

८४००, चन्द्रप्रभ ७६००, सुविधि० ६०००, शीतल ५८००, श्रेयांस० ५०००, वासुपूज्य ४२००, विमल ३६००, अनन्त० ३२०० धर्म २८००, शान्ति २४००, कुन्थु २०००, अर १६००; मल्लि १४००, मुनिसुव्रत १२००, नमि १०००, नेमि ८००, पार्श्व ६०० वर्धमान ४००, सर्व संख्या. १२६२०० वादी मुनि होय छे.

१ चरणकरणानुयोग १ द्रव्यानुयोग २ धर्मकथानुयोग ३ गणितानुयोग ४

२ प्रकृतिथी आ सर्व संसार छे अथवा आत्मा नथी विगेरे 'अलीक' १, वेदमां कथित हिंसा धर्मने माटे थाय विगेरेनी माफक 'उपघातजनक' २, डित्थादिनी माफक निरर्थक ३, पूर्वापर

भूमिमां फेलावो पामे छे. केवलज्ञानी प्रभुए जे कथन कर्युं ते श्रुतज्ञान, एम विजयलक्ष्मी सूरि बहु मान पूर्वक कहे छे हे सुजनो ! ते श्रुतज्ञानने तमे धारण करजो. ॥ १ ॥

---

संबंध विनानु ते 'अपार्थक' ४, छलवाक्य विगेरे 'छल' ५, द्रोहस्वभाव होय ते 'द्रुहिल' ६, सारविनानुं ते 'निःसार' ७, अक्षरादि करीने अधिक ते 'अधिक' ८, न्यून होय ते 'ऊन' ९, फरी फरी बोलवुं ते 'पुनरुक्त' १०, पूर्वापरविरुद्ध ते 'व्याहत' ११, युक्तिरहित ते 'अयुक्त' १२, क्रमरहित ते 'क्रमभिन्न' १३, वचन फेरफार ते 'वचन भिन्न' १४, विभक्ति फेरफार ते 'विभक्ति विभिन्न' १५, लिङ्ग फेरफार ते 'लिङ्गभिन्न' १६, सिद्धान्तमां नही कहेलुं ते 'अनभिहित' १७, छंदोभंग ते 'अपद' १८, वस्तुना स्वभावथी विपरीत बोलवुं ते 'स्वभावहीन' १९, प्रस्तुत वात छोडी अप्रस्तुत वातने लंबावी पछी प्रस्तुत कहेवी ते 'व्यवहित' २०, काल फेरफार ते 'कालदोष' २१, वाक्य पूर्त्तिविना वचमांथी पद तोडी नांखवुं ते 'यतिदोष' २२, अलंकार विशेष शून्य ते 'छविदोष' २३, स्वसिद्धान्त विरुद्ध ते 'समयविरुद्ध' २४, हेतुशून्य ते 'वचन मात्र' २५, तात्पर्यथी अनिष्ट प्राप्ति थाय ते 'अर्थापत्तिदोष' २६, समास फेरफार ते 'असमासदोष' २७, हीनाधिक उपमा करवी ते 'उपमादोष' २८, एक देशने संपूर्ण कहेवुं ते 'स्वरूपावयवदोष' २९, उद्देश्य पदोनी एकवाक्यता न थाय ते 'अनिर्देशदोष' ३०, वस्तुपर्यायवाचि पदनी अर्थान्तर कल्पना ते 'पदार्थदोष' ३१, विपरीतसन्धि ते 'सन्धिदोष' ३२, आ प्रमाणेना ३२ दोष रहित परमात्मानी देशना होय छे. ॥

## ॥ श्री श्रुतज्ञानना दुहाना अर्थ. ॥

श्री श्रुतज्ञानने सर्वदा वन्दना करो के जेना चौद अथवा वीश भेदो छे. ते बन्नेमांथी हुं चौद भेदोनुं वर्णन करुं छुं. जे सर्व श्रुतना स्वामी ते श्रुतकेवालि कहेवाय छे.॥१॥ अकारना अढार[1] भेदो छे. तेज प्रमाणे सर्व अक्षरोना भेदो जाणवा. लब्धि,[2] संज्ञा[3] अने व्यञ्जन[4] एम त्रण प्रकारना अक्षरोने अक्षरश्रुत जाणवुं ॥२॥(पहेलो भेद)॥ प्रवचन १ श्रुत २ सिद्धान्त ३ आगम ४ समय ५ ए सर्व जेना पर्यायी नाम छे एवा श्रुतज्ञाननुं व्याख्यान करीने तेमज तेना व्याख्यान करनारा श्रुतज्ञानीना चरणकमलोने चित्तमां लावीने घणा प्रकारना स्नेहथी तेनी पूजा करो. ॥३॥ हस्तरूपी[5] लतानी चेष्टा ( खोंखारो उधरस उच्छ्वासादि ) विगेरेए करी अन्तर्गत भाषा जणावे ए

---

१ अकारना ह्रस्व दीर्घ अने प्लुत एम त्रण भेदो छे, वली ते दरेकना उदात्त अनुदात्त अने स्वरित एम त्रण त्रण भेदो छे, एटले नव, ते नवने सानुनासिक निरनुनासिक एम बे भेदे गुणतां अढार भेदो जाणवा.

२ पुस्तकमां लखेला अक्षरो वांचवाथी तथा मोढेथी बोलाता अक्षरो सांभळवाथी थतुं ज्ञान.

३ पूर्वे वर्णवेली अढार प्रकारनी लिपीरूपी अक्षरो.

४ वचन योगे करी मोढेथी बोलाता अक्षरो.

५ आ कर्मग्रंथ टीकानो मत छे, विशेषावश्यकादिकमां चेष्टामां श्रुतनुं लक्षण नहि होवाथी चेष्टाने श्रुतपणुं कहेता नथी.

अनक्षर श्रुतने प्रकाश करनारो सत्य अर्थ जाणवो. ए बीजुं अनक्षर श्रुत ॥४॥ (बीजो भेद)॥ जे दीर्घकालिकी नामनी संज्ञा छे तेणे करीने ( सहित ) संज्ञि जीवो जाणवा ते संज्ञि जीवो मन इन्द्रियथी उत्पन्न थयेला संज्ञिश्रुतना स्थानक जाणवां ॥ ५ ॥ ( त्रीजो भेद ) ॥ जे जीवोने मनोरहित इन्द्रियो मात्रथी तेने आवरण करनारा कर्मना क्षयोपशमवडे जे ज्ञान थाय ते असंज्ञिश्रुत जाणवुं. ॥ ६ ॥ ( चोथो भेद ) ॥ जे सिद्धान्त सम्यक्त्व विनानो होय ते विपरीत सिद्धान्त जाणवो ने जे सिद्धान्तमां सम्यक्त्व होय ते प्रत्यक्ष (सत्य) सिद्धान्त जाणवो. ॥७॥ सुंदर त्रिभंगीथी[1] भरपूर घणा नैगमादि नयो जेमां छे अने जे वचनथी शुद्ध शुद्धतर अतिशय तेजवालुं छे ते समकितश्रुत जाणवुं ॥ ८ ॥ ( पांचमो भेद )॥ बालबुद्धि मनुष्यो अनेक प्रयत्नथी भंगजालो रचे तेमां सम्यग्दर्शनना दृष्टान्तनो ( देखावनो ) भास पण नथी. ॥ ९ ॥ सद्असद्‌ना विवेचन विना एकान्त पक्ष अंगीकार करे अने जे ( ज्ञानवालाओ ) ज्ञाननुं फल पामे नहि ते मिथ्याश्रुतनुं स्वरूप जाणवुं ॥१०॥ ( छट्ठो भेद ) ॥ [2]पांच भरत तथा पांच ऐरवत ए दश क्षेत्रोमां आदिसहित (सादि) श्रुत जाणवुं. (जे जे तीर्थंकरनुं तीर्थ प्रवर्त्ततुं होय) ते ते प्रभुनो आधार ( त्रिपदी ) पामीने तेमना गणधरोए रचेलुं ते श्रुत जाणवुं ॥ ११ ॥( सातमो भेद )॥

---

१ त्रिभंगीनुं स्वरूप गीतार्थ गुरु महाराज पासेथी जाणवुं.

२ एक जंबुद्वीपनो, बे धातकी खंडना, अने बे पुष्करार्धना,

दुप्पसह सूरीश्वर सुधी वर्त्तमान श्रुतज्ञाननो आचार प्रवर्त्तशे तेथी सान्त श्रुत जाणवुं. अथवा एक जीवने उद्देशीने पण श्रुतनुं सादि सान्तपणुं होय छे तेथी सान्त जाणवुं. ।। १२ ।। ( आठमो भेद )।। द्रव्यनयथी शाश्वत भावे वर्त्तनारुं श्रुत अनादि जाणवुं. तेवुं ( शाश्वत भावे वर्त्तनारुं ) उत्तम आगमरूप रत्न महाविदेह क्षेत्रमां सदा काल वर्त्ते छे ।। १३ ।। ( नवमो भेद ) ।। अनेक जीवने अपेक्षी श्रुत अनादि अनन्त छे. ते अनादि अनंत श्रुत जाणवुं. द्रव्यादि[१] चार प्रकारे सादि सान्त अनादि अनन्त संबंधी वृत्तान्त समजवो ।।१४।।(दशमो भेद)।। जे सूत्रमां सरखा पाठ (आलावा) छे ते सिद्धान्त गमिक श्रुत जाणवुं. अनेकान्त गुणे शोभित एवा पाठो घणुं करीने दृष्टिवाद नामना बारमा अंगमां होय छे ।।१५।। (अगीयारमो भेद)।। सरखा पाठ (आलावा) जेमां न होय ते अगमिक श्रुत जाणवुं. तेवा कालिक श्रुतवन्त महात्माओनी हे सज्जन पुरुषो !

---

१ द्रव्यथी एक जीवनी अपेक्षाए सम्यक्त्वनी प्राप्ति थवाथी सादिश्रुत जाणवुं, अने मिथ्यात्व, भवान्तर, केवलज्ञान, ग्लानि, प्रमाद विगेरे कारणोथी ज्यारे ते नाश पामे त्यारे सान्तश्रुत जाणवुं. तथा अनेक जीवनी अपेक्षाए अनादि अनन्त जाणवुं १. क्षेत्रथी भरत ऐरवतनी अपेक्षाए सादिसान्त, अने विदेहनी अपेक्षाए अनादि अनन्त जाणवुं २. कालथी उत्सर्पिणी अवसर्पिणी कालनी अपेक्षाए सादिसान्त अने नो उत्सर्पिणी नोअवसर्पिणी कालनी अपेक्षाए अनादि अनन्त जाणवुं. ३. भावथी भवसिद्धिकपणानी अपेक्षाए सादिसान्त अने अभव्यपणाने आश्री अनादि अनन्त जाणवुं. ४.

त्रिकरण योगथी अथवा त्रिकरण योगना हर्षोल्लासथी पूजा करीए. ॥१६॥(बारमो भेद)॥ अढार हजार पदे करीने युक्त आचाराङ्ग सूत्र वखाणीए. तेथी आगलना अगीयार अंगो बमणा बमणा पदोवाळा जाणवा. ते सर्व अंगप्रविष्ट श्रुतज्ञान छे. ॥ १७ ॥ ( तेरमो भेद )॥ जे बार उपाङ्गो छे ते अङ्गबाहिर श्रुत कहीए. तेना अनङ्गप्रविष्ट श्रुत-रूपे वखाण करीए. (चौदमो भेद)॥ आ सव भेदो श्रुतरूपी लक्ष्मी देवीना मन्दिरतुल्य छे. ॥ १८ ॥

## ॥ श्री अवधिज्ञानना चैत्यवन्दननो अर्थ ॥

अवधिज्ञान त्रीजुं कहेलुं छे के जे अवधिज्ञानावरणीय कर्मनो क्षयोपशम थवाथी इन्द्रियोनी अपेक्षा विना आत्मप्रत्यक्षरूपे प्रकट थाय छे ॥ १ ॥ जे जीवो देव तथा नरकभवने प्राप्त करे छे तेओने तो अवधिज्ञान अवश्य थाय छे, तेमां श्रद्धावंत समकिती जीव अवधि ज्ञान पामेछे अने मिथ्यात्वथी तो विभंगज थाय छे. एटले मिथ्यात्वी विभंग ज्ञान पामे छे.॥२॥मनुष्य अने तिर्यंचना भवमां गुण (अध्यवसायनी निर्मलतारूप ) थी उत्तम परिणामना संयोगे जीव अवधिज्ञान पामे छे. ( गुणथी प्राप्त थयेला ) अवधिज्ञाननो उपयोग [1]एक मुनिने

[1] एक मुनिने कायोत्सर्ग ध्यानमां अध्यवसायनी विशुद्धिथी तदावरणीय कर्मनो क्षयोपशम थवाने लीधे अवधिज्ञान उत्पन्न थयुं, तेना प्रभावथी तेणे सौधर्मेन्द्रनी सभाने साक्षात् जोइ. त्यां रीसायेली इन्द्राणीने मनावता इन्द्रने जोइने तेमने हांसी आववाथी तदावरणीय कर्मनो उदय थतां अवधिज्ञान जतुं रह्युं.

काउस्सग्गमां हास्य आववाथी नाश पाम्यो हतो. ॥ ३ ॥ अवधिज्ञानी जघन्यथी अनन्ता रूपी द्रव्यने सामान्य विशेषोपयोगे जाणे देखे छे. उत्कृष्टथी सर्व मूर्त्तिवन्त पुद्गल वस्तुने जाणे छे ।।४।। (द्रव्यथी.१) ।। क्षेत्रथी जघन्यमां जघन्य अंगुलना असंख्यातमा भागने देखे ( एटले के ) तेटला क्षेत्रमां जे पुद्गल स्कन्धो छे तेने जाणे अने देखे ॥ ५ ॥ उत्कृष्टथी ( चौदराज ) लोकना प्रमाण जेवडा अलोकमां असंख्याता खांडवा(भागो)देखे,(२)॥ कालथी जघन्यपणे आवालिकानो असंख्यातमो भाग देखे, ॥ ६ ॥ उत्कृष्टथी असंख्याती उत्सर्पिणी अवसर्पिणी भूत भविष्यत् कालने जाणे देखे,(३)॥ हवे भावनो विचार सांभलो.।।७।। जघन्यथी एकेका द्रव्यमां चार ( रूप, रस, गन्ध, स्पर्श ) भावो (पर्यायो) देखे, उत्कृष्टथी प्रत्येक द्रव्यमां असंख्याता पर्यायो जाणे(४) ॥ ८ ॥ आ (द्रव्यथी, क्षेत्रथी, कालथी, भावथी) चार भेदो संक्षेपथी नन्दीसूत्र बतावे छे. जेओ ज्ञाननी भक्तिमां रमणता करे छे तेओ विजय लक्ष्मीरूप देवीने प्राप्त करे छे. ॥ ९ ॥

---

## ॥ श्री अवधिज्ञानना स्तवननो अर्थ. ॥

हे प्राणिओ ! तमे अवधिज्ञाननी पूजा करो, सम्यग्दृष्टि जीवोने आ गुण ( अवधि ) थाय छे, सर्व तीर्थंकरो आ ( अवधि ) ज्ञान सहित जन्म लइने मनुष्य भवसंबन्धी मोटा उदयने देखे छे. ( पामे छे.)॥ १ ॥ ( असंख्याता द्वीप समुद्र छतां ) सातज द्वीप अने सातज

समुद्र छे, आ प्रमाणे अवलुं देखनारा शिवराजर्षिनो विभंगदोष वीर प्रभुनी प्रसन्नताथी नाश पाम्यो अने प्रसिद्ध अवधिगुण प्रगट थयो. ॥ २ ॥ अवधिज्ञाननी उत्कृष्टी स्थिति कांइक अधिक छासठ सागरोपमनी जाणवी अने जघन्यथी कोइक जीवने आश्रीने एक समयनी जाणवी. ( अवधिज्ञानना क्षयोपशमनी तरतमताथी अथवा द्रव्यादिकनी ) विचित्रताना संबन्धथी तेना असंख्याता भेदो छे, ए संबन्धी विशेषावश्यकमां विशेष व्याख्यान करेलुं छे. ॥ ३ ॥ ऋषभदेव भगवान् विगेरे चोवीश तीर्थंकरोना चरणकमलने जेओ नमस्कार करे छे तेवा अवधिज्ञानी [1]मुनिवरोनी संख्या एकलाख तेत्रीशहजारने चारसेंनी छे. ॥ ४ ॥ अवधिज्ञानी आनन्द श्रावक ( वीरप्रभुना १० श्रमणोपासकोमां पहेला )ने गौतमस्वामीजीए मिच्छामि दुक्कडं आप्यो हतो, ( ते माटे ) विजयलक्ष्मीरूप सुखना मन्दिर तुल्य ज्ञान अने ज्ञानवन्त प्राणीओनी आशातनानो त्याग करो ॥ ५ ॥

---

१ ऋषभ–९०००, अजित–९४००, संभव–९६००, अभिनन्दन–९८००, सुमति–११०००, पद्मप्रभ–१००००, सुपार्श्व–९०००, चन्द्रप्रभ–८०००, सुविधि–८४००, शीतल–७२००, श्रेयांस–६०००, वासुपूज्य–५४००, विमल ४८००, अनन्त–४३००, धर्म–३६००, शान्ति–३०००, कुंथु–२५००, अर–२६००, मल्लि–२२००, मुनिसुव्रत–१८००, नमि–१६००, नेमि–१५००, पार्श्व–१४००, वर्धमान १३००, कुल–१३३४०० अवधिज्ञानीनी संख्या छे,

## ॥ श्री अवधिज्ञाननी स्तुतिनो अर्थ. ॥

सर्व तीर्थंकरो अवधिज्ञान सहित ( देवादि भवमांथी ) च्यवीने मातानी कुक्षीमां अवतार लेछे. जे प्रभुना नामे करी सुख वृक्षने प्राप्त करीए, अने जे प्रभु सर्व ईति ( अतिवृष्टि अनावृष्ट्यादि ) उपद्रवोने टाळनारा छे तेमज इन्द्र तथा अध्यापकना संशयने दूर करनारा श्री वीरप्रभु महिमा तथा ज्ञानना आकर छे. तेज माटे ते वीरप्रभु विश्वना पाळक तथा विजय सहित लक्ष्मी सुखने प्राप्त करावनारा छे. ॥ १॥

## ॥ श्री अवधिज्ञानना दुहाना अर्थ ॥

अवधिज्ञानना असंख्य[1] भेदो छे तेमां सामान्ये करी छ भेदो छे, जघन्यथी अवधिज्ञाननुं क्षेत्र सूक्ष्म पनकनी अवगाहना ( शरीर प्रमाण जेटलुं छे अने उत्कृष्टथी असंख्य लोक प्रमाण छे. ॥ १ ॥ लोचननी माफक साथे रहेवुं ते ' अनुगामिक ' नामना अवधिज्ञाननु तेज छे. एक जीवने अपेक्षी उत्कृष्ट अवधिज्ञाननी स्थिति छासठ सागरोपमथी वधारे छे. ॥ २ ॥ ( पहेलो भेद )॥ नहीं विकार पामेलो ( मिथ्यात्वकृत मालिन्य रहित ) एवो अवधिज्ञाननो गुण जे जीवोने उत्पन्न थयो छे ते जीवोने एक श्वासमां सो वखत[2] मारी वन्दना

---

१ काळनी अपेक्षाए अथवा क्षेत्रनी अपेक्षाए, द्रव्य अथवा पर्यायनी अपेक्षाए अनन्ता भेदो पण छे.

२ उपलक्षण सो पद छे तेथी हजार लक्ष कोटी असंख्य अने अनंतीवार वन्दना थाओ.

थाओ. ॥ ३ ॥ जे क्षेत्रमां अवधिज्ञान उत्पन्न थयुं होय तेटलाज क्षेत्रमां रह्यो थको पदार्थो देखे ते अननुगामि अवधिवालो जाणवो, ते 'अननुगामी' ज्ञान स्थिरदिवानी उपमाने पामे छे ॥ ४ ॥ ( बीजो भेद )॥ अंगुलना असंख्यातमा भागथी अनुक्रमे वधतुं वधतुं असंख्य लोक प्रमाण वृद्धि पामे छे ते तथा लोकावधि परमावधि विगेरे 'वर्धमान' अवधिज्ञान कहेवाय छे. ते गुण वांछा उत्कट थवाथी थाय छे. ॥ ५ ॥ ( त्रीजो भेद )॥ योग्य सामग्री न होवाने लीधे घटता परिणाम थवाथी पूर्वप्राप्ति करतां नीचे नीचे घटतुं जाय ते 'हीयमान' अवधिज्ञान कहेवाय छे. ए मननुं कार्य छे. ॥ ६ ॥ ( चोथो भेद )॥ संख्याता असंख्याता योजन सुधी यावत् उत्कृष्ट लोकान्त सुधीना एकला पुद्गल द्रव्यो देखी ( तेटलुं ज्ञान थइने पाछुं ) पडिवाइ थाय ते 'प्रतिपाति' ज्ञान कहेवाय छे. ॥ ७ ॥ ( पांचमो भेद )॥ जे अवधिज्ञान अलोकनो एक प्रदेश देखे ते 'अप्रतिपाति' कहेवाय छे. ते अवधिज्ञान अनुक्रमे केवल ज्ञान ( अवश्य ) आपे छे. ॥ ८ ॥ ( छट्ठो भेद ) ॥

## ॥ श्री मनःपर्यवज्ञानना चैत्यवन्दननो अर्थ ॥

चतुर्थ श्रीमनःपर्यवज्ञान छे, गुणनिमित्ते थनारुं ते ज्ञान अप्रमत्त ऋद्धिना निधान चारित्रधारी कोइक मुनिने शुभपरिणामनी

वृद्धि थवाथी संयम गुणठाणे ( सातमे ) होय छे. तेम जाणो. [1]साकारोपयोगना स्थानक ते ज्ञानथी मनना [2]पर्यायोने निश्चये करी जाणे छे, विचारणामां आवेला मनोद्रव्यना अनन्ता स्कन्धो जाणे छे पण ( ग्रहण कर्या विनाना मात्र ) आकाशमां रहेला मनोवर्गणाना द्रव्यने जाणता नथी ॥ १ ॥ २ ॥ ३ ॥ संज्ञी पंचेन्द्रिय जीवे काय योगे ग्रहण करेला अने मनोयोगवडे मन पणे परिणमावेला मनोद्रव्य, मनःपर्यव ज्ञानी जाणे छे ॥ ४ ॥ [3] मनुष्य क्षेत्रमां तीर्च्छुं अढीद्वीप सुधी देखे छे, अधो लोकमां तिर्छालोकना मध्यभागथी एक हजार योजन देखे छे, ॥ ५ ॥ ऊर्ध्वलोकमां ज्योतिश्चक्र सुधी (९०० योजन ) जाणे छे. कालथी पल्योपमना असंख्यातमा भाग जेटला काळ सुधीना अतीत अनागत पदार्थोना पर्यायो जाणे छे. ॥ ६ ॥ भावथी चिन्तवेला द्रव्यना असंख्याता पर्यायो जाणे छे. ऋजुमति मन:पर्यव करतां विपुलमति मन:पर्यववालो वधारे भावो वर्णवे छे (जाणे छे.)॥७॥ (चिन्तववामां आवेला) मनना पुद्गलो जोइने अनुमाने करी सत्य पदार्थ (वात) ग्रहण करे छे, जे ( मनःपर्यवज्ञान ) असत्यपणाने पामतुं नथी ते ज्ञानमां मारुं मन आनन्द पाम्युं छे. ॥ ८ ॥ अरूपिपदार्थोने प्रत्यक्षपणे ज्ञानादिलक्ष्मी वडे पूज्य एवा भगवंतो (जिनेश्वर)

---

१ मन:पर्यव संबन्धी दर्शन नथी. तेने प्रथमथी ज्ञानज थाय छे.

२ द्रव्यथी मन: पर्यायना विषयनुं स्वरूप कहे छे.

३ क्षेत्रथी स्वरूप.

जाणे छे. विजयलक्ष्मी गुणना निधन एवा ते परमात्माना चरणकमळने हुं नमस्कार करुछुं. ॥ ९ ॥

---

## ॥ श्रीमनःपर्यवज्ञानना स्तवननो अर्थ ॥

श्रीजिनेश्वर अरिहंत भगवान पोतपोताना ज्ञान ( अवधि ) थी संयमना अवसरने जाणे छे. ते वखत लोकान्तिक देवताओ आवी मानपूर्वक 'हे नाथ ! तीर्थ प्रवर्त्तावो' ए प्रमाणे कही प्रभुने नमस्कार करे छे. ( पछी प्रभु ) छ [1]अतिशयवाळा वार्षिक दानने

---

१ तीर्थंकर महाराजा यद्यपि अनंत बळना धणी छे, तोपण भक्ति होवाने लीधे प्रभुने श्रम न थाय माटे, दान आपती वखते सौधर्मेन्द्र प्रभुना हाथमां द्रव्य आपे छे ॥ १ ॥ चोसठ इन्द्रो शिवाय बीजा देवोने दान लेता निवारवा माटे तथा लेनारना भाग्यमां जेवुं होय तेवुंज तेना मुखमांथी बोलाववा ( प्रार्थना कराववा ) माटे ईशानेन्द्र सुवर्णयष्टि लइ प्रभु पासे उभा रहे छे ॥ २ ॥ प्रभुना हाथमां रहेला सोनैयामां चमरेन्द्र अने बलीन्द्र लेनारनी इच्छानुसार न्यूनाधिकता करे छे एटले के याचकनी इच्छाथी (भाग्यथी) अधिक होय तो न्यून करे छे अने न्यून होय तो अधिक करे छे ॥३॥ भरतखंडमां उत्पन्न थयेला मनुष्योने बीजा भुवनपतिओ दान लेवा माटे दूर दूरथी खेंची लावे छे ॥ ४ ॥ दान लइ पाछा वळनार लोकोने व्यन्तर देवो निर्विघ्नपणे स्वस्वस्थाने पहोंचाडे छे ॥ ५ ॥ ज्योतिष्क देवो विद्याधरोने दाननो समय जणावे छे ॥ ६ ॥

( आपे छे. ते दान ) लइने देवो तथा मनुष्यो हर्ष पाम छे. ॥ १ ॥ ॥ २ ॥ आ विधिए करी सर्व अरिहंत भगवन्तो ज्यारे सर्वविरति ( चारित्र ) उच्चार करे छे ते वखते निर्मल मनःपर्यवज्ञान तेमना आत्माने अनुसरे छे (पामे छे). ॥ ३ ॥ जे मुनिओने विपुलमतिमनःपर्यव ज्ञान उत्पन्न थाय छे ते अप्रतिपाती होय छे.आ चोथुं ज्ञान अप्रमत्त ऋद्धिवन्त गुणस्थानके जाणवुं. ॥ ४ ॥ चोवीश जिनेश्वर भगवन्तना [1]एकलाख पीसतालीश हजार पांचसे ने एकाणुं मनःपर्यवज्ञानी मुनिराजोने जाणी तेमने वखाणीए. ॥ ५ ॥ जे ज्ञान मनना सर्व संशयोनो नाश करे छे ते ज्ञानने हुं स्नेह धारण करीने वन्दन करुछुं. विजयलक्ष्मी, कल्याणकारी भाव विगेरे अनुभव ज्ञानना अनेक गुणो छे. ॥ ६ ॥

---

१ ऋषभ–१२७५०, अजित–१२५००, संभव–१२१५०, अभिनंदन–११६५०, सुमति–१०४५०, पद्मप्रभ–१०३००, सुपार्श्व–९१५०, चंद्रप्रभ–८०००, सुविधि–७५००, शीतल–७५००, श्रेयांस–६०००, वासुपूज्य–६०००, विमल–५५००, अनन्त–५०००, धर्म–४५००, शान्ति–४०००, कुन्थु–३३४०, अर–२५५१, मल्लि–१७५०, मुनिसुव्रत–१५००, नमि–१२५०, नेमि–१०००, पार्श्व–७५०, वर्धमान–५००, कुल–१४५५९१ मनःपर्यवज्ञानीओनी संख्या छे.

## ॥ श्री मनःपर्यवज्ञाननी स्तुतिनो अर्थ ॥

तीर्थंकर प्रभु अभिमानने निवारण करी सिद्ध भगवन्तोने नमस्कार करी सर्वविरति सामायिकनो उच्चार करे छे, अने ज्यां सुधी छद्मस्थ अवस्था रहे छे त्यां सुधी योगासन अने तप धारण करे छे. ते वखते मनुष्यक्षेत्रमां विस्तार पामनारुं चोथुं मनःपर्यव ज्ञान तेओ प्राप्त करे छे. विजयलक्ष्मी अने सुखने करनारा ते प्रभुने हे भव्यप्राणि ! तमे नमस्कार करो. ॥ १ ॥

---

## ॥ श्री मनःपर्यवज्ञानना दुहानो अर्थ ॥

संयम गुणनी शुद्धता पामवाथी थनारुं संज्ञि जीवना मनोगत पदार्थोने जे प्रकट रीते विशुद्धपणे जाणे छे ते मनःपर्यव ज्ञान कहेवाय. ते ज्ञान बे भेदे छे ॥ १ ॥ आ पुरुषे घडो चिन्तव्यो छे एम सामान्य धर्मे जाणे–घणुं करीने विशेष धर्मथी शून्य जाणे ते ऋजुमति मनःपर्यव जाणवुं ॥ २ ॥ ( पहेलो भेद ) ॥ सर्वविरति गुणस्थानकने विषे आ (मनःपर्यव ज्ञानरूप) गुण जे मुनिओने उत्पन्न थयो छे ते मुनिओना चरणकमलने प्रेमथी मनमां धारण करीने हुं नमस्कार करुंछुं. ॥ ३ ॥ अमुक नगरनो, अमुक जातिनो, सुवर्णनो, आवा स्वरूपवालो घट चिन्तव्यो छे, एम विशेष धर्मवाला मनने जाणे ते विपुलमतिनुं स्वरूप जाणवुं ॥ ४ ॥ ( बीजो भेद ) ॥

---

## ॥ श्री केवलज्ञान संबंधी चैत्यवन्दननो अर्थ ॥

श्री जिनेश्वर प्रभु चार ज्ञानी थइ शुक्ल ध्यानना अभ्यासे करी अधिक अधिक आत्मस्वरूपने क्षणे क्षणे प्रकाशे छे. ॥ १ ॥ [१] सुषुप्ति (निद्रा), स्वप्न, अने जागृत ए त्रण दशा दूर थाय छे अने चोथी जे उज्जागर दशा तेहना अनुभवने जुए छे ॥ २ ॥ अपूर्व शक्तिना संबन्धथी क्षपक श्रेणिए चढी, चोथा ( संज्वलन ) कषायना वियोगे करी बारमुं ( क्षीणमोह ) गुणठाणुं पामी, ज्ञानावरणीय, दर्शनावरणीय, मोहनीय ने अन्तराय ए चार दुष्ट निबिड घातिकर्मनो क्षय करी, परमात्मजाति थया छे. ॥ ३ ॥ ४ ॥ सर्ववस्तुमां बे धर्म

---

१ मिथ्यादृष्टि जीवोने अतिशय शयन करवारूप सुषुप्ति नामनी प्रथम अवस्था होय छे ॥१॥ शयनरूप बीजी स्वप्न अवस्था सम्यग्दृष्टि जीवोने होय छे ॥२॥ अप्रमत्त मुनिने त्रीजी जागृत अवस्था होयछे॥३॥ अने चोथी उज्जागर दशा अनुभवनी वृद्धिथी आगल आगल चढतां यावत् सयोगि केवलि गुणठाणा सुधी होय छे. ॥४॥ प्रथमनी सुषुप्ति अवस्था मोह मूढ आत्माने थती होवाथी अनुभववन्त महात्माओने ते नथी होती, तेमज बीजी स्वप्न अने त्रीजी जागर दशाओ पण कल्पनामां गुंथायेला जीवोने उत्पन्न थती होवाथी कल्पना वर्जित अनुभवि महात्माओने होती नथी. मात्र अनुभव ज्ञानमां तो चोथी उज्जागर दशाज होय छे. कह्युं छे के.

नसुषुप्तिरमोहत्वान्नापि च स्वापजागरौ ॥
कल्पनाशिल्पविश्रान्तेस्तुर्या चानुभवे दशा ॥१॥

छे, तेनो प्रभुने समयान्तर उपयोग छे, ( तेथी ) पहेलां समये विशेषपणे जाणे छे अने बीजे समये सामान्य धर्मनो सम्बन्ध होय छे. ॥ ५ ॥ सादि अनन्त भांगाए करी अनन्त दर्शन, ज्ञान अने तेरमुं गुणठाणुं पामीने भावजिनेन्द्र जयवंता वर्ते छे ॥ ६ ॥ ( ते वखते ) कर्मनी मूळ (आठ) प्रकृतिमांनी एक (वेदनीय) प्रकृतिनो बन्ध थाय छे अने सत्ता तथा उदयमां चार (वेदनीय, नाम, गोत्र ने आयु) प्रकृति होय छे. उत्तर प्रकृति (१२०) मांथी एक (शाता) नो बन्ध होय छे, उदयमां (१२२ मांथी) बेंताळीश प्रकृति रहे छे, ॥७॥ सत्ता ( १४८ मांथी ) पंचाशी प्रकृतिनी छे. ( ते वखते ) कर्म बाळेली दोरडीना छार जेवा होय छे. जे प्रभुना मन वचन कायाना योगो अचल तथा विकार रहित छे, तेओ सयोगि केवलिनी दशाने प्राप्त करी ते दशामां विचरे छे. केवळज्ञानना अक्षय विजय लक्ष्मीरूप गुणो कहेवाय छे. ( अथवा विजयलक्ष्मी सूरि अक्षय केवल ज्ञानना गुणो कहे छे.) ॥ ८ ॥ ९ ॥

## ॥ श्री केवलज्ञानना स्तवननो अर्थ ॥

श्री जिनेश्वर भगवंतने क्षायिकभावे प्रगट थयेलुं ज्ञान तथा [1]अढार दोषनो नाश थवाथी उत्पन्न थया जे गुणो ते प्रमाण छे.

---

१ हास्य, रति, अरति, भीति, जुगुप्सा, शोक, काम, मिथ्यात्व, अज्ञान, निद्रा, अविरति, दानान्तराय, लाभान्तराय, वीर्यान्तराय, भोगान्तराय, उपभोगान्तराय, राग, द्वेष, ए १८. अथवा अज्ञान, क्रोध, मद, मान, लोभ, माया, रति, अरति, निद्रा, शोक, अलीक, चौर्य, मत्सर, भय, प्राणिवध, प्रेम, क्रीडाप्रसंग, हास्य, ए १८ दोष जाणवा.

(यथार्थ छे) हे भव्यजीवो ! तमे केवलज्ञानने वन्दना करो. पंचमीनो दिवस गुणनी खाण छे. ॥ १ ॥ अनामी प्रभुना नाम संबंधी शो विशेष कहेवाय ? परंतु ते ( विशेष ) [१]मध्यमा तथा वैखरी (भाषाना भेदो ) वडे वचनना उल्लेखमां स्थापन करी शकाय. ॥ २ ॥ हे प्रभु ! आप ध्यान अवसरे लक्ष्यमां न आवी शको तेवा अगोचर स्वरूप थाओछो, तोपण मुनिना राजा (योगि महात्माओ) परा तथा पश्यन्ती ( भाषाना भेदो ) पामीने तेनो कांइक निश्चय करे छे. ॥ ३ ॥ ज्ञाननी विद्यमान जे सत्पर्यायो ते तो पलटाती नथी, परन्तु ज्ञेय ( विषय ) नी जुदी जुदी नव पुराणादि सर्व वर्त्तनाओ एक समयमां जणाय छे. ॥ ४ ॥ बीजा ( मत्यादि चार ) ज्ञाननी सर्व प्रभानो आ ज्ञानमां समावेश थइ जाय छे. केमके सूर्यना तेजथकी नक्षत्रादि ज्योतिष्चक्रनो समूह कांइ अधिक नथी ॥ ५ ॥ ज्ञानना अनन्ता गुण

---

१ आ चार भाषानुं स्वरूप जुदा जुदा रूपे आ नीचे लखेल श्लोकोथी अन्य ग्रन्थोमां प्रतिपादन कर्युं छे.

वैखरी शक्तिनिष्पत्तिर्मध्यमा श्रुतिगोचरा ॥
द्योतितार्था तु पश्यन्ती सूक्ष्मा वागनपायिनी ॥ १ ॥
मूलाधारात् प्रथममुदितो यस्तु तारः पराख्यः ।
पश्चात्पश्यन्त्यथ हृदयगो बुद्धियुङ्मध्यमाख्यः ॥
वक्त्रे वैखर्यथ रुरुदिषोरस्य जन्तोः सुषुम्णा ।
बद्धस्तस्माद्भवति पवनप्रेरितो वर्णसङ्घः ॥ १ ॥

जे जाणे छे तेज धन्य पुरुष, ज्ञान अने महान् उदयना मन्दिर समान विजयलक्ष्मी देवीने प्राप्त करे छे. ॥ ६ ॥

## ॥ श्री केवलज्ञाननी स्तुतिनो अर्थ. ॥

त्रण छत्र, चामर, सुखकर्त्ता अशोकवृक्ष, देवध्वनि, दुंदुभि (देव वाजित्र), तेजेकरी झलहलतुं भामंडल, देवकृतपुष्पनी वृष्टि अने सिंहासन (ए आठ प्रधान प्रातिहार्यो) जिनेश्वर प्रभुना छे. तेज प्रभुना उदार केवलज्ञानने विजयलक्ष्मीसूरि वन्दना करे छे. ॥ १ ॥

## ॥ श्री केवळ ज्ञानसंबंधी दुहानो अर्थ. ॥

बहिरात्मपणानो त्याग करवाथी अन्तरात्म स्वरूपने अनुभवी जे परमात्मा थाय छे तेमना ज्ञान स्वरूपनो एकज भेद छे. ॥ १ ॥ पुरुषोमां उत्तम परमेश्वर स्वस्वभावनी रमणतानुं सुख भोगववारूप परमानन्द उपयोगे करी सर्व पदार्थोने विशेष धर्मे करी तथा सामान्य धर्मे करी जाणे छे. ॥ २ ॥ प्रतिपादन कर्युं छे भव्य तथा अभव्यपणुं जेमणे एवा त्रिकाल स्वरूपने जाणनारा जिनेश्वर परमात्मा गुणपर्यायोना अनंतपणावाला सर्व द्रव्योने जाणे छे. ॥ ३ ॥ असंख्य प्रदेशी आत्माना एक प्रदेशमां पण, अनन्ता अलोकाकाशने उपाडीने लोकाकाशमां स्थापन करवाने समर्थ थवाय तेवुं अनन्तु प्रशस्त वीर्य रहेलुं छे. ॥ ४ ॥ कल्याणरूप विजयलक्ष्मीने प्राप्त करवा माटे ज्ञानपंचमीने दिवसे केवलदर्शन तथा केवलज्ञानना चिदानंद स्वरूप तेजःपुंजनी पूजा करीए ॥ ५ ॥

## ॥ इति श्री विजयलक्ष्मीसूरिकृत ज्ञानपंचमीना देववंदननो अर्थ सपूर्ण. ॥

# ॥ उजमणानो विधि. ॥

कोइपण प्रकारना तप संबंधी फळनी वृद्धि माटे उद्यापन करवानी आवश्यकता छे. उद्यापन ( उजमणुं ) करवाथी तपनुं फळ वृद्धि पामे छे. अन्य दर्शनोमां पण तपनुं उद्यापन करवानी प्रवृत्ति छे. उजमणुं तप पूर्ण थया पछी करवामां आवे छे, तेमज तपना मध्यमां पण करी शकाय छे. तप पूर्ण थया पछी पण ज्यां सुधी उजमणुं करवानी जोगवाइ प्राप्त न थाय त्यां सुधी केटलाक भव्यो तप करवानुं चालु राखे छे अने पहेली जोगवाइए अवश्य उजमणुं करे छे.

उजमणुं करवामां सारां शक्तिवाळा–श्रीमंत गृहस्थ तो पोते एकलाज करे छे. अने ते प्रसंगे कोइपण तीर्थनी के समवसरणनी रचना करी अठाइ महोत्सव करे छे. अने स्वामीवात्सल्यादि पण पोतेज करे छे. बीजा सामान्य स्थितिवाळाओ ते प्रसंगनो लाभ लइने पोते करवा धारेला एक बे के पांच छोड तेनी साथेनी वस्तुओ सहित ते मंडपनी अंदरज पधरावे छे.

उजमणुं करवामां मुख्य तो चंदरवो, पुंठीयुं, तोरण ने रुमाल–अतलस, साटम, कीनखाब, लपेटो अथवा झीक चळक विगेरेना भरावीने करावबामां आवे छे. उपरांत बीजी जे जे वस्तुओ मुकवामां आवे छे तेमां ज्ञान, दर्शन ने चारित्रना उपकरणो मुकवामां आवे छे. तेनी अंदर जो ज्ञानना आराधन निमित्तनुं उजमणुं होय छे तो ज्ञानना उपकरणो, दर्शनना आराधन निमित्तनुं होय तो दर्शनना उपकरणो अने चारित्रना आराधन निमित्तनुं होय तो चारित्रना उपकरणो

विशेष मुकवामां आवे छे. दर्शन एटले समकित तेना आराधनमां प्रबळ कारणभूत जिनचैत्य ने जिनबिंब समजवा. एटले ते संबंधी उजमणामां देरासरमां वपराता उपकरणो विशेष मुकवा.

ज्ञानपंचमीना उजमणामां छोड तेमज वस्तुओनी संख्या जघन्ये पांच, मध्यमे पचवीश ने उत्कृष्टे एकावन मुकवामां आवे छे. अथवा तो किंमतना प्रमाणमां वधारे किंमतवाळी पांच, मध्य किंमतवाळी पचवीश अने सामान्य किंमतवाळी एकावन मुकवामां आवे छे.

---

## ॥ उजमणा निमित्ते मुख्य करवाना कार्यो. ॥

१ पांच नवां चैत्यो करावવા.

२ पांच पांच रत्ननी, सुवर्णनी, धातुनी, हीरानी, माणेकनी, मोतीनी, नीलमनी, परवाळानी, स्फटिकनी, आरसनी—एम उत्तम उत्तम अने किंमती वस्तुओनी प्रतिमाओ नवी भराववी.

३ पांच अंजनशलाकाओ कराववी.

४ पांच पोसहशाळाओ ( उपाश्रय ) कराववी.

५ पांच दीक्षा महोत्सव करवा.

६ पांच वडी दीक्षाना, पन्यास पदवीना अने आचार्य पदवीना महोत्सवो करवा.

७ पांच वखत संघ काढी तीर्थयात्रा करवी–करावववी.

८ पांच महातीर्थोनी यात्रा करवी.

९ पांच मोटा स्वामीवात्सल्य ( नवकारशी ) करवां.

१० पांच जैन शास्त्रोनो अभ्यास करावनारी जैन विद्याशाळा-ओ स्थापवी.

११ पांच चैत्योपर ध्वजारोपण दंडकळशारोपण करवां.

१२ श्री संघने ( श्रावक श्राविकाओने ) पहेरामणी करवी.

१३ श्रीफळादि उत्तम उत्तम वस्तुओनी प्रभावनाओ करवी.

उपर वतावेली सर्व करणी श्रीमंत गृहस्थे तेमज राजा अने दीवान विगेरे जो ए तप करता होय तो तेमणे उजमणाना प्रसंगे करवानी आवश्यकता छे. तेमज उजमणामां मुकवानी वस्तुओमां पण शक्ति अनुसार सोनानी, चांदीनी, जर्मन सील्वरनी तेमज अन्य धातुनी[१] वस्तुओ मुकवी; तेमज वस्त्रादि पण किंमत अनुसार कशबी, रेशमी तेमज सुतरु मुकवा.

## ॥ उजमणामां मुकवानी वस्तुओ. ॥

## ( ज्ञाननां उपकरणो. )

१ पुस्तक ( जैन सिद्धांतो, पंचांगी, ग्रंथो विगेरे लखावीने मुकवा अथवा छपावेली उपयोगी बुको मुकवी. )

१ लोढानी कोइपण वस्तु न मुकवी.

२ ठवणी, ( सोनानी, रूपानी, रसेली के चंदनादि काष्टनी करावघी ) ३ कवळी[1], ४ सापडी, ५ सापडा, ६ लेखण,(कांठा, वतरणा) ७ छरी, ८ कातर, ९ पुस्तक राखवाना डाबला, १० डाबली, ( नवकारवाळी राखवानी ) ११ खडीआ, १२ पाटी, ( शास्त्री पांच कक्का लखेली ) १३ चाबखी, ( पाठांमां नाखवामां आवे छे ते)१४ कागळ, १५ कांबी, १६ स्लेट,१७ पेन्सील होल्डर विगेरे,१८ पाठां, ( भरेला अथवा सादा ) १९ पाटलीओ, २० पुस्तक बांधवाना रूमालो.

## ( दर्शनना उपकरणो. )

१ सिद्धचक्र ( सोनाना, रुपाना अथवा धातुना ), २ अष्ट मंगाळिक, ३ सिंहासन ( मोटा अथवा नाना ) ४ बाजोठनुं त्रीगडुं ( त्रण त्रण नाना मोटा बाजोठ—रुपे के जर्मने मढेला, पीतळना अथवा काष्टना रंगेला), ५ कळश,६ध्वजा,७छत्रना त्रीक रुपाना, ८ चाम्मर, ९ थाळ,१० रकाबी,११ खुमचा,१२ वाटका (केशर भरवाना प्याला), १३ वाटकी, १४ कळशा,१५ टबुडी,१६ फुलछाबडी, १७ धूपधाणा, १८ आरति, १९ मंगळदीवा, २० डाबडा. केशर भरवाना, २१ वासकुंपी ( धूप भरवाना डाबला), २२ दीवी, २३कंकावटी, २४ फानस,२५ त्रांबाकुडी,२६ नानी कुंडी, २७ आचमनी, २८ चमचा,२९ थाळी, ३० हांडा, ३१ बोघडा, ३२ घंट, ३३ झाकर, ३४ घंटडी, ३५ बाजोठी, ३६ पाटला, ३७ दर्पण (काच), ३८ सिद्धचक्रना अने

---

१ पुस्तक फरती वींटाय छे.

चोवीशीना रंगीत गटाओ, ३९ पाटलुणा, ४० अंगलुहणा, ४१ वाळा-कुंची, ४२ ओरशीआ, ४३ सुखडना ककडा, ४४ केशरना अने बरासना पडीका, ४५ धूपना—अगरबत्तीना पडीका, ४६ डंडासण, ४७ मोरपींछी, ४८ पुंजणी, ४९ रेशमी सावरणी, ५० नरघां अथवा मृदंग, ५१ कांशी जोडा, ५२ उत्तम जातिना वाजीत्रो, ५३ पुरुषने पहेरवाना पूजाना वस्त्रोनी जोड ( धोतीयुं, उत्तरासण, रुमाल ), ५४ स्त्रीओना पूजाना वस्त्रो, ५५ कामळी, ५६ तोरण ( गर्भगृहे बांधवाना—चांदी सोना विगेरेना ), ५७ मुगट, कुंडळ, बाजुबंध, कडली, सांकळां, कंदोरा, बीजोरा, कंठो [अंश], हार, कलगी विगेरे जिनबिंबना आभूषणो, ५८ चक्षु, तिलक, चांदला विगेरे, ५९ सोना चांदीना वरख, कटोरा, बाडलुं विगेरे, ६० हिंगळोकना पडीकां[1]

## ( चारित्रनां उपकरणो. )

साधु मुनिराजना उपयोगमां आवे तेवां—१ ओघा ( पाठा, दशी, दांडी, निशीथीया, ओघारीया सहित तैयार करेला ), २ मुहपत्ति, ३ चोळपट्टा ४ कपडा, ५ खभे नाखवानी कामळी, ६ ओढवानी कामळी, ७ झोळी, ८ पल्ला, ९ कटासणा (संथारीया), १० दांडा, ११ पात्रानी जोड, १२ तरपणी, १३ चेतना, १४ लोट ( मोटो काष्टनो पाणी भरवानो), १५ नानी सुपडी, १६ नानी पाटली, १७ नानी चरवळी, १८ डंडासण ( पग लुंछवाना ने रात्रे वापरवाना ), १९ स्थापनाचार्य, २० स्थापनाचार्यनी मुहपत्तिओ विगेरे, २१ गुच्छा, २२ वासक्षेपना वावटा, २३ कंदोरा विगेरे करवाना दोरा.

---

१ तंबोळादि माटे राळ तैयार करवा.

श्रावकना उपयोगमां आवे तेवां-१ चरवळा, २ मुहपत्ति ३ कटासणा, ४ नवकारवाळी ( सोनानी, चांदीनी, परवाळानी, स्फटिकनी, अकलबेरनी, सुखडनी, सुतरनी, अगरनी, केरबानी, रुद्राक्षनी विगेरे.) ५ धोतीआ, ६ उत्तरासण, ७ घडी, ८ घडीयाळ, ९ पांचपदनी टीप, १० नवपदनी टीप, ११ देरे लइ जवाना वावटा, १२ झोरणी, १३ नवकारवाळीनी खलेची.

## त्रणेना मिश्र उपकरणो.

ज्ञाननी पाछळ, प्रभुनी पाछळ तेमज गुरुनी पाछळ बंधाय तेवा तेमज तेनी साथेज करावबामां आवे छे तेवा उपकरणोने मिश्र उपकरणो गणवामां आव्या छे.

१ पुंठीयुं, २ झरमर चंद्रुओ, ३ तोरण, ४ रुमाल.

आ चार वानांनी साथेज पाठां, पाटली, वावटा, झोरणी, खलेची, कवळी, चाबखी, देरे लइ जवानी कोथळी विगेरे करावबामां आवे छे ने ठवणी बंधाववामां आवे छे.

आ सघळी चीजोनी संख्या ज्ञानपंचमी तपना उजमणा माटे उपर जणावी छे. उपरांत नवपदनुं उजमणुं होय तो नव नव, मौन अग्यारशनुं होय तो अग्यार अग्यार ने वीश स्थानक तपनुं होय तो वीश वीश, कर्मसूदन तपनुं होय तो आठ आठ अथवा चोसठ चोसठ ए प्रमाणे समजवी.

उजमणुं करवाथी तपना फळनी वृद्धि थवा संबंधी श्री प्रवचन सारोद्धारादि ग्रंथोमां कह्युं छे. तेमज श्री पद्मविजयजी महाराज नव पदनी पूजामां अने श्री वीरविजयजी चोसठ प्रकारी पूजाना कळशमां लाव्या छे. माटे तपस्याने प्रांते अवश्य यथाशक्ति उजमणुं करवुं.

# ज्ञानपंचमी तपना त्रण प्रकार.

आ तप केटली मुदत सुधी करवो तेना प्रमाणने अंगे तेना त्रण प्रकार छे. लघु पंचमी तप, उत्कृष्ट पंचमी तप.

१ लघुपंचमी तप—आ तप पोस अने चैत्र मास वर्जीने बीजा कोइपण मासनी शुक्लपंचमीथी शरु करवो. अने दरेक मासना शुक्ल ने कृष्ण बंने पक्षमां पंचमीने दिवसे उपवास करवो. ए प्रमाणे एक वर्ष पर्यंत २९ उपवास करवा. बीजी विधि अने उजमणुं विगेरे ज्ञानपंचमीना तप प्रमाणे करवुं.

२ ज्ञानपंचमी तप—आ तप मागशर, माघ, फाल्गुन, वैशाख, ज्येष्ट अने अशाड ए छ मासमांथी कोइपण मासनी शुक्लपंचमीए ग्रहण करवो अने पांच वर्ष ने पांच मास पर्यंत करवो. एटले ६९ उपवासे आ तप पूर्ण थाय छे. आ तपज प्राये विशेष करवामां आवे छे. ते दर मासनी शुक्लपंचमीएज करवामां आवे छे. तेनी विधि आ बुकना प्रारंभमांज लखवामां आवी छे. जो ए उपवासने दिवसे पोसह करवामां न आवे तो जिनभक्ति सविशेषे करवी. पंचज्ञाननी पूजा भणाववी. फळ नैवेद्य अनेक प्रकारना उत्तम उत्तम प्रभु पासे ढोवा अने पछी चैत्यवंदन स्तवनादि वडे भाव पुजा करवी.

३ उत्कृष्ट पंचमी तप—आ तप यावज्जिवित करवामां आवे छे. अने दरेक शुक्लपंचमीए उपवास करवामां आवे छे. तेनो विधि पूर्वे बताव्या प्रमाणेज छे.